નવલ પેહેલું.

અથવા

વીરાધીરાનો દેશ કલ્યાણી વારતા.

૨૬૧૯

બનાવનાર

દેવશંકર ઉદેયરામ દવે મેહેતાજી

અમદાવાદમાં

મામાની હવેલીમાં અમદાવાદ યુનાઈટેડ પ્રીંટીંગ અને
જનરલ એજનસી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી પ્રસિદ્ધ કરી.

સંવત ૧૯૪૧. સને ૧૮૮૫.

મૂલ રૂપિઆ ૧ એક.

રાવ બાહાદૂર.

મણીભાઇ જશભાઇ.

દીવાન બાહાદૂર.

પ્રાંત કચ્છ..

આપ પ્રથમથી તે આજ પર્યંત સ્વદેશ કલ્યાણકારી કામને તન મન અને ધનથી ઉત્તેજન આપવા સદાકાળ તત્પર રહોછો; તેમજ ગૂજરાતી ભાષાને સંસ્કાર પમાડી ઉત્તરોત્તર પ્રફુલ્લિત બનાવવાના યત્ન કર્યા કરોછો તે બાબતની નિશાની રહેવા માટે હું આ "સ્વદેશ કલ્યાણકારી વાર્તા" નું પુસ્તક અર્પણ કરૂંછું તે સ્વીકારશો એવી આશા છે..

દે. ઉ. દવે,

ગ્રંથકર્ત્તા.

પૂર્વ-કથન.

પ્રસ્તાવનાને હું પૂર્વ કથનજ કહુંછું; અને તેનો મને ઘણો કંટાળો છે. પુસ્તક વાંચવા આતુર થયેલા જિવને એવા લાંબા કથનથી શા માટે રોકી રાખવો જોઇએ ? તેમાં વળી વાર્તા જેવા પુસ્તકની પ્રસ્તાવના તો રસિક વાંચનારને કડવી ઝેર જેવી લાગેછે. કદાપિ જો તેઓ પ્રસ્તાવના વાંચતાજ હોય, તો હું મારૂં આ પૂર્વ-કથન એટલુંજ કહીને પતાવી દેઊંછું કે આ વાર્તા એ એક મહારૂપક છે. એમાં દેશોત્કર્ષના વિવિધ તરંગો રસ ભરી બાનીમાં વર્ણવ્યા છે; અને જો ચતુર વાંચનાર સજ્જન વાર્તારસનો અંતર્પટ ખસેડી ગંભિરાઈથી અંદર નજર કરશે તો તેને આપણા આ ભરતખંડનું ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે એકજ કાળે પ્રત્યક્ષ મૂર્તિમાન થયેલાં દેખાશે. ભવિષ્યનો નિશ્ચય નથી, માટે તેતો અલબત્ત મેં મારી મતિ પ્રમાણેજ ચિતર્યું છે; પણ તે કેવળ અસંભવિત નથી.

દે. ઉ. દવે.
ગ્રંથ કર્તા.

આ પુસ્તક બહાર પાડવામાં મને મારા શિક્ષાગુરૂ શાસ્ત્રી પંડિત નવલરામ લક્ષ્મીરામે જે ઉત્સાહ આપ્યો છે, તે માટે તેમનો હું સદાને વાસ્તે આભારી છું.

લી. ગ્રં.
દે. ઉ. દવે.

એજ પ્રમાણે આ પુસ્તકને જેમણે નાણાં સંબંધી મદદ કીધી છે, તેમનો પણ હું ઉપકાર માનુંછું. આશ્રય આપનાર ગૃહસ્થોના નામની ટીપ પાછળ આપવામાં આવેલી છે. એજ.

ભવેલી તાલુકે
વલસાડ તા. ૮-૯-૮૫.

સેવક
દે. ઉ. દવે,
ગ્રંથ કર્તા.

નવલ પેહેલું

અથવા

વીરા ધીરાની દેશકલ્યાણી

વારતા.

પ્રકરણ પેહેલું.

પ્રભુપ્રાર્થના.

ગીતિછંદ.

હે દીનબંધુ દયાળુ કૃપાળુ સૃષ્ટા વિશ્વ તણા ઈશ;
ગ્રહગણ તારા કેતૂ રવિશશિ ગતિમાં દિસે અહર્નિશ. ૧
વન્હિજળ ગિરી વાયુ કર્તા પ્રાણી પ્રાણ તણો દાતા;
અધમોદ્ધારક જનનો ટાળક દુઃખનો કરણ સુખશાતા. ૨
અધમ ભૂમિ પુષ્કરની તારી તેં પ્રભુ મુશજનને હસ્તે;
એમજ ઇગ્લિશ હસ્તે ઉદ્ધારો આ આર્યભૂમિ તર્તે. ૩

પુરાતન કાળમાં પુષ્કરાવર્ત્તક નામે એક મોટો વિશાળ દેશ હતો. તેની ચારે દિશાનું રક્ષણ કુદ્રતિ રીતે અતિ મોટા પર્વતો અને મહાસાગરથી થયેલું હતું. વિશ્વકર્માએ રચેલા અતિ સુંદર મેહેલની પાછલી બારી માફક માત્ર એકજ દિશાએ જૂજ ભાગ અન્ય દેશની ભૂમિમાં જવા આવવા સારૂ ખૂલ્લો મૂકેલો હતો. એ ખૂલ્લા ભાગ આગળ એક મોટી વિશાળ નદી વેહેતી હતી. તે એ બારીના બારણાની ખરેખરી ગરજ સારતી હતી. એ દેશ વચમાં ઘણું કરીને સપાટ હતો. કોઈ કોઈ ઠેકાણે અતિ નાના મોટા પર્વતો અને ડુંગરો બારે માસ ભાતભાતની લીલોતરીથી રળિયામણા ને લીલાછમ દેખાતા હતા. તેમાંથી મોટી મોટી નદીઓ નીકળી દેશમાં સુંસરી વહી જતી હતી.

નાના ડુંગરો ઉપર નાના મોટા રાજાઓ કિલ્લેબંધી શહેરો બાંધી રહેતા હતા. એ વિશાળ દેશની ભૂમિ જેમ વિવિધ વર્ણની હતી, તેમ તે અતિ મુલ્યવાન અને વિસ્તીર્ણ હતી. તેનો લાભ પ્રજાજન સુખે લઈ શકે, એવા દેશપતિના સુખદાધારા હતા. સોનું, રૂપુ, ત્રાંબુ, લોઢું, પારો, વગેરે ધાતુઓ અને સુરોખાર, ટંકણખાર, રાળ, મનસુરખાર વગેરે ભાતભાતના અનેક ખારો જથાબંધ નીકળતા હતા; તેમજ હલકા અને ભારે કિમતી ખનિજ પદાર્થો પણ ઠામ ઠામથી પુષ્કળ જડતા હતા. એ ઉપરથી બીજા દુર દેશના લોકો એ દેશને "હીરાનો દેશ" કરીને કહેતા હતા. ઉત્પત્તિના સઘળા પદાર્થ ઉપર દેશપતિનો કર બહુજ થોડો હતો. હરકાંઈ બાબતનો નવો શોધ કરનારને, અને જંગલની ઉજડ જમીન ખેતીકામ સારૂ ઉપીયોગી બનાવનારને કંઈ પણ કર લીધાવિના કેટલાંક વર્ષ સુધી લાભ મળ્યાં કરતો હતો, તેથી પ્રજા વર્ગ નવનવા હુન્નરો બનાવવામાં અને ઉજડ જમીન ફળદ્રુપ કરવામાં ઉમંગે મચ્યો રહેતો હતો. આખા દેશની પ્રજા ચાર વર્ગમાં વેહેંચાયલી હતી. પહેલા વર્ગના લોક બાકીના ત્રણ વર્ગના લોકને ઉપદેશ કરી સન્માર્ગે દોરતા હતા. તેમજ તેઓ રાજાઓને યોગ્ય સલાહ આપી રાજકારભારમાં મદદ કરતા હતા. રાજા પ્રજા તેમની સલાહથી ઉલટી રીતે વર્તવાને કદી હિમ્મત ધારતા નહિં. એઓ ઉપદેશક કહેવાતા હતા. બીજો વર્ગ દેશનું રક્ષણ કરનાર સિપાઈ હતો. તેઓ પેહેલા વર્ગના લોક પાસેથી યુદ્ધકેળવણી લેતા; અને દેશપતિને તન મન અને ધનથી મદદ કરતા હતા. નાના મોટા સઘળા દેશપતિઓ બીજા વર્ગમાં ગણાતા હતા. પેહેલા વર્ગના લોક સંપૂર્ણ સત્તાધારી હતા, તોપણ તેમનાથી દેષપતિ થવાતું નહોતું. ત્રીજા વર્ગના લોક વણજવેપાર, ખેતીહુન્નર અને બીજી તરેહ તરેહની કારીગરી કરનાર હતા. ચોથા વર્ગના લોક ઉપરના ત્રણે વર્ગના લોકની ચાકરી કરનાર હતા. આ વર્ગનો કેટલોક ભાગ છેક પહાડી અને જંગલી હતો; તેમ તે લોકો ઉપલા ત્રણ વર્ગના લોકથી જુદી જાતના હતા. નીચેના ત્રણ વર્ગના લોક સારૂ પેહેલા વર્ગમાંના વિદ્વાન પુરૂષોએ તેમને લાયકના

ધંધા રોજગાર અને ધર્મનાં અનેક પુસ્તકો રચેલાં હતાં. એ પુસ્ત-
કોનો અભ્યાસ કર્યા પછી દરેક વર્ગના પુરૂષો પોતપોતાના ધંધારોજ-
ગારમાં અને સંસાર વ્યવહારમાં જોડાતા હતા. તેમ સ્ત્રીઓને પણ
ધર્મની, નીતિની અને તેમને લાયકના ધંધારોજગારની કેળવણી
વગર હરકતે અપાતી હતી. સઘળા વર્ગમાં સ્ત્રીઓનું માન સારૂ હતું.
ઊંચ ખાનદાન કુટુંબની સ્ત્રીઓ દેવી એ સામાન્ય નામથી ઓળખાતી
હતી; અને તેમને વસ્ત્રાભુષણથી સંતોષવામાં આવતી હતી. ઉપરના
ત્રણ વર્ગના લોક એક બીજાનું ખાવાપીવામાં કંઈ પણ જાતની છોછ
રાખતા નહોતા. તેમજ તેઓ પોતે પોતાના વર્ગની અને છેક
ચોથા વર્ગ સુધી ઉતરતા વર્ગની કન્યાઓ વરી શકતા હતા; પણ
ચઢતા વર્ગની કન્યા સાથે લગ્ન સંબંધ થઈ શકતો નહોતો. લગ્ન પ્ર-
સંગે કે બીજે ટાણે કરજ કરી ખરચ કરવાનો ભુંડો રીવાજ નહોતો.
લગ્નમાં પૈસા આપવા લેવાનો ચાલ બિલકુલ નહોતો. દેશનો ઘણો
ભાગ સમુદ્રથી વીંટાયલો હતો. એ સમુદ્ર કિનારો ખાંચા ખુંચા વગરનો
સીધો હતો, તેથી કે કાંઈ બીજા કારણથી એ દેશના લોક મોટા સફરી
વેપારી નહોતા. તેઓ પોતાનો મુખ્ય વેપાર દેશમાંને દેશમાં વણજારા
કે કાફલાની મારફત ચલાવતા હતા. દરિઆ કિનારેના લોક કેટલાક
જાણીતા બેટ સાથે અને સ્વદેશના બીજા ભાગ સાથે વેપાર ખેડતા
હતા. તેમને દૂર દેશાવરની ઝાઝી માહિતી નહોતી; માત્ર પડોશના દેશો
સાથે જમીનપર માલની આપલે કરતા હતા. દૂર દેશો સાથેનો મોટો
સફરી વેપાર તો પરદેશીઓજ ચલાવતા હતા. એ પરદેશી વેપારીઓ
એ દેશનો કિમતી કાચો પાકો માલ ખરીદ કરી બીજા દેશોમાં થઈ
સમુદ્રપારના વેપારીઓને વેચતા હતા; અને કેટલાકનો અરસ્પરસ
બદલો કરતા હતા. એટલાવડેજ, એ સમુદ્રપારના વેપારીઓ અને
સ્વદેશમાંથી માલ લેઈ જનાર પરદેશી વેપારીઓ બહુ સુખી અને
ધનવાન થઈ ગયા હતા. તેમનાં વતની શહેરો પુષ્કરાવર્તક દેશની
લક્ષ્મિ સંબંધી તેણીગમના દેશોમાં સાક્ષિ પૂરતાં હતાં. ખુદ પુષ્ક-
રાવર્તક દેશમાં તો લક્ષ્મિજીએજ વાસ કરેલો હતો રાજા અને શ્રીમંત

વર્ગના લોક વાર તેહેવારે સોનારૂપાનાં પુષ્કળ વાસણ વાપરતા હતા. બેસવાનાં વાહનોના સાજમાં સોનું અને જવાહિર પુષ્કળ જડેલાં હતાં. હવેલીઓ, રાજમેહેલ, દેવળો અને બીજાં રાજદ્વારી મકાનોનાં શિખર ઉપર જ્યાં ત્યાં સઘળે ચકચકીત કંચન કળશ ઝળકી રહ્યાં હતા. દેશની અઢળક ઉપજથી પ્રજા વર્ગના હાથમાં પુષ્કળ નાણાં આવતાં હતાં, તેથી લેવડદેવડ ઘણી સારી ચાલતી હતી. રાજાથી તે રંક સુધી સઘળા લોક ચોખી દાનતના હતા. હરામનો માલ કોઈ તકાવતું નહિ. સત્ય તેમનું મૂખ્ય ભૂષણ હતું. ગુનો કરનારને યોગ્ય સજા થતી હતી. સોનું, રૂપુ, અને હીરા માણેકનાં ઘરાણાંની ખોટ નહોતી. દાગીના ઘડનાર લોક એટલા બધા વધી પડ્યા કે ઘડનાર સોની લોકની અઢળક ઉપજથી લલચાઈને કેટલાક કારીગરો અને વેપારીઓ પોતિકો પરાપૂર્વનો ધંધો છોડી દેઈ સોનીનો ધંધો કરવા લાગ્યા. તેમણે સ્ત્રી પુરૂષ અને બાળકના અવયવને લાયકનાં ભિન્નભિન્ન પ્રકારનાં ઘરાણાં ઘડવા માંડ્યાં. એ રીતે એ દેશના સ્ત્રી પુરૂષો ગુણ ભુષણ અને દિવ્ય અલંકારોથી દેવદેવી સમાન શોભતાં હતાં. તેઓ નાના પ્રકારનાં સુખ અને વૈભવ ભોગવી પોતાના દિવસો મોજમઝામાં નિર્ગમન કરતાં હતાં. કેટલાંક નાનાં નાનાં ઉપરાજ મળી આખા પુષ્કરાવર્ત્તકનું એક મુખ્ય અધિરાજ થયેલું હતું. એ અધિરાજ જેમ જુદા જુદા ભાગ મળી બનેલું હતું. તેમ તે ભાગના લોકની રીતભાત અને પેહેરવેશમાં પણ ફેર હતો; પણ તેમની ભાષા અને ધર્મ એકજ હતાં.

એ અધિરાજમાં મહારાજા ચંદ્રસેન કરીને એક ક્ષત્રી રાજા રાજ કરતો હતો. તે તેજસ્વી વિશાળ બાહુવાળો, શૂરો, પરાક્રમી, શત્રુને કાળ જેવો, અને પ્રજાનું પ્રતિપાલન કરનાર પિતા હતો. તેના સદાચરણથી રોગ, જરા, અજ્ઞાન, અસત્ય અને દ્વેશ વિગેરે દુર્ગુણો નાશીને અન્યદેશમાં જઈ વશ્યા હતા, એથીકરીને આખા પુષ્કરાવર્ત્તકમાં સઘળે ઠેકાણે સંપ, જંપ, દયા, શાંતિ, સત્ય, નીતિ, ભક્તિ અને ન્યાય વિગરે સદગુણોએ વાસ કર્યો હતો, જેમ લક્ષ્મિને માટે

તેમ વિદ્યાકળાને માટે પણ એ દેશ આખી પૃથ્વીમાં જાણીતો થયો હતો. દેશ પરદેશના વિદ્વાન વિદ્યાર્થિઓ પુષ્કરાવર્તકના મુખ્ય મુખ્ય પાઠશાળાઓ અને વેદશાળામાં વિદ્યાઅભ્યાસ કરવા સારૂ આવતા હતા. સ્વદેશની પ્રજા પણ વિદ્યાકળા શીખવાને સદા તત્પર રહેતી હતી. સુખી લોક પોતાનો ધર્મ સમજી ઉદ્યોગ કરતા હતા, પણ તેઓ આળસ કે એશઆરામને વશ થઈ પડી રહેતા નહોતા. એ રીતે એઓ ઉદ્યોગ કરીને બીજા લોકને આશ્રય આપી ઉદ્યોગ પથે-પંથે નહિં વાળતા હતા, મહારાજા ચંદ્રસેન જાતે એક પતિવ્રત પાળનાર હતો. તેમ તે ન્યાયી હતો, તેથી પ્રજા, મિત્ર, કુટુંબ અને પરિવાર એ સૌને એકજ ઈનસાફ મળતો હતો. રાજદ્રવ્ય, જળાશય, દેવળો, ધર્મશાળા, રસ્તા, પૂલ, દવાખાનાં અને પાઠશાળા જેવા પ્રજા ઉપયોગી કામમાં વપરાતું હતું. એ અધિરાજ પૃથ્વીપરનાં બીજાં અધિરાજ્યોમાં સર્વવાતે સૌથી શ્રેષ્ટ ગણાતું હતું. પરદેશી પ્રવાસીઓ એ દેશની રચના, વનસ્પતિ, પ્રાણી, લોક અને તેમનો વૈભવ, તથા લક્ષ્મી ઠાઠ અને રીતભાતમાં સભ્યતા જોઈ સાનંદાશ્ચર્ય પામતા હતા. એ મુસાફરો સ્વદેશમાં જઈને આ દેશ વિશે ફાવે તેટલી અતિશયોક્તિ ભરેલી વાતો કહેતા, તે પણ, તેઓ સંભવિતજ માનતા હતા; અને તેથી હેરતમંદ થઈ કહેતા કે "હોય ભલા ભલી પૃથ્વી પડીછે."

માહારાજા ચંદ્રસેનની રાજધાનીનું મુખ્ય શેહેર વિલાસપટ્ટન કરીને હતું. એ શેહેર એક ઉંચા ડુંગર ઉપર ત્રણ તબકે બાંધેલું હતું. તબકે તબકે જુદા જુદા ત્રણ કાળા પાશાણના કોટ બાંધેલા હતા. એક કોટમાંથી બીજા કોટમાં જવા આવવાને મોટા મોટા કમાનદાર દરવાજા બાંધેલા હતા. રાજમાર્ગ ઘણા લાંબા અને પોહોળા હતા. બીજા વચલે વચેના રસ્તાપણ ગાડીઓને જવા આવવાને હરકત પડે નહિ એટલા પોહોળા રખાવેલા હતા. સઘળા રસ્તાની કોરો સુંદર લીસા આરસપહાણથી બાંધેલી હતી. તેમની બન્ને બાજુએ કાળા પથ્થરની ફરસબંધીથી કરેલી હતી. રસ્તાની વચમાં સઘળે પુષ્કળ ડામર રેડી તે ઉપર કાળી રેતી દાબી દીધેલી હતી,

તેથી સઘળા રસ્તા જાણે એકજ કાળા પાષાણથી જડી લીધેલા હોય, તેવા દેખાતા હતા. તેમાં ગાડી, રથ, ચારઠ વિગરેને જવા આવવા સારૂ લોહપટા જડી ઊંડા અને લીસા રસ્તા* પાડેલા હતા. એ પાટા ડામર સાથે સંપૂર્ણ જડાઈ ગએલા હતા, તેથી અજાણ્યા માણસોએ લોહપાટાનો રસ્તો છે, એમ એકદમ જાણી શકતા નહોતા. એ ઊંડા રસ્તાઓને ઠેકાણે ઠેકાણે એક બીજામાં મેળવી લેઈ આગળ કાઢેલા હતા, તેથી તેમાં થઈ જનાર આવનાર વાહનોને સેહેલથી બીજે રસ્તે વાળી શકતાં હતાં. જાહેર રસ્તાની બન્ને બાજુ ઉપર તરેહ તરેહનાં સુંદર ઝાડ રોપેલાં હતાં. એ ઝાડની વચ્ચેના ગાળામાં ખુસબોદાર ફુલના છોડનાં કુંડાં પથ્થરની ઓરસી ઉપર ગોઠવેલાં હતાં. સઘળાં ઝાડ અને છોડને રસ્તાની બેઉ બાજુએ બાંધેલી પથ્થરની મોરીમાંથી પાણી પીવા મળતું હતું, તેથી તેઓ બારે માસ લીલાંછમ રહેતાં હતાં. શહેરની વચમાં ગાળે ગાળે સુંદર મોટા ચોક રાખેલા હતા. તેમાં મહાજન લોકે ઠરાવેલા દિવસોએ વારાફરતી બજાર ભરાતું હતું. એ બજારમાં સ્વદેશની અને પરદેશની સઘળી વસ્તુઓ વેચાતી હતી. વિલાસપટ્ટનના બજાર વિષે આખા અધિરાજમાં એવું કહેવાતું કે "વિલાસપટ્ટનના બજારમાં એક માબાપ વિના સઘળી ચીજો વેચાય છે." એ ચોકની બાજુએ અને બીજે ઠેકાણે સુલેહ સાચવનાર સિપાઇઓને રહેવા સારૂ એક એક પથ્થરનો ચોખંડો શિખરબંધી ચબુતરો બાંધેલો હતો. તે પર નાળિયેરી ઘાટના નાના કંચન કળશ અને ભગવી ધજા ઉડતી હતી. એક ચબુતરાવાળા બીજા ચબુતરાના માણસોને સેહેલથી જોઈ શકતા હતા; તેથી કોઈ હરામખોર માણસ તેમની નજર ચુકાવી છટકી જવા પામતો નહીં. દરેક ત્રીજા ચબુતરાની બાજુએ એક એક પથ્થરની બાંધણીનો વિશાળ કૂવો હતો; અને તેની સન્મુખ કુંડ સહિત

---

* ગાડીઓથી પડેલા પાટા વગરના ઊંડા રસ્તાને ઉત્તર ગુજરાતના લોક "ચીલો" કહેછે અને દક્ષિણ ગુજરાતના લોક "ગરેડ" કે "ગર્દેર" કહેછે.

આરસના મોજ ઓટલા ઉપર એક એક ફુવારો ઉડતો હતો. એ ફુવારાનું પાણી અખુતરાની પાસેના નાના બાગને તર કરી રસ્તામાં નિકોરી વાટે વહી જતું હતું. રાતે પ્રકાશ સારૂ રસ્તાની બન્ને બાજુ ઉપર થોડે થોડે અંતરે શુશોભિત, નકસીદાર લોહસ્તંભ રોપેલા હતા. તે ઉપર મોટાં અકચકિત ફાનસો જડેલાં હતાં. શેહેર સુધરાઈનાં સઘળાં કામ ઉપર મહાજને નગરમળવેરાના ફંડમાંથી પગારે આપી નોકરો રાખેલા હતા. તેમનાઉપર તેમના ઉપરી અમલદારો હમેશાં જાગૃતિથી દેખરેખ રાખતા હતા, તેથી રસ્તા વિગરેમાં ભાગ્યું તુટ્યું કામ ઝટ સમારાતું હતું; તે કારણથી તે સઘળુ હમેશાં તાજું દેખાતું હતું. રસ્તાની બન્ને બાજુએ વિવિધ પ્રકારનો માલ વેચનારી હારદોર અનેક દુકાનો હતી. તેઓની બાંધણી એક સરખી હતી. તેના ઉપર વરસમાં એકવાર રંગ ચુનો થયાં કરતો, તેથી તેઓ પણ હમેશાં રોનકદાર દેખાતો હતી. શેહેરના રેહેવાસીઓ ઘરના બે ભાગ કરી રાજમાર્ગપર આવેલા ખંડમાં દુકાનો માંડતા; અથવા તેમ કરવા બીજા લોકને ભાડે આપતા હતા. પાછલા ભાગમાં પોતે રેહેતા હતા. એ પાછલા ભાગનું બારણું શેરીઓ કે પોળમાં પડતું હતું. એ નગરમાં વિવિધ પ્રકારના ધંધાધારીઓ, કારીગરો અને વેપારીઓ જથાબંધ વસતા હતા; અને તે ઉપરથી તે ભાગનાં નામ પડયાં હતાં. છેક ત્રિજા તબક ઉપર મહારાજાના રાજમહાલયો, અને બીજાં રાજદ્વારી ભવ્ય મકાનો આવેલાં હતાં. તેમ બીજા શ્રીમંત લોકની હવેલીઓ પણ હતી. બાકીના બે તબકમાં સઘળી પ્રજા વસતી હતી. તેઓ સઘળાં પૃથ્વીપર રહી સ્વર્ગનું સુખ ભોગવતાં હતાં. એવી રીતે મહારાજા ચંદ્રસેન અને તેના વડિલોએ એ નગરની શોભા વધારવામાં કાંઈ મણા રાખી નહોતી. વિલાસપટ્ટન તે ખરેખરૂં વિલાસપટ્ટનજ હતું. આખા પુષ્કરાવર્તક અધિરાજમાંથી શ્રીમંત પૈસાદાર શોખી ગૃહસ્થો અને જુવાન રાજવંશી, અમીર જાદાઓ વધારે મોજશોખ ભોગવવાના હેતુથી એ નગરમાં આવી વસતા હતા. એ અધિરાજમાં રાજધાની વિલાસપટ્ટનથી સેહેજ ઉતરતાં બીજાં ઘણાં

નગરો હતાં; પણ વિલાસપટ્ટનની શોભા અને વૈભવ જોઈને તેને એ અધિરાજના લોકો પૃથ્વીપરનું સ્વર્ગ કરીને કહેતા હતા.

એ વિલાસપટ્ટનમાં રતનો કરીને એક છીપો (ભાવસાર) રહેતો હતો. તે છીટ્ટી, પોમચા અને ઓદડાંનાં ઓછિયાં વગરે છાપવાનું તથા પોતાના ધંધાને ઉપયોગી થઈ પડે તેવાં બીબાં કોતરવાનું કામ કરતો હતો. એ ધંધામાં તેણે કંજુસાઈ કરી ઘણું દ્રવ્ય એકઠું કર્યું હતું; પણ તે સ્વભાવે ઘણોજ કૃપણ હતો, તેથી ગરીબ ચીંથરેહાલ દેખાતો હતો. તેના એવા ઢંગથી લોકો તેને બહુ ખીજવતા હતા. તે પોતાની ઉઘરાણી પાગરાણી સારૂ ઘણીવાર શહેરમાં જતો હતો, ત્યારે તેનાં ફાટલાં તુટલાં અને થાંગીની ગુણ સરખાં વસ્ત્ર દેખી શેરીઓનાં કૂતરાં ભસતાં હતાં; અને કોઈ કોઈવાર કરડતાં પણ ખરાં. મોહોલ્લાનાં છોકરાંને તો તે એક હસવા કુદવાનું રમકડું થઈ પડતો હતો. તેના ઉપર આટલું આટલું થતું; તોપણ તે તેનો રિવાજ બદલતો નહોતો, તે પુરૂં પેટ ભરીને ખાતો નહિ. અનાજને દુખે બૈરી અને બે જોગીઆ છોકરાને મોસાળમાં નાખી મૂક્યાં હતાં, તેમને કદી ઘેર રહેવા તેડતો નહિ; અને પોતે અણચાલે આખા દિવસમાં એકવાર ખાતો હતો. નાતજાતમાં સગાં સંબંધી પણ એના ઢંગથી લાજી મરતાં હતાં. એકવાર એ રતનાએ પોતાનાં છાપેલાં લુગડાં મેદાનમાં તડકે સૂકાવા નાંખેલાં હતાં, તેવામાં બે ગાયો લઢતી લઢતી તેનાં લુગડાંપર આવી ચઢી. એથી રતનાને તેમના ઉપર એટલો બધી રીસ ચઢી કે પોતે જે સોટો લઈ સાચવવા બેઠો હતો, તેવડે ધસીને ગાયના માથામાં એક એવો જબરો સપાટો માર્યો કે ગાય તુરત ચક્કર ખાઈ નીચે પડી; અને થોડીવાર પછાડા મારી મરી ગઈ. એ વાતની ખબર ગાયના માલિકને થતાંજ તેણે એ ભાવસાર ઉપર સરકારમાં ફરીઆદ કરી ન્યાયાધિશે તેને એ ભાવસાર પાસેથી પંચે કહેવા મુજબ ગાયની કિમ્મત જેટલું નુકશાન અપાવ્યું; અને જુદી રકમ દંડ બદલ સરકાર ભરવાની આજ્ઞા કરી, એ દંડની રકમ જો તે ન આપે તો, તેને બદલે પચીશ ફટકા મારવાનો ઠરાવ કર્યો હતો.

એ ઠરાવ ન્યાયાધિશે લખ્યા પછી તેને વાંચી સંભળાવ્યો. ગાયની કિ-
મ્મતના રૂપિઆ તેના પડોશીએ માલીકને આપવા કબુલી લીધા;
અને દંડની રકમ તો આપવાની રતનાએ ચોખી ના કહી; ને ખુ-
શીથી ફટકા ખાવાના કબુલ કર્યા. એ પૈસાદાર છે, એવી ખબર
ન્યાયાધિશને થઈ, ત્યારે તેણે તેની ઇજત સામું જોઈ દંડ આપવા
બોધ કર્યો; પણ તેની અસર લગારે તેને થઈ નહિ. એ કારણથી
ન્યાયાધિશે તેને પોતાની રૂબરૂ ફટકા મારવાની ફટકેદારને આજ્ઞા
કરી, ફટકેદાર તુરત ચાબુક લેઈ હાજર થયો; એટલે રતનો ભાવ-
સાર તેને પાસે આવેલો દેખી પોતાનો જુનો અંગરખો કાઢવા લાગ્યો.
પાસે ઉભેલાં સઘળાં માણસોને એ દેખી હસવું આવ્યું ન્યાયાધિશે
તો આશ્ચર્ય પામી પૂછ્યું કે અરે! એ તું શું કરેછે? રતનાએ બહુજ
ધીમે રહીને જવાબ દીધો-સાહેબ, મે મારા જન્મારામાં આ અંગ-
રખો ભાગ્યેજ પાંચ વખત પેહેર્યો હશે. આજ દરબારનું તેડું આવ્યું
ત્યારે આ કંઈ જવા આવવા સારૂ રાખી મૂકેલો અંગરખો પેહેરી
આવ્યોછું. હવે અહીં તો તમે એના ઉપર ચાબુક મારવાનો હુકમ
કર્યો, ત્યારે જો ચાબુકના મારથી બરડાની ચામડી ફાટશે, તો તે
બીજી આવશે; પણ આ મારા બાપના બાપનો અંગરખો મેહા જત-
નથી સંઘરી રાખી મુક્યો હતો, તે ફાટશેતો કાંઈ બીજો મળવાનો
નથી. એમ જાણી મારો અંગરખો કાઢુંછું. એ સાંભળી ન્યાયાધિશને
તેની કૃપણતાપર હસવું આવ્યું અને તેનો ધિક્કાર કરી સિપાઇને
આજ્ઞા કરી કે, એને અહીંથી બહાર લેઈ જઈ ફટકા મારી રજા
આપો સિપાઇએ તેમ કર્યું. પછી રતનો બિચારો પોતાનો બરડો પં-
પાળતો અંગરખો લેઈ ઘેર આવ્યો. ત્યાં તેના ઘરની પાસે તેની જ્ઞા-
તની પંચ એકઠી મળી બેઠી હતી. તે પંચે રતનાને પંચમાં બોલાવ્યો.
તે આવો ઉભો રહ્યો, એટલે એક ભાવસારે ઉભા થઈ કહ્યું કે,
આ આપણી સામે ઉભેલા રતના વડે અજાણતાં ગૌ હત્યા થયેલી
છે; માટે એ પાપને સારૂ એણે પ્રાયશ્ચિત કરવું જોઇએ. તે હકીકત
રતનાએ સાંભળી. પંચે એક શાસ્ત્રીને બોલાવી અજાણતાં ગોહત્યા

થવાનું પ્રાયશ્ચિત પૂછ્યું. શાસ્ત્રીએ શાસ્ત્રમાં કહ્યા મુજબનું પ્રાયશ્ચિત કહી સંભળાવ્યું. તે સાંભળી રતનો તો ચમકી ઉઠ્યો; કેમકે તેને ખબર હતી કે બહુ તો શાસ્ત્રી બે ચાર અપવાસ કરાવશે; અથવા ઘણીવાર નદીમાં ડુબકાં મરાવશે; પણ શાસ્ત્રીએ તો ઘણા મોટા ખરચની સાથે અપવાસ કરવાના કહ્યા. તે સાંભળી તે બોલ્યો; શું મહારાજ!! "મુળાના ચોરને મોગરીનો માર!" દસ રૂપિઆની ગાય અને પાંચસેંનું પ્રાયશ્ચિત? તે વળી એક ગુનાના બીજીવારના ઇનસાફમાં? સરકારે તો ગાયની કિમ્મતજ અપાવી. તેણે તો કાંઈ પાંચસેં રૂપિઆ દંડ માગ્યો નહિં. કદાપિ જો તમે કહોતો, બે ચાર અપવાસ કરૂં; અને વધારે કહોતો રોજના કરતાં પાંચવાર નદિમાં વધારે ડુબકાં મારૂં. રોજ એકવારતો લાકડાને દુઃખે નદીએ નહાવા જાઊંછું પણ પાઈ ખરચવાની વાત કરશો નહિ. એટલું બોલી પંચ અને શાસ્ત્રી ઉપર મો ચઢાવી ચાલતો થયો. પંચે તેને પંચ બહાર મૂકયો; અને તેની સાથેનો સઘળો વ્યવહાર બંધ કર્યો. તે જીવ્યો ત્યાં સુધી પંચ બહાર રહ્યો; પણ પ્રાયશ્ચિત વિગરે કાંઈ કર્યું નહિ. એમ કરતાં બે ચાર વરસ પછી તે ખરેખરો માંદો પડ્યો. તેનાથી ખાટલામાંથી ઉઠાય નહિં એવું થયું, ત્યારેજ અડોશી પડોશીઓએ પોતાની જાતના પંચની બીકથી છાનામાના અધરાત મધરાત તેની ખબર લેવા જવા માંડ્યું. સગાંવહાલાં પણ પંચની બીકથી તેની. પાસે આવી શકતાં નહોતાં; પણ જ્યારે તેમને ખબર પડી કે તે ખરાખર માંદો છે; અને હવે ઝાઝા દિવસ કાઢનાર નથી ત્યારે તેઓ પણ વગર બીકે છચોક આવવા લાગ્યાં. તે એવી દેહેસતથી કે એ જાતે તો મલિન ભુત જેવો છે; અને ખાટલામાં વગર નાહે મરી જશે તો, અવગતિઓ થઈ આપણને નડશે. એક દિવસ આસપાસનાં બેઠેલાં માણસોએ રતનાને તેની સ્ત્રી અને છોકરાને તેડવા મોકલવા કહ્યું. તે વાતની તેણે ચોખ્ખી ના કહિ સગાં વહાલાંએ બહુએ સમજાવ્યો; તોપણ તેણે ગણકાર્યું નહિ; ત્યારે આખરે તેમણે રતનાથી છાનાં બૈરી છોકરાને તેડવા સારૂ બેપિઓ મોકલ્યો. બીજે દિવસે તેઓ આ-

વી પહોચ્યાં તેમને દેખતાંજ રતનો તો રાતો પીળો થઈ ગાળો ભાંડવા લાગ્યો; તોપણ તેઓ નફટ થઈ ઘરમાં પેઠાં; અને ઘરધંધે લાગ્યાં. રતનો તેમને કાઢી મૂકવા સારૂ ખાટલામાંથી ઉઠવાને ફાંફાં મારવા લાગ્યો; પણ ઉઠાયું નહિ, તેથી તે તેમના ઉપર છેવટની ઘડી સુધી બડબડતોજ રહ્યો. સગાં સંબંધી વગેરે જોવા આવનાર તેની સ્ત્રીને કોઈ હુશિઆર વૈદને તેડી લાવી બતાવવાનું કહે, ત્યારે તે બિચારીના બોલતા પેહેલાંજ રતનો વૈદ લાવવા ચોખી ના કહેતો; એટલુંજ નહિ પણ તેમના ઉપર ડોળા ઘુરકાવતો; અને તેમનું અપમાન પણ કરતો હતો. કદાપિ કોઈ માણસ મફત મળે તેવાં ઝાડપાલાની દવા કરવા કહે, તો તે ખુશીથી કરતો; પણ જો તેમાં પાઈનું આદુ લાવવા કહેલું હોય, તોતે દવા કરતોજ નહિ. ઘણાં માણસોએ તેની બૈરીને વૈદ લાવવા સંબંધી બહુજ શીખામણ દીધી; અને આશપાસની સ્ત્રીઓએ કહ્યું કે, રાંડરે! એ મરી જશે તો, લોક અને જાતિલાં એમ કહેશે કે, દવાદારૂ વિના છતે પૈસે અટવાઈ ગયો. એવી તારે માથે કેહેણી રહી જશે; ત્યારે તે બિચારીએ પોતાની ગાંઠનો રૂપિઓ આપી એક વૈદને બોલાવ્યો. તે વૈદને દેખતાંજ રતનાના જીવનેતો કંઈ કંઈ થવા માંડ્યું. તે તેના સુદ્ધાં સૌને એકફાગ ગાળો દેવા લાગ્યો.. આજુ બાજુ બેઠેલા મરદોએ તેને બળાત્કારથી પકડી રાખીને તેની નાડ વૈદની હાથમાં આપી. પોતાનું કાંઈ ચાલતું નથી, એમજોઈ તેણે કહ્યું કે, એ ધુતારા વૈદને કંઈ આપશો નહિ. એતો મારા સસ... અમથા ઝોળી લઈને ફરતા ફરેછે. જો એમનું સાચું હોયતો "વૈદનાં મરે નહિ અને જોશીનાં રાંડે નહિ" મારી દોરી ખુટી નહી હોય, તો મને કશુંએ થનાર નથી. એ એવો લવલવારો કરતો રહ્યો; ને વૈદ નાડી જોઈ દવા આપી ચાલતો થયો; પણ તે દવા તેણે પીધી નહિ. આસપાસના માણસોએ પાવા માટે બળાત્કાર કરવા માંડ્યો, ત્યારે તેણે સૌને ધીમા પાડી કહ્યું કે, તમે સઘળાં આમ શું કરવા કરોછો. લાવો હું માગી મળે પીઈશું; પણ જુવો આજના અક્ષર શત્રુ વૈદનો ભરોસો નહિ. એતો હું વધારે દિવસ રીબાઉં

અને એનો ફેરો ચાંલતો થાય તે માટે આ દવાતો આપેલી છે. તમે સમજતા નથી ? કે "વૈદ વૈદનું કહે અને ભુવો [1]ભુવાનું કહે." સૌ પોતાનો સ્વાર્થ તાકેછે. હવે કહો મને આ દવા ઉપર એવો શક છે ત્યારે તેને હું કેમ પીઉં ? એમ કહી તે ઢોળી દીધી. સઘળાં ઉઠીને પોતપોતાને ઘેર ગયાં ત્યારે તે ખાટલામાં પડ્યો પડ્યો કહેછે કે, જોયું કેની દવા ઉપર સાકરનો શીરો ખાવા કહ્યો. એમ ખાઉં તો ઉઠી ન જાઉં ? કદાપી હુંતો એક દિવસ ખાઉં; પણ આ બીજાં લહીંગાં આવ્યાંછે, તે ખાધા વિના રહે કે ? ઠીક ઠીક, બધાંએ મળીને સારૂ સારૂ ખાઈ ઉજાણી કરવાનો ઘાટ ઠીક ગોઠવ્યો છે. મારૂં નામ અને તેમનું કામ "એમ બોલતાં બોલતાં ખાટલામાં બેઠો થયો; અને પાસે પડેલાં લુગડાં ચડચડ ફાડવા લાગ્યો. તે જોઈ બૈરીએ તેનાથી ડરીને પડોશીને હાંક મારી. તેણે એકદમ ધસી આવતાંજ કહ્યું કે અરે ! આતો સનેપાત થયો; તેથી હવે એ સાડાત્રણ પળ, પહોડ કે દિવસના પરોણા છે, માટે ચેતી રહેજે; નહિતો ખાટલામાં સુતકી મરી જશે, તો દુનાઆમાં તને ચુંટી ખાશે, એટલુંજ નહિ પણ એ અવગતિઓ થઈ ત્રિજે દિવસે ધુણી ઉઠશે. એઓ એવી વાતો કરેછે, એટલામાં રતનાનાં ચહ્ડૂ ફરવા લાગ્યાં, નાકની અણી જરા મરડાઈ તે જોઈને પેલા અનુભવી પાડોશીએ તેને ખાટલામાંથી નાચે ઉતારીને ત્યાંજ નવરાવી નાખ્યો; પછી તેને લીંપેલી ભોંય ઉપર ઉત્તર દક્ષિણ સુવાર્યો. એટલે થોડીવારમાં તે મરણ પામ્યો. તેની પાછળ ન્યાતના ધારા પ્રમાણે થોડું ખરચ પુરણ કર્યું. પછી તે થોડે દિવસે વિસારે પડ્યો. અને બૈરી છોકરાં તેના એકઠા કરેલા દ્રવ્ય વડે આનંદમાં દિવસ કાઢવા લાગ્યાં; પણ રતનાનું નામતો આખા નગરમાં અમરજ થઈ ગયું. તે એવી રીતે કે હરકોઈ કંજુસ માણસને લોકો રતનાની ઉપમા આપતા હતા; અને કહેતા હતા કે આતે બરાબર બીજો રતનો પેદા થએલો છે. હોય ત્યારે કે પછી નરતે બેમાંથી એક રીતે નામ રહે.

---

[1] ભુત કાઢનાર ભગત.

એ વખતે રતના ભાવસારના બે જોળીઆ પુત્રો કિશોરવયના થયેલા હતા. તેમાં વડાનું નામ વીરો અને નાનાનું નામ ધીરો હતું. બેઉ ભાઈ શરીરે દેખાવડા, મજબૂત અને પંજાવીનર હતા. તેઓ મોસાળમાં ઊછરેલા હતા, તેથી તેઓ બેશરમા, મોં છૂટા અને ઘણા મસ્તીખોર હતા. મોસાળમાં સઘળાંએ તેમને મોઢે ચઢાવી મૂકેલા હતા, તેથી તેમને નિશાળે બેસાડ્યા હતા, છતાં તેઓ બરાબર નિશાળે જાય નહિ; અને ભણે પણ નહિ. એટલી મોટી ઉમ્મર થઈ, ત્યારે તેઓ ‡ હગ, મર, ટપર જેવું કાનામાત્ર વગરનું લખી વાંચી જાણતા હતા. બેઉ ભાઇની શિકલ, શરીરનો બાંધો અને કદ એ સઘળાં એકજ તરેહનાં હતાં; તેમ તેઓ લૂગડાં પણ એકજ જાતનાં અને શીવણીનાં પેહેરતા હતા. એ ઉપરથી આડોશી પાડોશી, સગાં સંબંધી અને નગરવાસીજનો ભૂલાવો ખાઈ વીરાને ધીરો અને ધીરાને વીરો કહી બોલાવતાં હતાં. પિતાના મરણ પછી એક બે માસમાં તો આસપાસનાં સઘળાં માણસો અને તેમની મા તેમના તોફાનથી કાયર કાયર થઈ ગયાં, ત્યારે એ બેઉને એક નિશાળે મૂક્યા; અને મેહેતાજીને તેમની ચાલથી વાકિફ કરી સોંપણી કરી. અહીં પણ તેઓ બરાબર નિશાળે જાય નહિ. કદાપિ જાય તો, બીજા છોકરા જોડે રસ્તામાં કે નિશાળ બહાર મારામારી વિગેરે તરતોફાન કરે. મેહેતાજી તેમના ફરીઆદથી કાયર થતા. નિશાળમાં આવે ત્યારથી તે જાય ત્યાં સુધીમાં કોઇની મશ્કરી, કોઇને અડપલું અને કોઈના ગજવામાંથી શિક્ષકની નજર ચૂકાવી ખાવાનું લઈ લે, કે ધોલ ધાપટ કરે. એ સિવાય નાના છોકરાનું ખાવું પડાવી ખાય; અથવા બીવરાવીને લઈ મૂકે. જે નહિ આપે તેને છૂટી મળ્યા પછી રસ્તામાં મારતા હતા. હિસાબ ગણવા કડવા ઝેર જેવા લાગતા હતા; પણ મેહેતાજી વઢે, તે બીકને લીધે બીજાની પાટીમાં જોઇને કરતા હતા. એ નહિ જોવા દેનારને અથવા તે બાબત મેહેતાજીને ચાડી ખાનારને તો બેઉ ભાઈ મળી રસ્તામાં અચૂક

---

‡ હિંગ, મરી અને ટોપરાં.

ઠોકતા ત્યારેજ જંપતા હતા. એમના મારના ધાકથી આખી નિશાળના છોકરા બેજાર થઈ તેમનાથી ડરીને ચાલતા હતા; એટલુંજ નહિ પણ તેઓ જે કામ બતાવે તે, તેઓ થથરતે માથે અરપે શુકને કરતા હતા. વળી કેટલાક છોકરા તેમને સારૂં સારૂં ખાવાનું આપી પોતાના પક્ષમાં લેતા હતા. હરેક જાતની રમત ગમતમાં બન્ને ભાઈ એક્કા હતા. કેટલાક છોકરા ઘેરથી નિશાળનું નામ દેઈ બારોબાર તેમની સાથે નગર બહાર ખેલવા જતા હતા. ત્યાં તેઓ આસપાસની વાડીઓમાંથી દાડિમ, જમરૂખ, કમરખાદિ ચોરીને ખાઈ જતા હતા. કદાપિ કોઈ વાડીમાં એકજ રખેવાળ દેખે તો તેને ગાંઠતા નહિ; અને પોતાનું ધાર્યું કામ કરતા હતા. બેઉ ભાઇને ભણવા ગણવા કરતાં છોકરાના સરદારી કરવી બહુ ગમતી હતી. પોતાને જવાના રસ્તામાં કોઈ છોકરો બીજા છોકરાને મારતો હોય, તો એ બેઉ જણા તે મારનારને મારતા હતા; અને બીજાને છાનો રાખી આસનાવાસના કરી ઘેર મોકલતા હતા. તેમને મારતા દેખીને કોઈ રસ્તે જનાર ત્રાહિત શખ્સ પૂછે તો, તેઓ જવાબ દેતા, કે અમે ભાગ્યાના ભિલ્લુ છીએ. તેમની આવી ચાલથી સઘળા નિશાળીઆ તેમને ચહાતા; અને પોતાના વડા ભિલ્લુ ગણી તેમની આગ્ના પાળતા હતા; પણ મેહેતાજી તો તેમનાથી છેક કંટાળી ગયા હતા; કેમકે એમની સોબતથી ઘણા છોકરા આળસુ થઈ બગડતા હતા અને ગેરહાજર રહેતા. એ કારણથી એ ભાઇઓ ઉપરથી મેહેતાજીનું દિલ ઉતરી ♀ગયું. તે તેમની દરકાર કરે નહિ. તેઓ પોતાની ખુશીથી નિશાળે આવે, તોએ ઠીકછે; અને ન આવે, તોએ ઠીક છે. એમ ગણી તેઓ ગેરહાજર હોય, ત્યારે તેડવા કરવા મોકલે નહિ. જો

♀ એવા માથાફોડીઆ છોકરા સાથે ઉપર કહ્યા પ્રમાણે શિક્ષકે કેટલાક દિવસ મૌન્યતા રાખ્યાથી ઘણા છોકરા સમરી જાયછે. સ્ત્રીઓને તો એ મોટી શિક્ષા છે. કજીઆખોર સ્ત્રીના ધણીઓ તેમને બીજી શિક્ષા કરવા કરતાં તેની સાથે મૌન્યતા રાખે તો તે તરત સમરે. કહ્યું છે કે—**સ્ત્રીણામ્ ઉત્તમદંડમ મૌન્યમ્.**

તેઓ પોતાની ખુશીથી નિશાળે આવે તો તેમને ભણવા ગણવા સંબંધી કંઇ કહે, કે બતાવે નહિ. આટલી મુદતમાં તેઓ ફકત ગોલા નામુ અને ગોલા લેખે હિસાબે ગણતા શીખ્યા હતા. તેઓ ઘરમાંથી અનાજ કે પૈસા ચોરી બજારમાંથી કંઈ કંઈ લેઈ ખાતા હતા. કોઈ કોઇવાર તો તેઓ બજારમાંહેના દુકાનદારોની નજર ચૂકાવી ખાવા નું લેઈ નાસતા હતા. મૂળથી મોંઢે ચઢાવી મૂકેલા એટલે પછી માને તો ગાંઠેજ શાના? તેઓ તેને નજરમાં આવે તેમ કહે. કહેવત છે કે "રાંડીપુત્ર શાહજાદા અને મા મરે તો અમીરજાદા" તેમ આ બન્ને ભાઇઓ માની ફિકર કે બીક રાખ્યાવિના અમીરજાદાની પેઠે મરજી માફક વર્તતા હતા. માના કહેવા મુજબ તેઓ બરાબર નિશાળે જાય નહિ. તેને ફોગટ ભણામણ આપવું પડતું હતું, તેથી તેણે થાકીને તે એઉનાં નામ નિશાળમાંથી કાઢી નંખાવ્યાં, એથી તેઓ વધારે બેફિકરા થયા. તેમની માએ તેમને પોતાનો ઘરધંધો શીખવા કહ્યું; પણ તે તેઓ શીખ્યા નહિ. હમેશાં ખાઈ પીને અલમસ્ત જેવા જ્યાં ત્યાં આખા નગરમાં આથડતા ફરતા હતા. રસ્તામાં ફાવે તેને મારે; અને નુકશાન કરે. એક દિવસ ફરતાં ફરતાં તેમના જોવામાં કૂસ્તી કરવાનો એક અખાડો આવ્યો. તેમાં કેટલાક જુવાન સાગરીદોએ અખાડાના ઉસ્તાદના કહેવા મુજબ તરેહ તરેહની કસરત કરી તાલીમ લેતા હતા. તે જોઈ તેમ કરવા તેમનું મન લલચાયું. તેમણે અખાડાના ઉસ્તાદની રજા માગી બીજે દિવસથી અખાડામાં જવા માંડ્યું. અહીં તેઓ થોડી મુદતમાં ઘણી જાતની કસરત કરતાં શીખ્યા. કૂસ્તીમાં તો તેઓ બીજા સમાન સાગરીદોને જોત જોતામાં દાવ ચૂકાવી ચતાપાટ પછાડતા હતા. મૂળથી તેઓ શરીરે લઠ જેવા, કદાવર અને પોસાતા હતા, તેમાં વળી કસરતને લીધે તેમનાં શરીર દેખાવે અને બળે બિયામણાં થઈ પડ્યાં. ભરજુવાનીમાં તો તેઓ એવા પ્રચંડ પુરૂષ બની રહ્યા કે એકે એક નગરવાસી જન તેમની સામે થવાને બીવા લાગ્યો. શેહેર બહાર ભાગોળે કેટલાક જુવાન છોકરાઓ દડાગેડી, શેપટાં કે બીજી હાથછૂટી જણશોથી રમતા હતા.

તેમાં એ ભાઇઓ ખુશીથી દાખલ થતા; અને સબળાને હરાવતા હતા. કોઈ કોઇવાર તેઓ સામાસામી મિજા બાંધી ઈંટકા, થૂવરનાં ડીંગલાં અને બિલાં વગેરેથાં લઢતા હતા. દરેક રમનાર એ બે ભાઇની મિજામાં રહેવાને ઘણું ચહાતો હતો. બેઉ મિજા વચ્ચે જ્યારે ખરેખરી લઢાઈ જામતી, ત્યારે તેઓ પોતાની તરફના છોકરાને કહેતા કે, તમે કીકીઆરી કરી અમારો પાછળ આવજો. એટલું કહીને એ બે જણ મોટી કીકીઆરી કરી સામી મિલવાળા ઉપર ધસીને પડતા; અને તેમને હરાવી નસાડી મૂકતા હતા. થોડા દિવસ પછી તો સબળાની એવીજ ખાતરી થઈ ગઈ કે, એ ભાઇઓ જે બાજૂ તરફ જાય, તે જીતે. એથી તે બન્ને જાણે પોતાથી સમાન અને નાની વયના જુવાનોના ઉપરી સરદાર હોય, એમ ગણાવા લાગ્યા. તેમ બીજા પણ તેમની મરજી વિરુદ્ધ કંઈ પણ કરી શકતા નહિ. એ દેશના દરેક ગામ અને શેહેરમાં વરસના બે મોટા તેહવારને દિવસે લઢાઈ રમવાનો રિવાજ હતો. એમાંના એક તેહેવારે દારૂખાનાની અને બીજે તેહેવારે ગદાઓની લઢાઇ કરવાની રીત પડી ગઈ હતી. આ યુદ્ધથી પ્રજા વર્ગને કેટલીક યુદ્ધ કેળવણી મળી શકતી હતી. બન્ને પ્રકારની લઢાઇમાં વીરોધીરો સૌથી વધારે ભાગ લેતા હતા; અને તેમાં પ્રસંગોપાત લાગ જોઈ આંધળીઆં કરી તૂટી પડતા; અને સામેના લઢવૈયાને વેરણ છેરણ કરી નસાડી મૂકતા હતા; એટલુંજ નહીં પણ એ લઢાઈ જીતનાર શખસને સારૂ નગરશેઠ કે દરબાર તરફથી પાઘડી, શેલું, શાલ અને તરવાર વગેરે જે ઇનામ રણસ્તંભપર મૂકાતાં, તે ઇનામ તેઓ અચૂક લેતા, ત્યારેજ છોડતા હતા. એઓ લઢાઇમાં હાજર હોય ત્યાં સુધી એ ઇનામ બીજાને હાથ જતુંજ નહિ. એ ઉપરથી લોકોમાં એવી કહેવત ચાલી કે "જેણી તરફ વીરોધીરો તેને હાથ જીતનો હીરો." આવા બનાવથી તેમનાં નામ આખા નગરમાં અને ફરતા મૂલકમાં પ્રખ્યાત થઈ રહ્યાં. તેમ તેઓ પણ જીત મળતી ગઈ, તેમ તેમ એટલા બધા અલમસ્ત વીર બની ગયા કે તેઓ કોઇથી પણ બીતા નહિ. એઓ પેહેલાં દરબારી સિપાઇઓથી ડરતા હતા, તેમને પણ હવેથી

છપ્પનને પાને ઉડાવવા માંડ્યા. બજારમાં ચાલતાં હરકોઈ દુકાન ઉપરથી પોતાને પસંદ પડે તેમાંથી ખાવાની મૂઠી ભરી ચાલતા થાય; પણ બિચારા દુકાનદારથી કાંઈ બોલાતું નહિ. એ રીતે બજારમાંથી ખાવાનો ગમે તે પદાર્થ લેઈ પોતાની પાછળ ફરનાર છોકરાંને વહેંચી આપતા હતા; અથવા તો પોતે ખાઈ જતા હતા. કદાપિ કોઈ દુકાનદાર માગવા આવેલા આંધળા, લૂલા અને બીજા અપંગ ભીખારીઓને ભીખ આપતાં વાર લગાડે, કે તેમને ગાળો દેઈ કાઢી મૂકે, તો વીરોધીરો તેની પાસે તે ભીખારીને અપાવે ત્યારેજ મૂકે. એથી બિચારાં ભીખારી તેમને આશિષ આપતાં હતાં; અને દુકાનદારો તેમના ઉપર કકળીને છાના માના બેસી રહેતા હતા. રાતે ચબૂતરા ઉપર પેહેરો ભરનાર સિપાઈ, ઊંઘી ગયેલો તેમના જોવામાં આવે તો તેઓ તેની તરવાર, ખાસડાં વિગરે વસ્તુઓ લેઈ લેઈ તેના ઉપરી અમલદારને સ્વાધિન કરતા હતા. એમની આવી રીતથી દરેક ચાવડીપરના સિપાઇઓ તેમનાથી ડરીને ચાલવા લાગ્યા. તેઓ તેમને ઉપર ઉપરથી પ્રીતિની નિશાનીઓ બતાવવા લાગ્યા; પણ પેટમાં તો તેમના ઊપર ખરેખરો દ્વેષ રાખતા હતા. બજારના લોકો અને દુકાનદારો એ બે ભાઈ વિશે અનેક છૂપી ફરીઆદો કરતા; પણ કોઇથી ઉઘાડા પડી ફરીઆદ થતી નહોતી. એકવાર એક સૂખડીઆએ પોતાની દુકાન ઉપરથી બરફી લેઈ જવાની અને પોતાને માર મારવાની લખિત ફરીઆદ ચબૂતરાના ઉપરી અમલદારને કરી. એ અમલદારે તે ચોરી કરનારને પકડવા સિપાઈ મોકલ્યા. સિપાઈ વીરાપાસે ગયા; પણ તેને પકડવાની હિમ્મત ચાલી નહિ. ત્યારે તેને સલામ કરી કહ્યું કે, આપને હમારો સરદાર બોલાવે છે. એ સાંભળી વીરો તેમની સાથે ચબૂતરા ઉપર ગયો. ચબૂતરાનો અમલદાર તેનો હાથ પકડી ફરીઆદી, સાક્ષી અને કેટલાક સિપાઇઓ સાથે ન્યાયાધિશની હજૂરમાં ગયો. ન્યાયાધિશે પૂછ્યું કે, તારી બરફી કોણે અને ક્યારે ચોરી? વગેરે બાબતની પડપૂછ ચાલેછે, એટલામાં ધીરાને ખબર પડી કે વીરાને દરબારમાં લેઈ ગયાછે. તે તરત તેના જેવા પેહેરવેશ પેહેરીને દરબારમાં ગયો; ને પોતાના ભાઇ પાસે જઈ

ઉભો. આ બન્નેના દેખાવથી ન્યાયાધિશને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થયું. એ પ્રસંગનો લાભ લેઈ ન્યાયાધિશે ફરીઆદી ન જાણે તેમ બેઉ ભાઇઓને અરસ્પરસ સ્થાનોપરી કરવાની સંજ્ઞા સુલેહના મુખ્ય અમલદારને કરી, ફરીઆદીને પૂછ્યું. વારૂ, એ બધી વાત ખરી; પણ આ બેમાંથી તને કોણે માર્યો? અને બરફી લીધી? ફરીઆદી વીરાને ઓળખી શક્યો નહિ; અને વીરાને બદલે ધીરો બતાવ્યો. કચેરીમાં હસાહસ થઈ રહી; અને એ બે ભાઈ વિના સઘળાને જવા રજા આપી. એ ન્યાયાધિશને વીરાધીરા વિશે સિપાઇઓએ બહુ બહુ વાતો ભેરવેલી હતી. તેમ તેમના કદાવર શરીરપર નજર કરીને ન્યાયાધિશે તેમને કેટલીક નીતિની શીખામણ દેઈ છોડી દીધા. એ રીતે એ બે ભાઇની એક સરખી શિકલથી તેઓ કોઇવાર ગુનામાંથી છૂટી જતા કે એકને બદલે બીજો માર ખાતો હતો. એમના બળ વિશે લોકોમાં વિવિધ પ્રકારની વાતો ચરચાતી હતી. કોઈ કહે, એમને હનૂમાન પસંદ છે, કોઈ કહે ભૈરવ સાધ્યોછે, કોઈ કહે બ્રહ્મરાક્ષસ વશ કીધોછે; અને કોઈ કહે કે એ બે ભાઇ જાતેજ કોઈ અવતારી રાક્ષસો છે. એમ તરેહ તરેહના ગપાટા ચાલવાથી વેહેમી લોક તેમની સામે થવાને બીતા હતા. તેઓ તેમનું નુકશાન કરે; તોપણ તે ઉપર આખાડા કરતા હતા; અને કહેતા કે મહાજનના સાંઢ ખાઈ જાય છે, ત્યારે આપણે શું કરીએ છીએ? ખરેખાત!! એ બે વીર પુરૂષો વિલાસપટ્ટનના આંકેલા સાંઢજ હતા.

એકવાર એ બે ભાઇઓ ફરતા ફરતા રાજબાગ ભણી જઈ ચઢ્યા, ત્યાં એક મહાજનનો આંકેલો પાડો ચરતો હતો. તે ઘણોજ ઉન્મત્ત, માતેલો અને મારકણો હતો. તેણે ઘણાં ચોપગાં જનાવરને અને માણસને ઘાયલ કર્યાં હતાં; માટે તેનાથી ડરીને સૌ માણસો તે ઉભો હોય ત્યાંથી બીજો રસ્તો લેઈ જતાં હતાં. પાડા સામે થઈ વીરાએ જવા માંડ્યું; પણ તેને ધીરાએ વારી રાખ્યો, તથાપિ તે પાછો ફર્યો નહીં. પાડો ચરતો હતો, તેની પાસેના રસ્તાપર વીરોધીરો આગળ પાછળ ચાલવા લાગ્યા. પાડો તડૂકો કરી પગવડે રજ ઉરાડતો તેમનાપર ધસ્યો. વીરાએ તેનાં શિંગડાં પકડી ખૂબ હચમચાવ્યાં.

આશરે અર્ધા કલાક સુધી એ બે બેફિકરા પાડા વચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમના બંભારા અને પગના ધમકારાથી ઘણા લોક જોવા મળ્યા. એ યુદ્ધમાં આખરે વીરો જીત્યો. પછી બેઉ ભાઇએ મળી તેને ઉચકીને ધોબ દેઈ નીચે નાંખ્યો. તે ભોંયપર ચતાપાટ પડ્યો. વળી ઉઠીને સામે થવા કરતો હતો, એવામાં વીરાધીરાએ બબ્બે પગ પકડી અધર ઉચકી લીધો; અને રાજબાગના દરવાજા બહાર એક વિશાળ ચોતરા ઉપર મૂકી દેઈ પોતાને ઘેર ચાલતા થયા. પાડાની વાત આખા નગરમાં ફેલાઈ ગઈ; કેમકે એ પાડાથી આખુ નગર ત્રાહ્ય ત્રાહ્ય થઈ રહ્યું હતું. તેને એક જણે ચોતરા ઉપર ચઢાવી દીધોછે; ને તેનાથી ઉતરાતું નથી. એ કારણથી તે બિચારો ગરીબ ગાય જેવો થઈ ઉભો છે. એવી વાત જેમ જેમ લોકોને કાને પડતી ગઈ, તેમ તેમ તેમના ટોળેટોળાં રાજબાગભણી જોવા ચાલ્યાં. બાગ પાસેના મેદાનમાં જોત જોતામાં અસંખ્ય માણસોની મેદિની ભરાઈ ગઈ. મહારાજા ચંદ્રસેનને એ વાતની ખબર પડતાંજ તેઓ પણ પોતાની ખાસ મિજલસ સાથે ઉઠીને રાજબાગ તરફ ચાલ્યા. ત્યાં જઈ જુએછે તો, હજારો માણસની ભરચક મેદિનીની વચ્ચે એક ઊંચા ચોતરા ઉપર મદોન્મત પાડો નરમઘેંશ જેવો થઈ ઉભેલો જોયો. તેની આંખમાંથી પુષ્કળ આંસુ ગળતાં હતાં. તે જોઈ મહારાજાને દયા આવી. તેમણે ચોતરાની આસપાસ ફરીને કેટલીક તપાસ કરી સિપાઈ લોકમાં તજવીજ કરી કે એને ચોતરા ઉપર કોણે ચઢાવ્યો? સિપાઈ લોકથી માલુમ પડ્યું કે એ પાડાને ચોતરા ઉપર ચઢાવી દેનાર એ જોળીઆ ક્ષત્રી ભાવસાર ભાઇઓ છે. મહારાજાએ તેમને પોતાની રૂબરૂ તેડી લાવવાની આજ્ઞા કરી. સિપાઇઓ તુરત તેમને તેડી લાવ્યા. તેઓ આવી નમન કરી ઉભા રહ્યા. મહારાજાને તેમનાં કદાવર શરીર દિલમાં રમી રહ્યાં. તેમણે એ ભાઇઓને હસતે વદને પાડાને નીચે ઉતારવા આજ્ઞા કરી. તેમણે પાડાને ઢોળી પાડી બબ્બે પગ ઊંચકી ચઢાવ્યો હતો તેમ અધર નીચે ઉતાર્યો. તેમનું બળ જોઈ મહારાજાને અત્યાનંદ થયો. તેમને શાબાશી આપીને એક એક નક્કર સોનાનું કડું ઇનામમાં આપ્યું, એટલુંજ નહિ પણ તેમ-

ને તેમના નામની સાથે અનુક્રમે વજ્જર, પંજર એતાબ જોડી આ-પ્યા. એથી તેઓ હવે વીરાવજ્જર અને ધીરાપંજર એ નામથી ઓળખાવા લાગ્યા. તેમના વિષે મહારાજાએ કેટલીક તજવીજ કરી. પછી તેમના દેખાવડા, બલિષ્ટ પ્રચંડ શરીરથી રાજી થઈ પોતાના અંગરક્ષક સિપાઈ થઈ રહેવા કહ્યું. તે તેમણે કબૂલ કર્યું; પણ એ-ટલું માગી લીધું કે અમે જન્મથી છૂટા ફરેલા છીએ તેથી અમને તેમ કરવા પરવાનગી આપશો તો અમે અમારા રાજ્યની નોકરી કરવા અંતઃકરણથી ખુશી છીએ. અમારાપર આપની કૃપા થઈ, તેથી અમારે દ્રવ્ય મ્રવ્યતો જોયતું નથી, તેમ ભાંય કે બાંધ્યો પગાર પણ જોઇએ નહિ. ફક્ત અનવસ્ત્રની જરૂરછે. ખાવા માટે દરરોજ પક્કા દશ શેર ઘઉંના ખાખરા અને પાંચશેર અડદની દાળ જોઇ-શું. પેહેલાં અમે ઘણું થોડું ખાતા હતા; પણ મા મરી ગયા પછી દરરોજ એકજવાર ખવાય તેટલું ખાઇને આ નગરમાં ફરતા ફરી-એ છીએ. ફરતાં વિનાકારણ દુઃખ દેનારને અને હરામખાઉ નોક-રને દમીએ છીએ. ઉપર કહ્યા મુજબ દરરોજ તૈયાર ખાવાનું મળે ત્યારે તો અમારા સુખનો પારજ નહિ. એ સાંભળી મહારાજા ચંદ્ર-સેને કહ્યું, રાજભંડારમાં કંઈ વાતે ખોટ નથી. તમારે જે જોઇશું મેં માગ્યું વગર હરકતે મળશે; પણ યાદ રાખજો, ઊંઘ અને આ-હાર વધાર્યા વધેછે; ને તે અતિ વધવાથી આળસાદિ દુર્વ્યસનો ઘર કરેછે. વીરાએ નમ્રતાથી જવાબ દીધો. મહારાજાનું કહેવું સત્ય છે; પણ અમે તો હજુ સુધીમાં એમજ સમજીએ છીએ કે "ખાય તેજ ધાય" અને "શરમાય તે કરમાય." મહારાજાએ કહ્યું એ પણ ખરૂં છે; પણ ખોરાક પ્રમાણે કસરત નહિ હોય તો ખાવેલું સઘળુ વ્યર્થ જાયછે. આ ઉપરથી હું તમને તમારી મરજી મુજબ ખાવાપીવાની મના કરૂંછું, એમ સમજશો નહિ. હુ તો એક સ્વાભાવિક વાત કરૂં-છું. તમારે જેટલું ખાવું હોય, તેટલું નિરાંતે ખાજો. કંઈ વાતે ક-સર રાખશો નહિ. લોટ સાથે ઘી પણ મળશે. આવતી કાલે સવારે તમે દરબારમાં આવજો. ત્યાં તમારે સારૂ સઘળો બંદોબસ્ત થશે; અને વસ્ત્ર પણ મળશે. એ વિના હવે જોઇએ તે માગો. એઉ ભા-

બુએ નમન કરી જવાબ દીધો. હવે તો મહારાજાની રેહેમ નજર હમેશાં હોવી જોઇએ. બીજું કાંઈ જોઇએ નહિ. અમે અમારો ધર્મ નેક નિષ્ઠાથી બજાવીશું; અને આજથી રાજભક્તમાળા પેહેરી ફરીશું; તથા તે પ્રસંગોપાત શિરસાટે બજાવીશું. મહારાજા ચંદ્રસેને સઘળા સાંભળે તેમ કહ્યું કે દરેક દેશના દેશીઓનો ધર્મજ છે કે સ્વદેશ રાજશેવા ખરેખરી કરવી; અને જરૂર પડે તરવારની ધારપર ઝૂઝવું જોઇએ. તમારા બોલવાપર મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તે તમે બીજાને દૃષ્ટાંત આપવા લાયક બજાવશો. હવે તમને જવાને રજાછે. બેઉ જણ નમન કરી ખુશ ખુશાલીમાં ચાલતા થયા. મહારાજા રાજમહાલયમાં ગયા, અને બીજા સાધારણ લોક પણ વેરાઈ ગયા.

બીજી સવારથી વીરાધીરાને મોં માગ્યો તૈયાર ખોરાક મળવા લાગ્યો. માથે મહારાજાનો હાથો થયો, તેથી તેમની છૂટથી વર્તવાની રીતમાં કંઈ ન્યૂનતા રહી નહિ. એઓ પેહેલાંના કરતાં વધારે સ્વતંત્રપણે ચાલવા લાગ્યા; અને મતવાલા સાંઢની પેઠે સ્વેચ્છિક ફરવા હરવા લાગ્યા, એવા બેફિકરા જીવ માટે અખોભગત કહેછે કે "ઓછું પાત્રને અદકુ ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો. મારકણા સાંઢ ચોમાસુ માલ્યો, કરડકણા કૂતરાને હડકવા હાલ્યો. મર્કટ ને વળી મદિરા પીએ," એટલાંવાનાંથી સઘળાં માણસ બીએછે. તેમ આ બે બેફિકરા નર અને ધણીએ માન્યા, એટલે પછી તેમનાથી બીવુંજ જોઇએ. એ પ્રમાણે વીરાવજ્જર અને ધીરાપંજરથી સૌ માણસો ડરીને ચાલવા લાગ્યાં. રાજમાર્ગમાં ફરતાં ચબૂતરાના સિપાઇઓ તેમને નમીને સલામતી આપવા લાગ્યા. બેઉ જણા નાનપણથીજ અટકચાળા, મસ્તીખોર અને મશ્કરા હતા, એથી તેઓ રસ્તે ચાલતાં ગમે તેવાની મશ્કરી કરતા. ભીખ માગી ખાનાર લોભિયા બ્રાહ્મણની તો દમે સાંચી મજાક કરતા હતા. રસ્તે ચાલતાં તેમાંનો એકાદ મળે તો તેને કહે કે તમને અમુક ગૃહસ્થે સિધુ લેવા કે દક્ષણા લેવા તેડ્યા છે, ફલાણાએ નોતરૂં કહ્યું છે. એઓનું ખરૂં માની તેઓ શેહેરમાં અથડાઈ મરતા હતા; અથવા તો જમવાની આશાએ સાંજ સુધી ભૂખ્યા તરસ્યા બેસી રેહેતા હતા. એમ દરરોજ બેચારને

અપવાસ કરાવતા, બેચારને અથડાવી મારતા, કોઇને જુઠાં સનાન નવરાવતા, અને કોઇને માંહેમાંહી લઢાવી તમાસો જોતા હતા. એમ દરરોજ નવનવાં ટિખળ કર્યાજ કરતા હતા. દરબારમાં દાખલ થયા પછી હલકામાં હલકા દરબારી માણસથી માંડીને તે પ્રધાન સુધી મશ્કરી કરવાને પાછા હઠતા નહિ. એથી તે સઘળાને ગમ્મત થતી હતી. એવી મશ્કરીથી જે ક્રોધે ભરાય તેની વારે વારે કરતા હતા. કોઇવાર પ્રધાન દરબારમાં બિરાજેલો હોય, તેવે પ્રસંગે તેના મેહેલ ઉપર જઈ અજાણ્યા માણસ સાથે પ્રધાન પત્નિને પ્રધાનના નામથી કહેવરાવે, કે આજે તે વાળુ કરનાર નથી; અથવા આજ સાંજે બીજા દસ માણસો વાળુ કરનાર છે, એ પ્રમાણે દરબારી માણસોને પણ ભૂખે ઠોકાવતા; એટલુંજ નહિ પણ તે માણસોને દરબારમાંથી ઘેરે ગયા પછી તેમની પોતાની સ્ત્રીઓ સાથે ખાવાપીવા સંબંધી તેમના ઘાલેલા ઘોળથી જે તકરાર થતી, તે પોતે છાનામાના સાંભળી ખુશી થતા હતા.

એકવાર એ બેઉ ભાઈ ફરતા ફરતા નગરને પશ્ચિમ દરવાજે થઈ ઉત્તર તરફ કિલ્લાની સફીલે સફીલે સીધા ચાલ્યા જતા હતા, તેવામાં આગળ સજ્જડ ઝાડીવાળી ખડબચડી જમીન આવી. તે ઝાડીમાં તેઓ નિર્ભયપણે પેઠા. થોડેકસુધી ચાલ્યા પછી તરતની ખોદેલી તાજી માટીનો એક મોટો ગંજાવર ઢગલો જોવામાં આવ્યો. આ આટલી બધી માટી કોણે કયાંથી ખોદી કાઢી હશે? તે જાણવાની બેઉના દિલમાં ઉત્કંઠા થઈ. એ ઝાડીમાં વાઘ વરૂ જેવાં હિંસક પ્રાણીઓની ઘણી બીક હતી; તો પણ તેઓ છાતી ચલાવી માટીના ટેકરાની બીજીમેર ગયા. ત્યાં તેમણે કિલ્લાની દિવાલમાં એક મોટું બારણા જેવડું બાકું ખોદી કાઢેલું દીઠું. બન્ને તેમાં પેઠા. તેઓ તેમાં જેમ જેમ આગળ ચાલ્યા, તેમ તેમ આડા અવળા અનેક રસ્તા ખોદી કાઢેલા આવતા ગયા. મુખ્ય રસ્તો નગરશેઠની હવેલી તળે થઈ રાજમેહેલ તરફ જતો હતો. ત્યાંથી જમણા હાથ તરફ ચાલ્યા, તો તે રસ્તામાં સઘળે દારૂ, કોયલાની ભૂકી, રાળ, ડામર, ગંધક વિગેરે જલદી સળ-

ગી ઉઠે એવા પદાર્થો જથાબંધ પાથરેલા જોયા. અહીંથી પાછાવળી મુખ્ય રસ્તે આવીને આગળ ચાલ્યા, તેમ તેમ શેહેરના સત્યાનાશની વધારે વધારે નિશાનીઓ તેમના જોવામાં આવતી ગઈ. તેઓ એ પ્રમાણે જોતા જોતા રાજમેહેલ તળે આવ્યા. ત્યાં દારૂ અને કોલસાની ભૂકીનો એક મોટો ઢગલો કરેલો દીઠો. એ જગાએથી બીજા આડા અવળા અનેક રસ્તા કોરી કાઢેલા જણાતા હતા. તેમાં પણ એવાજ પદાર્થ ભરેલા હશે, એમ ધારી પાછા વળવાનો ઠરાવ કીધો; કેમકે અંદર રસ્તાની શાખાઓ એટલી બધી ફૂટેલી હતી કે અંધારામાં ભૂલા પડ્યાવિના રેહેવાય નહિ. એથી તેઓ એજ રસ્તે પાછા વળીને ચાલ્યા. ધીરાએ વીરાને પૂછ્યું કે આ આટલા બધા રસ્તા કોરી કાઢેલા છે, તે પ્રમાણમાં આપણે બહાર દીઠો તે, માટીનો ઢગલો નથી; માટે કિલ્લાની બીજી બાજૂએ ઝાડીમાં એવા બીજા ઘણા ઢગલા હશે. વીરાએ જવાબ દીધો. તે હોવાજ જોઇએ; પણ આપણે આટલું બધું ફરીને જોયા છતાં કોઈ માણસનું જણયું સરખું દીઠામાં આવ્યું નહિ એનું કારણ શું હશે? ધીરાએ જવાબ દીધો મને લાગેછે કે એ રાજદ્રોહી પાપીઓ જરૂર આ કામ રાતે બહુજ સંભાળથી છૂપીરીતે ચલાવતા હશે. એમ વાતો કરતા કરતા તેઓ છેક કિલ્લાની નજીક બારા આગળ આવી પહોંચ્યા. ત્યાંથી ઘેર ગયાવિના પરભાર્યા રાજ મેહેલ તરફ ચાલ્યા-રસ્તામાં વીરાએ કહ્યું, કે ભાઈ આપણને મહારાજા ઓળખશે તો ખરા; પણ આપણાથી તેમને બારોબાર વગર વિલંબે શી રીતે મળી શકાશે? દરબાર અને મેહેલની ચોકી પોહોરા વટાવી જતાં તો જરૂર સાંજ પડી જશે; પણ આપણું કામ પાર પડશે નહિ. ધીરાએ કહ્યું, ભાઈ તારે એ વાતની ફિકર કરવી નહિ. તું મારી પાછળ ચાલ્યો આવ; અને પછી જો કે મહારાજાની મુલાકાત કેટલી જલદી થાયછે. બેઉ જણા બજારના મોખરાની લગભગ આવી પહોંચ્યા, તેટલામાં તેજ રસ્તે એક મહારાણીનો માનીતો ખવાસ કાંઈ અગત્યના કામસર શ્વાસભેર દોડતો સામો મળ્યો. તેને ધીરાએ કાંડું પકડી ઉભો રાખ્યો. ખવાસને બહુ રીસ ચઢી; અને તે મોંઢામાંથી કાંઈ "એલફેલ" બોલવા જતો હતો, તેટલામાં તો તેને બે ચાર ત-

માગ્યા ખેંચી કાઢી છોડી દીધો. ખવાસ માથાનું મંદિલ વગેરે ભાગી નાંખી, દરબાર તરફ ધ્રુંધવાતો ચાલ્યો. તેની પાછળ પાછળ બેઉ ભાઈ ધીમે ધીમે ચાલ્યા ગયા. બજાર માંહેના દુકાનદારો અને બીજા લોક રાજી રાજી થઈ કહેતા કે હવે એમનો મત્સર ખરેખરો ઉતરી જશે. એ બેઉ જણે મહારાજાના ખવાસને માર્યો, તે પાસેના ચબૂતરાપરના સિપાઇઓએ નજરો નજર દીઠું હતું; પણ તેમને પકડી દરબારમાં લેઈ જવા તેમની હિમ્મત ચાલી નહિ. ખવાસ ગયા પછી ચબૂતરા પરના મુખ્ય અમલદારના હુકમથી પાંચ સિપાઇઓએ એ બે ભાઇની પાછળ પાછળ નજર રાખતા ચાલ્યા. ખવાસે જઇને મહારાણી આગળ રડી પડી ફરીઆદ કરી. મહારાણીએ પોતાની ફરમાસ સહિત એ ખવાસને દાસી સાથે મહારાજાની રૂબરૂ મોકલી દીધો. ખવાસે મહારાજાને સઘળી બીના જાહેર કરી પછી દાસીએ મહારાણીનો સંદેસો કહી સંભળાવ્યો કે એ બે ભાઇઓના તોફાનથી આખું બજાર કાયર કાયર થઈ ગયું છે. એઓ ખરેખરા અલમસ્ત ફાટેલા નર છે; એ માટે તેમની સૂધ ઠેકાણે લાવશો, એવી મહારાણી આશા રાખેછે. એટલું કહીને દાસી નમન કરી મેહેલમાં ચાલી ગઈ. મહારાજાએ વીરવજ્જર ને ધીરપંજરને બોલાવી લાવવા સિપાઇઓને આજ્ઞા કરી. સિપાઇઓ તેમને તેડવા જતા હતા, તેવામાં તેમને દરબારના દરવાજામાં પેસતાં બેઉ ભાઈ સામા મળ્યા. તેમની પાછળ પાંચ સુલેહના અમલદાર હતા. તેડવા જનાર સિપાઇઓ ખમચીને ઉભા રહ્યા; અને તેઓ આવ્યા, ત્યારે તેમને સલામ કરી મહારાજાની આજ્ઞા કહી સંભળાવી. બેઉ જણા સિપાઇઓ સાથે વગર અટકે મહારાજાની હજૂરમાં ગયા. મહારાજા બીજાં સઘળાં કામ છોડી દેઈ તેમને આવવાની રાહા જોતા બેઠા હતા. તેમણે વજ્જર પંજરને આવેલા જોઈ ગુસ્સાથી કહ્યું કે દરબારના ખવાસને શા માટે માર્યો? તેમણે નમન કરી નમ્રતાથી જવાબ દીધો કે મહારાજા ચંદ્રસેનના લાભની કેટલીક હકીકત સ્વદેશના હિત ખાતર કહેવાનો પ્રસંગ વગર વિલંબે શી રીતે મળે? એ બાબતનો વિચાર કરી તે મેળવવા સારૂ

આપ નામદારના આજ્ઞાંકિત સેવકોએ આ નાનો ગુનો કરવાની હિમ્મત ચલાવી છે, તે માફ કરશોજી. મહારાજાએ ધીમા પડી પૂછયું સ્વદેશહિતાર્થે શું હકીકત અમને કહેવા ઇચ્છોછો? તે ઝટ કહીદો. વજ્જર પંજરે કિલ્લાની દિવાલમાં જે સણુંગો ખોદી સુરંગની તૈયારીઓ કરેલી જોઈ હતી, તે સંબંધી સઘળી બીના યથાસ્થિત કહી સંભળાવી. મહારાજા આશ્ચર્ય પામી તે જોવા જવાને ઝટ તૈયાર થયા ને પ્રધાનને શેહેરના સઘળા હજામ મરદોને એકેકી મશાલસાથે બોલાવરાવવા આજ્ઞા કરી. પ્રધાન તેમને હાજર કરવાના અને દિવેલ વગેરે અપાવવાના કામનો બંદોબસ્ત કરવા લાગ્યો. તેટલામાં મહારાજા છાવણીમાં જઈ પાંચસેં હથિઆરબંધ માણસો સાથે લઈ વીરાધીરા સાથે આગળ ચાલ્યા. તેમ પ્રધાન પણ પોતાને થયેલી આજ્ઞા પ્રમાણેની સઘળી સામગ્રી કરી મહારાજાને દરવાજા બહાર આવી મળ્યો. નગરની આસપાસ સઘળે કિલ્લાપર સૈન્ય જનની પાકી ચોકી રાખીને દરેક સિપાઈના હવાલામાં બબ્બે હજામ સોંપી દીધા. પછી કેટલાક બહાદૂર યોદ્ધાસાથે મહારાજા વીરાધીરાને લઈ નાગાં શસ્ત્ર સહિત પુષ્કળ રોશનીમાં કિલ્લાવાળા બકોરામાં પેઠા. આગળ ચાલતાં ડાબા જમણી ખોદેલા પુષ્કળ રસ્તા જોયા; પછી આગળ ચાલતાં દારૂ વિગેરે પાથરેલા રસ્તા આવ્યા. એટલે મશાલવાળાને ત્યાંજ અટકાવી પાછા વાળ્યા. શેહેર નીચે સઘળે એ બે ભાઇના કહેવા મુજબ દીઠું. બહાર નીકળ્યા પછી મહારાજાનો જોરસો ઉતરી ગયો; અને ભયથી થરથર કાંપતાં પાસે પડેલી ગોરમટીના ઢગલા ઉપર ઢળી પડ્યા; ને મૂર્છાવશ થઈ ગયા. વજ્જર પંજરે અને બીજા યોદ્ધાઓએ તેમની આસનાવાસના કરી, આશરે અડધા કલાક પછી બેઠા થયા; અને તે પેલા ગબારાસામું જોતા જાય, નિશાસા મૂકતા જાય, ભય પામી પ્રભુનું નામ લેતા જાય; અને તેની પ્રાર્થના કરે કે હે જગતપિતા!! મેં કોઇનું કાંઈ બગાડયું નથી, છતાં હે પ્રભુ તારો આટલો બધો કોપ હું ગરીબ ઉપર કેમ વરસે છે! હું પાપીના કયા ભવને પાપે આટલું આટલું મારી ગરીબ પ્રજાને વેઠવું પડેછે? હે પ્રભુ આટલો બધો

કોપ!! એમ અનેક રીતે બંદગી કરેછે. તેમને વજ્જર પંજરે શાંત પાડી સમજાવ્યા કે મહારાજ એમ શા માટે બોલોછો? જો પ્રભુને આપણાપર સામટો કોપ કરવો હોત તો તેઓ આપણને અગાઉથી આ તર્કટની ખબર શા માટે પાડત. તેને માથે દોષ દેવા કરતાં પાડ માનો કે તેણે આપણને અનાયાસે ફરતાં પ્રેરણા કરી ખબર પાડી છે; નહિ તો આવી ગીચ ભયંકર ઝાડીમાં ફરવા જાયજ કોણ? અને કદાપિ જાય, તોપણ વગર રસ્તે શું કરવા જાય. હવે આપ કૃપા કરીને મેહેલમાં ચાલો તો "પાણી પેહેલી પાળ બંધાય" એ સાંભળી મહારાજા હોંશિઆરીમાં આવ્યા, અને સઘળાને પોતપોતાના મુ-કામે જવા આજ્ઞા આપી પોતે પ્રધાન સહિત વજ્જર પંજરને લેઈ મેહેલમાં ગયા.ત્યાં મહારાજાએ બેઉ ભાઇને પોતાના શુભેચ્છક ગણી યોગ્ય આસને બેસાર્યા; અને તેમને તે ભોંયરા સંબંધી વધારે પડપૂછ કીધી. ધીરોપંજર બોલ્યો. મહારાજાધિરાજ અમો ગરીબ શેવકનું ક-હેલું સાંભળો તો એ ભોંયરામાં હમણાંને હમણાં આપણા વિશાળ માનસરોવરનું પાણી છોડાવી દો, કે શત્રુનો યત્ન વ્યર્થ થાય. વચમાં હજુ આખી રાત છે, માટે રાતના વખતમાં શું નહિ થાય, તે કહી શકાતું નથી. ભોંયરાના ઘણા ભાગમાં શત્રુએ સઘળી તૈયારી કરી રાખેલી છે. તેમાં લગાર ચિણગારી પડતાંજ આખા નગરનું સત્યા-નાશ વળી જાય તેવી સઘળી ગોઠવણ અંદર કરી રાખેલી છે; માટે હમણાંને હમણાં તે બાજૂના સંબંધમાં આવેલા સરોવરનું પાણી ભરાઈ જાય તો સઘળું સારૂં થાય. મહારાજાએ કહ્યું, તમારૂં બેઉનું બોલવું યથાર્થછે. કહેવત છે કે "આડી રાત તેની થી વાત" માટે હમણાં સરોવરનાં પાણી ભોંયરામાં મૂકવાની આજ્ઞા કરૂંછું. પછી સવારે સઘળી તપાશ થશે. એટલું કહી મહારાજાએ પોતાના વિશ્વક-ર્મા (ઇજનેર)ને બોલાવી માનસરોવરનાં પાણી ભોંયરામાં વાળવા હુકમ કર્યો. વિશ્વકર્માએ ઘણાં માણસોને કામે વળગાડી રતોવાઈ કામ ચલાવ્યું. આશરે ત્રણ કલાકમાં તો તે ભોંયરામાં પાણી દાખલ થયું. પછી મજૂર વિગરેને રજા આપી નિકોરીના બંદોબસ્ત સારૂ કેટલાક

સિપાઈ ત્યાંજ રહેવા દીધા; અને પોતે એ બાબતની ખબર આપ-વા મહારાજા પાસે ગયો. મહારાજાએ ખુશખબર સાંભળવાની આતુરતામાં વીરાધીરા સાથે વાતચીત કરતા બેઠા હતા. તેમને વિશ્વકર્માએ આવી ભોંયરામાં પાણી મૂક્યા સંબંધી સઘળી હકીકત કહી સંભળાવી. તે સાંભળી મહારાજાને અત્યાનંદ થયો. બીજી સવારથી એ ભોંયરા બાબત મહારાજાએ છૂપી તપાસ ચલાવી, તેમ તે બાબતની બાતમી કાઢી લાવવા વીરાધીરાને પણ સૂચના કરી હતી. જમ્યા પછી મહારાજાએ પોતાની સઘળી રાજસભાના સભાસદો, નગરના મહાજન લોક, ઉપદેશકો અને થોડા કલાકમાં હાજર થઈ શકે એવા નગરની પાસેના સંસ્થાનીક રાજવંશીઓની સભા પુરાલયમાં બોલાવી. અને ભોંયરા સંબંધી સઘળી બીના કહી સંભળાવી. વીરાવજ્જર અને ધીરાપંજરને સઘળા વચ્ચે જાહેર માન આપી રાજરક્ષક શબ્દો કોતરેલા બે સોનાના કીર્તિચંદ્ર દરેકને ખભે ભેરવ્યા. એ વિના તેમને પસંદ પડતાં હથિઆર, વસ્ત્ર અને દ્રવ્ય વિગેરે ઘણા ઘણા પદાર્થ ઇનામમાં મળ્યા. એ સઘળું તેમણે નમન કરી લીધું, પછી મહારાજાએ એ બે ભાઈને પોતાના સૈન્યમાં દાખલ થઈ થોડીક યુદ્ધ કેળવણી લેવા ભલામણ કરી. તે તેમણે ઉપકાર સહિત માથે ચઢાવી; પણ થોડી મુદતની પોતાને મોસાળ જવા સારૂ રજા માગી. તે તેમને મળી. એ પછી સઘળી રાજસભાએ નગરને માથેથી મોટું ભયંકર વિઘ્ન વિઘરાઈ ગયું તે માટે ખુશી થઈ સઘળાએ સાથે જગતપિતાની સ્તુતિ ઊંચે સ્વરે કરી, સૌ સૌને ઘેર વેરાઈ ગયા. જતાં જતાં દરબારના ભાટ કવિએ મહારાજા અને સઘળી રાજસભાને આશિર્વાદ દીધો. મહારાજાએ તેને શેલુ શાલનો શીરપાવ આપવા ભંડારીને આજ્ઞા કરી રાજમહાલયમાં પધાર્યા.

પ્રકરણ બીજું.

બીજે દિવસે સવારે વજ્જરપંજર લશ્કરી પોષાક પેહેરી હથિઆર સાથે મોસાળ જવા નીકળ્યા. ગામની ભાગોળે પહોંચ્યા, એટલે

જંગલી ગામડીમા બે નવતર અલમસ્ત લશ્કરી માણુસોને જોઈ બીવા લાગ્યા. ઢોરતો તેમનાથી ભડકીને આમતેમ નાસવા લાગ્યાં. છેવાડા ભાગમાં રહેનાર નીચ વેઢીઆ લોકતો તેમનાથી બીને નાસવા મંડ્યા. વારાવાળાં વેઢીઆંએ પુરૂષ અને સ્ત્રી નિરાંતે બેશી તાડી પીતાં હતાં અને ઉપરથી ઊંચ વર્ણની પંગતના એઠા વાલ ‡ભૂકતાં હતાં. તેઓ એમના વિશેની ખબર સાંભળતાંજ તાડીનું ગઢીયું નાખીદઈ જીવ લઈ નાઠાં. પુરૂષ ઠોકર ખાઈ નીચે પડ્યો; અને સ્ત્રીનો *સાલ્લો દોડતાં પગે ભરાઈ નીકળી ગયો. બન્ને ભાઈ હસતા હસતા ગામમાં પેઠા; અને પોતાના મામાને ત્યાં ગયા. મામા મામીએ પેહેલાં તો તેમને ઓળખ્યા નહિ, તેથી તેમને સરકારી માણુસ સમજી તેમને લાયકનું માન પાન આપીને આગતા સ્વાગતા કરી. જરા વારે વીરા ધીરાએ મામાને મામીની અને બીજાં સગાંની ખબર પૂછવા માંડી, ત્યારે માલમ પડ્યું કે એતો આપણા ભાણેજ છે. તેઓ મોસાળમાં થોડા દિવસ રહ્યા એ વખતે ઉનાળો બેસી ચૂક્યો હતો તેથી "આવી હોળી અને પરવાર્યા તર્કે કોળી" તે પ્રમાણે પાસેના પહાડી ભીલ લોક ભૂખે મરવા લાગ્યા હતા. એવી વખતે તેઓ લૂંટફાટ કરી પોતાનું ગુજરાન કરતા; અને ક્રુર શિક્ષા પણ પામતા તોપણ તેઓ શું કરે! ભૂખે મરતાં ભાલે મરવું ઉત્તમ ગણેજ. દર ઉનાળે લૂંટફાટમાં તેઓમાંથી કેટલાક કપાઈ મરતા, કેટલાક ઘાયલ થતા, અને કેટલાક ઉપર કહ્યું તેમ દેશપતિની શિક્ષા પામતા; તોપણ તેઓ અટકતા નહિં. એવા જંગલી ભીલ લોકના વાસની પાસનાં ગામને તેમની બીક ઘણી રહેતી તેથી તેવાં ગામના રક્ષણ સારૂ સિપાઈઓનાં થાણાં મૂકેલાં હતાં. એક દિવસ એ ગામમાં રાતે સઘળા લોક જમી જંપ્યા પછી એ ભીલોએ ડુંગર પરથી ઉતરી વાજતે ગાજતે ધાડ પાડી. જાગ્યા તેટલા પાછલે બારણે થઈ ખેતર વાડીમાં નાસી ગયા; અને કેટલાક જાગીને †મચલા થઈ ગોદડું ઓઢી પડ્યા રહ્યા.

---

‡ ભૂકા મારવા તે મૂઠે મૂઠે ખાવું. * ઘર વણાઉ, જાડું રંગીન ભાતિક સ્ત્રીઓને પેહેરવાનું લૂગડું.

ઉપરથી ધાડીઆ લાકડીના ગોદા અને લાતો મારે, ઘરમાંથી દાણા, વાસણ વિગેરે જે દેખે તે લઈ જાય; તો પણ તેઓ જીવ જવાની બીકે બોલે નહિ. કોઈ જુવાન હથિઆર લઈ બહાર નીકળવા જાય તો ઘરનાં વારી રાખે, છતાં શૂરના આવેશમાં આવી ન અટકે તો વળગી પડે; અને સ્ત્રી છોકરાં રડવા માંડે. ગામના રક્ષક સિપાઇઓ અટકાવવા ગયા; પણ તેમાંથી એક બે કપાઈ ગયા, એટલે બાકીના નાશીને ખૂણે ખોચરે ભરાઈ ગયા. એ ધાડે અર્ધું ગામ લુંટચું તો પણ કોઈ અટકાવનાર મળ્યું નહિ. ધાડની વાત વીરાધીરાએ સાંભળી કે તુરત બેઉ ભાઈ હથિઆરબંધ થઈ બહાર જવા ખડા થયા. મામા મામી વિગેરેએ ઘણાએ વાર્યા; તો પણ તેઓ વાર્યા વળ્યા નહિ; ને ધાડસામે નાગાં શસ્ત્ર લેઈ ધાયા. તેમના ભયાનક દેખાવથીજ ધાડીઆલોક બીને પાછા હઠવા લાગ્યા. નાસતાં નાસતાં તેમાંના કેટલાકને ઠાર કર્યા; અને ધાડને ગામબહાર નસાડી મૂકી તેઓ ઘણેસુધી પાછળ ધાયા. ધાડીઆ લૂંટમાં લીધેલો સામાન નાંખી દેઈ ડુંગરપર ચઢી ગયા. કેટલાક ભીલો ભયના માર્યા ગામમાં જ્યાં ત્યાં ખૂણે વચાળે ભરાઈ ગયા હતા; તેઓથી તેમની બીકે નીકળી શકાયું નહિ. તેમને વીરાધીરાએ પાછા આવી મશાલના અજવાળાવડે ખોળીને પકડી લીધા; ને એઓને તથા બીજા પકડી આણેલા સઘળા ભીલોને ગામના પટેલને હવાલે કર્યા. પછી તેને ગામમાં અને ગામ બહાર રસ્તામાં વેરાતો પડેલો સામાન એકઠો કરવાનું સૂચવી પોતે પોતાના મામાને ઘેર ગયા. રસ્તામાં પડેલી જણસો અને ધાડીઆ પાસેથી પડાવેલી વસ્તુઓ સાથે એકઠી કરી પટેલ ચોરામાં મૂકાવેલી હતી, તે જણસો સવારે પટેલની મારફત કામદારે જેની હતી તેને હવાલે કરી. પછી તપાસ કરતાં ગામને સેહેજ નુકશાન થયેલું માલમ પડ્યું; પણ ખૂન તો સઘળાં મળી વીશ પચીશ થયાં હતાં. કામદારે ધાડ સંબંધી સઘળી કેફીઅત લખી પટેલને વંચાવી દરબારમાં મોકલી દીધી. પટેલે બંગિઆ પાસે રણશિંગું કરાવ્યું. તે સાંભળી ગામના સઘળા લોક ચોરા (દરબારી માણસનો ઉતારો) બહાર ભેગા મળ્યા. વીરોધીરો પણ

તેમના મામા સાથે આવી પહોંચ્યા. તેઓને કામદાર, પટેલ વગેરેએ માન આપી બેસાર્યા. લોકતો વીરાધીરા સામું ટક ટક જોયાં કરે. કુલાણાના ભાણિઆ આવ્યાછે, એ ખબર સાંભળી બૈરાં સુદ્ધાં ઘણુ લોક, તેમને જોવાસારૂ તળે ઉપર થઈ રહ્યા હતા. એવામાં ઓરાપર બેઠેલાં માણસોમાંથી એક જણે સઘળા સાંભળે તેમ ધાડ સંબંધી વાત કહેવા માંડી. તેણે કહ્યું કે ધાડ આવી તે વખતે છોકરાંવિના અમે સઘળાં જાગતાં હતાં; અને બારણાં ઉઘાડાં હતાં. તે જઇને અડકાવવાની હિમ્મત ચાલી નહિ. ત્યારે મારા ખાટલાની પાસે આગલા ખંડમાં નવા વટાણાની એક કોઠી હતી તે લાત મારી ભાગી નાંખીને હું ગોદડું ઓઢી સુઈ રહ્યો. ઘરની ભોંય છોલાણી હતી, તેથી સઘળે વટાણા વટાણા થઈ રહ્યા. ધાડનાં માણસો બારણું ઉઘાડું દેખી ધસીને માંહે પેસવા ગયાં તેવાંજ તે ધબોધબ ખસી પડ્યાં. તેમાં કોઇની પૂઠ અને કોઇના ઢીંચણ કચ્ચર થઈ ગયા. ઊતાવળમાં ઊઠીને આગળ દોડવા જાય, કે તુરત ધીબ પડે. અંધારે નહિ સુઝવાથી બીજા તેમની ઉપર પડે, તેથી તેમની વચ્ચે ગાળાગાળી અને મારા મારી ચાલે. એ રીતે મારા ઘરમાં જેટલા આવ્યા, તેટલામાંથી કોઈનાં હાડાં ભાગ્યાવિના રહ્યાં નહિ. ઘરમાં એ ત્રણજ પેસવા પામ્યા હતા. તેમણે અંદર જઈ કાંઈ લીધુંતો હશે નહિ. એટલામાં વ્હાર ચયાની બૂમ પડી, તેથી તેઓ નાસવા લાગ્યા. નાસતાં નાસતાં પણ ઘણા પડ્યા. અંદરથી વાસણ લેઇને એ બીજા પાછળ પડી જવાની બીકે ત્રાસ ભર્યા દોડતા હતા, તેવામાં તેઓ પણ ધીબ દેઇને પડ્યા. તેમના હાથમાંની ઘણીખરી ચીજો પડી ગઈ; અને કેટલીક નાંખી દેઇને જીવ લેઈ નાઠા; પણ સઘળા ભીલ મને અત્યંત ગાળો દેતા હતા, અને કળકળતા હતા. એ સઘળો બનાવ જોઈ મારૂં હસવું તો માય નહિ; પણ જો હું જાગતોછું; અને કયાં સૂતોછું, તે તેમના જાણવામાં આવે તો મને મારી નાંખ્યા વિના રહે નહિ; માટે હું મારૂં હસવું સજ્જડ દાબીને મોઢે માથે ગોદડું ઓઢી ઊંઘતાની પેઠે પડ્યો રહ્યો. એની હકીકત સાંભળી સઘળાને સાનંદાશ્ચર્ય લાગ્યું. એ

પરથી એક બીજા માણસે કહ્યું કે મારાં બારણાં પણ ઉઘાડાં હતાં. તે બંધ નહિ કરી શકાયાં, ત્યારે બારણાની થડમાં અંદરને પાસવે કેટલાંક જૂનાં મેલાં ફાટેલાં ચિંથરાંના ડુચા વેરી નાંખ્યા. તેની અંદર કેટલાક દાણા વેરી બેચાર ભાગલાં હાંલ્લાંનાં ઠીકરાં વગેરે ભાગી નાખ્યું; અને હું મારી મેળે નિરાંતે સૂઈ ગયો. પછી જે જે ધાડીઆ ભીલ બારણું ઉઘાડું દેખી અંદર પેસે તે તે સઘળાને પેલા દાણા, ચિંથરાં અને ફૂટેલાં હાંલ્લાંના કડકા પગે લાગતાંજ હાથ વડે ફંફોસી જોઈ એમ બોલતા પાછા જતા કે 'ચાલો ચાલો અહીં તો ફરી ગયેલા છે.' કેટલાક તો બીજાને એમ બોલતાં સાંભળી બારોબાર બહારથીજ પાછા જતા હતા. ધાડ ગયા પછી ઉઠીને દીવો કરી ઘરમાં જોયું તો સઘળુ જેમનું તેમ દીઠું. એ સાંભળી એ ગામના કોઈ રજપૂતની જુવાન છોકરી દૂર ચોરા સામેના ટેકરાપર બીજાં બૈરાં સાથે બેઠી હતી, તે મોટા સાદથી બોલી ઉઠી. ભાઇઓ એમાં તમે શી ચતુરાઈ બતાવો છો ? આપણા ગામના અમુકનાં ઘરનાં સઘળાં માણસ પરગામ ગયાં છે. એક ડોશી બિચારી ઘેર છે, તેણે ધાડ આવ્યાની વાત સાંભળી ઘરમાંનાં ફાટલાં લૂગડાં લઈ બહાર આવીને એક ફાટલી સાડી પેહેરી બારણું વાસી ગાંડીના પેઠે બકવા મંડી; સઘળાં ચિથરાં તેની પાસે છુટાં પડેલાં હતાં. ધાડ આવી ત્યારે તો વધારે વધારે ગાંડાં કાઢવા મંડી, વળી ઘડીમાં કૂટે, ઘડીમાં હસે, ઘડીમાં રડે અને ઘડીમાં મોઢેથી રાજીઆ ગાય. તેને બોલતી જોઇને એક બે ભીલ તેની પાસે આવી આસપાસ ખોળવા લાગ્યા. તો તેમને ફાટલાં ચીંથરાં સિવાય બીજું કંઈ મળ્યું નહિ, તેથી તેને ગાંડી ગણી આગળ ચાલ્યા; પણ તે બેઠી હતી, તે ઘરમાં પેઠા નહિ; અને તેનું સઘળું સલામત રહ્યું. એમ યુક્તિ કરી છુટવું તેતો રાંડીરાંડ ડોશીએ કરે; પણ એવા બારીક સમયમાં જે મરદ પોતાની ખરેખરી મર્દામી બજાવે છે, તેની વાત સઘળે વગર કહ્યેકથે થાય છે. ધન્ય છે ! આ આપણા વીરા ધીરા ભાઇને અને એમની જણીને ! આજ એમણે કરી છે, તે કોઈથી થાય એવી નથી. બાકી

બીજી તો બધી મોઢાની વાતો છે. એટલું બોલી બંધ રહી. વીરો ધીરો તેના બોલવા સામું જોઈ આશ્ચર્ય પામ્યા. પછી પટેલ ઉભા થઈને સઘળા સાંભળે તેમ તાણીને મોટે સાદે કહ્યું, કે જુઓ ભા-ઈઓ પેલી બેહેને જે વાત કહી, તે બરાબર ખરી છે. મહારાજાએ આપણું રક્ષણ કરવા અને સુલેહનો ભંગ ન થવા દેવા માટે સિપા-ઈઓનું થાણું બેસાડેલું છે. એ સિપાઈઓ પોતાની નોકરી ખરેખરી બજાવે છે. કાલની ધાડ સામે પણ ગયા હતા; તથાપિ ધાડનાં માણસો ઘણાં હતાં, તેથી એટલા સિપાઈ તેમને શી રીતે પૂરા પડી શકે ! આવા ભારે ધાંધલની વખતે તો આપણ દરેક ગામવાસીનો ધર્મ છે કે દરબારી સિપાઈઓની સાથે હથિઆરબંધ થઈ આગળ ધસવું; અને જશ મેળવવો જોઈએ. જે આપણા આ બે ભાણે-જોએ મેળવ્યો છે. કદાપિ એ બે જો અહીં નહિ હોત તો આખું ગામ ભીખ માગતું થઈ જાત. મહારાજાએ આપણો કાર વ્યવહાર નિર્વિઘ્ન ચાલે; અને કોઈ લુચ્ચાઈ દાંગાઈ કરે નહિ તે માટે અહીં સિપાઈઓ રાખેલા છે. સિપાઈઓ મૂકી આપણું રક્ષણ કર્યું છે એટલે આવે પ્રસંગે અને બીજી વખતે મહારાજાએ આપણા હાથ પગ સુદ્ધાં લેઈ લીધાછે કે તે બાંધી લીધાછે, એમ સમજશો નહિ. આવે વખતે તો જરૂર હિમ્મત રાખી સામે જવું, કે મદદ જોઈને દરબારી સિપાઈઓને પણ શૂર ચઢે, વારૂ હવે તમે સઘળા જાણોછો કે આ ભાણેજોએ આપણને કેટલો બધો લાભ કર્યો છે ? એ માટે જો તમો સઘળાને ગમતું હોય તો મારી નજરમાં એમ આવે છે કે એ બે ભાઈના પરાક્રમની નિશાનીને સારૂ આપણા ગામની ભાગોળે એમના નામના બે મોટા પાળીઆ બેસાડીએ. જેથી કરીને એમની બહાદૂરીની નિશાની સાથે એવા શૂરવીર પુરૂષોની કદર પીછાણવાની શકિતની નિશાની પણ અમર રહેશે. વળી એક પથ્થરમાં સઘળો બનાવ ટૂંકામાં કોતરાવી એ પાળીઆ નીચે બેસારવો. એ વાત સ-ઘળાએ એક અવાજે કબૂલ કરી; અને ખુશીના પોકાર પાડી ઉઠ્યા. પછી સઘળા પોતપોતાને ઘેર વેરાઈ ગયા. ગામના પટેલ આમલોક

પાસેથી હાલના પ્રમાણે નાણાં ઉઘરાવવા માંડ્યાં, તે લોકોએ ખુશીથી આપ્યાં. પછી એક હોંશિઆર સલાટ પાસે એક મોટા પથ્થર ઉપર બે લશ્કરી પેહેલવાનોની મોટી પ્રતિમાઓ તૈયાર કરાવી. પોતાના ગામની ભાગોળે મુકરર કરેલી જગાએ મોટી ધામધુમથી બેસારી; અને તે દિવસે લોકે ઉજાણીની પેઠે આનંદ ઓચ્છવ કર્યો. એ પાળીઆનું નામ "વીરા ધીરાના પાળીઆ" એવું પાડ્યું. હજુએ તે, તે ગામની ભાગોળે સલામત ઉભેલા છે.

એ ગામના સરકારી કામદારની કેફીઅતથી ધાડ સંબંધી સઘળી વાત મહારાજા ચંદ્રસેનના જાણવામાં આવી, તેથી તેમણે એ પાહાડી ભીલ લોકનો સખત બંદોબસ્ત કરવા એક હોંશિઆર સરદારને તેણી તરફ રવાને કર્યો; એટલુંજ નહિ. પણ ધાડમાં પકડાયલા ગુનેગારોમાંથી જેમને માથે ગુનો સાબીત થયો, તેમને તેમના જાતભાઇઓના દેખતાં શિક્ષા થવા સારૂ તે સરદારની સાથે સિપાઇના પેહેરા સાથે મોકલી દીધા. જેથી કરીને તેમને કરેલી શિક્ષા બીજા ભીલોને પ્રતિસારક થાય. એટલું કર્યાને છેવટે વીરાધીરા વિશે દરબારમાં કેટલાંક વખાણ કર્યાં. પછી બે સાંઢણી સ્વારોને એ બે ભાઇઓને માનસહિત તેડી લાવવા સારૂ તે ગામના કામદાર ઉપર પત્ર લખી રવાને કર્યા. તે સ્વારોના કહેવાથી તે ગામના કામદારે વીરાવજ્જર અને ધીરાપંજર પાસે જઈ તેમને તેડવા આવેલા સ્વારો સાથે રાજધાની વિલાસપટ્ટનમાં જવા સૂચના કરી. તે સાંભળીને તેઓ પોતાનાં સગાં સંબંધીની આજ્ઞા માગી સ્વારો સાથે જવાને તૈયાર થઈ નીકળ્યા. તેમને, ગામ લોક મોટા ઉત્સાહથી થોડેક સુધી વળાવા આવ્યા. પછી તેઓ રસ્તે ચાલતાં સંધ્યાકાળે એક ગામ આગળ આવી પહોંચ્યા. તે ગામમાં એક મહાદેવનું ભવ્ય દેવાલય હતું. તેને લગતી આસપાસ સઘળે ધર્મશાળા કાઢેલી હતી. વીરોધીરો સ્વારો સહિત એ દેવ આગળ જઈ પહોંચ્યા; અને તેની પાસેની ધર્મશાળામાં ઉતારો કરવા વિચાર કીધો; પણ તે દિવસે મહા શિવરાત્રિનું પર્વ હતું, એથી કરીને આસપાસ ફરતાં ગામના લોકનો ત્યાં

મેળો ભરાયો હતો, તેને લીધે ધર્મશાળામાં તો એ જાત્રાવાળી લોકની ભીડ એટલી બધી થયેલી હતી કે, એક તસુપૂર જગા ખાલી નહોતી. તેથી એ બે ભાઈ પણ સ્વારો સાથે ધર્મશાળાને લગતાં ઢાળીઆમાં ઉતર્યા. તે સઘળાને ભૂખ કડકડીને લાગેલી હતી. તેમણે કોઈએ ખાવાનું ભાથું આપવા છતાં બાંધેલું નહોતું, તેમ તેઓમાંથી કોઈ-ની પાસે પેસા પણ નીકળ્યા નહિ. એક સ્વાર ગામમાં વારાવાળા નેસ્તીને ત્યાં સીધું લેવા ગયો; પણ તેણે પટેલની ચીઠ્ઠીવિના આપવા સાફ ના કહી. તે સ્વાર પટેલને ખોળવા ગયો. ખોળતાં ખોળતાં આઠ નવ વાગવા આવ્યા; પણ તેનો પત્તો લાગ્યો નહિ, ત્યારે તે થાકીને પાછો આવ્યો; ને પોતાની સઘળી હકીકત બાકીના ત્રણને જાહેર કરી, ભૂખથી સઘળા લોથ જેવા થઈ ગયા હતા. તેથી હવે શું કરવું? તે તેમને સૂઝે નહિ. આખરે થોડીવાર વિચાર કીધા પછી વીરોધીરો સ્વારોને તમે બેસજો, એવું કહી ઉઠીને મેળામાં ગયા; અને થોડી વારમાં એક ખીચડી રાંધીને તૈયાર કીધેલું તપેલું ઉચકી પોતાના ઉતારામાં આવ્યા. તે મૂક્યાપછી બેઉ જણ ફરીને ગયા તે એક ઘીથી ભરેલી નાની તપેલી લેઈ આવતા રહ્યા. સ્વારોને સૂચના કર્યામુજબ તેમણે વડનાં પાંદડાં પાડી વસ્ત્રાગળ તૈયાર કરી રાખ્યાં હતાં. ચારે જણ નિરાંતે ખાવા બેઠા. ખાતાં ખાતાં સ્વારોએ આશ્ચર્ય પામી વજ્જર પંજરને પૂછ્યું કે, તમે આ તૈયાર ખાવાનું ક્યાંથી અને તે શી રીતે લાવ્યા? ધીરાએ કહ્યું, તમે કોઈને કહો નહિ, તો અમે ખ-રેખરૂં કહીએ. સ્વારોએ તે વાત છાની રાખવા કબુલાત આપી, ત્યારે ધીરાએ કહ્યું કે, અમે મેળામાં પેઠા ત્યાં ધર્મશાળાની પાછલી ઓસ-રીમાં એક સ્ત્રી તૈયાર રાંધેલી ખીચડીનું તપેલું ચૂલા ઉપર મૂકી સા-મી નજરે જોઈ રહી હતી. એ જગામાં તેનાવિના બીજુ કોઈ હતું નહિ. જમનાર મરદો અને સ્ત્રીઓ પાસેની નદીમાં સ્નાન કરવા ગયાં હતાં. એવો પ્રસંગ જોઈ વીરો તે ચૂલા પાસે બેઠેલી સ્ત્રીની સામે પણ દૂર પેસાબ કરવાનું બહાનું કરીને તે રીતે બેઠો, એટલે પેલી સ્ત્રી મનમાં વીરાને ગાળ દેઈ અવળી ફરી બેઠી, કે તુરત હું ચૂલા

ઉપર એક નાની બારી હતી, તેમાં તાકીને ડોકાવી રહ્યો હતો. તેથી તે સ્ત્રી તેમની ફરી, એટલે લાગ મળતાંજ તપેલું ઉઠાવી ચાલ્યો આવ્યો; ને વીરો ફરીને આવતો રહ્યો. હવે ફાવશે તો તેઓ બીજી ચોરી ખાશે. આપણે ખાધા પછી તેનું તપેલું ઉપરવાડે રહી પાછું નાંખી આવીશું. શું કરીએ? માગનારને બે દિવસનો વાયદો કરીએ; પણ કાંઈ પેટનેએ વાયદો થાય. આ સાંભળી સ્વારોના ખુશી અને હસવાનો પાર રહ્યો નહિ. વાતોના તડાકામાં આશરે અધમણ પંચો શેરની ખીચડી જોત જોતામાં ઉડાવી ગયા. એમાંના એક સ્વારે ઘી સંબંધી પૂછ્યું, ત્યારે ધીરાએ જવાબ દીધો કે, ઘીને સારૂ તો અમો બેઉ જણ તમારા દેખતાંજ કપડાં બદલીને ઘીની દુકાનવાળાને ત્યાં ગયા. તે દુકાનદારે થોડુંક ઘી એક તપેલામાં પરચુરણ વેચવાસારૂ કાઢી રાખ્યું હતું. તેમાંથી ઘરાકને તોળ્યાવિના આશરે આપતો હતો. ઘરાકની ભીડ એટલી બધી હતી કે જુજ કિમ્મતનું લેનાર તો દડુલીમાં જેટલું આપે તેટલું લેઈ ચાલ્યાં જતાં હતાં. એમાં તે તેમને બહુ છેતરતો હતો. ઘરાકની લગાર વધારે ગરદી થઈ ત્યારે મેં તેના વાસણમાંથી હાથ વતે ઘીનો લોંદો લેઈ ચાલવા માંડ્યું; દુકાનદાર સઘળું પડતું મૂકી મારી પાછળ ધાયો, તેટલામાં લાગ જોઈ વીરાએ ઘીની તપેલી ઉઠાવી બીજે રસ્તે થઈ ચાલવા માંડ્યું. અંધારૂ થયેલું હતું; અને હુંતો માણસની ભીડમાં પેસી ગયો, તેથી તે દુકાનદાર બિચારો થાકીને દુકાનપર ગયો હશે; ને ત્યાં જઈ ઘી ભરેલું તપેલું ગયેલું દેખી રડી ઉઠ્યો હશે. સ્વારોએ જવાબ દીધો. તમારી હિમ્મતને અને યુક્તિને ધન્યછે. લશ્કરી સિપાઈઓને સંકટ સમે સ્વદેશીઓએ દેશહિતાર્થે સઘળો સામાન પુરો પાડવો જોઈએ, એવી તેમની ફરજ છે; છતાં એ તકુટી દુકાનદારે તમને થોડું ઘી નહિ આપ્યું, તો તમે તેનું તપેલું ઉઠાવી લાવ્યા, તે ઠીક કર્યુંછે. ચારે જણે ખૂબ ખાધું પછી મોડી રાતે સૌ જળ જંપ્યા પછી એઠાં વાસણ જ્યાંથી લાવ્યા હતા, ત્યાં નાંખી આવ્યા. મોડી રાત સુધી ગાનતાન કરી સુઈ રહ્યા; અને સવારે ઉઠી મહારાજા ચંદ્રસેનની હજુરમાં

ગયા. મહારાજા ચંદ્રસેને વજ્જર પંજરને જોતાંજ આસનપરથી ઉઠ્યા ઉઠીને કહ્યું કે શાબાશ શાબાશ મારા રાજરક્ષકો તમને ધન્યછે ! તમારા પરાક્રમનાં વખાણ સાંભળીને મારૂં અંતઃકરણ ઘણુંજ પ્રફુલ્લિત થયુંછે. હવે તમારે મારી નજર આગળથી કંઈ જવું નહિ. બેઉ ભાઈએ નમન કરી કહ્યું. મહારાજાની શેવા કરવી એ અમારો મુખ્ય ધર્મછે, એટલુંજ નહિ પણ તે કરવાને અમે બેઉ વચનની ગાંઠથી બંધાયલા છીએ; માટે અમે બેઊ જણા આપની આજ્ઞા બજાવવા તૈયાર છીએ. અમે જાતે ખત્રી ભાવસાર છીએ. હજુ અમારી જાતના ઘરડા લોક વાત કરેછે કે આપણા બાપદાદા પેહેલાં સૈન્યમાં દાખલ થઈ સ્વદેશ રક્ષણાર્થે રાજશેવા કરતા હતા; પણ જ્યારથી આ જૈનધર્મ ઘરડાઓએ અંગિકાર કર્યો, ત્યારથી તે ધર્મમાં કહેલા અહિંસા પરમ ધર્મા એ નિયમને અનુસરીને હમજાતિ લોકે ક્ષત્રીધર્મ છોડી વૈશ્યધર્મ આચરવા માંડ્યો. એ જૈનધર્મથી અમે સઘળા બળહિન અને હિમ્મત રહિત થઈ ગયા છીએ; અને આખરે એ ધર્મ આપણા દેશને ખરેખરો જોખમકારી થઈ પડશે, એમ ભવિષ્યના વિચારથી જણાયછે. મહારાજા ચંદ્રશેને એ હકીકત સાંભળી હસતાં હસતાં કહ્યું કે, હા પ્રથમ બુદ્ધ અને પછીથી જૈન એ ધમાજ આપણા દેશનું બળ હરિ છેવટ કોઈ લોભી પરદેશી રાજાને તાબે થવાની ફરજ પાડશે, એ નિઃસંદેહ છે. પ્રજા અગાઉના કરતાં દિવસે દિવસે સઘળી બાબતમાં ક્ષીણ થતી જાયછે. તમે બેઉ ભાઈ મારી પાછળ આવો, એમ કહી મહારાજા તેમને આયુદ્ધાગૃહમાં તેડી ગયા. બેઉ ભાઇને આયુદ્ધાગૃહ દેખાડ્યા પછી, તેમને પસંદ પડતાં સઘળી તરેહનાં હથિઆર અને બખ્તર વિગરે લેવા આજ્ઞા આપી. વીરાધીરાએ સઘળી જાતનાં અસ્ત્રશસ્ત્રનો જથો તપાસ્યા પછી, દરેક જાતમાંથી ભારેમાં ભારે અને તેજી અસ્ત્રશસ્ત્ર પસંદ કર્યા. પછી તે સઘળાં ક્યાં અને કેવી રીતે બાંધવાં તે તેમને બતાવ્યું. વળી કેટલીક જાતનાં હથિઆર જોવામાં નવાં હોવાથી તેને વાપરવાની રીત વિશેની માહીતિ તેમને

માહાતી, તેથી તેઓ મહારાજાને પૂછી વાકેફ થયા. આ હથિઆર પસંદ કરતાં અને બાંધતાં વીરાધીરાના અંતઃકરણમાં જે હર્ષ થતો હતો, તે તેમના પ્રફુલ્લિત હસતા વદનથી મહારાજાના જાણવામાં આવતો હતો. મહારાજાના અંગરક્ષક સિપાઈઓને હમેશાં સાથે રાખવાનાં લોહઝૂંડાવાળાં નિશાન આપવામાં આવતાં હતાં, તેવાં મહારાજાએ તેમને આયુદ્ધાગૃહમાંથી લેવા સૂચવ્યું. તેપરથી તેમણે ત્યાં પડેલાં સઘળાં ઝૂંડા નિશાન તપાસી જોયાં; પણ તેમાંનું એકે તેમની નજરમાં આવ્યું નહિ; કેમકે તે સઘળાં ત્રણ ત્રણ મણ લોઢાનાંજ હતાં; તેથી તે તેમને હલકાં લાગ્યાં, ત્યારે મહારાજાએ તેમને તેમની મરજી પ્રમાણેના બારે લોહઝૂંડા તૈયાર કરાવી આપ્યા. તે દરેક ઝૂંડો બાર બાર મણ લોઢાનો હતો; તોપણ તેઓ તેમને સેહેલથી ઊંચકી શકતા હતા. તેમને સારૂ કરાવેલાં ઝૂંડા નિશાન સહિત તૈયાર થયા પછી, મહારાજાની આજ્ઞાથી તેઓ પોતાનાં અસ્ત્રશસ્ત્ર સાથેનો લશ્કરી પોષાક પેહેરી સજ થયા. મહારાજા તેમને અતિહર્ષથી સાથે લઈ સેનાપતિ મંગ પાસે છાવણીમાં ગયા. સેનાપતિએ મહારાજાને આવતા દેખી તેમને લાયકનું માન આપવા તોપખાનાના સરદારને અને રણવાદ્યટોળીના ઉપરીને આજ્ઞા કરી; અને પોતે તેમની સામે જઈ નમન કર્યું. મહારાજાએ વીરાધીરાને એ સેનાપતિના હાથ નીચે ઊંચ પ્રકારની લશ્કરી કેળવણી લેવા સૂચના કરી ને સેનાપતિને તેમને માટે મજબુત ભલામણ કરી સાંપણી કરી. યુદ્ધ કેળવણી લેતાં એ બેઉની સ્વાભાવિક બુદ્ધિ પ્રકાશી નીકળી. પોતાના ગામનું, દેશનું અને રાજાનું રક્ષણ કરતાં મરવું, એજ ખરેખરી પરમાર્થબુદ્ધિછે. એમ કરનારનું નામ આ લોકમાં અમર રહેછે; અને પરલોકમાં અનંતસુખ મળેછે. એવું એ બે ભાઈ પ્રથમથીજ સમજતા હતા; અને મહારાજાએ પણ તેમને તેવોજ બોધ કર્યો હતો. એ સિવાય સેનાપતિએ તેમને એવું સમજાવ્યું કે સ્વદેશનું અને સ્વરાજભૂષણનું રક્ષણ કરતાં જે યોદ્ધો રણમાં મરેછે તે વિમાનમાં બેસી સ્વર્ગે સંચરેછે, એટલુંજ નહિ પણ ત્યાં તે યોદ્ધાની સાથે સ્વયંવર

કરવા સ્વર્ગની અપ્સરાઓ હાથમાં સુવર્ણ પુષ્પહાર લેઈ તૈયાર ઉભી રહેછે. તેની સાથે લગ્ન કરીને તે અનંતકાળ સુધી મનવાંચ્છિત સુખ ભોગવેછે. તેમાં કોઇપણ પ્રકારની ન્યૂનતા રહેતી નથી. સેનાપતિના બોધની અસર વીરાધીરાના અંત:કરણમાં દૃઢ રીતે બેસી ગઈ, ત્યારથી તેઓ ખરેખરા રાજભક્ત થયા હતા; અને આ વખત પછી તેઓ જે જે મહાનકર્મ કરતા તે આ લોકમાં કીર્તિ મેળવવાની આશાએ કરતા નહોતા; પણ પરલોકને સારૂ પોતાના ફરજ સમજી કરતા હતા. પાઠશાળામાં જેમ બુદ્ધિશાળીને ઉદ્યોગી વિદ્યાર્થી સૌથી આગળ શોભી નીકળેછે, તેમ સૈન્યમાં બળવાન પુરૂષો કવાયદ પામી સૌથી મોખરે પ્રકાશી નીકળેછે. એજ પ્રમાણે આ બેઉ ભાઈ તેમની સ્વાભાવિક અક્કલ, અને બળથી કવાયદ પામી ઝટ પ્રકાશી નીકળ્યા. મહારાજાએ સેનાપતિ મંગની સલાહથી બેઉ ભાઇને ઉપસેનાપતિની પદવી અને તેમને લાયકનાં લશ્કરી ચિન્હ ધારણ કરવા પરવાનગી આપી, એથી કેટલાક અદેખા સરદારોને એ બે ભાઇની કીર્તિની અદેખાઈ આવી. તેમણે પ્રસંગ જોઇને પોતાના સેનાપતિને વીરાધીરા વિશે કેટલીક જાૂઠી વાતો ભરાવી. તે મહારાજાના જાણવામાં આવ્યાથી બેઉ ભાઇને પોતાની હજૂરમાં પાછા તેડાવી લેઈ પોતાના અંગરક્ષક સિપાઈ કરી રાખ્યા. વળી તેઓ અત્યાર સુધી બીજા માણસે તૈયાર કરી આપેલી રસોઈ જમતા હતા, તે જમવાની મહારાજાએ મના કરીને જોઇએ તેટલું સીધું કોઠારી પાસેથી લેઈ હાથે રાંધી ખાવા આજ્ઞા કરી; કેમકે તેમના ઉપર જેઓ અદેખાઈ કરેછે, તેઓ કોઈ વખત પણ તેમને દગો કરે, એમાં નવાઈ નહિ. મહારાજાએ તેમને એવી સલાહ આપી ત્યારથી તે બે ભાઇઓ આપનૈવેદી થયા.

બેઉ ભાઈ ઘણીવાર મહારાજા ચંદ્રસેન સાથે શિકારે જતા હતા. ત્યાં તેઓ સિંહ, વાઘ, ચિત્તા વગેરે હિંસક પ્રાણીનો શિકાર લો ચૂસ્તપણે કરતા હતા. એવાં પ્રાણીનો શિકાર કરવામાં એ બેઉ ભાઇની હિમ્મત અને બળથી અવધિ હતી. તેમની નજરે પડેલું જ-

નાચર કદી છટકી જવા પામતું નહિ. સાટમારીમાં તેઓ હાથી, ગોધા વિગરેને તો સેહેજમાં થકવી નાંખતા; અને પછીથી તેમની સાથે પોતાનું બળ સરખાવી બરોબરી કરતા હતા. એક હાથીની સાટમારીમાં તેમણે એક જબરા હાથીના દંતૂશળ ભાગી નાંખ્યા હતા. આવા આવા બનાવથી તેમના બળ વિશે આખા પુષ્કરાવર્તક અધિરાજમાં અતિશયોક્તિ ભરેલી વાતો ચાલવા માંડી. કોઈ તેમને દેવ અને કોઈ રાક્ષસના અવતાર ગણતા હતા. એ બેઉનાં પરાક્રમની વાતો સાંભળીને સઘળી પ્રજા હેરતમંદ થઈ રહેતી. મ્હારાજાચંદ્રસેનને એ દેશમાં સર્વ પ્રકારની સુખશાંતિમાં રાજ કરતાં કરતાં ઘણા દિવસ વહી ગયા, એવામાં એક દિવસે જુદી જુદી દિશાએથી પાંચ સાંઢણી સ્વાર ત્રાસ ભર્યા દોડતા આવ્યા. તેઓ દરબારની દેવડી આગળ ઉતરી પડ્યા; અને પછી મહારાજાની હજૂરમાં જઈ નમન કરીને પાંચે જણે કાગળના લખોટા આપ્યા. તે પાંચે લખોટામાંના કાગળો મહારાજાની આજ્ઞાથી પ્રધાને વાંચી સંભળાવ્યા. એ પાંચે કાગળમાં એકજ પ્રકારની મતલબ હતી. તેમ એ પાંચેના લખનાર જુદાં જુદાં આધિન રાજ્યોના દિવાન હતા. એ કાગળોમાં એવી મતલબ હતી કે માલતિ દેશનો માલક, કાન્તિદેશનો કુરૂનંદન, વિદુષ દેશનો વિલાસપતિ, ધુંધ્રદેશનો શોણિક અને ગોચરદેશનો ગોહિલ એ સઘળા રાજાઓને અને રાજનાં કેટલાંક જાણીતાં માણસોને કોઈ રાક્ષસ જુદે જુદે રૂપે છેતરીને હરિ ગયોછે; માટે એ વિશે મહારાજાધિરાજ તરફથી તપાસ થવી જોઇએ. હાલમાં ઉપરનાં સંસ્થાનોની ગાદી સૂનીછે; પણ સઘળો રાજકાર્યભાર એ રાજાઓના નામથી, પેહેલાં જેમ ચાલતો તેમ પ્રધાનો મારફત ચાલેછે. તેમાં કાંઈ કમપેશ થતું નથી. પ્રજા આબાદ છે; અને પોતાના રાજવંશીઓની આબાદી ચાહેછે. પોતાના પ્રધાનને મુખેથી ઉપરની વાત સાંભળતાં મહારાજા ચંદ્રસેનની અજાયબીનો પાર રહ્યો નહિ. રાજસભા પણ એ હકીકત સાંભળીને દિંગ થઈ ગઈ. થોડીવાર વિચાર કર્યા પછી મહારાજાએ વજ્જર પંજરને થોડાંક લશ્કરી માણસો સાથે એ હકી-

કતની ચોકસી કરવા મોકલ્યા; અને લખોટા લેઈ આવનાર સાંઢણી સ્વારોને પણ તેવા જવાબ લખી તેમના રાજમાં જવા રજા આપી.

વીરાધીરાને વિલાસપટ્ટન નગર છોડી જવાને પુરા પાંચ દિવસ નથી થયા, એટલામાં તો રાજધાનીમાં દરરોજ નવનવાં અલૌકિક કૌતૂક થવા માંડ્યાં. કોઈ દિવસ બે મસ્તાના હાથી લઢતા લઢતા નગરમાં આવી બજારમાં થઈ સુંસરા નીકળી જતા, તો કોઈ દિવસ બે માતેલા પાડા લઢતા આવે. કોઈ દિવસ સાંઢ તો કોઈ દિવસ રાની ડુક્કર લઢતાં આવે; અને તેમની અંટેવાળીમાં આવનારને પુરા કરી સુંસરાં નગર બહાર નીકળી જાય. એકવાર પાંચ સાત કદી નહિ દીઠા હોય, એવા મોટા કદના વાંદરોએ તો આખું શેહેર ખળભળાવી મૂક્યું. સિપાઇઓ તેમને મારવા જાય તો તેઓ તેમને દેખે નહિ. પ્રજાજનને તેમનાં પોતાનાં ઢોર રૂપે દેખાદે, તેઓ તેમને બાંધવા કે દોહોવા જાય, ત્યારે કોઈ મળે નહિ. નાનાં ધાવણાં બાળકને પારણામાંથી ઉઠાવી બીજે કે ત્રીજે માળે નાંખી આવે, અથવા પોતેજ તેમનાં બાળકની પેઠે બીજે ત્રીજે માળે ઉંવા ઉંવા કરી રડવા માંડે. માબાપ ઉંઘમાંથી ઉઠી ગાભરાં ગાભરાં બચ્ચાંને ખોળવા જાય; પણ તેઓ ત્યાંથી ફીકાં પડી પાછાં આવે. આ પ્રમાણેનાં નવનવાં કુતૂહળની ખબરો પ્રજાજનમાં અનેક રીતે ચરચાવા લાગી; પણ કોઈ તેનો મર્મ ખોળી શક્યાં નહિ. સૌ વેહેમના ભરમમાં કૂટાતાં હતાં. એટલામાં એક દિવસ સવારે બૂમ પડી કે આ નગરના નગરશેઠનો કુંવર રાતે અગાસીમાં સુઈ રહ્યો હતો, ત્યાંથી કોઈ હરામખોર ઊપાડી ગયોછે. એ વાતની શોધાશોધ રાજા પ્રજા તરફથી થતી હતી, એટલામાં બીજી સવારે રાજનો વડો પ્રધાન ચંદ્રપ્રભાકર ગુમ થયાની ખબર આવી. આ સઘળાં અજબ કૌતૂકની હકીકત સાંભળીને મહારાજા ચંદ્રસેન તો ગાભરો બની ગયો. એ રાક્ષસ હવે બીજા રાજાઓની પેઠે જરૂર મને ઉપાડી જશે, એવી ફિકરથી તેણે પોતાની આસપાસ સખ્ત બંદોબસ્ત રાખ્યો; અને વીરાધીરાને જ્યાં હોય ત્યાંથી પાછે પગલે તેડી લાવવાને ચારે દિશાએ જાસુસો દોડાવ્યા. તેમને આવતાં આવતાં

એક બે દિવસ ગુજરી ગયા, તે દરમિઆન મહારાણી ચંદ્રાવતી એક દિવસ બપોર નમ્યા પછી રાજબાગમાં સખીઓ સહિત ફરવા નીકળ્યાં. તેમણે બાગમાં ફરતાં ફરતાં એક વૃક્ષ ઉપર કમોસમે ફળ આવેલાં દીઠાં. તે ખાવા માટે રાણીનું મન લલચાયું; પણ દાસીઓ અને સખીઓએ તે ખાવા મના કરી. તેમનું નહિ માનતાં બાગવાનને બોલાવી તે ફળ પાડવા આજ્ઞા કરી. બાગવાન પણ આશ્ચર્ય પામી બોલ્યો કે મેં સવારે આ ઝાડ નીચેનાં ગરેલાં પાતરાં વાળી કાઢતી વખતે એના ઉપર નજર કરી હતી, ત્યારે તો કંઇએ નહોતું; અને એટલામાં આ ફળ ક્યાંથી આવ્યાં !! ? એમ બોલતાં પાડી આપી પોતાને કામે વળગ્યો. એ ફળ મહારાણીએ ખાધાં, અને બીજાંને આપવા માંડ્યાં; પણ તેમણે ના કહી. જરાવાર નહિ થઈ, એટલામાં તો રાણીની આંખો અને ચેહેરો લાલચોળ બિયામણો થઈ પડ્યો. તેના જીવને અતિ ગભરામણ થવા લાગી. તે મોટી મોટી ચીસો પાડે, અને વળી હસતાં હસતાં કાછડો મારી ડીગડીગ કરતી ઝાડપર ચઢી જાય. ત્યાંથી ઉતરી બીજાપર ચઢે. દાસી અને સખીઓપર ડોળા કાઢી મારવા દોડે; આ અજબખેલથી તે બિચારીઓ તો ભયની મારી થર થર કાંપવા લાગી. દાસીએ બીતાં બીતાં એક મોટી ત્રાડ નાંખી બાગવાનને બોલાવ્યો. તે ધાઈ આવ્યો, એટલે મહારાણી એક ઊંચા ઝાડપર ચઢી ગઈ; અને ત્યાંથી પડું પડું એમ બોલવા લાગી. બાગવાન માણસોને તેડવા રાજમેહેલમાં દોડ્યો; એટલે રાણી નીચે ઉતરી ધમ દઈ ભોંયપર પડી; અને બરાડા પાડવા લાગી કે કોઈ ધાઓરે ધાઓ ! આ કોઈ મને ઝાડપર ચઢાવી નાંખી દેછે. તે એમ બૂમો પાડેછે, એટલામાં બાગવાન મહારાજા વિગેરેને તેડી પાછો આવ્યો. મહારાજા આવીને જુએછે, તો જાણે તે પોતાની રાણીજ નહીં હોય, એવો તેનો દેખાવ થઈ રહ્યો હતો. ત્યાં કંઈ પણ ગરબડ કીધાવિના મહારાજા તેને ડોળીમાં ઘલાવી મેહેલમાં લેઈ ગયા. ત્યાં પણ તે તેવાજ બરાડા પાડવા લાગી. અન્નજળ વિગેરે બતાવે તો તે લે નહિ; અને પેલીની માફક ચાળા

ફરી નજરમાં આવે તેમ યદવા તદવા બકવા માંડે, કે પછી ચીસો પાડે. મહારાજાથી મહારાણીનું દુખ જોઈ શકાયું નહિ, તેથી તેની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં. દાસીઓ અને બીજાં માણસો આસના વાસના કરવા મંડી ગયાં; પણ તેને કંઈ પ્રિય લાગતું નહોતું. એવામાં કોઈ સિપાઇએ નીચેની દેવડીપર નેકી પોકારી. તે સાંભળી મહારાજા સાવધ થઈ દેવડીપર ગયા. પોતાના મનની તો ખાતરીજ થઈ ચૂકી હતી કે, જરૂર કોઈ બ્રહ્મરાક્ષસ કે જીંદ, મારી અને મારા રાજની પાછળ ખતરવટ મંડ્યોછે. દેવડીપર જઈ જુએ છે, તો ગઈ રાતે નગરમાં ચોકી ફરવા ગયેલા સિપાઇઓ હમેશના ધારા મુજબ મહારાજાને એરસલ્લા પોકારવા આવ્યા હતા; દરરોજના કરતાં આજ એટલો ફેર થયેલો તેમના જોવામાં આવ્યો કે, સઘળા ચોકીબાન સિપાઇઓ ચીકણા કાદવથી ખરડાયલા હતા; અને તેમનાં કપડાં છેક ચીરાઈ ગયેલાં હતાં. તેમની સામું જોઈ મહારાજાએ આશ્ચર્યતાથી એમ થવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમાંના એક સિપાઇએ જરા આગળ આવી નમન કરીજવાબ દીધો કે ગરીબનિવાજ, ગૌબ્રાહ્મણપ્રતિપાળ, અન્નદાતા આજ લગભગ એક માસ થયાં રાતે ન્હોન ફરતાં અમો સેવકને કેટલી કેટલી આપદાઓ વેઠવી પડે છે, તે સઘળી આંપને અજાણી નથી. તેમાં ગઈ રાતની વિપત્તિથી તો પરિસીમા થઈ છે. અમારા કહેવામાં કેટલું સત્યછે, તે આપને અમારા ઢંગ ઉપરથી ખાતરી તો થઈ ગઇજ હશે. ગઈ કાલ રાતે ન્હોન ફરતાં ફરતાં અમે નગરશેઠની હવેલી લગભગ જઈ પહોંચ્યા, એટલે દૂરથી એ હવેલી નીચેની એક બારી તળે કેટલાંક માણસોને ટોળું વળી ઉભાં રહેલાં દીઠાં. તેઓ અમને આવતા દેખીને અંધારામાં ભરાઇ ગયાં; પણ અમે તો તેમની પાસે જવુંજ ધાર્યું હતું, તેથી તેમના ભણી આગળ ચાલ્યા, ત્યારે તેમણે નાસવા માંડ્યું. તેમને નાસતા જોઇને અમે પણ તેમની પીઠ પકડી દોડ્યા. તેઓ આગળ અને અમે પાછળ એ રીતે આખી રાત દોડ દોડ કર્યું. તેઓ વાડ• કાદવ કે પાણી વિગરે કાંઇપણ પદાર્થની દરકાર કર્યાવિના

દોડતા છૂટ્યા, તેમ અમે પણ વાડ, કાદવ, કે કાંટાની દરકાર નહિ ક
રતાં આંધળીઆં કરી તેમની પાછળ નાસવાજ માંડ્યું. તેમની અને
અમારી વચ્ચે અંતરતો ઘણુંજ થોડું જણાતું હતું; પણ અજબ જેવું
છે કે, અમે ફાવે તેટલું જોર કરીને દોડીએ; તો પણ તે અંતરમાં
જરાએ ઘટારો થાય નહિ; તેમ અમે દમ ભરાવાથી કદી ધીમા દો-
ડીએ તો પણ તેમાં વધારો થયેલો જણાય નહિ. માત્ર એટલે અને
એટલેજ અંતરે આખી રાત દોડી મુઆ; પણ કાંઈ વળ્યું નહિ.
વગર રસ્તાની અડવણ ભોંયમાં ખાડા, ટેકરા, કાદવ અને કાંટાનીતો
ખોટજ શેની હોય? તેઓ છેક પાછલી રાતના ચાર વાગ્યાસુધીમાં તો
અમારી લગભગમાં ને લગભગમાં દોડ્યા. હમે પણ હમણાં પકડીશું,
હમણાં પકડીશું, એવી આશાએ આશાએ છેક મળસ્કો થતાસુધી
દોડ્યાં કર્યું. મળસ્કાનો પેહેલો મરઘો બોલતાં જરા ઝળઝાંકળું થયું, એટલે
અમારી આગળ જે માણસો દોડતાં હતાં તેમાંનું કંઇએ દીઠું નહિ.
અમે સઘળા આભા બની ગયા; અને આસપાસ જોવા મંડ્યા, તો
ઝાકળથી ઢંકાયલી ભૂમિ અને ઝાડ ઝાંખરાંવિના બીજું કંઇએ દીઠું
નહિ. હમે એ અજાએબીનો વિચાર કરતા ત્યાંજ ઉભા રહ્યા કે અ-
મારી પાછળ રેહેલા ચોકીઆનો પણ ત્યાં આવી પહોંચે. થોડીવાર
નહિ ઉભા રહ્યા એટલામાં તો તેઓ આવી પહોંચ્યા. ત્યારે તપાસ
કરતાં માલમ પડ્યું કે અમારો નાયક જે અમારી સાથે હતો તે કંઈ
મળે નહિ. ત્યાંથી વિમાસણ અને અજાયબીનો વિચાર કરતા પાછા
વળ્યા. થાકીને લોથ થઈ ગયા; તો પણ આપણું નગર દેખાય નહિ.
છેવટે જરા વિસામો લેઈ બારોબાર પરભાર્યા અબધડી આપની હ
જૂરે આવી ઉભા રહ્યા. અમે તેમની પાછળ રાતે કેટલું દોડ્યા તે
સવારે પાછા વળી નગરમાં પેઠા, ત્યારે માલમ પડ્યું કે બરાબર બાં-
ડિઆ ઘોડાના દસ ગાઉ ફોકટ દોડી મુઆ; અને નિરાશ થઈ પગ
ઘસડતા પાછા આવ્યા. પરિણામ માત્ર એટલું થયું કે અમારો નાયક
ગુમ થયો, સઘળાનાં કપડાં અને શરીર કાદવથી ખરડાઈ ગયાં; તથા
તે ઝાડ ઝાંખરાંમાં ભરાવાથી ફાટી ગયાં. અધૂરામાંપૂરૂં જોડા કાદવ-

માં દટાઈ ગયા તે ઉતાવળમાં ત્યાંજ રહી ગયા; અને ઉઘાડા પગમાં કાંટા ભાગી તે ચારણી જેવા થઈ ગયા. એ હકીકત સાંભળી મહારાજાએ તેમને શાબાશી આપી બીજો પેહેરવેશ બદલવાની આજ્ઞા કરી. તેમ તેમને દરેકને પાંચ પાંચ સોના મોહોર ઈનામ મળશે, એવી સૂચના કરી તેમને મુકામપર જવા રજા આપી. તેમને જતાં જતાં કહ્યું કે આજ રાતે ચોકી ફરવા જતી વખતે મારી પાસે થઈને જજો કે હું પણ તમારી સાથે આવી મારા મનની ખાતરી કરૂં. સિપાઈઓ ગયા પછી મહારાજા મેહેલમાં ગયા, ત્યારે ત્યાં રાણીનું તોફાન લગારે શાંત પડયું નહોતું. દરરોજ એક પછી એક વધારે નવાઈ ઉપજાવનાર બનાવોની હકીકત સાંભળી તેમના મનને કંઈ કંઈ સંકલ્પ વિકલ્પ થવા માંડ્યા; પણ તે જાતે ક્ષત્રી અને ધીરજવાન પુરૂષ હતા, તેથી છાતી ચલાવી પોતાની જાતે તપાસ કરવાનું ઠરાવ્યું.

રાત પડ્યા પછી હમેશના ધારા પ્રમાણે ચોકીનો વખત થયો, ત્યારે ચોકીબાન સિપાઈઓ ભભકાદાર પોશાક સાથે ઉઘાડાં શસ્ત્ર લેઈ મહારાજા હજૂરે ખબર આપવા ચાલ્યા. તેઓ રાજમેહેલના મેદાનમાં આવી પહોંચ્યા, એટલે મેહેલી પેહેરેગીરો ઉઘાડાં હથિઆરબંધ માણસોને રાતને વખતે આવતાં જોઈ એકદમ સાવધ થઈ ગયા; અને ઝડાઝડ હથિઆર ખેંચી મેહેલ આગળ સફ બેંધી ઉભા રહ્યા. છેક પાસે આવ્યા પછી ચોકીબાનના નાયકે બેર સેહ્લા પોકારી, તેપરથી મેહેલી પેહેરેગીરોએ તેમને ઓળખ્યા; અને દેવડીપરથી એક સિપાઈએ મહારાજાના નામની નેકી પોકારી. મહારાજા પણ ચોકીનો સમય થયેલો જાણી હથિઆરબંધ થઈ મેહેલના દીવાનખાનામાં પેહેરો ભરતા હતા. તેમણે બારીએથી ચોકીબાન સિપાઈઓને મેહેલ તરફ આવતા જોયા કે તુરત પોતે નેકી પોકારતા પેહેલાં નીચે આવી પહોંચ્યા. સિપાઈઓએ સલામતી આપી તે ઝીલ્યા પછી ચરવેદારને ઘોડો લાવવા આજ્ઞા કરી. તે તુરત તૈયાર કરીને લાવ્યો. તેનાપર સ્વાર થઈ મહારાજા ચોકીવાળાસાથે ન્હોન ફરવા ચાલ્યા. તેઓ શેહેરનો ઘણો ભાગ તો સહીસલામત વટાવી ગયા. આગળ ચાલતાં ત્રીજા તબકમાં

એક વિશાળ ચોક આવ્યો. તેમાં કોઈ શ્રીમંત સોદાગરનો જાતવાન અબલખ ઘોડો દોરડા સહિત છૂટીને નાસી જતો મળ્યો. તેને પકડી લેવા મહારાજાએ સિપાઈને હુકમ કર્યો. તેઓ તેને પકડવા દોડ્યા, પણ તે નાસવા મંડ્યો, અને તોફાન કરતાં હાથમાં આવ્યો નહીં; પણ છંછેડવાથી ઉલટો વધારે મસ્તીપર ચડ્યો. મહારાજાએ જોયું કે એ પકડાતો નથી, એમ જાણી પોતે પોતાનો ઘોડો તેની પાછળ હાંક્યો. પાછળ પડેલા સ્વારના ઘોડાની પડઘી સાંભળીને તે વધારે જોરથી દોડવા લાગ્યો, ત્યારે મહારાજાએ પણ પોતાના ઘોડાની વાગ છૂટી મૂકી તેને પૂર જોરમાં તેની પાછળ દોડાવી મૂક્યો. ચોકીવાળા સિપાઈઓ તો શહેરમાંજ રહી ગયા; અને મહારાજા તો નગર બહાર પેલા ઘોડાની પાછળ લગભગ ત્રણ ચાર ગાઉ નીકળી ગયા. એમ પાંચ સાત ગાઉ સુધી દોડવા પછી છેવટે આગલો ઘોડો પકડાઈ ગયો; અને તેની પાછળ ઘસડાતું દોરડું મહારાજાએ ઘોડાપર બેઠાં બેઠાં ભાલા વડે ઉંચકી લીધું. મહારાજાએ વિચાર કર્યો કે આ મારો ઘોડો થાકી ગયોછે; અને આ પકડાયલો ઘોડો હજુ મસ્તીપરછે, માટે એનાપર સ્વાર થઈ નગરમાં જાઉં તો ઠીક થાય. એમ થવાથી એ નરમ થશે અને આપણને તેની કિમ્મત સમજાશે. એમ ધારી બાજુપર એક ખેતરમાં સગડી સળગતી હતી, ત્યાં માણસની વસ્તી હશે, એવું ધારી મહારાજા બેઉ ઘોડાને લેઈ પાસેના ખેતરમાં ગયા. ખેડૂતલોક એ તાપણીની આસપાસ બેસીને તાપતાં તાપતાં ઘરગતુ વાતોના તડાકા મારતા હતા. તેઓ પોતાના ખેતરમાં કોઈ ઘોડાવાળાને પેસતો દેખી ઉભા થયા, તો તેને પોતાની બણી આવતો જોઈ, બોલ્યા ચાલ્યાવિના સ્થિર થઈ ઊભા રહ્યા. મહારાજાએ પોતાનો ઘોડો એ ખેડૂતોને સાંપતાં કહ્યું કે હું મહારાજા ચંદ્રસેનના કામ સારૂ બહારગામ જવાનોછું. માટે આ ઘોડો રાજમહાલય આગળ લેઈ જજો, એટલે તેઓ પોતાનો ઘોડો ઓળખી તમને રજા આપશે; પણ જરૂર આ ઘોડો ત્યાં પહોંચાડ્યાવિના રહેશો નહિ, એટલું કહી મહારાજાએ પોતાના ઘોડાનો સામાન પકડાયલા નવા ઘોડા ઉપર મૂકી પોતાનો જૂનો ઘોડો ખેડૂત

લોકને સાંપ્યો. પછી પોતે બીજા ઘોડાપર સ્વાર થઈ તેને આગળ ચાલવા માટે પગની એડી મારી. તે એતર બહારના મેદાનમાં નીકળી એક બે વાર આમ તેમ દોડ મારી ઊંચે ચઢ્યો. તે પાછો નીચે ઉતર્યો. વળી ફરીથી તેમ દોડી ઊંચે ચઢીને કંઈ અલોપ થઈ ગયો. તેમાં મહારાજા પણ તેની સાથેજ ગુમ થયા. એ વખતે પાછલી રાતનો ચંદ્ર છેક ક્ષીતિજથી જરા ઊંચે ચઢ્યો હતો, તેને લીધે એડૂતો ઘોડાનો અને તેપરના સ્વારનો સઘળો તમાસો જોઈ શકતા હતા. તે તેને આમ તેમ દોડતો અને બાજીઆ લેઈ ઊંચે ચઢતો જોઈ ખુશી થત હતા; પણ બીજીવાર જ્યારે તે થોડુકસુધી ઊંચે ચઢી સ્વાર સહિત અલોપ થઈ ગયો ત્યારે તે જોઈ તેમની આશ્ચર્યતાનો પાર રહ્યો નહિ. તેઓ ત્યાં થોડીવાર સ્થિર ઉભા રહ્યા, પછી છેક ઝળઝાંકળું થતાં તેમાંના બે જણ સામાનવિનાનો ખાલી ઘોડો લેઈ રાજધાનીમાં આવ્યા. રાજમહાલય આગળ જઈ દરબારના મુખ્ય ચોપદારને ઘોડો સાંપી પોતે દીઠેલી સઘળી હકીકત કહી સંભળાવીને તે બંને એડૂતો પોતાના મુકામપર ચાલ્યા ગયા. ચોપદારે એ એડૂતોએ કહેલી સઘળી હકીકત રણવાસમાં અને દરબારમાં જાહેર કરી તે દરમિઆન તો મહારાજા ગુમ થયાની વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. રણવાસમાં સઘળે રડાપીટ થઈ રહી. મહારાણી તો પોતાના દરદમાં બરાડા પાડ્યાંજ કરતી હતી. હવે આપણું શું થશે? એમ ધારી પ્રજાનાં માણસોને પણ ખાવાપીવાનું ભાવે નહિ. કેટલેક ઘેરતો રાંધ્યાં ધાન પડ્યાં રહ્યાં. આ વખતે જાણે એક આનંદી સ્વર્ગી શેહેર ઉપર ઉદાશીન વાદળ ફરીવળ્યું હોય, તેમ સઘળે શોકમય દીસતું હતું. ફક્ત કેટલાક રાજદ્રોહી નીચ, સ્વાર્થી, દુષ્ટ અને મનુષ્યને દુખ પમાડી પોતાનું હોજરૂં ભરનાર નીચબુદ્ધિના લોકો તોફાન મચાવવાને ઇરાદે જ્યાં ત્યાં ધાલમેલ કરતા અને મલકાતા નજર આવતા હતા; પણ એ વખતે મહારાજા ચંદ્રસેનની પ્રજા એવી રાજભક્ત હતી કે એ સ્વાર્થી લોકનો ઉદ્યોગ સફળ થયો નહિ. જ્યાં ત્યાંથી તેમને કૂતરાની પેઠે ધૂતકારી કાઢવામાં આવતા હતા, એટલુંજ નહિ પણ એક રાજભક્ત પુરૂષે તે-

મની સઘળી વાત સાંભળ્યા પછી તેઓને તિરસ્કારસહિત ઠેઠરી કાઢી તેમનાં નામ જાહેરમાં આપવાની ધમકી આપી, તેથી તેઓને તે દેશાભિમાની સરદારના કાલાવાલા કરી માગી લેવું પડ્યું કે અમે ફરીથી એવી વાત કદીપણ આપ નામદારની આગળ લાવીશું નહિ. એટલું કહી માફ માગી ચાલતા થયા; પણ તેમની નીચ ધારણા તો તેમણે છેક છોડી નહિ. એવા માણસોનું સ્વાભાવિક વલણજ એવું રહે છે કે હરેક રીતે બીજાનું ભુંડું થાયતો છો થાય;પણ પોતાનો સ્વાર્થ સાધવા ચૂકવું નહિ. એઓ એવી દુષ્ટ ધારણા પાર પાડવાના ઉપાય કામે લગાડવાની યોજના કરતા હતા, એટલામાં વીરવજ્જર અને ધીરપંજર પાછા આવ્યાની ખબર સઘળે ફેલાઈ ગઈ. દુષ્ટ લોકની દુષ્ટ યોજનાઓ તેમના ત્રાસથી ભાંગી પડી; અને પ્રજાની કંઇક દિલગીરી કમી થઈ હોય, એમ જણાવા લાગ્યું. પ્રજાનાં માણસોને ખાતરી હતી કે એ બે ભાઇઓ આપણા રાજાને ગમે ત્યાંથી પાછો તેડી લાવશે ખરા. નગરમાં થઈ વીરોધીરો રાજમેહેલમાં ગયા, ત્યારે ત્યાં તો જાણે સામટો સુડતાળો પડ્યો હોય, એટલો બધો શોક પથરાઈ રહ્યો હતો. દરબારના દરવાજામાં પેઠા ત્યાંથી તે છેક રણવાસ સુધીનાં સઘળાં માણસોએ કાળાં શોકીલાં વસ્ત્ર પેહેરેલાં હતાં. એ બેઉ જણ રાજમહાલયના છેક પાછલા ભાગ સુધી ફરી આવ્યા; તો પણ તેમની સાથે કોઇએ કાંઈ વાતચીત કરી નહિ. સઘળાં દાસ દાસીઓ પોત પોતાનું કામ મુગે મોઢે અને શોકીલે ચેહેરે કર્યા કરતાં હતાં. રાજમેહેલમાં ફરીને બેઉ ભાઈએ ઉદાશ થઈ પાછા જવા માંડ્યું. તેમને રાજમહાલયના દરવાજામાંથી બહાર નીકળતાં મહારાજાનો ખાનગી કારભારી મળ્યો. તે બેઉ ભાઇને મહારાણી પાસે તેડી ગયો. મહારાણીની અવસ્થા હજુ બદલાઈ નહોતી. તેની અને કારભારી તથા દાસીઓને મોઢેથી મહારાજાની, પ્રધાનની અને બીજા પ્રજાજનની સઘળી હકીકત સાંભળી આશ્ચર્ય પામ્યા. રણવાસમાં સઘળાંને હિમ્મત આપીને બેઉ ભાઈ ત્યાંથી બારોબાર પોતાના મહારાજાની શોધ કરવા નીકળી પડ્યા.

રસ્તે ચાલતાં અનેક રાનો અને વિકટ ઝાડીનાં જંગલો કાપતાં કાપતાં તેઓ હજારો હજાર ગાઉ નીકળી ગયા. જ્યાં ગામ આવે ત્યાં અણુચાલે પેટને ભાડું આપવા સારૂ સેહેજ વખત ગુમાવે કે, કદી રાતવાસો રહે. ચાલતાં ચાલતાં તેઓ છેક થાકીને લોથ જેવા થઈ ગયા; તોપણ હિમ્મત રાખી આગળ ચાલ્યા. મરવાની ફિકર તો એ બેઉને હતીજ નહિ, તેથી તેઓ પોતાની મુસાફરીમાં ગમે તેવી વિકટ અંધારી જગો આવે; તોપણ તેઓ હિમ્મતથી પસાર કરતાં આગળ ચાલતા હતા. ચાલતાં ચાલતાં તેઓ છેક પહાડી જમીનમાં આવી પહોંચ્યા. તેમાં કેટલાક દિવસ ચાલ્યા પછી એક પુષ્કળ ઝાડીથી વીંટાયલા ઘોર બીઆમણા પર્વતપર ચઢવા મંડયા. થોડુંક ચાલ્યા પછી અમાંસની કાળી રાત જેવી ઘોર અંધારી ભયંકર ઝાડી આવી. તેમાં એક માણસ બેસીને મહામુશ્કિલાઇથી પેસી શકે, એવો સાંકડો રસ્તો પડેલો જણાતો હતો. તેમાં તે બેઉ ભાઈ આગળ પાછળ પેઠા; ને બેઠા બેઠા ઘૂટણીએ આગળ ચાલ્યા. આસપાસ વાઘ, વરૂ, સિંહ અને બીજાં ફાડી ખાનાર પ્રાણીઓનો અવાજ અને દોડાદોડી એટલી થતી હતી કે કોઈ નબળો પાતળો માણસ તો તેમના વિકાળ રૂપને દેખીને અથવા ભયંકર અવાજ સાંભળીને ત્યાંને ત્યાંજ ટાઢો શિતળ થઈ રહે. એવી ઝાડીમાં તે બેઉ લગભગ એક દિવસ સુધી ચાલ્યા પછી તેમને ચાલવાની સપાટીથી એક ઊંચું પર્વતનું શિખર આવ્યું. એ શિખરના એક કરાડા ર સૂર્યનું ઝાંખું અજવાળું પડતું હતું. તેની પાસેના પથ્થર ઉપર એક *સરડો નામનું પ્રાણી પોતાની કુદ્રતિ ટેવને લીધે નીચે ઊંચે ડોકું હલાવતો હતો. તે વીરવજ્જરના જોવામાં આવ્યો, ત્યારે તે તમાસો તેણે પોતાના ભાઈ પંજરને બતાવી કહ્યું કે જો એ આપણને સાન કરી તેડે છે. બેઉ ભાઈ તેની પાસે જઈ ઉભા રહ્યા. ત્યારે તે પાસેના કરાડામાં પેસી ગયો; પણ એ સરડો જ્યાં બેઠો હતો, ત્યાં વજ્જરે એક ચોરસ પથ્થર કોરીને બેસાડ્યો હોય, તેવો કોરેલો આબેહુબ જોયો. તેને તેણે ઉથલાવી પાડ્યો, તો એક માણસ સહીસલામત પેશી શકે, એવું કોરી કાઢેલું

* કાચંડો.

બાકોરૂં જણાયું. તેમાં તે બે ભાઈ વારા ફરતી પેસીને આગળ ચા- લ્યા. જેમ જેમ આગળ ચાલતા ગયા, તેમ તેમ તેમને અજવાળુ પડતું ગયું. એ સાંકડી નળીવાળા રસ્તામાં બે ત્રણ તીરવા જેટલું આગળ ચાલ્યા ત્યારે તેમને જમણી બાજૂએ એક વિશાળ ઓરડા જેવું માલમ પડ્યું. તેનાં બારણાં બારશાખ ઉંચી જાતના પથ્થરનાં હતાં; અને તેમાં સુંદર નકસી કામ કરેલું હતું. એવી કારીગરી જો- ઇને તેમને આશ્ચર્ય લાગ્યું કે આ મકાન તે કોનું હશે? તે જાણવા- ની ઇંતેજારીમાં બન્ને ભાઇ એ ઓરડામાં પેઠા. તે ઘણો મોટો હતો; અને તેમાં સારા વૈભવી પુરૂષને જોઇએ તેવો સઘળો સામાન ગોઠ- વેલો હતો. એવી રચના જોતા ઓરડામાં આગળ ગયા, તો ત્યાં એક અતિ વૃદ્ધ ડોસી ચૂલા પાસે બેઠેલી જોઈ, તેનો ચેહેરો ઘણો બીહા- મણો હતો. શરીરના સઘળા અવયવોની ચામડી છેક ઝૂલી પડેલી હતી, તે તેની તનદુરસ્તીના વખતમાં શરીરે કેટલી માતેલી હશે તેની સાક્ષી પૂરતી હતી. હોઠ તો બરાબર એક એક હાથ નીચે લબડતા હતા, નાક ઘણું લાંબુ હતું; અને તેનાં છિદ્રો વાટે જે શ્વસન ક્રિયા ચાલતી હતી, તેના સઇડકાનો કઠોર અવાજ છેક ઓરડાના બા- રણા સુધી સંભળાતો હતો. તેનું સ્વરૂપ જો કે જોનારને બીક પમાડે તેવું હતું; તોપણ તે બિચારી વૃદ્ધાવસ્થાના દુખથી છેક કાયર થ- યેલી દેખાતી હતી. તેની ઊંડી પેસી ગયેલી મોટી આંખોથી બરાબર દેખાતું નહોતું, તેથી તે પોતાને ઉપયોગની વસ્તુઓ પોતાની આ- સપાસ ચૂલાપાસે નાંખી મૂકતી હતી. તેના મોં આગળ માણસનું મુડદુ અર્ધું કાપી ખાધેલું હોય, તેવી અવસ્થામાં પડેલું હતું. હાથમાં એક મોટી છરી પકડેલી હતી. તેવતી તે પેલા મુડદામાંથી માંસ કા- પી કાપીને ભૂંજી ખાતી હતી. એ ઉપરથી વીરાધીરાની ખાતરી થઈ કે આ કોઈ રાક્ષસણી છે; અને આ ગુફા પણ રાક્ષસોનીજ છે. તેઓ પ્રથમ તો ભયના માર્યા એકદમ અટકી ઉભા રહ્યા; પણ પ- છી હિમ્મત લાવી આગળ ધસ્યા; અને ડોસી જે કામ કરતી હતી તેમાં તેઓ મદદ કરવા લાગ્યા, એટલુંજ નહિ પણ તેને માંસના ક-

ડકા કાપી કાપીને ભૂંજી ખવરાવા લાગ્યા. એવી રીતે બે ચાર દિવસ સુધી તેની ખરેખરી તાજમ કરી; ને તેને હરેક પ્રકારે પોતાથી બ-નાય તેટલું સુખ આપવા લાગ્યા. એ રીતે તે રાક્ષસણીને પુષ્કળ સુખ તથા આરામ મળવાથી એક દિવસ સાંજરે ખાધાપીધા પછી તે અતિ આનંદમાં આવી ગાયન કરવા લાગી. તેના લાંબા હોઠના ફડફડાટ આગળ તે શું ગાયછે, તે સમજાતું નહોતું. તેમજ તેનો રાગ પણ ઘણો ભયંકર અને અતિ કઠોર હતો; તોપણ તે બે બા-ળકો તેને સંભળાય તેમ મોટેથી માન આપવા લાગ્યા. શું કરે "ગ-રજ હોય ત્યારે બાઈ તારી પાંચશેરી તડકે બળેછે" એમ કર્યાવિના ચાલે? વીરાધીરાના માન આપવાથી તે વધારે પ્રફુલ્લિત થઈ; અને પછીથી બોલી કે તમે અહીં ક્યાંથી આવ્યા છો? વીરાવજીરે જ-વાબ દીધો મા! આવી અઘોર ભયંકર જગામાં કોઈ સુખના માર્યા આવે? અમે તો મહા વખાના માર્યા તમારા આશરા નીચે આવી પડેલા છીએ. રાક્ષસણીએ કહ્યું કે "ખમા બેટા!" તમારી બલા-બલા ટળી જજો. હવેથી તમે અહીંયાંજ રહેજો; અને મારી ચા-કરી સારી કરીને કરજો, એટલે તમારૂં સઘળું દુઃખ ટળી જશે. અહીંથી આગળ જશો નહિ; કેમકે ત્યાં એક મોટો જીંદરાજ રહેછે. તેણે ઘણાં માણસોને અહીં પકડી આણેલાં છે. તેમને એના મુ-સ્તકીમ બાગમાં છૂટાં મૂકેલાં છે. તેઓ એ બાગનાં ફળફળાદિ ખાઈ દિવસ કાઢેછે. તે ફળફળાદિમાં એવો ગુણ રહેલો છે, કે તે ફળ બે ત્રણ માસ સુધી કોઈ માણસના ખાધામાં આવે, તો તે માણસ શ-રીર ફાટીને અલમસ્ત બની જાયછે; અને પછી તેઓ એટલા તો મદાંધ થઈ જાયછે, કે છેવટે તેમનાં મગજ ઘેલા જેવાં છાકટ બની જાયછે, ત્યાર પછી તેઓને વારા ફરતી એ જીંદરાજ ભૂંજી ખાયછે. અને વધેછે તેટલો ભાગ મારે સારૂ મોકલી દેછે. પૈહેલાં હું તેની ભઠીઆરીનું કામ કરતી હતી; પણ હવે છેક વૃદ્ધ અને અશક્ત થવાથી તેણે મારો છૂટકારો કર્યોછે. તે મહા ભુંડો છે, દયાને અમો રાક્ષસ જાત ઓળખીએજ કેમ? ત્યાર પછી તેના નિર્દયપણામાં કહેવા

નું શું. તે અમને દુઃખ દેવાને ચૂકતો નથી. તેણે મને એટલી દુખી કરીછે કે તેની બૂમ સાંભળી હજુએ ઊંઘમાંથી ચોંકી ઉઠુંછું; અને તેનાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારૂંછું. આ ઠેકાણે મુકામ કીધા પછી તે દરરોજ નવનવાં માણસોને પકડી લાવેછે. એટલાં બધાં માણસોને એ શામાટે પકડી લાવેછે તેની મને ખબર નથી; પણ ખાવા સારૂજ પકડી લાવતો હશે, પછી તો કોણ જાણે. ધીરાપંજરે કહ્યું. વારૂ માજી ત્યારે એ ભુંડા જીંદનું કોઈ કાળે પણ મોત ખરૂં કે નહિ? રાક્ષસણીએ જવાબ દીધો કે મોત તો ખરૂંજ તો. "જે જાયું તે જવાને માટેજ" છે; પણ જીંદોનો આવરદા બહુજ લાંબો હોયછે. તેમાં વળી આ પાપી તો સઘળા જીંદોનો રાજા છે. એનો આવરદા કેટલો બધો હશે, તેની કોઇને ખબર નથી. હું તો જાણુંછું કે એ ભુંડા પાપીનું મોતજ નથી; કેમકે એ મારા કરતાં ઘણોજ મોટોછે; તોપણ તે હજુ જુવાન ખડધા જેવોછે. જ્યારથી હું મોટી થઈ; ને એને અમારો રાજા નામથી ઓળખુંછું, ત્યારથી તે આજ સુધી હું તેને એવાને એવા મજબૂત દેખુંછું. એણે એક હમણાં સુંદર પરી જેવી ખૂબસુરત સ્ત્રી પકડી આણેલી છે. તે એને ઘણી વહાલી છે. તે એક દિવસ એ જીંદ જ્યારે ઘરમાં હતો, ત્યારે એકદમ કળેકળો ખાઈ રડી પડી, તે સાંભળતાંજ જીંદરાજ તેની પાસે જઈ તેની આસના વાસના કરવા લાગ્યો; અને તેને કાલાવાલા કરી રડવાનું કારણ પૂછવા લાગ્યો. ત્યારે ઘણીવારે તે પરીએ જવાબ દીધો કે હું મારી મેળે રાજમહેલમાં ખાઈ પીને આનંદ કરતી હતી, તેવામાં તું મને આવી અઘોર બીઆમણી જગામાં ઊંચકી લાવ્યો. હવે આ કેદખાનામાંથી મારો છૂટકો આ ભવમાં થાય, એમ મને લાગતું નથી. ત્યારે હું માત્ર તારાપર સંતોષ માની રહી હતી. તેમાં આજ મારા જીવને એમ થઈ આવ્યું કે તું તો આમથી આમ અને આમથી આમ સઘળે રવડતો ફરેછે. ત્યાં બારોબાર તને કોઇએ મારી નાંખ્યો, અથવા તો તુંજ તારો આવરદા ખૂટવાથી મરણ પામ્યો, તો મારી શી વલેહ થાય? એમ સાંભરી રડવું આવ્યું. કદાપિ તેમ થયું તો હું

અહીં રડી રડીને મરી જાઉં; તોપણ કોઈ મારો બેલી છે! કહે. એ સાંભળી જીંદરાજે તેને કહ્યું કે તારે એ વાતની ફિકર કરવી નહીં. મારૂં મોત ફક્ત ચુંડમુંડ નામના રાક્ષસ ભાઈઓ સિવાય બીજા કોઈને હાથે થવાનું નથી. તેમ મારો આવરદા પણ ખૂટવાનો નથી. એમ નિશ્ચય સમજી રાખજે. હવે બોલ, કે આવી અઘોર અજાણી જગામાં એ રાક્ષસો શી રીતે આવી શકવાનાછે! એટલું કહ્યા પછી તે રાક્ષસણી ડોશીએ વીરાધીરાને પૂછ્યું, કે કહો બેટા; અહીં આવી જગામાં એ ચુંડમુંડ શી રીતે આવી શકે! કે એ ભુંડો જીંદ મરે; અને સૌનો છૂટકો થાય. વીરાએ જવાબ દીધો. માજી એટલું તો નિશ્ચય છે કે આવી ગુફામાં તો શું; પણ કોઈ લોહ વજ્જર-ની પેટીમાં પેસી રહે; પણ જે વખતે તેનો આવરદા ખૂટે, તે વખતે મોત હરેક પ્રકારે જઈને તેનો ટોટો પકડેછે, તો આવી ગુફા એ કંઈ મોતને અગમ્ય નથી, કે તે અહીં નહીંજ આવી શકે. વારૂ માજી એ ચુંડમુંડ તે કોણ હશે? કે તમનો એ આટલો બધો ડર રાખેછે! ડોશીએ જવાબ દીધો. દીકરા! એ બે બ્રહ્મરાક્ષસ ભાઈઓછે; અને તેઓ એ જીંદરાજના જન્મો જન્મના શત્રુછે. તેમને હાથે એમનું મોત નક્કી થયેલું છે; પણ એ બે બ્રહ્મરાક્ષસોને મહાદેવી ચામુંડાએ માર્યા, પછી તેમના ત્રણ અવતાર થયેલા છે. તેઓ તેમના ચોથા અવતારમાં મોક્ષ પામવાના છે. એ માટે એમનો ચોથો અવતાર મનુષ્ય જાતમાં થયેલોછે. તેઓ જ્યાં અવતર્યા હશે, ત્યાં બેઉ જોળવા અવતરેલા છે. એઓ અનાયાસે ફરતા ફરતા અહીં આવી ચઢશે ત્યારે, અથવા તેમનો અને આ જીંદનો અકસ્માત કોઈ ઠેકાણે મેળાપ થશે ત્યારે, એઓ એને જરૂર મારશે. ડોશીના મુખની વાત સાંભળી વીરોધીરો પોતાના જન્મવિષે વિચાર કરવા લાગ્યા કે આપણે બેઉ જોળવા ભાઈ છીએ, ત્યારે આ ડોશીના કહેવા મુજબ આપણે તો ચુંડમુંડ બ્રહ્મરાક્ષસો નહિ હોઈએ? હશે, જેમ હશે તેમ—આપણે આગળ તો ચાલો. જોઈએતો ખરા, કે તે જીંદરાજ કેવો બળવાન છે? કદાપિ જો તે આપણને મારશે; તો આપણે એકજવાર મરવુંછે;

અને મરીશું તો દેશ હિતાર્થે, આપણા ભાગ્યમાં એવું ક્યાંથી લખેલું હોય, કે રાજભક્તિ બજાવતાં આપણા પ્રાણ જાય. એવો નિશ્ચય કરી બીજે દિવસે સવારમાં પેલી ડોશીને વેળાસર ખવરાવી પીવરાવી પોતે હથિઆરબંધ થઈ ગુફામાં આગળ ચાલ્યા. તેમ તેમ ઘણીજ તરેહવાર કારીગરીથી કોતરી કાઢેલા ઘણા નકસીદાર ઓરડા જોવામાં આવ્યા. તે સઘળા વિવિધ પ્રકારના સરસામાનથી શણગારેલા હતા. સામા વિશાળ ઓરડાને મધ્યભાગે એક મોટો સુશોભિત છપ્પરપલંગ ઢાળેલો હતો. તે ઊપર પેલા જીંદને તેઓએ નિરાંતે ઊંઘતો દીઠો; અને તેના પગપાસે એક સુકુમાર પરી જેવી સ્ત્રી બેઠી બેઠી પગ ચાંપતી હતી. બેઊ ભાઈ હિમ્મત રાખી છાનામાના અંદર દાખલ થયા પેલી સ્ત્રીએ તેમના ભણી જોયું; પણ તેને વીરાધીરાએ ઇશારતથી ચૂપ રહેવા કહ્યું. સ્ત્રીએ પોતાના સ્વદેશી જનોને આવતા દેખી હવે પોતાનો છૂટકારો થશે; એમ જાણી તેણે જીંદરાજને કાંઇએ સાનસંજ્ઞા કરી જગાડ્યો નહિ. વીરાએ તેના પલંગ પાસે જઇને જોરથી તેની દાઢી પકડી નીચે ઢોળી પાડ્યો. ધીરાએ પણ ઉપરથી લાતોનો પ્રહાર કરવા માંડ્યો. ઓચિંતા ઊંઘમાંથી ઢોળી પાડી બે અલમસ્ત જેવા પુરૂષોને મારતા દેખી જીંદરાજ તો ગાભરો બની ગયો; તોપણ તેણે સાવધ થઇને પોતાનું બળ દેખાડવા પાછી પાની કરી નહિ. તેમના ભયંકર યુદ્ધથી આખી ગુફા ગાજી રહી. પલંગ ઊપર બેઠેલી સ્ત્રી તો આ યુદ્ધના ભયથી કોણ જાણે કયા ઓરડામાં છટકી ગઈ તે માલમ પડ્યું નહિ. જીંદરાજે જાણ્યું કે હવે મારૂં કાંઈ ઉપજતું નથી; એમ ધારી તેણે એક મોટી ચીસાડી મારી. એટલે બીજા પાંચસે જીંદ આઉ ખાઉ કરતા ધાઈ આવ્યા. તેમને દેખી વીરોધીરો તો હિમ્મત હારી ગયા; પણ જીંદે પકડી આણેલાં સઘળાં માણસો યુદ્ધના ધમકારા સાંભળી બાગમાંથી દોડી આવ્યાં. તેઓ સઘળાં હથિઆરબંધ હતાં; અને વળી તેઓ મુરતકીમ બાગનાં ફળ ખાઈ અલમસ્ત બે ફિકરો બની રહેલાં હતાં. તેમણે ધીરાની મદદમાં રહીને પેલા પાંચસે જીંદોને જીંદરાજના ઓરડામાં ખસકવા દીધા નહિ. એટલુંજ નહિ પણ તે

બચ્ચાને વીરાએ ખોળી ખોળી કાપી નાખ્યા. જબર વીરો જુંદરાજને ચતાપાટ દોરી પાડી તેની છાતી ઉપર ચઢી બેઠો અને તેને મારી નાંખવા માંડ્યો. જુંદરાજની ખાતરી થઈ કે હવે મારૂં કાંઈ ચાલતું નથી, એમ જોઈ વીરાને લાલચ બતાવી કાલાવાલા કરવા લાગ્યો. પોતાનો જીવ બચાવવા બદલ જે કહે તે કરવા કબૂલ કર્યું. વીરો સઘળા જુંદોને મારી પાંચસે માણસો સહિત જુંદરાજના ઓરડામાં આવી ઉભો. એવામાં વીરાએ તેના કાલાવાલા સાંભળી તેની છાતીપર બેઠાં બેઠાં પૂછ્યું કે તેં આ માણસોને વગર અપરાધે શા માટે પકડી આણ્યાંછે? અને તેમાં વળી સઘળા રાજાઓ, અમીરો અને શ્રીમંત ગૃહસ્થોનેજ પકડી લાવવાનું શું પ્રયોજન છે? તે મને જલદીથી કહે. જુંદે કહ્યું હું તમને સઘળી હકીકત કહુંછું. હું જુંદનો રાજાછું; અને મારૂં નામ જુંદરાજ તોખસ છે; મારે જુંદરાજ ખોખર કરીને એક પુત્ર છે, તે પણ મારા જેવોજ મહા બળવાન છે; તે હમણાં મામુલીસ્તાનના શેહેનશાહની બેટી નૂરમના મોહમાં પડેલોછે. એ નૂરમ પરીનો અવતાર છે. તે છોકરીને તેનો બાપ જેટલું શીખવે છે, તેટલું તેટલું કરવાને એ નૂરમ મારા પુત્રને કહેછે. તે પરથી તેમ કરવા સારૂ એ છોકરો મારી પાસે આવીને હઠ કરેછે. અને ના કહુંછું તો તે, મને મારીને મરવા તૈયાર થાયછે. હવે મારે એ એકનો એક લાડકવાયો બેટોછે. વળી તે મારા કરતાં કેટલીક બાબતમાં મહાબળવાન છે. એ સઘળાં કારણને લીધે મારે તેના કહેવા મુજબ કરવું પડેછે. પુષ્કરાવર્તક અધિરાજપર મારાથી પેહેલાં નજર સરખી કરાતી નહિ; કેમકે તેમાં મારા જન્મવેરી અવતરેલા છે, એથી કરીને એ દેશમાં પેસીને નુકશાન કરવાની હિમ્મત તો ચાલેજ ક્યાંથી? પુષ્કરાવર્તક અધિરાજનું રક્ષણ કરનાર ચુંડમુંડ નામે બે બ્રહ્મરાક્ષસ ભાઈઓ મારા શત્રુ હતા. તેમનું નામ સાંભળતાંજ મારે નાસવું પડતું હતું; પણ એ બે ભાઈઓનું કોઈ દેવીને હાથે મોત થવાથી તેઓ રાક્ષસ બદલાઈ મનુષ્યરૂપે અવતરેલા છે. મનુષ્ય મારો આહારછે, એમ જાણી એ અધિરાજમાંથી હું મારો શિકાર કોઈ કોઈવાર પકડી

જતો હતો, તેમની બીકથી એ પ્રદેશમાં મારાથી જાપુવાસ પુરાતો નહીં. એવામાં મારા લાડકા પુત્રે પેલી નૂરમના શીખવવાથી એ અધિરાજના ધનવાન ગૃહસ્થો અને રાજવંશીઓનો શિકાર કરવા ફરમાવ્યું, તે પરથી મને તેમ કરવાની ફરજ પડી. મારા શત્રુઓ હમણાં વિલાસ-પટ્ટનના કોઈ ક્ષત્રીને ત્યાં બે જોળવા ભાઈ અવતરેલા છે. તેમની મને બહુ બીક લાગેછે; કેમકે તેમને હાથે મારૂં મોત છે. તે બાબતની તેમને તો ખબર નથી. ફક્ત હુંજ તે જાણુંછું; કેમકે હું હમણાં પિ-શાચ યોનીમાંછું. અને તેઓ નથી. એ બે ભાઇઓ હમણાં ભરયુવા વસ્થામાં આવેલા છે, તેથી તેમનો ત્રાસ પેહેલાંના કરતાં હમણાં વધારે રેહેછે. અહીં આવી પાહાડી અઘોર ગુફામાં તેમનાથી ચોકીને દિવસે ભરાઈ રહુંછું; અને રાત્રે મારા પુત્રની આજ્ઞા બજાવુંછું. મા-મુલીસ્તાનનો શેહેનશાહ એવું શા માટે કરાવેછે? તેની મને ખબર નથી; પણ તે હમણાં કોઈ મોટો દેશ જીતી લેવાની મોટી મોટી તૈયા-રીઓ કરેછે. મારૂં સ્થાન પેહેલાં મામુલીસ્તાનના ડુંગરોમાં હતું; પણ ત્યાંથી મારા છોકરાના કહેવા મુજબ અણચાલે અહીં આવી મુકામ કરવો પડ્યોછે. મને આ ગુફામાં રેહેવા આવ્યાં ત્રણ માસ થયાછે. મારી ગુફામાં મારા શત્રુવિના જે કોઈ આવેછે તે સઘળા મૂગા થઈ જાયછે, તેમ તમે થયા નથી; માટે જરૂર તમેજ મારા શત્રુછો. આજ તમે મારો જીવ લીધાવિના છોડનાર નથી. એટલું બોલી વીરાને નીચે ઢોળી પાડવા બળ કરવા લાગ્યો; એટલે ધીરો જે સઘળા રાક્ષસોને મારી ઘેલાં માણસો સાથે એ જીંદરાજની હકીકત સાંભળતો હતો, તેણે ધસી આવીને એક જબરો ઘા તેના નાકપર કર્યો, તેથી તે જીંદરાજ કેટલાક પછાડા અને બરાડા પાડી મરણ પામ્યો. અત્યારસુધી પેલી ખૂબસુરત સ્ત્રી જે એ બે મહા યોદ્ધાઓના યુદ્ધથી ત્રાસીને ક્યાંની ક્યાં છટકી જઈ સંતાઈ પેઠી હતી, તે સઘળું શાંત પડી ગયેલું સાંભળીને બીતી બીતી વીરાધીરાવાળા ઓરડામાં પાછી આવી. ત્યાં તેણે જીં-દરાજને મૃત્યુ પામી પાટડા માફક ચતાપાટ પડેલો દીઠો, તેથી તે એકદમ આનંદમાં આવી ગઈ; અને વીરાધીરાને પોતાના ગળામાંથી

સુંદર મંદાર પુષ્પનો હાર તોડી વારે વારે વધાવા લાગી. એ પછી વીરા ધીરાએ બાગ માંહેનાં સઘળાં માણસોને પોતાની રૂબરૂ તેડી આણ્યાં. તેમાં પોતાનો મહારાજાધિરાજ ચંદ્રસેન. અને તેનો મુખ્ય પ્રધાન ચંદ્રપ્રભાકર પણ હતો. તેઓ પેલા મુસ્તકીમ બાગનાં ફળ ફળાદિ ખાઇને ગાંડાતૂર બની રહેલા હતા; તેથી તેમણે પોતાના રાજભક્ત વીરા ધીરાને ઓળખ્યા નહિ. પુષ્કરાવર્તક અધિરાજમાંથી ગુમ થયેલા સઘળા રાજવંશીઓ, અમીરો અને શ્રીમંત ગૃહસ્થો આ ટોળામાંજ હતા. એ સઘળાની અવસ્થા પણ મહારાજા અને તેના દિવાનના જેવીજ થઈ હતી. એમાંથી એ જીંદરાજે જેટલા ભૂંજી ખાધા હતા તેટલાજ માત્ર ઓછા થયેલા હતા. એ સઘળા ઘેલા માણસોને પેલી વૃદ્ધ ડોશીએ માથે હાથ ફેરવી પેહેલાંના જેવા વીરપુરૂષને જ્ઞાનવાન બનાવ્યા. માહારાજા ચંદ્રસેન પોતાના રાજભક્ત પુરૂષવીરને જોતાં વાંતજ ભેટી પડ્યો, અને ગદગદિત કંઠે કહેવા લાગ્યો કે અરે મારા હેતસ્વી ભાઇઓ ? તમારાવિના મારી આવી દશા થઇછે. તમે ન હોત તો અમને આ દુખમાંથી કોણ છોડાવત ? એ કાળજીભો જીંદરાજ થોડા દિવસમાં અમને ભૂંજી ખાત; અને ઘેલાપણાને લીધે અમને તેની ખબરે પડત નહિ. એ સાંભળી વીરાધીરાએ પોતાના રાજાને દિલાસો આપી છાનો રાખ્યો. પેલી વૃદ્ધ ડોશી પણ જીંદનું મરણ સાંભળી ખુશી થઈ અને પોતાની લાંબી જીભ કાઢી વીરાના પગ ચાટવા લાગી. ડોશીને જીંદનું મડદુ દેખાડ્યું તે જોઈ કહેવા લાગી કે મારે ત્રણ માસ ભોજન ચાલશે; એટલું બોલ્યા પછી વીરાધીરાને જીંદરાજનો મહા કિમતી ખજાનો બતાવ્યો. તે જોતાંજ તેઓ દિંગ થઈ ગયા. તેમાંનું ઝવેરાત અને સોનું રૂપુ વિગેરે તેમણે લઈ લીધું. એ કામમાં તેમને બીજાં માણસોએ સહાય કરી. એટલું કર્યા પછી બેઉ ભાઈ પેલી ડોશીને પગે લાગ્યા; અને સઘળાંને સાથે લઈ ગુફા બહાર નીકળ્યા. વીરાધીરાએ ગુફાને મોઢે મોટી શિલા ઢાંકીને પેલા સાંકડા રસ્તામાં થઈ એકે એકે ચાલવા માંડ્યું. ઝાડી બહાર નીકળ્યા પછી એક ગામમાં મુકામ કરી ભૂખ તૃષા શાંત કરી. પછી તેઓ સઘળા

વિલાસપટ્ટન નજીક આવી પહોંચ્યા. મહારાજા પધારવાની ખબર આખા નગરમાં ફેલાઈ ગઈ. એટલે નગરશેઠ પ્રધાનો અને મહાજન વિગેરે ઘણા લોક વાજતે ગાજતે માહારાજાને તેડવા આવ્યા. નગરશેઠે મહારાજા ચંદ્રસેનને રૂપાનાં ફૂલથી વધાવીને કપૂરની આરતી ઉતારી. પછી બાકીના રાજવંશીઓ અને વીરાધીરાને ફૂલથી વધાવી લીધા. અહીંથી તે સઘળું સાજન અને રાજસ્વારી નગરમાં પેઠી, મહારાજા અને રાજવંશીઓ જુદા જુદા હાથીઓ ઉપર બેઠેલા હતા; તેમના ઉપર સોનુરૂપુ એટલું બધું હતું, કે જાણે એક સુવર્ણ જડિત લાંબો પર્વત ચાલતો હોય, તેવું દેખાતું હતું. વળી એટલા વખતમાં રાજમાર્ગ ઉપર રહેનાર નગરવાસીઓએ પોતાથી બને તેટલી મેહેનત કરીને આંગણાં વિગેરે શણગારવામાં કાંઈ મણા રાખી નહોતી. રાજસ્વારી જેમ જેમ આગળ ચાલતી ગઈ, તેમ તેમ તેનો જમાવ બહુ મોટો થતો ગયો. નગરમાં થઈ એ સ્વારી રાજમેહેલ તરફ ચાલી દરબારનો દરવાજો આવ્યો, એટલે સૌ વાહનો પરથી ઉતરી પગપ્પાદ ચાલવા લાગ્યા. મહારાજા દરબારમાં રાજ્યાસન ઉપર બિરાજ્યા. ઉપરાજાઓને પણ યોગ્ય આસને બેસાર્યા. સઘળા નગરવાસીજનો રાજસભામાં બેઠા, પછી, પાન સોપારી લેઈ એકે એકે વિદાય થયા. મહારાજા ચંદ્રસેન, વીરોધીરો અને ઉપરાજવંશીઓને લેઈ મેહેલમાં જમવા પધાર્યા. બાકીનાં માણસોને માટે પણ યોગ્ય બંદોબસ્ત કીધો. વીરાધીરાએ ગુફામાંથી પોતાની સાથે જે સ્ત્રીને તેડી આણી હતી, તેને રણવાસમાં મોકલાવી યોગ્ય આસના વાસના કરવા સૂચના કરી. મહારાજા ચંદ્રસેને પોતાના રાજવંશી પરોણાને પાંચ દિવસ સુધી પોતાને ત્યાં રાખી પરોણા ચાકરી કરી. ત્યારપછી તેમને માન સહિત તેમના પોતાના નગરમાં પોહોંચતા કર્યા. નગરવાસીજનોએ પોતાના રાજાની પુનઃપધરામણીની ખુશાલી બતાવવાસારૂ ચાર દિવસ સુધી તેહેવાર ગણી આનંદ ઓચ્છવ કર્યો. મહારાજા ચંદ્રસેન વીરાધીરાને પોતાના જીવજાન દોસ્ત ગણવા લાગ્યો. એક ઘડી પણ તેમનાથી વિખૂટો પડતો નહિ. એ વીરાધીરાએ જીંદરાજને માર્યો. તેજ ક્ષણે મ-

હારાણી ચંદ્રાવતી ડાહી થઈ હતી. સઘળા અધિરાજના રહેવાશીઓના જીવ એ જીદ્દે ઊંચા કર્યા હતા તે હવે સૌથી થીર ઠામ પડ્યા વીરવજ્જર અને ધીરાપંજરની કીર્તિનું નિશાન પુષ્કરાવર્તક અધિરાજના શિખરપર ઉડવા લાગ્યું. કેટલાક વેહેમીલોકો એ બે ભાઇને દેવાંશી અવતાર ગણી તેમની માનતા માનવા લાગ્યા. તે લોક તેમની આગળ માનેલી માનતા ધરાવા આવતા, ત્યારે એ બે ભાઇઓ તેમને વગર હરકતે તેમ કરવા દેતા હતા; અને તેમની વેહેમી ક્રિયા જોઈ મંદમંદ હસતા હતા.

થોડા દિવસ પછી વીરોવજ્જર, મહારાજા ચંદ્રસેનની તેહેનાતમાં રહ્યો; અને ધીરોપંજર કાંઈ કામ સારૂ પોતાના રાજની ઉત્તર તરફ ગયો. રાજા પ્રજા સુખમાં પોતાના દિવસ નિર્ગમન કરતાં હતાં. એક દિવસ મહારાજા ચંદ્રસેન વીરાવજ્જર સાથે સિંહનો શિકાર કરી નગરમાં પાછા આવ્યા. તેઓ ઘોડાપરથી ઉતરી રાજમેહેલમાં પેઠા નથી, એટલામાં બે ઘોડેસ્વાર જોરમાં ઘોડા દોડાવતા આવી પહોંચ્યા. તેમણે ખબર કરી કે આપણા રાજની ઉત્તર અને પૂર્વદિશાએ મહા બળવાન મ્લેચ્છ ફોજ પાણીના પૂરની પેઠે ચઢી આવી છે. તે લૂંટતી અને બાળતી આગળ વધેછે. મહારાજા ચંદ્રસેન તેથી ન ગભરાતાં સિંહની માફક રૂંવાં ફફળાવી જાગૃત થઈ ગયો. લશ્કર બૂણગા વિગેરેની તૈયારીઓ ધમધોકાર ચલાવા લાગ્યો. પોતે જુવાન અને જબરો લઢવૈયો હતો. ને તે બે ફાગ છૂટથી સમશેર વાપરવાની તક માગતો હતો. તેને પરધર્મિ શત્રુઓ સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ મળવાથી ઘણો ખુશી થયો. પાસેના ઉપરાજાની ફોજ સાથે સેનાપતિ મંગને પોતાની કેટલીક ફોજ આપી ઉત્તર તરફ રવાને કર્યો. એ વિના એ દિશાના બીજા ખંડીઆ રાજાઓ સેનાપતિ મંગને જેમ તે આગળ વધતો જાય તેમ પોતપોતાની ફોજ સહિત શત્રુ સાથે લઢવામાં મદદ કરે, એવા હુકમો અગાઉથી સાંઢણી સ્વારો સાથે રવાના કર્યા હતા. બાકીની ફોજ લેઈ મહારાજા ચંદ્રસેન પોતાના એક્કા રાજભક્ત વીરા સાથે પૂર્વ દિશામાં ગયા. ત્યાં માર્ગમાં આગળ ચાલતાં એક બે ખં-

ડીઆ રાજાઓ મહારાજાને આવી મળ્યા. તેમ બીજા દૂરના મંડળિક રાજાઓ પણ મ્લેચ્છ સેનાની ખબર પડતી ગઈ, તેમ તેમ પોતાની કત્રાવદી ક્ષત્રી સેના લેઈ રાજધાની તરફ આવવા લાગ્યા. પૂર્વ દિશાએ મ્લેચ્છ ફોજની છાવણીથી ત્રણ માઈલ દૂર મહારાજા ચંદ્રસેને પડાવ નાંખ્યો. તેજ દિવસે સાંજરે પોતાના રાજવંશી સરદારોની સભા ભરી શત્રુ સેનાનું કળતર કાઢી લાવવા સારૂ મહારાજા ચંદ્રસેને સભામાં પાનનું બીડુ મૂક્યું. રાતના દસ વાગ્યા; પણ એ બીડૂં ઝડપવા કોઇની હામ ચાલી નહિ. એક સરદારે ઊભા થઇને સઘળા સાંભળે તેમ મહારાજા સામું જોઈ કહ્યું કે, આ મ્લેચ્છ ફોજ ઊત્તર દિશામાં પડેલી મ્લેચ્છ ફોજનો એક ભાગ છે; અને આ ફોજે મુકામ કર્યાછે, તેની પેલીમેર પૂર્વમાં આપણા ઘણા મંડળિક રાજાઓનાં રાજ આવેલાં છે. તે રાજાઓ ફોજ સહિત આ તરફ આવવાને નીકળી ચૂકેલા છે, તેઓ થોડી મુદતમાં આવી પહોંચશે એટલે સઘળી મ્લેચ્છ સેના વચમાં ઘેરાઈ મારી જશે. એથી કરીને મારા વિચાર પ્રમાણે આપણે હાલમાં તો એટલુંજ કરવું જોઇએ કે એ મ્લેચ્છ ફોજ હાલ છે, ત્યાંથી આગળ વધવા પામે નહિ. એવીજ સ્થિતિ ઊત્તર દિશાની છે, માટે સેનાપતિમંગે પણ તેમને આગળ વધતા અટકાવી ઉત્તરથી દૂરના રાજાઓ આવી પહોંચે ત્યાં સુધી થોભવું જોઇએ. મારી નજરમાં તો એમ આવેછે, પછી આપ શિરછત્ર મહારાજાધિરાજની આજ્ઞા. મહારાજા ચંદ્રસેન યુદ્ધ કરવાને બહુ ખંતિલો હતો, તેથી તેણે જવાબ આપ્યો કે આટલી નાનકડી મ્લેચ્છ ફોજને સારૂ દૂર પ્રાંતના રાજાઓની રાહા જોઈ બેસી રહેવું એ અરેખરૂં નામર્દાઇપણાનું લક્ષણ છે. વળી હું તમને કાંઈ યુદ્ધ કરવાની આજ્ઞા કરતો નથી; અથવા હમણાંને હમણાં શત્રુસામે જવા કુહેતો નથી. મેંતો ફક્ત શત્રુનું લશ્કર કેટલું છે? અને કેવા પ્રકારનું છે? તેમજ યુદ્ધ કરવા આવનાર સરદાર છે! કે શેહેનશાહ જાતે આવેલો છે? એટલી તજવીજ કરી લાવવા, તમારામાંથી કોઇની છાતી ચાલતી નથી અને રાંડીરાંડના ઉપાય બતાવોછો તો જ્યાં યુદ્ધમાં

પારકી માના જાયા મળશે, તરવારો ઝળકારા મારી ખાઉં ખાઉં કરતી હશે. ભાલા ભચોભચ પડતા હશે અને તોપોમાંથી ગેબી ગોળા રમ રમ કરતા છૂટવા માંડશે, ત્યારે તમે કેવા ટકી શકશો? અને શત્રુને સોહે દેશો? તે મને સમજાતું નથી. માહારાજાની આંખો ને ચેહેરો ક્રોધથી લાલચોળ બીઆમણો થયેલો જોઈ પાસે બેઠેલા વીરાવજ્જરે વચમાં આવી નમન કરી પાનનું બીડું ઊચકી લીધું; અને સૌને સલામતી આપી પોતાની જગાએ જઈને બેઠો. બેસતા પેહેલાં તેણે સૌ સાંભળે તેમ કહ્યું, કે આ બીડું લેઈને હું મારી પ્રતિજ્ઞાથી માહારાજા ચંદ્રસેનની રૂબરૂ જાહેર કરૂંછું કે મારે શત્રુ સેનાની સઘળી ખબર આવતી કાલની સાંજ સુધીમાં હરેક પ્રકારે આણી આપવી; એથી વધારે થવું, સો ઈશ્વરાધિન છે. એ સાંભળી મહારાજા ચંદ્રસેને મોટી ગર્જના કરી હર્ષના આવેશમાં કહ્યું કે શાબાશ!! મારા વીરવજ્જર!! શાબાશ! મારા રાજસ્તંભ! તને ધન્ય છે!! આજ તેં મારૂં વચન રાખ્યું છે. મને તારીજ આશા હતી, કે તારાવિના એ કામ કોઈ ક્ષત્રી જાયો કરી શકવાનો નથી. આજની સભા ઉપરથી મારી ખાતરી થઈ ચૂકીછે કે હવે આ દેશની પડતી દશા આવવાની એમાં શક નથી. ક્ષત્રીપુત્રો મરતાં બીધ્યા, એટલે સ્વદેશ રક્ષણનું મોટું આમળા જેવડું મીંડું પડ્યું જાણવું. પ્રજાની રૂઢી અને રીતભાતપરથી આજ હુંતો લગભગ પા સદી થયાં જોતો આવુંછું, કે હવે જેજે કામો થાયછે, તે સઘળાં દેશની પડતીનાંજ થાયછે; તોપણ મારી બરાબર ખાતરી થતી નહોતી, તે આજે સંપૂર્ણ થઈ ચૂકી છે. પેહેલાંની ક્ષત્રાણીઓ યુદ્ધમાં જનાર યોદ્ધાને વધાવી કહેતી કે, જો જો! માની કૂખ લજવતા; ને રણમાં પાછાં પગલાં કરતા. હમણાંની ક્ષત્રાણીઓ યુદ્ધ વસ્ત્રધારણ કરી યુદ્ધમાં જનાર યોદ્ધાને જોઈ ડળક ડળક આંસુ પાડવા મંડેછે!! એ શું! ઓછી હિણપત છે? હજુ તો કાંઇક ઠીકછે, આગળ એવો સમય આવશે, કે ક્ષત્રાણીઓ જાતે ક્ષત્રીને ઘરમાં એ સારી બારણું વાસશે, અને પોતે બહાર બેસી જવાબ દેશે. દેશની પડતીનાં બીજ તો ક્યારનાંએ રોપાઈ ચૂક્યાં છે; પણ આજ તેનો

ફણગો ફૂટ્યો એમ સમજજો. પડતીનાં બીજ તો બુદ્ધધર્મના સ્થાપનાર પેલા શકસિંહે રોપેલાં છે; પણ તે વખતમાં તેને તેની ખબર નહોતી, કે હું દેશબળરૂપી વૃક્ષના મૂળમાં હીંગનો મોટો કાંકરો ઘાલુંછું. ચાલો હવે જે થયું, તે નહિ થયું થતું નથી. હું મહારાજાધિરાજ છું, માટે અલબત્ત ! એ પડતીના રોપાને ક્યારામાંથી ઉખેડી ફેંકી દઉં તેમ છે; પણ જેમ આખા દેશમાં પથરાયલી નાઇલનદીના પુરનું પાણી એક ઠેકાણે ઝટવારમાં ભેગું થઈ શકતું નથી, તેમ એ પડતીના રોપાનાં મૂળ આખી પુષ્કરાવર્તકની ભૂમિમાં ઘણે ઊંડે સુધી પથરાયલાં છે, તેથી હું જો કદાપિ એ રોપાને કાપી નાંખીશ તોપણ તે પાછો ફૂટ્યાવિના રહેનાર નથી. એ માટે હવે તો "ઇશ્વરેચ્છા સદા બળવાન છે" એમ ગણી જે થાય તે જોયાં કરવું; અને દેશકાળને અનુંસરી ચાલવું એટલુંજ રહ્યુંછે. એટલું બોલીને મળેલી સરદારસભા વિસર્જન કરી, રાતે ભાટ ચારણોએ અગાઉ થઈ ગયેલા યોદ્ધાઓનાં પરાક્રમ વખાણી વખાણીને સૈન્ય જનને શૂર ચઢાવ્યું. છેક મળસ્કાનો પેહેલો મરઘો બોલતાં વીરો પથારીમાંથી ઉઠ્યો, પછી દાતણપાણી કરી નાસ્તો કર્યો અને પોતાનો શિકારી પોષાક પેહેરી તે ઉપર કેટલાંક સાદાં પણ ભારે હથિઆર બાંધી લીધાં. પછી પોતાના તંબુ બહાર નીકળી જોયું તો અંધારૂ ફીટી સેહેજ ઝળઝાંકળું થયેલું હતું. અજવાળું થવાની રીહા ન જોતાં તે પોતાની બારમણીઓ ઝૂંડો હાથમાં પકડી લઈ તંબુ બહાર નીકળી પડ્યો શત્રુની છાવણીને ડાબે હાથે કતરાતો કતરાતો આગળ ચાલ્યો અને મ્લેછ ફોજની છાવણીની પેલીમેરના પર્વતપર શિકારને બહાને ગયો. એ પર્વતની ઝાડીમાં થોડુંક ચાલ્યા પછી એક ઊંડી ખીંણમાં મહાબળવાન વનમી રાજા સિંહ, એક પથ્થરના કરાડા નીચે સવારની ઠંડીમાં લાંબોછટ થઈ સુતેલો હતો. તે એ વીરાના જોવામાં આવ્યો. તે ઘણો મોટો અને કદાવર હતો. તેના ઘોરવાનો અવાજ એક ઊંચા શિખર ઉપરથી પાણીના પડતા ધોધના અવાજ જેવો જાડો; અને કઠોર ઘણે દૂર સુધી સંભળાતો હતો. વીરાએ કેટલીકવાર સુધી તો એકી નજરે

તાકી તાકીને તેના તરફ જોયાં કર્યું; તોપણ તે જાગ્યો નહિ. ત્યારે તે હિમ્મત રાખી તેની પાસે ગયો; અને તેના કાન પકડી ખેંચીને ખડો કર્યો. સિંહે ઘણુંએ તોફાન કર્યું; અને ભારે ગર્જના કરી મૂકી; પણ તે બીધ્યો નહિ. પોતાના ઝુંડાવડે તેની કૂખમાં બે ચાર એવા જબરા ઠાંસા લગાવી કાઢ્યા, કે તે પોતાનું પૂંછડું બે પગ વચ્ચે લબડતું નાંખી નરમ થઈ ઊભો રહ્યો. તેની ગર્જનાથી આખો પર્વત ગાજી ઉઠ્યો હતો, તેથી સઘળાં જન જનાવર પોતપોતાની બોડો-માંથી બહાર નીકળી શક્યાં નહોતાં. કેટલીકવાર ખૂની કુતૂહળ ચાલ્યા પછી વીરો એ સિંહનો કાન પકડી આગળ ચાલ્યો, એટલે તે સિંહ પણ એક ગધેડાની માફક નરમ થઈ તેની મરજી પ્રમાણે ચાલવા લાગ્યો. શિખરપૂર ચઢી જોયું, તો પાસેના મેદાનમાં એક મોટી નદી વેહેતી હતી, તેથી તે બાજૂએ ઘણી ખોએ પડેલી હતી. ત્યાંથી ઉ-તરાય એવું નહોતું; માટે બીજીમેરનો રસ્તો લેઈ પાછો વળ્યો. ચા-લતાં એક નાનું નાળું આવ્યું. તેને કિનારે કિનારે જતાં એક ખા-ડામાં એક મોટો ઊંટીયો વાઘ કોઈ જનાવરને પકડી, ફાડી ખાતો હતો. તેણે સિંહ અને માણસને પોતાની તરફ આવતાં જોઈ તે પો-તાની પૂંછડી ભોંયપર ટપટપાવા લાગ્યો. તે સિંહને દોરનાર માણસપર ફાળ મારવાનું કરતો હતો, એટલામાં પેલા વિકાળ વનરાજાને પાસે આવેલો જોઈ નરમ થઇને નીચું ઘાલી શિકાર કરડવા લાગ્યો; પણ વીરાએ તેની પાસે જઈ બીજે હાથે તેનો કાન પકડી તાણ્યો, એટલે તે પણ ઉભો થયો. સિંહને દેખી વાઘે વધારે તોફાત કર્યું નહિ. આ બેઉ વિકાળ જનાવરને ડાબા જમણી દોરીને તે નીચેના મેદાનમાં ઉ-તરી આવ્યો. બેઉ હાથ રોકાયાથી ઝુંડો નિરાધાર ખભાપર વધારે વાર રહી શક્યો નહિ, ત્યારે તેને જૂંસરા માફક બેઉના ગળાપર આડો મૂકી દીધો. એના ભારથી એ બે પ્રાણી પોતાની ગરદન સંકોચવા લાગ્યાં; પણ તેમનું કાંઈ ચાલતું નહોતું, તેથી બેઉ જણ લાચાર થઈ વીરાની મરજી મુજબ આગળ ચાલ્યા. ડુંગરપરથી નીચે ઉત-રતાં તેણે શત્રુની છાવણીની જગા, તેનો ઘેરાવો એ વગેરે કેટલુંક

અવલોકન કરી લીધું હતું. પાછાં જતી વખતે તેણે જાણે જોઇને પોતાનો રસ્તો છેક શત્રુની છાવણીની પાસે થઈ લીધો. તે તેણે લીધેલા રસ્તા પરના ખેતરમાં શત્રુ સૈન્ય માંહેના કેટલાક પેહેલવાનો પટા રમતા હતા. તેમની અને વીરાના રસ્તાની વચ્ચે ફક્ત એક નીચી સરખી કંટાળા થૂવરની વાડ હતી. એ પટા રમનાર પેહેલવાનોએ વીરાને રસ્તે ચાલતાં દીઠો; એટલે તેઓ સઘળા પટાગરદી પડતાં મૂકી વીરાને જોવા સારૂ વાડની પાસે સફમારી હારદોર ઉભા રહ્યા. વીરાને એ ભયાનક વિકાળ જનાવરો સાથે પોતાની નજીકના રસ્તાપર થઈ જતો દેખી, તેઓ સઘળા ભયથી ડરીને પાછા પગલે હઠવા લાગ્યા. તેઓ દસ પંદર કદમ પાછા હઠ્યા, ત્યાં સુધી અટક્યા નહીં. એ પેહેલવાનો અને વીરાના રસ્તાની વચ્ચે જો કે એક વાડનો અંતુર્પટ હતો, તોપણ મ્લેચ્છ પેહેલવાનોની હિમ્મત પોતાની જગા ઉપર સ્થિર ઉભા રહેવા ચાલી નહિ. એટલાં બધાં એ જનાવરો કદાવર અને વિકાળ દેખાતાં હતાં. એ સઘળા પેહેલવાનો કેટલેક દૂર ખસી આ અજાએબી ભરેલો દેખાવ જોતા હતા, તેમાંથી એક પેહેલવાન સિપાઈ પોતાના મુખ્ય સરદાર પાસે દોડી ગયો. તે તેની પાસે જઇને શ્વાસભેર શત્રુ પેહેલવાનને જોવા ચાલવા આતૂરતાથી અરજ કરવા લાગ્યો. તે મુખ્ય સરદારે એ પેહેલવાનને પોતાની પાસે તેડી લાવવા હુકમ કર્યો. સિપાઈ દોડતો પાછો આવ્યો; અને વીરાની પાસે જઈ વાડની ઉપર વાડેથી કહેવા લાગ્યો કે, "મેહેરબાન • બંદેનિવાજ? ખોદા આપકું સલામત રખે. હમેરા સારદાર આપ નામદારકુ વાં બોલાતેહે; વો સબબસેં આપ તસ્દી લે કે વાં આઓ જબ બહૂત અચ્છા" વીરાવજ્જીરને શત્રુની છાવણીની બાતમી કાઢવા સારૂ તેની અંદર જવાની મરજી હતી તે તેને વાસ્તે નીકળ્યો ત્યારથી તે અત્યાર સુધી બહાનાં ખોળતો હતો. તેમાં વળી પોતાને માનસહિત આમંત્રણ થયું, તેથી તેને તો "ભાવતું હતું ને વૈદે કહ્યું". તે કહેવત મુજબ થયું. એટલે પછી સઘળા સંકલ્પ વિકલ્પ મૂકી દઈ હર્ષ સહિત મ્લેચ્છ છાવણી તરફ વળ્યો. તે

જેમ જેમ છાવણી તરફ આગળ વધતો ગયો, તેમ તેમ તેમને જોવા મ્લેચ્છ સિપાઇઓની ભીડ ઘણી વધતી ગઈ. એ જોવા આવનાર સઘળા મ્લેચ્છ સિપાઇઓ વીરાવજ્જરને જોતાંજ મોટેથી હાય મારી ખોદા ખોદા પોકારતા હતા. કોઇપણ સિપાઇની પાસે આવવાની હિમ્મત ચાલે નહિ. એ વીરો જેણીતરફ વળે, તે તરફના મ્લેચ્છોનું ધાડું, ધરૂડ લેઇને ફડફડ કરતું બીજી તરફ નાસી જાય. છાવણીનો ઘણો ભાગ વટાવ્યા પછી વીરાએ પૂછ્યું કે "બડેસાહેબકા ડેરા કીધરહે" એ સાંભળી બે સિપાઇઓ આગળ આવી બોલ્યા કે "ચલો નામદાર, તુમ હમેરી પીછે પીછે આઓ, હમ આપકી આગું આગું ચલતેહે" એ રીતે વીરો મુખ્ય મ્લેચ્છ સરદારને તંબુએ પહોંચ્યો, ત્યાં સુધીમાં તેની આસપાસ મ્લેચ્છ સેનાના માણસોનો ભરતીઓટ થયાંજ કીધો. છેક તંબુના બારણા નજીક આવ્યા પછી વીરાએ પેલાં બે જનાવરોના ગળાપર મૂકેલા ઝૂંડા ઉપર ભાર દેઇને તેમને નીચે બેસાર્યાં. પછી તેમનાં વાળેલાં ઘૂંટણપર ગળાપરનો ઝૂંડો મૂકી દીધો, તેથી તેઓ જાણે બહાર બેઠાં બેઠાં પોતાના ધણીનો ઝૂંડો સાચવતાં હોય, તેમ દેખાતું હતું. વીરો હિમ્મતથી તંબુમાં પેઠો. તેને મ્લેચ્છ સરદારે ઊભા થઈ સલામતી આપીને પોતાની પાસેના આસન ઊપર બેસાર્યો. એ પછી તેણે પૂછ્યું કે આ બૂની પ્રાણીઓને તમે પાળેલાં છે? કે આજેજ પકડી લાવ્યા છો? વીરાએ જવાબ દીધો કે હું આજ સવારે આ પાસેના પર્વત ઉપર શિકાર રમવા ગયો હતો, ત્યાંથી એમને પકડી લાવ્યોછું. એ સાંભળી મ્લેચ્છ સરદાર અજબ થઈ "તોબા! તોબા!! કહેવા લાગ્યો; અને વીરા સામું એકી નજરે ટકટક જોઈ રહ્યો કે આ તે શો ગજબ કર્યોછે!! પછી તેની બહાદુરીનાં વખાણ કરી તેના પરાક્રમને માટે એક કીમતી રત્નજડીત સુનાનું ઝાંઝર નજર કરવા લાગ્યો; પણ તે તેણે લેવાની સાફ ના પાડી. ત્યારે તે સરદારે વધારે વધારે આગ્રહ કરવા માંડ્યો. વીરાએ જવાબ દીધો કે એ ઝાંઝર આપ મને બક્ષિસ આપોછો, તે લેવાને કાંઈ હરકત જેવું નથી; પણ જો હું લઉં, તો

આવતી કાલે મારાથી આપની સામે નિમકહલાલીપણાથી જોઇએ તેવી તરવાર વાપરી શકાય નહિ; માટે મેહેરબાની કરીને એ ઝાંઝર આપ નામદારને પગે શોભાવો. એટલે તે જોઇને હું ખુશી થઇશ. મ્લેચ્છ સરદારે કહ્યું કે શું! ત્યારે તમારો રાજા અમારી સામે તરવાર પકડવા હિમ્મત ધરેછે? હું તો જાણતો હતો કે અમને તે પુષ્કળ દ્રવ્ય આપી પાછા વાળશે. અમે સાંભળ્યુંછે કે તેના ભંડારમાં બેસુમાર ધન ભરેલુંછે. વજીરે કહ્યું. હા, જોઇએ તેટલુંછે; પણ તે તમારે માટે નથી તે વાપરનારના દાંત બહુ મોટાછે. અમારો રાજા તો યુદ્ધ કરવા સારૂ સજ થઈ આવેલોછે. તે જાતે મહાયોદ્ધોછે, તો તેમો અખૂટ ખજાનો આપ શી રીતે લેઈ શકશો? જેમ આપણી સામે બેઠેલા સિંહની મુંછનો વાળ તે જીવતો હોય, ત્યાં સુધી કોઇથી લેવાય નહીં, તેમ તારે પણ તેનું ધન લેવાની આશા કદીએ રાખવી નહિ. કદાપિ જો તમે મને રજા આપો તો તમારા સઘળા સૈન્યને હું મારી આ એક તરવારથી કતલ કરી નાખું. કાલે હું તેમજ કરવાનો છું. અરે! આજેજ સઘળાને કાપી નાંખત; પણ તેમ કરવા મારા મહારાજાની આજ્ઞા નથી. આજે તો માત્ર આ તમારા લશ્કરની તપાસ કરી પાછા વળવાનોજ હુકમ કરેલોછે. એ બોલ સાંભળી મ્લેચ્છ સરદારને ખરેખરી ઝાળ ઉઠી; પણ તે દબાવી રાખીને પૂછયું કે તમારા જેવા કેટલા પેહેલવાન એ રાજાની ફોજમાં છે? વીરાએ કહ્યું, અરે સરદાર! હું તો એક સાધારણ બળવાળો જુવાન છું; અને ફકત બાર મણનોજ ઝૂંડો ઊંચકીને હમેશાં ફરૂં છું; પણ મારાવિના બીજા પાંચશે લોઢીઆ છે. તેઓ તો દરરોજ કઢેલાં દુધ પીએછે. એ લોઢી મરદોનાં મગજ અને આંખો આ સામેના સિંહની માફક એટલાં તો મસ્ત થઈ રહેલાં છે, કે તેમનાથી ખૂલી નજરે જોઈ શકાતુંજ નથી. એ એટલી બધી ખૂની નજરવાળા છે, તેથી મસ્ત ઘોડાની પેઠે તેમની આંખો ઉપર દશ દશશેર લોઢાના લોઢી રોકા ડાબલા બાંધી રાખવા પડેછે, તે ઉપરથી તેમને લોઢીઆ કહેછે. તેમાંનો એકાદ લોઢીઓ ભાગજોગે છૂટીને અહીં

આવ્યો, તો સઘળાને ઠાર કર્યાવિના રહેશે નહિ; અને તમે સૌનો વન વન નાસતાં છૂટકો થશે નહિ. એટલું કહીને તે પોતાની જગાએથી ઉઠવા જાયછે, કે તુરત તે મ્લેચ્છ સેનાપતિએ પાસે ઉભા રહેલા અંગરક્ષકને સાન કરી, એટલે તે જેવો વીરા ઉપર પાછળથી ઘા કરવા જાયછે, તેટલામાં તો તે તંબુ બહાર નીકળી ગયો; અને તરવાર ખેંચી સામો થયો. એ જોઇને બીજા ઘણા મ્લેચ્છ સિપાઇઓ હથિઆર લઈ દોડી આવ્યા. વીરાએ ઝૂંડો પોતાના હાથમાં લઈ સિંહ તથા વાઘને મ્લેચ્છ ફોજમાં છુટા મૂક્યા, એટલે સિંહ તંબુમાં પેઠો; અને વાઘ ફોજમાં નાઠો. તંબુમાં બેઠેલા સરદારને સિંહે પ્રથમ માર્યો; અને ત્યાંથી છલંગ મારી તંબુને પાછલે બારણે નીકળી ધસી આવતા મ્લેચ્છોમાં પેસી ગયો. વીરો પણ સૈન્યમાં પેસી સિપાઇઓને ઘાયલ કરવા લાગ્યો. પેલાં બેઉ જનાવરોએ તો મ્લેચ્છોનો ઘાણજ કાઢી નાખ્યો. તેમ વીરાવણજારે પણ કતલ કરવામાં ખામી રાખી નહિ. છેવટે મ્લેચ્છોમાં ભંગાણ પડ્યું; અને સરદારને મુએલો દેખી સૌ માણસોએ પોતપોતાનો જીવ લઈ ફાવે ત્યાં નાસી જવા માંડ્યું. તેમને નાસતા દેખી વાઘ અને સિંહ વધારે રમણે ચઢ્યા. તેઓ પોતાના માથાપર પૂછડાં નાંખી જેને જ્યાં તેને ત્યાં એકે સપાટે તોડી પાડવા લાગ્યા. સઘળી મ્લેચ્છ સેના ભોંય સાથરે સુવારી દીધી. બસેં ચારસેં માણસો નાસી છૂટ્યાં. પાંચ પચાસ છાવણીની આસપાસનાં ઝાડ ઉપર ચઢી ગયાં; પણ તેમનાં કાળજાં ધડક ધડક થતાં હતાં. છાવણી માંહેનો સામાન, હથિઆર, દારૂગોળો વગેરે સઘળું ત્યાંનું ત્યાંજ પડ્યું રહ્યું. વાઘ અને સિંહના સપાટાથી અધકચરા થઈ પડેલા મ્લેચ્છો તેમને દૂર ગયેલા જોઇને બેઠા થઈ નાસવા જાય, કે એ રમણે ચઢેલાં જનાવર ધસી આવી ઉપરથી બીજો સપાટો મારી પુરા કરે. તેમાંના કેટલાકને વણજારે પૂરા કીધા. સઘળા મરાઈ રહ્યા; અને આખી છાવણી પ્રલયક્ષેત્ર જેવી સૂની ભયંકર દીસવા લાગી, ત્યારે વીરાએ એક ઠામે ઉભા રહી વિચાર કીધો; કે એ વાઘ સિંહ હવે મને ગાંઠવાના નથી; કેમકે તેઓ

હવે મનુષ્ય લોહીના ચાખેલ થયાછે; એટલુંજ નહિ પણ એઓ ફક્ત માણસોનુંજ લોહી પીને મસ્ત બની ગયેલા છે. એમ ધારી તે છાનો માનો પોતાનો ઝુંડો લેઈ મહારાજા ચંદ્રસેનની છાવણીમાં જવા નીકળ્યો; પણ સિંહ વાઘ તો તે પ્રલયક્ષેત્રમાંજ મનુષ્યનું માંસ કરડતા ને લોહી પીતા બેઠેલા હતા. વીરાને ગયેલો જાણી આસપાસ સંતાઈ રહેલા મ્લેચ્છ સિપાઈઓ પોતાની છાવણી માંહેનું દ્રવ્ય વિગેરે લેઈ જવા પાછા આવવા લાગ્યા. તેમને ત્યાં ફરતા દેખીને પેલા વાઘ અને સિંહ મુડદાનું માંસ કરડવાનું નાંખી દેઈ તાજુ લોહી પીવા દોડ્યા. સિપાઈઓ તેમના ત્રાસથી નાસવા લાગ્યા. એટલામાં તો તેમણે તેમાંના ઘણાને ઠાર કર્યા. વાઘ સિંહનો સ્વભાવજ છે કે ખાતાં વધે તેને ત્યાંજ પડ્યું રહેવા દેઈ પાછા બીજે દિવસે ખાવા આવે; પણ જો તે મુડદાને કોલ્હાં કુતરાએ ખાઈને બગાડેલું હોય, તો તેને તેઓ ફરીથી અડકતા નથી. એ પ્રમાણે એ પ્રાણીઓનો મુકામ તો કેટલાક દિવસ સુધી એ ઠેકાણે રહ્યો. એ વિના કોલ્હાં, કૂતરાં, ગીધ, કાગડા, સમળા અને શિયાળવાં વિગેરે મુએલું માંસ ખાનાર પ્રાણીઓને કેટલાક દિવસ સુધી ઉજાણી થઈ, તે તો વળી જુદી.

વીરાવજીરે મહારાજા ચંદ્રસેનની હજૂરમાં જઈને બનેલી સઘળી હકીકત યથાસ્થિત વિસ્તારીને કહી સંભળાવી. એ વખતે મહારાજાની પાસે સરદાર વિગેરે જેટલાં માણસો બેઠેલાં હતાં, તેટલાં બધાં વીરાની હકીકત સાંભળતાં સાંભળતાં ક્ષણે ક્ષણે હર્ષમાં આવી શાબાશ શાબાશ બોલવા લાગ્યાં. મહારાજા ચંદ્રસેને પણ તેને જયમાળાથી વધાવી લીધો. બીજે દિવસે સરદારો અને કેટલાક પેહેલવાનોને સાથે લેઈ મહારાજા વીરાની સાથે શત્રુની છાવણીના હાલહવાલ નિરખવા ચાલ્યા. ત્યાં જઈ જુએછે તો, આખી છાવણીમાં ધોળે દિવસે કોલ્હાં, કૂતરાં અને ગીધ કાગડા વિગેરેને કલ્લોલ કરતાં દીઠાં. છેક છાવણીની પાસે ગયા, ત્યારે એક વાઘ અને સિંહને માણસના માથા સાથે ગેલ કરતા જોઈ સઘળા ભયના માર્યા પોતાની જગાએ ઉભા રહ્યા. મહારાજાને વીરાએ જે વાઘ સિંહની હકીકત કહેલી હતી, તેને તેમણે

અને બીજા મોતાક્ષત્રીઓએ અસંભવિત માની હતી, તેની પણ સઘળાને ખાતરી થઈ ગઈ. આ પ્રલયક્ષેત્રમાં પડેલાં તરેહ તરેહની સુરતવાળાં માથાં અને બલભલા કદાવર મ્લેચ્છોનાં ધડ ધૂળમાં રગદોળાઈ રઝળતાં પડેલાં જોઇને અને કેટલાંકને કોલ્હાં કૂતરાં આમ તેમ ખેંચતાં જોઈ મહારાજાનું અંતઃકરણ દયાથી ભરાઈ આવ્યું; પણ સાન વિચારી હિમ્મતથી એ સઘળાં મુડદાંને એક મોટો ખાડો ખોદી દાટવાની આજ્ઞા કરી; અને પેલાં વિક્રાળ પ્રાણીઓથી ઘણે દૂર પડેલો સામાન સરંજામ એકઠો કરવા સિપાઈઓને આજ્ઞા કરી. એ પ્રાણીઓ તરફ વીરાની સલાહથી મહારાજા ચંદ્રસેને કેટલાક બંદુકના બાહાર કરાવ્યા. તેઓ તેમનાથી ડરીને પાસેના પર્વતની ઝાડીમાં ભરાઈ ગયા. પછી છાવણી માંહેનો સઘળો સામાન સરંજામ એકઠો કરાવી આસપાસનાં ગામડાંમાંથી પકડી આણેલાં ભાડેનાં ગાડામાં ભરાવી કેટલાક સિપાઈઓની રખેવાળીસાથે રાજધાની તરફ રવાના કર્યા. છાવણી માંહેનો કેટલોક કીમતી સામાન અને થોડુંક ધન વિગેરે આસપાસના જંગલી ગામડીઆ લોક રાતે છાનામાના ચોરી ગયેલા માલમ પડ્યા. તે સઘળો સામાન અને ધન વિગેરે પાછું કઢાવી લેવા એક સરદારને થોડાંક લશ્કરી માણસો આપી આસપાસનાં ગામડાંમાં જવા રવાને કર્યા; એ માલ મનાવવાસારૂ પ્રજાજન ઉપર માર વિગેરે બળાત્કાર કરવાંની તેને સખત મના કરી હતી. મહારાજાએ છાવણીમાં ફરતાં ફરતાં વીરાને ડગલે ડગલે શાબાશી આપી, તેનો ખભો ઠોકતા હતા. સઘળો સામાન ગાડાંમાં ભરાઈ રાજધાની તરફ રવાને થયો અને મુડદાં વિગેરે દટાઈ રહ્યાં; પછી એ નાના રણક્ષેત્રમાં એક સુંદર ચોતરો બનાવરાવી તે ઉપર એક ઊંચો મિનારો ચણાવ્યો; અને તેના શિખર ઉપર એક કુંચન કળશ અને યશ પતાકા ચઢાવરાવી એ મિનારાનું નામ "વીરવીજય સ્તંભ" એવું રાખ્યું તથા એ હકીકતનો એક પથ્થર કોતરાવી મિનારાના ગોખલામાં બેસાડી દીધો. પૂર્વ દિશાના દૂર પ્રાંતોમાંથી મદદે આવનાર મંડળિક રાજાઓને વિજયના સમાચાર સાથે પોતપોતાના

પ્રાંતમાં પાછા જવાસારૂ સાંઢણી સ્વારસાથે આજ્ઞાપત્રો લખી મોકલ્યાં. એટલું કર્યા પછી મહારાજાએ બીજી સવારે રાજધાની તરફ કૂચ કરવા છાવણીમાં રણશિંગુ કરાવ્યું.

છાવણીમાં રાજધાની તરફ જવાની તૈયારીઓ ચાલી રહીછે, એવામાં મહારાજા એજ રાતે વાળુ કીધા પછી પોતાની ખાસમિજલસ ભરી તંબુમાં બેઠો હતો, તેવારે તેણે વીરા તરફ જોઇને પૂછ્યું, કે આ દિશાની તો ફિકર ટળી ગઈ; પણ ઉત્તર દિશાનું શું થયું હશે? મને લાગેછે કે આપણા સૈન્યને રાજધાની તરફ ન જવા દેતાં, બારોબાર ઉત્તર દિશામાં જવાની આજ્ઞા કરી હોય તો ઠીક પડે. વીરાવજીરે જવાબ દીધો કે ઉત્તર દિશામાંથી ખબર લેઈ સ્વાર આવ્યો, તેને આગલે દિવસે ધીરો આપની રજાથી તે બાજૂએ ગયેલોછે; માટે એ વાતની ખબર તેના જાણવામાં આવશે તો, તે હજાર કામ પડતાં મૂકી પેહેલો શત્રુ સામે જશે, એવી મને ખાતરી છે; તોપણ આ સૈન્યને તે દિશાએ જવા આજ્ઞા આપી હોય તો ઠીક, કે જો ત્યાં યુદ્ધ ચાલતું હશે તો આ સૈન્ય ત્યાં જઈ ખરી ઓપટીની વળાએ સેનાપતિ મંગને મદદ કરશે; નહિ તો તે ફરીને પાછું આવશે. વળી એમ થવાથી એમને કસરત પણ મળશે. એ ઉપરથી મહારાજાએ સૈન્યજનને એક સરદાર સાથે ઉત્તર તરફ રવાને કર્યા; અને પોતે રાજધાની તરફ જવા નીકળ્યા. તેઓ સઘળા રાજધાનીમાં આવી પહોંચ્યા, એટલે નગરશેઠે અને મુખ્ય પ્રધાને હમેશના ધારા મુજબ મહારાજાને દરવાજામાં પેસતાં વધાવી લીધા. રાજમહાલયમાં ગયા પછી પોતાને મળેલી ફતેહથી મહારાજાનું દિલ હમેશાં પ્રફુલ્લિત રહેતું હતું; પણ જ્યારે તેને ઉત્તર દિશાની વાત સાંભરી આવતી, ત્યારે ઉદાશીથી તેનું મુખકમળ કરમાઈ જતું હતું. તે એજ વાતની ફિકર કર્યા કરતો હતો, એટલામાં રાજધાનીમાં બૂમ પડી કે મ્લેચ્છ સેના ફતેહ પામી રાજધાની તરફ ધસી આવેછે. જોત જોતામાં આ ખબર આખા શેહેરમાં વિજળીની પેઠે પસરી રહી. પ્રજાનાં માણસોએ પોતપોતાને ઘેર જવા નગરમાં દોડાદોડ

કરી મૂકી. મહારાજાના હુકમથી સઘળા દરવાજા બંધ થઈ ગયા. કીલ્લાના બુરજોપર તોપો વિગરેની તૈયારીઓ ધામધૂમથી ચાલવા માંડી. શેહેરના રાજમાર્ગમાં સઘળે ઘોડેસ્વારની દોડ ધામ મચી રહી. પ્રજાનાં માણસો નગરમાં ફરતાં બંધ થઈ ગયાં. તેઓ સઘળાં પોતપોતાનાં બારણાં વાસી ઘરમાં પેઠાં. વાસણ, કુસણ, ઘરેણું ગાંઠુ અને બીજો કિમતી સામાન ભોંયરામાં કે ભોંયમાં ભંડારી દીધો; અને હવે શું થશે? એવી ફિકરથી સઘળાનાં કાળજાં ધડકવા લાગ્યાં. મહારાજાના હુકમથી ઉત્તર દિશાના એક બુરજપર ચઢીને એક સરદાર તે દિશા તરફ ધારીને નિરીક્ષા કરતો હતો, તેણે દૂરથી ધૂળ ઉડતી જોઈ તે વાતની ખબર મહારાજાને કહેવરાવી. મહારાજાએ દરેક કીલ્લાપરના લશ્કરને અને તોપખાનાના ગોલંદાજોને વધારે સાવચેતી રાખવા કહ્યું; તેમ દરવાજાપરના રખેવાળોને ઘોડેસ્વાર સાથે વધારે ખબરદારીથી ચોકી કરવા કહાવી મોકલ્યું. એ વખતે આખા નગરમાં ફકત ઘોડાની પડઘીના અવાજ સિવાય બીજું કંઈ સંભળાતું નહોતું. સઘળે ચુપાચુપ થઈ રહ્યું હતું. કીલ્લાપરના પેહેરેગીરો દરેક ક્ષણે વારા ફરતી એકબીજાને ખેરસલ્લા આપતા હતા. ઘોડાની દોડ ધામ એટલી બધી થતી હતી કે સ્વારોના પગની એડીની કાકરવાળી ઠેસ ઘોડાના પેટમાં એકજ જગાએ વાગી વાગીને લોહીના રેલા ઉતરેલા હતા. દરેક બુરજના ગોલંદાજોને ક્ષણે ક્ષણે સ્વારો મારફત નિરીક્ષા કરનારના કહેવા મુજબ મહારાજા તરફથી નવનવી ખબર પહોંચાડવામાં આવતી હતી. પ્રજાજન પોતાના ઘરની જાળીઓમાંથી અને બગાંમાંથી ડોકીયાં કરી જોતા હતા.

યુદ્ધમાં હાજર હોઇએ તો સારૂં; પણ આમ હાયવલાળ કરી બળાપો કરવો એ ઘણું નઠારૂં છે. એવા વિચારથી મહારાજાનું મન યુદ્ધમાં જવા વધારે અધીરૂં થયું. વીરો તેમને ધીરજ આપતો હતો. મહારાજાએ કહ્યું કે મને તારી સંપૂર્ણ ખાતરી છે. તારાવડેજ પૂર્વ દિશામાં ફતેહ મળી છે; અને તે વળી તારો એકજ તરવારથી એ જાણી મારી છાતી વેહેંત વેહેંત તર થાય છે. ખરે! મને તો લાગે

છે કે સઘળી પ્રજા ધારેછે તેમ, તમે કોઈ દૈવી અંશ છો; નહિતો સર્વત્ર જય પામોજ નહિ. પશુ, પક્ષી, માણુસ, ભૂમિ, વનસ્પત્તિ વગેરે સૌનો તારા ફરતો અસ્તોદય છે; પણ આતો જાણે તમારી જન્મકુંડળીમાં કોઈ કિન્નરીઓ ગ્રહ પડેલો હોય, તેમ તમારો અસ્ત કદી થતોજ નથી; અથવા તેને લીધે તમારે મન કાંઈ દુર્ગમ કે અશક્ય નથી. ઈશ્વરેચ્છાથી આપણો પંજર ઉત્તર દિશામાં યુદ્ધ સ્થાને ગયો હોય, તો કેવું સારૂં થાય?

એઓ વીરા સાથે એવી વાત કરેછે, તેવામાં કિલ્લાના લેઠ ઉપરના નિરીક્ષક રખેવાળે ખબર કહાવી કે સ્વારોની ટોપીઓ અને હથિઆરોના ઝળકારા સૂર્યના તડકાથી માલમ પડેછે. તેઓ પૂર દોડમાં આ તરફ આવતા જણાયછે. એ વાતની ખબર માહારાજાએ સ્વારો સાથે કીલ્લેદારોને કહાવી મોકલી, એટલે તેઓ સાવધાનીથી ચોકી કરવા લાગ્યા. એટલામાં તો પેલા સ્વારો છેક કીલ્લાની લગભગ આવી પહોંચ્યા, ત્યારે સઘળાને ખબર પડી કે, આતો આપણાજ સ્વારો છે. તેમણે દરવાજા નજીક આવતાંજ ફતેહનું રણશિંગુ કીધું, એટલે દરવાનોએ મહારાજાના હુકમથી દરવાજા ઉઘાડ્યા. સ્વારો દરવાજામાં દાખલ થઈ પ્રજાને જણાવવા ફતેહનું રણશિંગુ વગાડતા પૂરદોડમાં રાજમહાલય આગળ આવી પહોંચ્યા. તેમાં ધીરો સૌથી આગળ હતો. તે ઘોડાપરથી ઉતરી મેહેલમાં મહારાજા પાસે જયની વધામણી ખાવા જતો હતો, એટલામાં તો મહારાજા પોતેજ મેહેલ બહાર આવ્યા. તેમને ધીરાએ અને બીજા સ્વારોએ સલામતી આપી બોલ્યા કે મહારાજાનો સર્વત્ર જય છે. મહારાજાએ ધીરાને તરત ઓળખ્યો. તે પગે લાગવા જતો હતો, તેટલે મહારાજા તેને ભેટી પડ્યા. પછીથી તે પોતાના ભાઈને ભેટી નીચે બેઠો અને જયના સમાચાર મહારાજાને ટૂંકામાં કહી સંભળાવ્યા. રણશિંગા ઉપરથી ઘણાખરા સમજુ નગરવાસી લોકોએ જયના સમાચાર જાણ્યા હતા; અને મહારાજાએ પણ તે વાતનાં જાહેરનામાં કરાવી ઠેકાણે ઠેકાણે ચોઢી દેવરાવ્યાં. એમાં વીરાધીરાને સંપૂર્ણ યશ આપેલો હતો; અને

પોતાની લઢનારી પ્રજાને કંઈંક બોધસૂચક ચાનક આપી હતી. દરવાજા વિગેરે ઉઘડી ગયા. પ્રજાજનને જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ તેમનો હાલો ચાલો શરૂ થયો. તેઓ સઘળા પોતાના રાજાની ફતેહથી આનંદમાં આવી ગયેલા જણાતા હતા. કીલ્લા ઊપરનું સૈન્ય ઉતરીને પોતાની છાવણીમાં ગયું. મહારાજાના જીવને હવે સંપૂર્ણ નિરાંત વળી. તેજ રાતે તેમણે પોતાની દરબાર ભરી તેમાં નગરવાસી ઘણા લોકને તેડેલા હતા. સઘળી સભા સજ્જડ ભરાઈ ચૂકી, ત્યારે મહારાજા આવી સિંહાસન ઉપર બિરાજ્યા; અને ધારા પ્રમાણે નેકી પોકારાઈ રહ્યા પછી તેમણે વીરાધીરાને તેડવા પોતાના એક પ્રધાનને મોકલ્યો. તેઓ આવ્યા, એટલે ધીરાને સઘળા સાંભળે તેમ ઊત્તર દિશાની સવિસ્તર હકીકત કહેવા આજ્ઞા કરી. ધીરો નમન કર્યા પછી બોલ્યો કે આપ નામદારનો તાબેદાર શેવક ધીરોપંજર મહારાજાની આજ્ઞા માગી પોતાના કંઈ ખાનગી કામ સારૂ ઉત્તર તરફ જવા નીકળ્યો. થોડાક ગાઉ કાપ્યા પછી રસ્તામાં એવી ખબર મળી કે મહા બળવાન મ્લેચ્છ સેના ચઢી આવેછે. તે આપણા સ્વદેશમાં પેસી ચૂકી છે, અને પ્રજાને મારતી કૂટતી, લૂંટતી અને ગામ બાળતી પાણીના રેલાની પેઠે જોસમાં આગળ વધેછે. આ ખબર સાંભળીને મેં પાસેના કીલ્લાપરથી બે સ્વારોને રાજધાની તરફ એ વાતની ખબર કરવા મોકલ્યા; તેમજ એ દિશા માંહેના ગઢોના ગઢવીઓને સ્વારો મોકલી મદદ આવી પોહોંચતા સુધી કીલ્લાનો બચાવ કરવા સૂચના કરી; ને હું આગળ ચાલ્યો, તે છેક ઉત્તરે આવેલા અતિ મોટા તારંગા કીલ્લાના ગઢવીઓને સાવધ કરવાના હેતુથી બન્યું તેટલી ત્વરા કરીને ગયો, બીજા કોઈ કીલ્લાની મદદે ન જતાં હું તે કીલ્લાનીજ મદદે ગયો. તેનું કારણ એવુંછે, કે એ કીલ્લો ઘણો મોટો અને આપણા અધિરાજનું ઉત્તર તરફનું બારૂંછે. એ કીલ્લો જો શત્રુઓના હાથમાં જાય, તો તેમને આગળ વધી પોતાનો ઇરાદો પાર પાડવાને ઝાઝી મેહેનત પડે નહિ. તે કારણથી હું ત્યાં જઈ તે કીલ્લાના ગઢવીઓને એવી સૂચના આપવાનો ઇરાદો રાખતો

હતો કે તમારી મદદ બીજી જબરી ફોજ આવેછે, માટે અંત આ-વતા લગી એ કીલ્લો શત્રુઓને સ્વાધિન કરશો નહિ; કેમકે આ કી-લ્લો આપણા અધિરાજની જબરી કુંચીછે. એવું કહેવાનું ધારી હું તે કીલ્લા ઉપર ચઢ્યો; અને જોઉંછું તો સઘળા કીલ્લેદારો એ કીલ્લો સૂનો સટ મૂકી ક્યારનાએ જતા રહ્યા હતા. બારી બારણાં સૌ ખુલ્લે ખુલ્લાં પડી રહેલાં હતાં. એઓને રહેવાની જગાએ જઈ નજર કરૂં-છું, તો દારૂગોળાની પેટીઓ, બંદુકો અને તરવારો વિગેરે સઘળાં હ-થિઆર જ્યાંનાં ત્યાં નાખી દેઈ મ્લેચ્છોની બીકથી નાસી ગયેલા હતા. કીલ્લામાં ફક્ત ઉપર કહેલા સામાનવિના કોઈ પ્રાણી સરખું પણ મળે નહી. વસ્તીનો ઘણો ભાગ તો ક્યારનોએ પોબારા ગણી ગયેલો હતો. ફક્ત નીચ કંગાળ અને મજુરીઆત લોક પોતપોતાના મુકામમાં પડી રહેલા હતા. તેમને પૂછતાં માલમ પડ્યું કે તેઓ તો ગઈ રાતના ભાગી ગયેલા છે. કીલ્લાપર ચઢી નદીની પેલીમેર નજર કરી જોયું, તો સામે કિનારે એક જબરી મ્લેચ્છ સેના પડેલી હતી. કીલ્લામાં રહેલા કંગાળ લોકમાંથી એક મજબુત બાંધાના નરને લાલચ આપી વાત ચીત સારૂ મારી સાથે કીલ્લા ઉપર લેઈ લીધેલો હતો, તેને પૂછતાં માલમ પડ્યું કે એ ફોજનાં ઘણાં માણસો નદી ઉતરી બારોબાર ઉગમણાં કૂંટાયાં છે, તે જાણી મારા જીવને વિંણાચૂંટા થવા માંડ્યા; પણ અહીં આવ્યા પછી એ દિશાની ખબર સાંભળી ઘણો ખુશી થયોછું. હું તારંગાપર ગયો ત્યારે શત્રુઓ ચઢાઇની કંઈપણ હીલચાલ કરતા નહોતા. જો તેમને કીલ્લેદારો નાસી ગયાની ખબર પડી હોત, તો તેઓ તેજ દિવસે હુમલો કર્યાવિના રહેત નહીં; પણ તેમને ખ-બર નહિ પડી તેજ સારૂં થયું છે, નહિ તો ખરેખરા શૂરવીરોને જી-તવો મુશ્કિલ પડે, એવો વિકટડુંગરી કીલ્લો વગર લઢવે શત્રુને હાથ જાત; અને તેઓ આખા રાજને એકવારે ધોકો પહોંચાડવા શક્તિ-વાન થાત. વળી તેમને હાથ તેમાંનાં હથિઆર દારૂગોળો અને ખો-રાક જાત, તેતો વળી જુદો. એ ગઢનાં બારણાં કેટલીકવાર સુધી ઉઘાડાં રહેવા દીધાં; પણ કોઈ આવ્યું નહિ. કીલ્લાના કોટપર ચઢ

મદદગાર ફોજની રાહા જોઈ, તો તેમની કાંઈ નિશાની માલમ પડી નહી; પણ લગભગ પચીશ પચીશ ગાઉ ફરતા પ્રદેશમાં સઘળે ઉજડ રાન જેવું દેખાતુ હતું; કેમકે એ તરફનાં ગામોની વસ્તી જેને જ્યાં ફાવ્યું, તે ત્યાં નાસી છુટી હતી. પરદેશીઓના હુમલા વખતે દરેક દેશના છેવાડા ભાગોની એજ અવસ્થા થાયછે. એ પછી મેં નીચે ઉતરી કીલ્લાનાં બારણાં બંધ કર્યાં; અને તેમાંની સઘળી બંદુકો અને તોપો દારૂગોળો ભરી તૈયાર કરી. પછી તેમને બૂરજનાં કાંણામાં ગોઠવી દીધી. એટલું કીધા પછી હું એક તરફથી શત્રુને ચઢી આવવાની અને બીજી તરફથી મદદ આવવાની રાહા જોતો બેઠો. આખી રાત કીલ્લા માંહેની બાલા ભીંતપર ફરી ફરીને ચોકી કર્યાં કરી; પણ મળસ્કો થતાં સુધીમાં એમાંથી કોઇપણ આવ્યું નહિ. રાતે શત્રુના સૈન્યમાં નાચ, તમાસા, ખ્યાલટપ્પા વગેરે ગાનતાન થતું હતું. તેનો અવાજ કીલ્લાપર સંભળાતો હતો. છેક મળસ્કે ચાર વાગતાં મ્લેચ્છ ફોજ તૈયાર થઇને નદી ઉતરી આ તરફને કિનારે યુદ્ધ ક્રમમાં ગોઠવાવા લાગી. સ્વારોની હલમલ મચી રહેલી હતી. ઘોડા ખાંખારતા હતા, તેપરથી જણાયું કે શત્રુઓ ઘડી બે ઘડીમાં હુમલો કરશે. એ વખતે હું એકલો હોવાથી મારા દિલને કેટલું સટપટ થતું હશે, તેતો પરમેશ્વરને માલમ છે; પણ હિમ્મત રાખી બેસી રહ્યો; કેમકે હિમ્મત અને ઉદ્યોગથી સઘળાં મુશ્કેલ કામ સેહેલાં થઈ જાયછે; અને આળસથી સેહેલાં કામ પણ કઠણ થઈ પડેછે. ભૂખ તો કડકડીને લાગેલી હતી, આગલે દિવસે સવારમાં ખાધેલું તેજ. કીલ્લામાં પણ કોઈ મળે નહિ કે તેની પાસે માગીને ખાઉં. જ્યારે રહેવાયું નહિ, ત્યારે ગઢવીઓના રસોઇખાનામાં ખાવાનું સોધવા ગયો, તો એક ઠેકાણે કેટલીક ઘઊંની સૂકી રોટલી ઢાંકેલી જડી. તે ખોળામાં ઘાલી કીલ્લાપર આવ્યો; કેમકે ત્યાં ખાવાને થોભવાનો સમય નહોતો. એ વખતે શત્રુઓ કીલ્લાપર ચૂપકીથી આવતા જણાયા. તેમણે સઘળાં બારી બારણાં બંધ દીઠાં, ત્યારે તેના મુખ્ય સરદારે કીલ્લા માંહેના લોકોને કહ્યું, કે તમે વગર કારણે શા માટે જીવ ખુઓછો? કીલ્લો અમારે

સ્વાધિન કરો, એટલે તમને સલામત બહાર જવા દેઇએ. મેં અંદરથી જવાબ દીધો, કે તેમ કરવાને મારૂં સૈન્ય ના કહેછે. છતાં આજ ત્રણ વાગ્યા પછી આ કીલ્લો તમને સ્વાધિન કરી ચાલ્યા જઇશું. હમણાં તો વગર લઢવે મારા એકલાથી કીલ્લો સોંપી દેવાય નહિ. મ્લેચ્છ સરદારે પોતાના સૈન્યને કહ્યું, કે એઓ બપોર પછી કીલ્લો આપણે સ્વાધિન કરવાનું કહેછે; પણ તેપર વિશ્વાસ રાખી આપણાથી બેસી રહેવાય નહિ; માટે "અલ્લાતાલાકી ખાતર મહેનત કરો" એ પ્રમાણેની આજ્ઞા થતાં વાંતજ મ્લેચ્છ સિપાઇઓ કીલ્લાપર બંદુકો છોડવા લાગ્યા. એ કીલ્લાનો ચઢાવ એટલો બધો મુશ્કિલ હતો, કે તેપર સામટો પસારો લેઈ જઈ શકાય નહિ. વળી તે કીલ્લો તાબે કર્યા સિવાય, તેમનાથી આગળ વધાય તેવું પણ નહોતું; કેમકે એ કીલ્લો પુષ્કરાવર્તક અધિરાજમાં દાખલ થવાના પાહાડી ઘાટના નાકાપર બાંધેલો હતો. એ કીલ્લા ઉપર મુશ્કેલીથી ત્રણ માણસ સાથે ચઢી શકે, એટલોજ પોહોળો રસ્તો હતો. તે વિના બીજે રસ્તે થઈ કીલ્લામાં જવાય તેવું હતું નહિ. એવી અવઘડ જગાએ તોપો તો ચઢાવી શકાયજ શી રીતે ! મ્લેચ્છ સેનાપતિ કીલ્લાની સઘળીમેર ફરી વળ્યો; પણ કોઈ ઠેકાણે ચઢવાનો કે તોપ ગોઠવવાનો લાગ દીઠો નહિ, ત્યારે તેણે છેવટે થાકીને પોતાના લશ્કરને દરેક હારમાં ત્રણ ત્રણ સિપાઇઓ ગોઠવાવા આજ્ઞા કરી. તેઓ બરાબર ગોઠવાઈ રહ્યા, પછી તેમને કીલ્લાપર ચઢવા હુકમ કર્યો. એ પ્રમાણે મ્લેચ્છ સિપાઈઓ કીલ્લાપર ચઢવા લાગ્યા. હવે મેં કીલ્લાના બૂરજપર સઘળી બંદુકો ભરી રાખેલી હતી; તેમાંથી બે તેમની સામે છોડી, એટલે તેમાંના બે જણ ચતાપાટ પડ્યા. ત્રીજાને ત્રીજી બંદુકથી ઠાર કર્યો. તેમની પાછળના બીજા ત્રણ સિપાઇઓ ક્રોધ કરી, તેજ ઠામે આવી ઉભા રહ્યા. તેમને પણ અગાઉની માફક જમીનદોસ્ત કીધા. એ પ્રમાણે શત્રુનાં બસેં ત્રણસેં માણસો મરાયાં; પણ કોઈ સિપાઈ કીલ્લાના દરવાજા પાસે આવવા પામ્યો નહિ. આખરે મ્લેચ્છ સેનાપતિ જે એક બાજૂએ ઉભા રહી સિપાઈઓને ઉશ્કેરતો અને આજ્ઞા આપતો હતો, તે

રીસથી રાતોતાતો થઈ બીજા ત્રણ સિપાઇઓને લેઈ ધસી આવ્યો; તોપણ તે, બાજૂએજ રહ્યો હતો, તેથી તે બચી ગયો; અને તેની સાથે ચઢી આવેલા પેહેલવાનોને તો આગલાને પાણી પાવા મોકલ્યા. પછી મ્લેચ્છ સેનાપતિ બીકથી પોતાની અસલ જગાએ ખસી ગયો. તેણે ત્યાં ઉભા રહીને કીલ્લાના બૂરજ તરફ જોઈ અવલોકન કર્યું કે અત્યાર સુધીમાં ફક્ત બુરજનાં બેજ કાણામાં થઈ સઘળી ગોળીઓ આવેછે; એ ઉપરથી માલમ પડે છે કે કિલ્લામાં એક અથવા બે સિપાઈઓથી વધારે માણસો નથી; કદાપિ જો હશે, તો તેઓ યુદ્ધમાં ભાગ લેતા નથી. એવું કહીને તેણે પોતાના સિપાઇઓને ખૂબ ઉશ્કેર્યા; અને વળી કહ્યું કે એક સિપાઈ આખા લશ્કરને પૂરો પડે છે ? તે કેવી તાજુબી ભરેલું છે. "અંદર એક સિપાઈ છે" એવા બોલ પોતાના સરદારના મુખમાંથી નીકળતાંજ બાકી રહેલા સઘળા મ્લેચ્છો મોટી કીકીઆરી કરી આગળ ધસી આવવા લાગ્યા. એ વખતે ખરેખરા મધ્યાન થયેલા હતા. તાપ તો માથાની તૂમલી બાળી નાંખે એટલો સખત પડતો હતો. મહા મુશીબતે એ સિપાઇઓ જેમ તેમ કરીને એક તોપ ઉપર ઘસડી લાવ્યા. એ વખતે મેં કીલ્લાની દક્ષિણ દિશાના એક બૂરજપર ચઢી રાજધાની તરફ નજર કરી, તો પાસેના મેદાનમાં પુષ્કળ ધૂળ ઉડતી દીઠી. એ ઉપરથી મેં જાણ્યું કે હવે મદદગાર સૈન્ય ઝાઝુ દૂર નથી; માટે શત્રુઓને આ ખાલી કીલ્લામાં પેસવા દીધા હોય તો ઠીક પડશે, એમ ધારી મેં સુલેહનો વાવટો ઊંચો કીધો. ત્યારે મ્લેચ્છ સરદારે કીલ્લો પોતાને હસ્તગત કરવા કહ્યું. તે મેં કબુલ કીધું. મેં પછી, કીલ્લા માંહેની સઘળી તોપોમાં ખીલા મારી દીધા. વધેલો દારૂગોળો કૂવામાં નાંખી દીધો, અને સઘળી બંદુકો તથા તરવારોનો એક મોટો ભારો બાંધી માથે મૂક્યો. બાલાબીતપરથી નીચે ઉતરી મારી સાથેના માણસ પાસે દરવાજો ઉઘડાવ્યો. મ્લેચ્છ સેના રસ્તાની બેઉ બાજૂએ હારદોર સફ બાંધી ઉભું રહ્યું હતું. તેમની વચ્ચે થઈ કાંઈ બોલ્યા ચાલ્યાવિના મેં મારો રસ્તો લીધો; અને મારી પાછળ પેલો બીજો માણસ પણ આવ્યો. મ્લેચ્છોને

અને તેના સેનાપતિને લાગ્યું કે, આતો કોઈ ભાર ઊંચકનાર મજૂર છે. તે મફતનું ખાઈપીને મસ્ત બની રહેલો છે. કીલ્લાના રખેવાળ લોકની ફોજ તો હજુ પાછળ આવતી હશે. હું મ્લેચ્છોનું અર્ધું લશ્કર વટાવી આગળ ચાલ્યો; પણ કીલ્લામાંથી કોઈ બીજા લશ્કરી માણસો નીકળતા નથી, એમ જાણી મ્લેચ્છ સેનાપતિ દોડતો આવી મને પૂછવા લાગ્યો કે બીજી ફોજ હજુ કેમ નીકળતી નથી? ત્યારે મેં જવાબ દીધો કે ફોજમાં, સરદારમાં અને મજૂરમાં ફક્ત હુંજ છું. જાઓ હવે કીલ્લો ખાલી છે. એ સાંભળી મ્લેચ્છ ફોજ. અને તેના સરદારની અજાએબીનો પાર રહ્યો નહિ; અને તે પોતાના પોંચા કરડવા લાગ્યો. એ પછી મ્લેચ્છ સેનાપતિએ મને શાબાશી આપી પોતાની કમ્મરે જે કિમતી તરવાર લટકતી હતી, તે બક્ષીસ લઈ બાંધવા કહ્યું; પણ મેં તેનો અને તેની બક્ષીસનો ધિઃક્કાર કર્યો. ત્યાર પછી તેના બીજા સ્વાલનો જવાબ આપતાં કહ્યું કે મારાથી વધારે જબરા પાંચસેં લોઢી પેહેલવાન છે. તેમાંનો એકાદ કદાપિ આ જગાએ આવ્યો, તો તમો સઘળાને આકડાના તૂલની માફક ઊડાવી દે. એટલું કહી મેં મારો રસ્તો લીધો, એટલે મ્લેચ્છ સેનાપતિ પોતાની ફોજ સહિત તારંગાના કીલ્લામાં દાખલ થયો. હું એક બે ગાઉ આવ્યો, એટલે આપણો બહાદૂર સેનાપતિ મંગ ફોજ સાથે સામો મળ્યો. તેને સઘળી હકીકતથી વાકિફ કર્યો. પછી કહ્યું કે તમને આવતા જાણી કીલ્લામાં શત્રુઓને પેસવા દીધા છે. તેમાં અનાજ પાણી વગેરે કાંઈ પણ રહેલું નથી; તેથી તેમને અંદર ઘાલી મારવા ઠીક પડશે; એ માટે આપણે ઊતાવળા ચાલો તો ઠીક થાય. સેનાપતિ મંગે મારા કહેવા પ્રમાણે કર્યું.

મ્લેચ્છ સરદાર તારંગાના કીલ્લામાં દાખલ થયો; અને આ જગો બચવાની છે, એમ ધારી તેણે પોતાની ફોજને તેમના સરસામાન સાથે કીલ્લામાં આવી રહેવા હુકમ કીધો હતો. હમે ત્યાં ગયા, તે પેહેલાં તો નદીપાર પડેલો સઘળો ખટલો કીલ્લામાં દાખલ થઈ ચૂક્યો હતો; અને કીલ્લાના દરવાજા વિગેરે સૌ બંધ કીધું હતું. મ્લે-

ચ્છ સેનાપતિ કીલ્લામાં શું શું છે? તેની તજવીજ કરવા નીકળ્યો, તો તેમાં અનાજ દ્રવ્ય વિગેરે કાંઈપણ દીઠું નહિ. પોતાની પાસે સાત આઠ દિવસ ચાલે એટલોજ સંગ્રહ હતો, તેથી તેને પસ્તાવો થવા લાગ્યો; ત્યારે તેના પેહેલવાનોએ તેને ધીરજ આપવા માંડી કે શત્રુના મુલકમાં જે અનાજ છે, તે આપણે માટેજ છે. આસપાસના પ્રદેશમાંથી અનાજ વિગેરે લૂંટી લાવી આ મજબુત કીલ્લામાં ભરાઈ બેસીશું, એટલે શત્રુનું આપણા પ્રત્યે કાંઈ ચાલશે નહિ. એઓ સઘળા એવા વિચાર કરેછે, એટલે આપણું સૈન્ય તારંગાની થડમાં આવી પહોંચ્યું. આપણું સૈન્ય અને સેનાપતિ એ કીલ્લાની આસપાસની સઘળી ભૂમિથી જાણીતા હતા, તેથી કરીને બે ત્રણ દિવસ સુધી મુકામ કર્યા. પછી તારંગાના કીલ્લાને ચારે બાજૂથી ઘેરી લઈ તોપોનો મારો ચાલુ કર્યો. તેની સામે મ્લેચ્છોએ ચાર દિવસ સુધીતો બહાદરીથી ટકાવ કર્યો. પછી તેમને ખાવાપીવાનું ખૂટી ગયું, એટલે તેઓ સઘળા પોતાની હિમ્મત ખોઈ બેઠા. કીલ્લામાં બાહારથી અનાજ લાવવાનો એકે ઉપાય રહ્યો નહોતો. બીજી સવારે આપણી ફોજે એ મજબૂત કીલ્લામાં ગબારૂં પાડ્યું. તે જોઇને માંહે ભરાઈ બેઠેલા મ્લેચ્છોનાં કાળજાં ધડકવા લાગ્યાં. તેઓને એક એક દિવસનો કડાકો તો થયેલો હતો; એને લીધે તેમનામાં લઢવાની તાકાદ રહી નહોતી. તેઓ સઘળા પોતાના સરદારની ભૂલ માટે તેનો ધિઃક્કાર કરવા લાગ્યા. કેટલાકે તો તેને મોંઢે ચઢીને કહ્યું કે તેં અમને વગર વિચારે આ બંધીખાનામાં લાવી નાંખ્યા. હવે અહીંથી કોઈ જીવતો ઘેર જાય, એવું લાગતું નથી. કૂતરાની પેઠે વગર મોતે ભૂખના માર્યા તરફડી તરફડીને મરી જઇશું. અરે! અલ્લા! હમારા સરદારને તેં આવી મતિ કેમ સૂઝાડી? અરે! તેં અમારા કોઇના દિલમાં પણ એવો ખ્યાલ કાં ન કરાવ્યો? કે શત્રુઓના ઘરમાં પેસતાં અટકત. વેહેતા પાણીનો તારો જેમ બાંધ્યા પાણીમાં નિરૂપાય થઈ ડુબી મરેછે, તેમ હે અલ્લા! તારા પાધરમેદાનમાં વસનાર બંદાઓને કેદખાનામાં વગર ખાધે પીધે શત્રુની તરવારથી મરવાનો સમય આવી લાગ્યો છે!

મ્લેચ્છ સેનાપતિ આખરે નિરૂપાય થયો, ત્યારે તે નરમ થઈ સેનાપતિમંગને શરણે આવ્યો; અને દીનતાથી હથિઆર છોડી ફોજ સહિત સ્વદેશમાં પાછા જવા દેવાને અરજ કરવા લાગ્યો. સેનાપતિમંગને તેમના ઉપર દયા આવી, તેથી તેમને બે દિવસનું ભાથું આપી ફરીથી નહિ આવવાનું વચન લેઈ જવા દીધા. મ્લેચ્છ સિપાઈઓ હથિઆર છોડીને કીલ્લામાંથી નીકળી નદી ઉતરતા હતા, તે વખતે આનંદમાં આવેલા આપણા ક્ષત્રી પેહેલવાનોએ તેમના ઉપર ગોળીઓ ફેંકવા માંડી; પણ તેમને તેમ કરતાં આપણા સેનાપતિએ અટકાવ્યા; એટલુંજ નહિ પણ તેમને કહ્યું કે શરણ આવેલા સ્વધર્મી કે પરધર્મી શત્રુઓને મારવા એ નીતિ નથી; માટે હવેથી જે કોઈ તેવું કરતાં પકડાશે, તેને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે. એ પ્રમાણે તેની મના થતા થતામાં ઘણા મ્લેચ્છ સિપાઈઓ નદીમાં લથડી લથડીને પડ્યા; અને મરણ પામ્યા; એ વખતે મ્લેચ્છો દીનતાથી સલામો કરી માફી માગતા આગળ દોડતા હતા. તેમને તેમ કર્યાવિના બીજો એકે ઉપાય રહ્યો નહોતો; કેમકે તેઓ સઘળા ભૂખથી ઢીલા થયેલા અને હથિઆર રહિત હતા. જે મ્લેચ્છો હાંસે હાંસે જીતવા આવ્યા હતા, તેઓ ઇશ્વર કૃપાથી જીતાઇને નામોશી સાથે પાછા ફર્યાછે. જો તેના સરદારે માફી નહિ માગી હોત તો તેમાંથી એકે જીવતો ઘેર જવા પામત નહિ. તેમના ગયા પછી સેનાપતિ મંગે તારંગાના રક્ષણ સારૂ જથાબંધ બહાદૂર સિપાઈઓને મૂક્યા. એ કીલ્લાની ભીંતોમાં જે નુકશાન થયેલું હતું, તે સમરાવાનો બંદોબસ્ત કીધો. મને આપણા સેનાપતિએ જયના સમાચાર આપ નામદારને કહેવા સારૂ થોડાક સ્વારો સહિત અગાઉ જવા આજ્ઞા કરી. તેઓ સઘળા મુકામપરં મુકામ કરતા સૈન્યસાથે પાછળ આવેછે. તારંગાના ગઢવીઓ બે ઈમાન થઈ કીલ્લો સૂનો મૂકી નાસી ગયા છે. તેઓને પાછા પકડી લાવવા સ્વારો મોકલેલા છે. તેઓ પકડાઇને આવે ત્યાર પછી આપને યોગ્ય લાગે તેવી શિક્ષા તેઓને કરવા સમર્થ છો.

ધીરાપંજરને મોઢે ઉત્તર દિશાના વિજયી સમાચાર સાંભળી મહારાજા ચંદ્રસેન અને તેના પ્રધાનો ધીરાની હિમ્મત અને ચતુરાઈનાં વખાણ કરવા લાગ્યા. ઉત્તર તરફથી સેનાપતિ મંગ સઘળા સૈન્ય સાથે આવી પહોંચ્યો. મહારાજાએ એ સૈન્યજનને તેમના પરાક્રમ મુજબ મંગની સલાહથી શીરપાવ આપ્યા. ધીરાને તેના ભાઈ વીરાની બહાદૂરીની હકીકત કહી સંભળાવી. પોતે દરેક જણે મહારાજાની સારી શેવા બજાવ્યાથી તેઓ ખુશી થયા. એટલું કર્યા પછી મહારાજા ચંદ્રસેને પોતાનાં અધિરાજનાં મુખ્ય મુખ્ય શેહેરોમાં વીરા ધીરાની પ્રતિમાઓ બેસાડવા આજ્ઞા કરી. અગાઉ કેટલાંક સૈકાં વીત્યા પછી એ પ્રતિમાઓને તે કાળની વેહેમી પ્રજા દેવ ગણી પૂજવા લાગી. વીરાધીરા ઉપર મહારાજની મેહેરબાની ઘણી વધી પડી, તેથી કરીને સઘળા મંડળિક રાજાઓ, સામદો અમીરો અને રૈયત વગેરે પણ તેમને અતિષય માન આપી ચહાવા લાગ્યાં. આખા અધિરાજમાં સઘળે ઠેકાણે તેમનું માન વધી પડયું, તેથી એ બે ભાઇઓ પોતાની મૂળ પ્રકૃતિ પ્રમાણે આખા અધિરાજમાં મોકળે માહાલવા લાગ્યા. મહારાજાની બીકથી તેમની કીર્તિની અદેખાઈ કરનારા માણસો તો દબાઈજ ગયા; પણ તેમના મનમાં એમ હતું કે, ક્યારે લાગ આવે ? કે આપણે તેમને અપમાન અપાવી નીચા પાડીએ! અને બને તો તેમનું કાસળ કાઢી નાંખીએ.

પ્રકરણ ત્રીજું.

વિજયી સેનાને ઈનામ અકરામ આપ્યા પછી મહારાજા ચંદ્રસેન વીરાધીરા સાથે રાજમહાલયમાં પધાર્યા. ત્યાં બેઉ ભાઇને મહારાજાએ પોતાની સાથે જમવા બેસાર્યા, એટલુંજ નહિ પણ રસોઈ કરનાર દાસીને ખબર આપી કે હવેથી હમેશાં એ બે ભાઇઓ સારૂ મારા ભેગીજ રસોઈ બનાવવી. તેમજ એ બેઉને પણ સૂચના કરી કે તમારે આયંદેથી કોઈપણ માણસના ઘરનું અને હાથનું કાંઈપણ

ખાવું નહિ અને પીવું પણ નહિ. એટલુંજ નહિ પણ કોઇના હાથનો પ્રસાદ વિગેરે પણ લઇને ખાવો નહિ. હમેશાં આ દાસી પાસેથીજ જ્યારે જોઇએ, ત્યારે માગીને ખાવું, તેમાં લગારે શરમાવું નહિ. મહારાજા ચંદ્રસેને આ બે બાઇઓને હમેશાં રાજભોજન જમવાનો પ્રસંગ આપ્યો; પણ તેમનાથી ઝાઝા દિવસ તેનો લાભ લેવાયો નહિ. તેમની આવરદા તો બહુજ લાંબો હતો. એક દિવસ રાતે એ બે બાઇઓ મહારાજાના સૂચવ્યાથી નગરમાં નગર ચર્ચા જોવા ફરતા હતા. એ વખતે રાતના ત્રણ વાગેલા હતા. તેઓ ફરતા ફરતા નાગરવાડામાં થઇ આગળ ચાલતા હતા. તેવામાં એક શ્રીમંત નાગર ગૃહસ્થના ઘરમાંથી એક ખૂબસુરત અપ્સરા જેવી સ્ત્રી વિજળીની પેઠે ઝબકારા મારતી બહાર નીકળતી દીઠી. હીરા ઉપર દીપકનું અજવાળું પડવાથી જેમ તેના ઝળકાટમાં પુષ્કળ વધારો થાય છે, તેમ આ સ્ત્રીના ખૂબસુરત ચેહેરા ઉપર ચંદ્રનો પ્રકાશ પડવાથી તેનું રૂપ અધિક ઝળકારા મારતું હતું. તેમાં વળી તેના આભૂષણનું તેજ મળીને રૂપમાં અતિ ઘણો વધારો કરી આપતું હતું. તે રાજમાર્ગમાં થઇ તેમની આગળ ચાલતી હતી. બેઉ બાઇએ વિચાર કર્યો, કે એ સ્ત્રી અત્યારે આટલી માઝમ રાતે ક્યાં જતી હશે ? ઘણું કરીને તે પોતાના યાર પાસે જતી હશે; નહિતો આટલી મોડી રાતે આબરૂદાર અને ઊંચ વર્ણના ગૃહસ્થની સ્ત્રી બહાર નીકળે નહિ; માટે આપણે એને પૂછી પાર કાઢવો જોઇએ. એવો વિચાર કરી એ બેઉ બાઇ ઉતાવળા તે સ્ત્રીની પાછળ ગયા. પાસે જઇ વજ્જરે તેનું કાંડુ પકડ્યું, ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે ચાલ છોડ !! દૂર રેહે ! મારા કાંડાને બાઝીશ નહિ ! તું કેવો નિર્લજ છે ? કે પારકી સ્ત્રીનો હાથ પકડતાં વિચાર કરતો નથી. વીરાએ કહ્યું. તું કોણ છે ! અને આટલી રાતે બહાર જાય છે, ત્યારે તું નિર્લજ કે હું ? બોલ, તું ક્યાં જાય છે ! તે અમને કેહે, પછી તારી વાત. સ્ત્રીએ જવાબ દીધો, કે હું કાંઇ મૃત્યુ લોકની સ્ત્રી નથી. હુંતો વિધાતા દેવી છું. ને મારૂં નામ બ્રહ્માણી છે; અને કેટલાક લોક મને વિધાતા પણ કહેછે. આ નાગર ગૃહસ્થને ત્યાં પુત્ર અવતરેલો છે, તેની આજ છઠ્ઠી હોવાથી તેનું ભવિષ્ય નિ-

મીંણુ કરવા ગઈ હતી. તે કામ પુરૂં કરીને હું મારા મુકામપર જાઉંછું. ચાલ, હવે મને જવા દે. વીરાએ કહ્યું હું એક વાત પૂછું તેનો બરાબર જવાબ દે તો પછી જવા દેઉં. વિધાતાએ કહ્યું. ઉતાવળો પૂછી લે, મારે હજુ રસ્તામાં એક ગૃહસ્થને ત્યાં થઈ જવાનું છે; અને વાહાણું વાઈ જવાની બીક છે, તેથી મારે ઉતાવળ છે. વીરાએ કહ્યું અમો બેઉ ભાઇનો આવરદા કેટલો છે? વિધાતા દેવીએ જવાબ દીધો, કે તમે બેઉ રાક્ષસી અવતાર છો. સાત જન્મ સુધી તમારૂં મોત નથી. સાત અવતારથી અમર છો. જ્યારે તમારો દેહ ઘણોજ જીરણ થઈ જાય છે, ત્યારે તમે ખોળીયું બદલવા ગર્ભમાં દાખલ થાઓછો. કાયા બદલ્યા પછી પાછલી વાત ભૂલી જાઓછો; પણ તમારા આત્માની વાત તો તમે ભૂલતા નથી. ફક્ત શરીર સંબંધી અંગત્તાનની વાતજ ભૂલી જાઓછો. હવે મને જવા દો. વીરાએ મહારાજા ચંદ્રસેન વિશે પૂછ્યું, ત્યારે તેણે જવાબ દીધો કે એ પૂછવાનું કારણ નથી, એટલું બોલી અલોપ થઈ ગઈ; અને વીરો ધીરો ત્યાંનેત્યાંજ ઉભા રહ્યા. થોડીવાર પછી તેઓ પોતાના મુકામપર જઈ સુઈ ગયા; અને ઝટ નિંદ્રાવશ થઈ ગયા.

એજ રાતે મહારાજા ચંદ્રસેનને રાતના બાર વાગ્યા પછી મહા ભયંકર સ્વપ્ન થયું. તે એવું કે જાણે તે પોતાની અગાસીમાં બેઠો બેઠો આકાશ નિરીક્ષણ કરેછે. એવામાં ઉત્તર તરફથી એક મહા બળવાન અગ્નિનો ભભૂકો એકદમ ઊંચો ઉભરાઈ આવી સઘળા અધિરાજ ઊપર ફરી વળ્યો. તેમાં સઘળો દેશ પોતાની નજર આગળ બળીને ભસ્મ થઈ ગયો. પોતે તે બળતું જોતાં જોતાં અતિ કલ્પાંત કરતો હતો, તેવામાં તેની સામે એક મહા કદાવર લાંબી દાઢી વાળો બીઆમણો રાક્ષસ આવી ઉભો. તે તેને ઊંચકીને આકાશ માર્ગે ઉડી ચાલ્યો. તે વખતે તેણે તેનો ફક્ત એક પગજ માત્ર પકડેલો હતો, તેથી તેના હોસ કોસ ઉડી જઈ છેક શબવત થઈ ગયો હતો. તેવી સ્થિતમાં તેણે તેને એક અંધારી બીઆમણી જગામાં મૂક્યો; એટલે ત્યાં એક બીજો કાળો શાહી જેવો મોટી મોટી આંખોવ

ભયંકર રાક્ષસ આવી ઉભો. તેના હાથમાં એક ચળકતી તરવાર હતી, તે વડે તે, તેનું ગળું કાપવાને તેનાપર ધસી આવ્યો. તેણે તેના બહુએ કાલાવાલા કર્યા, પગે પડ્યો; અને તે કહે તે કરવા કબુલ કર્યું! તોપણ તે સઘળાને ન ગણકારતાં તેણે તેના ગળા ઉપર એકદમ કારી ઘા કર્યો, એટલે તરત તે જાગી ઉઠ્યો; અને ભયનો માર્યો થરથર કાંપતો ફરી ફરીને આસપાસ જોવા લાગ્યો; તો અગાસી, રાક્ષસ, અને ભડકો એમાંનું કંઇએ દીઠું નહિ.

આવા ભયંકર સ્વપ્નમાંથી માહારાજા ચંદ્રસેન જાગી ઉઠ્યો; અને જગદીશ્વરની પ્રાર્થના કરી પાછો સુઇ ગયો; પણ તેને સ્વપ્ન બાબત વિવિધ પ્રકારના વિચારો ઉપરા ઉપરી આવવા લાગ્યા, તેથી તેને લગારે ઊંઘ આવી નહિ. તે પથારીમાં આમ તેમ લોટે; પણ જીવને કંઈ ચેન પડે નહિ. દુધના ફીણ જેવી નરમ અને સુંવાળી પથારીમાં ઠંડક વળવાને બદલે તેને તે ગરમ લાગવા માંડી; ત્યારે તેણે પથારીમાંથી ઉઠીને બારીએ જઈ પેહેરેગીરને પૂછ્યું, કે કેટલા વાગ્યા છે! પેહેરેગીર મહારાજાનું બોલવું સાંભળી શબ્દ સલામતી આપી જવાબ દીધો, કે ત્રણ વાગી જઈ ચારનો અમલ થયો છે. એ ઉપરથી જણાયું કે રાત હવે થોડીજ બાકી છે; અને નિત્ય ઉઠવાનો સમય પણ થવા આવ્યો છે. એમ ધારી નીચે જઈ શૌચ વિધિથી પરવાર્યા પછી તે સ્નાન કરી પરમાત્માની પ્રાર્થના સંબંધી નિત્યકર્મમાં બેઠા. સવાર થતાં વીરોધીરો હમેશના ધારા મુજબ આવી હાજર થયા. તેમને જોતાંજ મહારાજાનું દિલ ઉભરાઈ આવ્યું; અને તેમને સ્વપ્ન સંબંધી સઘળી હકીકત કહી સંભળાવી. પછી તેમને કહ્યું કે એ સ્વપ્નનો છુપો ભેદ શું હશે? એ વિશેની તપાસ કરવા તમે બેઉ ભાઈ, એ દિશા તરફ જાઓ; અને જલદી પાછા આવો, એવી મારી ઇચ્છા છે. વીરાધીરાએ નમન કરી જવાબ દીધો, કે મહારાજાધિરાજ સ્વપ્ન આળપંપાળ છે, એથી તમારા માથા ઉપરથી વિઘ્ન જતું રહ્યું; અને આપ પૂર્ણ દીર્ઘાયુષી થયા, એમ જાણજો. સ્વપ્નની વાત કદી ખરી પડતી નથી, એ સઘળું આપ જાણોછો;

તોપણ આટલા બધા અધીરા થઇને મેં માથા વગરની બાબતની તજવીજ કરવા જવા આપ તાબેદારોને આજ્ઞા કરોછો, એ અમને તો ઉચિત લાગતું નથી, પછી આપની મરજી. એવાં ખોટાં સ્વપ્નની ઝંખનાથી માણસનો જીવ ઉતાપિ થાયછે ખરો; પણ તેને શાંત કરવા સારૂ જોશિ લોક સ્વપ્નનું ફળ અને તેનું નિવારણ કે શાંતિ કહી સંભળાવેછે, તે પ્રમાણે આપ વર્તો, એટલે આપનું ચિત્ત શાંત થઇને જીવ પાછો રાજકારભારમાં જોડાશે; અને સ્વપ્નની વાત પણ વિસારે પડશે. એ સાંભળી મહારાજાએ કહ્યું. રાજ જોશીને બોલાવી સ્વપ્ન બાબતની હકીકત તેને પૂછવી કે નહિ? એનો વિચાર તો મારે કરવાનો છે. મારૂં સ્વપ્ન કદી ખોટું પડયું નથી, તેમ મને બીજાઓની પેઠે વારે વારે સ્વપ્ન પણ આવતાં નથી; અને આવે છે, ત્યારે તે પ્રમાણે થયાવિના રેહેતું નથી. તેમાં વળી આ મહા ભયંકર સ્વપ્ન તો છેક પાછલી રાતનું થયેલું છે, તેથી તે સામુદ્રિક ગ્રંથ અને પંચવાયકા પ્રમાણે ખરૂંજ પડવું જોઇએ. તમે એ ભાઇએ તમારા સ્વદેશને માટે અને વિશેષે કરીને ખૂદ મારે પોતાને માટે એક કરતાં વધારે વખત તમે તમારો જીવ, જે સર્વ મનુષ્ય પ્રાણીને સઘળા કરતાં વહાલોછે, તેને પણ તમે જોખમમાં નાંખવા પાછી પાની કરી નથી, તેમ સંકટો વેઠવામાં પણ ખામી રાખી નથી. તમે જાણે, તમારા પોતાના સ્વદેશની અને તમારા અધિરાજાની ખાતર જન્મ ધર્યો હોય, તેમ અહર્નિશ વર્તોછો; અને તમે મારા મૂખમાંથી બોલ નીકળતા પેહેલાં, ગમે તેવા દુસ્તર કામમાં ઝંપલાવી પડ્યાછો, એટલુંજ નહિ પણ તે પાર પાડી આવ્યાછો, ત્યારેજ જંપીને બેસોછો. છતાં આ સમયે જ્યારે મને સ્વપ્ન વિષે પુરેપુરો સંશય પડ્યોછે, ત્યારે તમે મારી આજ્ઞા બજાવવા આનાકાની કરો છો; માટે મારી ખાતરી થાયછે, કે એ ભુંડા સ્વપ્ન મુજબ જરૂર મારૂં અને મારી વહાલી નિમકહલાલ પ્રજાનું આવી બનવાનુંછે, એમાં કંઈ સંદેહ રેહેતો નથી. મહારાજાના મૂખમાંથી એવાં તોછડાં વચન નીકળ્યાં, ત્યારે બેઉ ભાઈ તેમની આજ્ઞા મુજબ જવાને કુ-

કમર બાંધી તૈયાર થયા. મહારાજા ચંદ્રસેને તેમને ખુશી થઇને વાટ ખરચી સારૂ જોઇએ તેટલું દ્રવ્ય અને બીજો સામાન તે બે ભાઇની ઇચ્છા પ્રમાણે બંધાવ્યો. તે લઇને તેઓએ મહારાજાને નમન કરી પોતાને ઘેર ગયાવિના બારોબાર ઉત્તર દિશાનો રસ્તો લીધો. ઘેર જવાનું તો તેમણે રાખ્યુંજ નહોતું; કેમકે ઇંદરાજનો ખજાનો, તો મહારાજાને સોંપ્યો હતો; પિતાનું મેળવેલું ધન, તો તેમણે ક્યારનુંએ ફના ફાતીઆ કરી દીધું હતું. ઘરનું ખોખું માત્ર રહેલું હતું. તે પણ એ બેઉ ઘણું કરીને મહારાજા સાથે રાજમેહેલમાં રહેતા, તેથી છેક જીરણ થઈ પડું પડું કરી રહ્યું હતું. વીરાધીરાના વિદાય થયા પછી થોડીવારે હમેશના ધારા મુજબ જુદા જુદા ખાતાના પ્રધાનો આવીને મીજલસી મેહેલમાં બેઠા; અને મહારાજા ચંદ્રસેન પણ પોતાના નિત્યકર્મથી પરવારી જનાની વસ્ત્ર પેહેરીને પ્રધાનો પાસે પડેલા ગાદીતકીએ બેઠા. તેમને પ્રધાનોએ હમેશના ધારા મુજબ ઉભા થઈ નમન કરી ને પોતપોતાની જગાએ બેઠા. એટલે નેકીદારે નેકી પોકારી; અને ખજાનાના પેહેરેગીરે આવીને નમન કરી ખેરસલ્લા પોકારી. એ રીતે નિત્ય વહીવટી કામ પતી ગયા પછી, મહારાજાએ ત્રિકાલજ્ઞાની રાજજોશી ગુણમંડનને તેડી લાવવા એક પ્રધાનને આજ્ઞા કરી. પ્રધાને દરબારી હમાલદારોને પાલખી લઈ તે જોશીને તેડવા મોકલ્યા, એટલે એ જોશી પાલખીમાં બેશી મહારાજા પાસે આવી ઉભા. તેમને યોગ્ય આદરસત્કાર કરી આસને બેસાડ્યા. પછી મહારાજાએ સઘળા સાંભળે તેમ એ જોશીને પોતાને ગઈ રાતે થયેલા ભયંકર સ્વપ્નની સઘળી હકીકત કહી સંભળાવી; ને વિનતિ કરી કે એ સ્વપ્નનું ફળ શું હશે? તથા તેનું નિવારણ શી રીતે થાય? એ સઘળું વિસ્તારી કહેવા કૃપા કરો. એ જોશી બાવાના પૂછવાથી મહારાજાએ સૂતી વખતે જે ચિંતન કરેલું; અને એની મેળે થયેલું તે પણ કહી સંભળાવ્યું. એ પછી ગુણમંડન જોશીએ એક દાસીપાસે થોડાક ચોખા મંગાવી પાટલા ઉપર પાથર્યા; અને તેમાં ગ્રહકુંડળી કાઢી ગણિત ગણવા માંડ્યું. જેમ જેમ ગણિત ગણાતું

ગયું, તેમ તેમ તેથી ઉપજેલા અંકો ગ્રહકુંડળીનાં જુદાં જુદાં ઘરોમાં પુરતા ગયા. સઘળા અંકો પુરાઈ રહ્યા પછી, તે અંકો સાથે સંબંધ રાખનારા અક્ષરો તેજ અંકો નીચે માંડ્યા. ગુણમંડન જોશી મહારાજા સામુ જોઈ બોલ્યા, કે હવે હું સ્વપ્નનું ફળ કહી બતાવુંછું. તે આપ કૃપા કરી સાંભળશો. આ ગણિતમાં ગણતાં જે પરિણામ આવ્યુંછે, તે બધું યથાસ્થિત કહુંછું. મહારાજાએ પ્રસન્ન ચેહેરે કહ્યું કે, મારી કે બીજા કોઇની બાકર્યાં કાંઇપણ ફેરફાર ન કરતાં, જે હોય તે ખરેખરૂં કહો. તમે કાંઈ તમારા ઘરનું કહેતા નથી. ગણતાં આવ્યું, તે પ્રમાણેના ફળનાં મુનિ વચન કહી સંભળાવોછો. તેમાં તમને કાંઈ દોષ દેવાનો નથી, તેટલા માટે તમારે પણ જગતપિતાને માથે રાખી જે હોય તેજ કહેવામાં કંઈ આચકો ખાવો નહિ. જોશીબાવા નમન કરી બોલ્યા. શેવકની બેઅદબી માફછે, એમ કહીને

સ્વપ્નફળ—આપણા અધીરાજમાં કોઈ ક્ષત્રીને ત્યાં બે જોળવા પુત્રો અવતરેલા છે. તેમના જન્મ વખતે તેમની માતાએ આજ મહારાજે સ્વપ્નમાં દીઠો તેવોજ, અગ્નિનો ભભૂકો આખા નગરપર ફરી વળતો દીઠો હતો. એ છોકરાઓનો જન્મ એવા ખોટા મુહૂર્તમાં થયેલો છે કે તેઓ જે રાજમાં રેહેશે, તે રાજનો તેના રાજાધિરાજ સુદ્ધાં મહાક્રુર રીતે નાશ થશે. એ બે ભાઇઓ પૂર્વે જન્મે બે બ્રહ્મરાક્ષસો હતા. આપ જો કદાપિ એ બેઉ ભાઇને શોધી કઢાવી આપણા નગરની ઉત્તર દિશાએ એવા મોટા અગ્નિના ભડકામાં હોમી દો; અને ઉપરથી શાંતિ સારૂ યથાશક્તિ ઘીની આહુતિ અપાવો, તો એ વિઘ્ન દૂર થાય. આપને જેવું સ્વપ્ન થયું, તેવીજ આફત એ બે ભાઇના કુટુંબ ઉપરજ આવવાની હતી; પણ એ અગ્નિજ્વાળાની વાત તેમની માતાએ છૂપાવી રાખી, કોઇને પણ કહી નહીં, તેથી એ ગેબી સ્વપ્નની આફત આખા પુષ્કરાવર્તક અધિરાજને માથે આવી પડેલીછે. કહેવતછે કે "એકને પાપે આખું વહાણ ડૂબે" તેમ એ બે ભાઇઓને લીધે આખા અધિરાજની પ્રજાને તેના પાલક સહિત મહાસંકટ સોસવું પડશે. એ પ્રમાણે અમે તો શાસ્ત્રાધારે ગણિત

ગણી જે આવ્યું, તે કહ્યુંછે. "ખરૂં ખોટું તો પ્રભુ જાણે; અને ખા-
લીભાર જોશી તાણે;" કેમકે ન જાનાતિ જાનકીનાથ: પ્રાત:કાલે-
કિમ્ ભવિષ્યતિ. એ પ્રમાણે પરમકૃપાળુ પ્રભુએ ડહાપણથી જે વાત
જાણવાની શક્તિ મનુષ્ય પ્રાણીને આપી નથી, તે વાત, જોશીઓ
જ્યોતિષરૂપ દેવત્ત દર્પણવડે કહેવાને દાવો કરેછે. એટલું બોલી ગુણ
મંડન જોશી ચુપ રહ્યા. પછી મહારાજાએ કહ્યું કે, જોતિષમાં કહેવા
પ્રમાણે એ બે ભાઈને બાળી મૂકવાથી તથા તેમાં કહેલું પ્રાયશ્ચિત
કર્યાથી આખા રાજનું વિઘ્ન જતું રહેછે. તો તેમ કરવામાં આપણે
લગારે આળસ કરવું નહિ, એ વચન સાંભળતાંજ એક છાલકા પે-
ટના અદેખા પ્રધાને જોશી સામું જોઈ મુખમુદ્રાની સંજ્ઞાથી પોતા-
નો સંતોષ જાહેર કર્યો; પણ તે ઉપર એ વખતે તો મહારાજા ચંદ્ર-
સેનનું ચિત્ત આકર્ષાયું નહિ; કેમકે તેમના અંત:કરણમાં કાંઈ ભિન્ન
ભાવ હતો નહિ. જોશી મહારાજાને સીધું અને એક સુવર્ણ મોહોર
દક્ષણામાં આપી વિદાય કર્યા, તેમજ પ્રાયશ્ચિત માટે પણ તેમને જે
જે સામાન જોઇએ, તે સઘળો આપવાને કોઠારી ઉપર પત્રી કરી
આપી. તેઓ સર્વને આશિર્વાદ દેઈ ચાલતા થયા. મહારાજાએ પો-
તાના બે પ્રધાનોને જોશીએ કહેલા બે ક્ષત્રી ભાઇઓની તપાસ કરવા
મોકલ્યા. તેઓ ખુશી થતા મહારાજાની આજ્ઞા બજાવવા સારૂ દેવ-
ડીપરથી કેટલાક સિપાઇઓ સાથે લેઈ નગરમાં ગયા; અને જોશી-
એ પણ રાજકોઠારી પાસેથી મોં માગ્યો સામાન લેઈ બીજી સવા-
રથી વિદ્વાન બ્રાહ્મણોનું વરણ કરી સ્વપ્નપ્રાયશ્ચિત વિધિ શરૂ કરી.
પ્રધાનોને આખા નગરમાં બે ક્ષત્રી જોળવા ભાઇની શોધ કરતાં
પુષ્કળ ધાલમેલ કરી મૂકી, તો તેમને પાછલાં ત્રીશ વરસમાં વીરાધી-
રાવિના બીજા કોઈ જોળવા જન્મેલા ભાઇઓ માલમ પડ્યા નહિ.
તેમણે મહારાજાપાસે જઈ તે પ્રમાણેની સઘળી હકીકત નિવેદન કરી.
તે સાંભળી મહારાજાને ભ્રાંતિ પડી કે, વીરોધીરો તે મારા અને રા-
જના હેતસ્વી છતાં એ બેઉના શત્રુ કેમ હોય ?!! તેઓ તો આખા
અધિરાજના મુખ્ય સ્તંભોછે. બ્હાર તેની ધાડ હોયજ કેમ! એવા

રાજભક્ત ભાઇઓને જીવતા કેમ બાળી મૂકાય? તેમ છતાં હું કદાપિ સ્વાર્થમાં અંધ થઈ તેવું કર્મ કરૂં, તો આખા અધિરાજમાં મારી કેટલી બધી અપકીર્તિ થાય! અપકીર્તિને પણ ન ગણકારતાં હું તેમને બાળી મૂકું; પણ તેઓ તો કોણ જાણે કેટલા દૂર નીકળી ગયા હશે; તેમને મોકલી દેવા માટે ઇશ્વરે મને જે મતિ સૂઝાડીછે, તે વાજબીજ સૂઝાડી છે. એવા રાજભક્તોને શિક્ષા થાય, તો રાજનું ભલું કોણ ચહાય? એવું અધર્મનું કામ કરીને હું પ્રભુનો પણ કૃતઘ્ની ચોર થાઊં, એમાં કંઈ સંદેહ નથી; અને તેવું કરીને છેવટે મારે પસ્તાવુંજ પડે, માટે એવું ઘોરકર્મ તો મારે કદી પણ આચરવું નહિ. પ્રાયશ્ચિત કરવું તે ઠીકછે, કે "પુન્યે પાપ ઠેલાય." એવા એવા અનેક સંકલ્પ વિકલ્પો કરી છેવટે એ બે ભાઇને બાળી મૂકવાનો વિચાર બંધ પાડી પ્રાયશ્ચિત વધારે શ્રદ્ધાથી કરવાનું ઠેરવ્યું; અને કદાપિ સઘળાંની હઠ આગળ પોતે નિરૂપાય થાય, તો તે બે ભાઈઓનાં પૂતળાં બનાવી પૂતળવિધાન કરવાનો પક્કો નિશ્ચય કર્યો.

ઉપર પ્રમાણેનો નિશ્ચય મહારાજાએ જોશીને બોલાવી જાહેર કર્યો; અને તેને બીજું કર્મ યથાવિધિ કરવા સૂચના આપી. વીરાધીરાને પાછા પકડી મંગાવી બાળી મૂકવાનો વિચાર બિલકૂલ બંધ પડેલો જોઈ તેમની કીર્તિની અદેખાઈ કરનારા સામદ શેવકો મહારાજાને જોશીના કહેવા મુજબની સઘળી ક્રિયા કરવા ઉશ્કેરણી કરવા લાગ્યા, ત્યારે મહારાજાએ તેમના બોલવા ઉપર ધ્યાન આપ્યું, નહિ; એટલુંજ નહિ પણ ફરીથી એ બે ભાઇઓને બાળી મૂકવા સંબંધી વાત કરવાની તદન મના કીધી. મહારાજા આગળ પોતાનું કંઈ ફાવતું નથી, એમ જાણીને તેમણે સ્વપ્ન સંબંધી સઘળી હકીકત મહારાણીને કહી; અને એ બે ભાઇઓ વિષે ઘણી ઘણી આડી વાતો ભરવી મારી, તેથી તે ભંભેરાઈ ગઈ; અને એ ખટપટીઆઓના વિચારને ટેકો આપી મહારાજા પાસે તેમ કરાવા કબુલ કર્યું. સ્ત્રીઓ ગમે તેટલી ડાહી હોય, તોપણ કહેવત છે કે "સ્ત્રીની બુદ્ધિ પાનીએ" તે એ પ્રમાણે રાણીના કોમળ અંતઃકરણમાં તર્કટી સામ

દીએ જે વેહેંમી વાત કહી; તે સઘળી સંપૂર્ણ ઠસી ગઈ. વીરાધીરાથી રાજનું ભુંડું થનાર છે, એવી વાત તેને કાને પડતાંજ તે મહારાજા પાસે ગઈ, અને એ બે ભાઇને જીવતા બાળી મૂકવાની સૂચના કરવા લાગી. મહારાજાએ તેને ઘણુંએ કહી કહીને સમજાવી; અને જોશીને પણ અગાઉથી અદેખા માણસોએ કંઈ કંઈ શીખવી રાખ્યું હશે, એવી વાત પણ કહી સંભળાવી; તોપણ તેણે કશાને પત ક્યું નહિ; ને એ બે ભાઇને બાળી મૂકવાનીજ હઠ પકડી બેઠી. તેમાં વળી મેહેલમાંહેની દાસીઓ, દાસ અને બીજા માણસો પણ મહારાણીના અભિપ્રાયને અનુકુળ થયા, ત્યારે મહારાજા તે સઘળાં ઉપર ચીડાઈ ગયો; અને લાલચોળ આંખો કરી સિંહની પેઠે ગર્જના કરી બોલ્યો કે ખબરદાર! હવેથી કોઈએ એ સંબંધી વાત કાઢીતો. રાજ સંબંધી કામમાં તમારે વચ્ચે પડવાની કાંઈ જરૂર નથી; છતાં એ બે ભાઇનું કોઈ નામ લેશે, તો તે મારી દયા પાત્ર થશે નહિ. એવાં વચન સાંભળી સઘળાં થથરી ગયાં; અને સૌ, સૌને કામે લાગી ગયાં.

એ સમયમાં મહારાણી ચંદ્રાવતી ગર્ભવંતી હતી. તેને પ્રસવકાળ પાસે આવવાથી મેહેલમાં સઘળાં દાસ દાસીઓ સુવાવડના સામાનની તૈયારી કરવાના ખટરાગમાં પડ્યાં હતાં, એથી કરીને ખાવાપીવા વિગેરે સઘળી વાતની તજવીજ દાસ દાસીઓથી સાચવી શકાતી નહોતી; તેમ તે વખતસર જોઇએ ત્યારે થતી નહિં એથી મહારાજા મનમાં ઘણા અકળાતા; પણ હોય, ચાર દિવસ એમજ હોય. એમ ગણી તે વાતની દરગુજર કરતા હતા. મહારાજા મેહેલમાં કોઈ દાસ દાસીને કાંઈ કામકાજ બતાવે; અથવા કંઈ જવાની આજ્ઞા કરે, તો તેઓ સઘળાં મહારાણીએ સાંપેલા કામનું બહાનું બતાવતાં હતાં; તોપણ મહારાજાની આજ્ઞા ન લોપાય એમ જાણી કહેતાં કે હાજી મહારાણીની આજ્ઞા લેઈ આપને કામે જાઉંછું. એ પ્રમાણે કોઈ નકામા બેસી રહેલા માણસને પણ કામ બતાવે તો તે મહારાણીના કામનું નિમિત્ત બતાવી ઉઠી જાય. આવો કારભાર લગભગ રાજમેહેલમાં એક માસ થયાં ચાલતો હતો, તેથી મહારાજા છેક કં-

ટાળી ગયા હતા. તેવામાં વળી વીરાધીરા બાબત ઉપર કહેલી હઠ મહારાણી કરવા લાગી; એટલે મહારાજાને ક્રોધ વ્યાપવામાં કાંઈ ખામી રહી નહિ. મહારાણીનું અપમાન કરવું એ હેતુથી તે ક્રોધમાં ધુંધવાયલા ધુંધવાયલા આરામ મેહેલની અગાસીપર આસન નંખાવી બેઠા. તે ત્યાં પોતાના મનને પૂછવા લાગ્યા કે શું! સુવાવડનું કામ એટલું બધું કડાકૂટ અને જોખમ ભરેલું છે ? કે આજે લગભગ એક કે દોઢ માસ થયાં, મેહેલમાં તે બાબતના સામાનની ધમાલ રાતદિવસ મંચી રહીછે! તોપણ તે હજુ પુરી થઈ નથી! અને આટલાં દાસ દાસીએ કોઈ વખતસર પાણી પાવાને નવરૂં નથી, એ કેવી નવાઈ જેવું છે. હજુ તો આ પેહેલીજ સુવાવડ છે, બે ત્રણ થતામાં તો સઘળાં મળીને રાણીને બદલે મનેજ ખાટલામાં સુવડાવશે કે કેમ? તેમના મનમાં આવા આવા તુરંગ આવેછે. એટલામાં તેમની નજર અગાસીની બીજી બાજૂએ રાજમાર્ગ ઉપર પડી, તેથી એ વાત જરા વિસારે પડી. એ વખતે સૂર્ય ક્ષીતિજમાં જતો રહ્યો હતો, તેથી સાંજના ઠંડા પવનને લીધે મહારાજાનું પરિતાપ પામેલું મગજ જરા શાંત થયું. રાજમાર્ગમાં હજારો માણસ તરેહ તરેહના ધંધારોજગારસર જતાં આવતાં હતાં. ખેડૂતો અને મજૂરો ઘાસ, બળદ, દાણાનાં ગાડાં વગેરે લઈ ખેતરમાંથી ઘેર જતા હતા. શેઠ, શાહુકારો બેશી નગર બહાર દેવ દર્શન કરવા કે ફરવા હરવા જતા હતા. ગાંધી નેસ્તી વગેરે દુકાનદારો પોતાની દુકાનો બંધ કરી વાળુ કરવા જતા હતા; અને સરાફો ખભે રૂપિઆ ખૂરદાની થેલીઓ મૂકી, બજારમાંથી પોતાના ઘર તરફ જતા હતા. એવામાં મહારાજા ચંદ્રસેનની નજર એક ગરીબ મજૂરણ, માથે મોટો ઘાસનો ભારો લઈ પોતાના ઘર તરફ જતી હતી, તેના ઉપર પડી. એ બાઈ ગર્ભવંતી હતી. તેના આગલા દેખાવપરથી જણાતું હતું, કે તેને પુરા દિવસ થવામાં કદાપિ જૂજ દિવસ બાકી હોયતો હોય. તેના ઉપર નજર કરી મહારાજા ઉપરનું અનુમાન કરેછે, એટલામાં ઇશ્વરેચ્છાથી તેને રસ્તામાં ચાલતાંજ પ્રસવ થવાનાં ચિન્હ માલમ પડ્યાં, તેથી તે બાઈ રસ્તાની બા-

જૂપર જઇને એક બે ભીંત વચ્ચેનો ખુણો હતો, ત્યાં જઈ બેઠી; અને પોતાની આગળ ઘાસનો ભારો નાંખી દીધો. જરાવાર નહિ થઈ, એટલે તેને બાળક સાંપડ્યું. તેણે તે બાળકને સાફસુફ કર્યું. પછી ત્યાંથી આશરે અર્ધ કલાકે કાછડો મારી ઉભી થઈ; ને એક રસ્તે જનાર માણસને પોતાનો ભારો ચઢાવવા નમ્રતાથી કહ્યું તે માણસે આવીને તેને ભારો ચઢાવ્યો, એટલે તે પોતાના બાળકને લેઈ સરસરાટ પોતાને ઘેર ચાલી ગઈ. એ સમયે સંધ્યાકાળ વટીને અંધારૂં થયું હતું; તોપણ તે મજુરણનો હૃદયભેદક અને મનચિંતક બનાવ જોવામાં મહારાજાને એટલી બધી રમુજ પડી હતી, કે તે સ્ત્રી ત્યાંથી પરવારીને વિદાય થઈ, ત્યાં સુધી અગાસીમાં ને અગાસીમાંજ બેશી રહ્યા. હવે આ ઉપરથી મહારાજાના મનની તો ખાતરી થઈ ચૂકી કે સ્ત્રીઓને પ્રસવકાળનો સમય બહુ બારીક ગણાય છે, તે ખરો છે; પણ તેમાં કાંઈ જોખમ નથી. સઘળાં પ્રાણી વર્ગની માદાઓને એ ઈશ્વરે આપેલું છે; અને બીજાં પ્રાણી જેમ તેમના અંગત્રાનને લીધે. એ ક્રિયાથી છૂટાં થાયછે, તેમ સ્ત્રીઓ પણ અંગત્રાનને લીધે, પ્રસવક્રિયા વગરઅડચણે એ સ્વાભાવિક નિયમને અનુસરી પાર પાડે, તેમાં નવાઈ નથી. સ્ત્રીઓ એ સમયને માટે ધામધૂમ કરેછે, તે સઘળી નકામી માનની ખટપટ છે. આજ લગભગ એક માસ થયાં દાસ દાસીઓ મેહેલમાં સુવાવડનો સામાન કરેછે, તે સઘળો ફોગટ મોટાઇનો ઢોંગ છે. પ્રસવ થવામાં એ બધી ખટપટ શા માટે જોઇએ! પેલી બિચારી ભલી મજૂરણે શી તૈયારીઓ કરી મૂકી હતી? કાંઇએ નહિ; અને તેને તે વખતે કંઇપણ પદાર્થની ગરજ પણ ન પડી. એ સમયે ફક્ત ખોરાક સારો ખાવો જોઇએ; કારણ કે તેથી બચ્ચાંને પુરતું દુધ મળે; અને વે તનદુરસ્ત રહે. એવા વિચારમાં ને વિચારમાં મહારાજા મેહેલમાં-નીચે આવ્યા; અને સઘળાં દાસ દાસીઓને સુવાવડ સંબંધી કામ કરતાં એકદમ અટકાવી પાડ્યાં, એટલુંજ નહિ પણ તેમને સૂચના આપી કે હવે પછી રાણીની આજ્ઞાથી કોઈપણ માણસ સુવાવડના સામાન સંબંધી કાંઇપણ કરતો

માલમ પડશે, તો તે સખ્ત શિક્ષાને પાત્ર થશે. યાદ રાખો કે પ્રસવ સમયે કોઈ દાઈ કે વૈદને બોલાવવાની પણ કાંઈ જરૂર નથી. એવી ખાલી મોટાઈ અને ઢોંગ શા માટે જોઇએ? આજ એક માસ થયાં નહિ ખાધાના; અને નહિ પીધાના. રાતદિવસ એની એજ ખટપટ? દુનિઆમાં બીજી સ્ત્રીઓને પ્રસવકાળ આવતો હશે? કે તેઓ સઘળી વંધ્યા રહેતી હશે? જો સઘળાને ત્યાં આવીજ ખટપટ ચાલતી હોય, તો બિચારા મરદો તો ક્યારનાએ મરવા પડ્યા હોય; એ માટે તમારે કોઇએ કાંઈપણ કરવું નહિ. જેટલું થયું તેટલું થયું; અને રહ્યું તે છો રહ્યું. એ પ્રમાણે આજ્ઞા કરીને મહારાજા પોતાના દીવાનખાનામાં જઈ બેઠા.

મહારાજાને મુખેથી એવાં ક્રોધ ભર્યાં વચન સાંભળીને મેહેલમાંનાં સઘળાં માણસો વિસ્મય પામી ઉભાં રહ્યાં. લગભગ પા ઘડી સુધી તો તેઓ જેજે કામમાં લાગેલાં હતાં. તે તે કામ પણ તેમનાથી વેગળાં મૂકી શકાયાં નહિ, તેમ તેમને પુરાં કરવા સારૂ તેની પુનઃશરૂઆત કરવા પણ હિમ્મત ચાલી નહિ. મહારાજાના ગયા પછી થોડીવારે તેઓ પોત પોતાનાં કામ મેં આગળથી દૂર મૂકીને મહારાણી સામું ટકટક જોવા લાગ્યાં. મહારાણી એટલી ચિંતા ગ્રસ્ત થઈ પડી કે હવે મારૂં શું થશે? હવે હું જરૂર મરી જવાની, એવી ફિકરથી તેનો આનંદી ચેહેરો કરમાઈ ગયો. અરે! આટલી બધી ત્રેવડ થવા છતાં મને જીવવાની સપૂર્ણ આશા નહોતી, ત્યારે હવે તો હું જરૂર મરી જઇશ. એમ બોલતાં બોલતાં તેની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં. ને તે મૂર્છાવશ થઈ પડી. એક બે દાસીઓ તેની પાસે જઈ ખમા! બા, ખમા! બોલતાં આસના વાસના કરવા લાગી. માહારાણીના શોકથી આખા મેહેલમાં સઘળે શોક શોક પથરાઈ રહ્યો; અને તે સ્મશાનની પેઠે ખાવા ધાય તેવો લાગવા માંડ્યો. મહારાજાની બીકથી મેહેલમાં સર્વે કોઈ ધીમે અવાજે બોલતાં હતાં; અને ચલન વલન તથા કામકાજ પણ નરમ હાથપગે કરતાં હતાં. મહારાજા જે વખતે અગાસીમાં બેઠા હતા, તેજ વખતે તે અગાસીની નીચેના

માળમાં મહારાણીની લવંગા નામની દાસી ઝાડું કાઢતી હતી. મહારાજાની પેઠે તેણે પણ પેલી ગરીબ મજૂરણનો સઘળો બનાવ બારીએ રહીને જોયો હતો. એ દાસી પોતાના કામ કાજથી પરવારી નીચે આવી તો મેહેલમાં સઘળે સુનકાર ભાસવા લાગ્યું, તેથી તે વિસ્મય પામી ચાલી ચાલી મહારાણીના મેહેલમાં ગઈ, તો ત્યાં સઘળાં દાસ દાસીઓને ઉદાશ ચેહેરે બેઠેલાં દીઠાં; અને મહારાણીને પથારીના તકીઆ ઉપર અઢીંગીને પડેલી હાલતમાં અશ્રુપાત કરતી જોઈ. બે ચાર દાસીઓ તેની આસપાસ વિંટળાઈ વળી આસના વાસના કરી, મન વળાવતી હતી. તે ધીમે ધીમે મહારાણીની સામે આવી બેઠી; પછી તેણે ધીમે રહીને પાસે બેઠેલી દાસીને આવી રીતે એકદમ દિલગીરી પથરાવાનું કારણ પૂછ્યું. દાસીએ તેને બીતાં બીતાં મહારાજાની ભયંકર આજ્ઞા કહી સંભળાવી. લવંગા થોડીવાર સુધી મહારાણી સામું જોઇને સઘળાંની પેઠે ચુપ થઈ બેસી રહી. પછી બીજી દાસીઓ આસના વાસના કરતી હતી, તેમાં ભાગ લેઈ ધીમે રહીને બોલી. બા સાહેબ, તમે આટલાં બધાં આકળાં થઈ અતિ ઉદાશીમાં કેમ પડ્યાં છો? એવું કરવાથી તો તમારા શરીરને અને ગર્ભને બન્નેને નુકશાન પહોંચેછે; માટે સઘળી દિલગીરી કાઢી નાંખી સાવધ થાઓ તો હું મારી અક્કલ પ્રમાણે મહારાજાના એ કોપનું કારણ કહું. તે તમે સાંભળો, પછી તમને જે ઉપાય કરવો ઉચિત લાગે, તે કરીને મહારાજાનું મન પ્રસંન કરજો. મહારાણી ડસકાં ભરતાં ભરતાં તકીએથી અર્ધાં ઉઠીને લવંગાને કહેછે. અલી! તું શું કહેવાની છે? એમ કરીને તું મને ધીરજ આપી છાની રાખવાનું કરેછે પણ હવે મને ધી ....(એટલું બોલતાં છાતી ભરાઈ આવેછે) દાસીઓ તેને છાની રાખી લવંગા શું કહેછે, તે સાંભળવાને વિનતિ કરવા લાગી. ત્યારે તે હૈયું ઠેકાણે રાખી આંસુ સાડીને પાલવે લૂછતાં લૂછતાં બોલી. બોલ બેહેન લવંગા તું કહેછે. હવે મારે માત્ર સાંભળવાનુંજ રહ્યુંછે. લવંગા બોલી. બા સાહેબ અપ્રસૂતા સ્ત્રીઓને પ્રસવ પીડાની વેદના માલમ નથી, તો પુરૂષો એ વાતમાં શું જાણે? તેમના

જોવામાં, પોતે સાંભળીને અનુભવ મેળવ્યો હોય તેથી ઉલટો બનાવ એકાદવાર આવે, તો સઘળાંને એમજ થતું હશે, એવું અનુમાન કરે. આજ લગભગ એક માસ થયાં સઘળાં દાસ દાસીઓ આપની સુ-વાવડ સામગ્રી કરવામાં રોકાયલાં છે, તેથી સઘળાંને કામકાજ એ-ટલું બધું પહોંચેછે કે કોઈ ઊંઘ કરીને ઊંઘવા પામતું નથી. અને ભૂખ કરીને ખાતું નથી. તેમ કોઈ થાકને લીધે હાસ કરી બેસવા પામતું નથી. એને લીધે મહારાજાની ચાકરી પણ વખતે વખત તે-મની આજ્ઞાને અનુસરીને થતી નથી. તેઓ જમવાનું પણ વખતસર પામતા નથી, તો પછી બીજી બાબતનું પૂછવુંજ શું? મહારાજા જ્યારે જ્યારે રણવાસમાં આવેછે ત્યારે ત્યારે એનીએજ કડાકૂટ ચાલતી જોઈ ઘણીવાર અધવચ પાછા જતા હતા. એ પ્રમાણે મેહેલના કા-રભારથી તેઓ છેક કંટાળી ગયેલા હતા. તેમાં વળી આપ સાહેબે બળતામાં ઘી હોમવા જેવું કર્યું. મહારાણીએ કહ્યું, તે શું વળી? લ-વંગાએ જવાબ દીધો. તે, એ કે કેટલાક ખટપટીઆ સામદો અને પ્રધાનોની શીખવણીથી મહારાજાને પોતાના જીવથી અધિક વહાલા વીરાધીરાને જીવતા બાળી મૂકાવવાની હઠ તમે લેઈ બેઠાં. તે હઠ મહારાજાએ તમને સમજાવવા છતાં પણ તમે છોડી નહિ, એટલુંજ નહિ પણ મહારાજા ન જાણે તેમ એ તર્કટી મંડળી સાથે મસલત કરીને એ બે રાજ ભક્ત બાઈઓને પાછા પકડી મંગાવવા સ્વારો મોકલ્યા. એ હકીકત જાણી મહારાજા ખરેખરા ક્રોધાયમાન થઈ દ-રબારમાંથી રાજમેહેલમાં આવ્યા. એ વખતે આપણ સઘળાં આપ-ણી કડાકૂટમાં પડેલાં હતાં, તેથી તેમને ખુશી કરવા કે તેમની આજ્ઞા પૂછવા કોઇએ કંઈ દરકાર કીધી નહિ; એટલે તેઓ જરાવાર થોભી પરભાર્યા આરામ મેહેલની અગાસી ઉપર પોતાનો પરિતાપ શાંત પમાડવા માટે જઈ બિરાજ્યા. રાજમાર્ગમાં કરમની કાઠી પુરા માસ વાળી કોઈ ગરીબ મજૂરણ ઘાસનો ભારો લેઈ પોતાને ઘેર જતી હતી. તેને રાંડને બોગજોગે રસ્તામાંજ પ્રસવ સમો થઈ આવ્યો, ત્યારે તેણે પોતાનો ભારો એ રાજમાર્ગ ઉપર આવેલા એક ઘરના ખૂણામાં

નાંખી, તેને એથે બેસીને બાળક પ્રસવ્યું. તે ત્યાંથી આશરે એક કલાકે બાળક અને ભારો લેઈ ઘેર ગઈ. એ બનાવ જોયા પછી મહારાજા અગાસીમાંથી નીચે આવ્યા; અને પછી આપે કહ્યું તેવી ભયંકર આજ્ઞા કરી હશે. મહારાજા જે અગાસીમાં બેઠા હતા તેની નીચેનાં માળમાં હું ઝાડુ કાઢી પથારી સમારતી હતી, તેથી કરીને મારા જોવામાં પણ એ સઘળો બનાવ આવ્યો છે. હવે મહારાજાને ખુશી કરવા માટે આપને યોગ્ય લાગે તેવી યુક્તિ કરો. ઉદાશ થઈ રડવાથી કાંઈ વળવાનું નથી. મહારાણીએ કહ્યું તારા કહેવા મુંજબ જો એ કંગાળ મજૂરેણના દાખલા ઉપરથીજ મહારાજાએ સુવાવડ સંબંધી ચાલતું કામ બંધ કરવા આજ્ઞા કરી હશે, ત્યારે તો હું એ આજ્ઞા ફેરવાવી શકીશ; નહિતો હું તે ફેરવવાને શક્તિવાન નથી. વારૂ અલી લવંગા તું હમણાં મહારાજા પાસે જા, અને તેમને મારા પ્રણામ કહી કહેજે, કે વીરાધીરાને પકડી લાવવાસારૂ મહારાણીએ કોઇપણ સામદની સાથે કંઈપણ જાતની મસલત કરી નથી; અને સ્વાર પણ મોકલ્યા નથી. એ બે ભાઇઓની બાબતમાં હું આજદિન સુધી કંઈપણ બોલી નથી; અને હમણાં રાજ જોશીના કહેવા ઉપરથી મારા પ્રીયપ્રાણ પતિને અને રાજને નુકશાન થવાનું સાંભળી કંઈપણ બોલાયું હશે; તે માટે તેને માફી આપશો; અને હવે પછી એ બે ભાઇઓનીબાબતમાં આપને યોગ્ય લાગે, તેમ કરવાને હું વચ્ચે પડતી નથી. એટલું સાંભળી લવંગા મહારાજાપાસે ગઈ. તેમને નમન કરી મહારાણીના પ્રણામ કહ્યા પછી મહારાણીએ કહેલી સઘળી હકીકત કહી સંભળાવી. મહારાજાએ જવાબ આપ્યો. મહારાણી કદી મારા રાજકારભારમાં આડે આવતાં નથી; છતાં વીરાધીરાની બાબતમાં જ્યારે તેમ થયેલું સાંભળ્યું, ત્યારે મને ગુસ્સે થવાને કારણ મળ્યું. લવંગા, જા તું તારી રાણીને કહે, કે આપંદેથી કોઇપણ માણસની શીખવણીથી તે મારા રાજકારભારમાં આડે આવે નહિ. સુવાવડ સારૂ તમે સઘળાં જે ઢોંગ બાઈ બેઠાંછો; તેમાંનું કાંઇપણ કરવાની જરૂર નથી; એવી મારી પ્રત્યક્ષ પુરાવાથી ખાતરી થયેલીછે. લવંગા

મહારાજાશ્રીએ આજ્ઞા સાંભળી મહારાણીપાસે જતાં જતાં કહેતી ગઈ કે પુરૂષ પ્રત્યક્ષ પુરાવાની વાતો કરેછે; પણ નજરે જોયલી બીના ખોટી પડેછે તેનો વિચાર તો તેઓ કરતા નથી. મહારાણીપાસે જઈને લવંગાએ મહારાજાની આજ્ઞા કહી સંભળાવી, તેથી કરીને મહારાણીને જરા હિમ્મત આવી; પણ સુવાવડ સંબંધીનું અપુરૂં કામ પુરૂં નહિ કરવા માટેની આજ્ઞા કાયમ રહેલી જોઇને વળી પાછી તેની તે ફિકરમાં પડી, તેને તે દિવસની રાતે પથારીમાં બિલકૂલ નિદ્રા આવી નહિ; અને આખી રાત સુવાવડ સંબંધી ચિંતાતૂર વિચાર ઉપરા ઉપરી આવ્યાં કર્યા. દરેક શોકમય વિચારની અંતે, મહારાજા ઉપર ગુસ્સે ન થતાં મન વાળે કે લવંગા કહેછે, તે ખરૂંછે કે પ્રસૂતાની પીડા અપ્રસૂતા સ્ત્રી નહિ જાણે, તો જેને ભવિષ્યમાં પ્રસવ પીડા ખમવા સંબંધી સ્વપ્નમાં એ ખ્યાલ નથી, તેવા પુરૂષને એ દુઃખની શી ખબર હોય? એ તો જેને વીતે તેજ જાણે.

એવા વિચારમાંને વિચારમાં ઘણીવાર સુધી પથારીમાં આમ તેમ લોટી છેક મળશ્કે ઊંઘી ગઈ, કહેવત છે કે "એક ઊંઘ તો શૂળીપર પણ આવે." તે સવારમાં ઉઠી પોતાના નિત્યકર્મથી પરવારી લવંગાને સાથે લેઈ રાજબાગમાં ગઈ. એ બાગ ઉપર મહારાજાની પ્રીતિ ઘણી હતી. તેને સુધારવાને સારૂ તેણે ઘણો ખરચ કર્યો હતો. તેમણે પોતાના નામપરથી એ બાગનું નામ ચંદનબાગ એવું પાડ્યું હતું, તેમાંનાં ઝાડ અને છોડની ઉત્સવારી સારૂ જોઇએ તેટલા ચાકર નફર રાખેલા હતા. તેઓ બાગ માંહેના મેહેલને લગતાં ઢાળીઆંમાં રહેતા હતા. મહારાજા ઘણીવાર એ બાગમાંના છોડને ઉછેરવાને તથા લતાઓને જુદી જુદી આકૃતિના રૂપમાં વાળવાને જાતે મેહેનત કરતા હતા, તેમ મહારાણી પણ તેમાંની કેટલીક અતિ નાજુક વેલને વાળી વાળીને પશુ, પક્ષી, માણસ વિગેરેનાં રૂપ આપી મહારાજાને પોતાની ચતુરાઇથી ખુશી કરતી હતી. એ બાગમાં મહારાણી ઘણે દિવસે આવ્યાં હતાં, તેથી તરેહ તરેહના છોડ, ઝાડ અને વેલાઓ ફૂલ ફળથી તર થઈ રહેલા હતા. તે જોઈ મહારા-

ખીની ઉદાશી જરા વિસારે પડી. બાગમાં થોડીવાર આમ તેમ ફર્યા પછી બાગ માંહેના બાગવાનોને તેમના કામપરથી પોતાની રૂબરૂ બોલાવી મંગાવ્યા. તેઓ સઘળા પોતપોતાનાં હથિઆર ખભે મૂકી આવીને ઉભા રહ્યા. તેમને મહારાણીએ આજ્ઞા કરી કે હવે પછી તમારે બાગમાંના કોઇપણ ઝાડ, છોડ કે વેલાને પાણી પાવું નહિ. તેમ તેમના ક્યારા પણ ખોદી ખણીને અને વાળી ઝાડીને સાફ કરવા નહિ. એ હુકમ સાંભળી સઘળા બાગવાનો આશ્ચર્ય પામી એક બીજા સામુ જોતા ઉભા રહ્યા; પણ કોઇથી કાંઈ બોલાયું નહિ. એ પ્રમાણે હુકમ કરીને મહારાણીએ પોતાના મેહેલ તરફ જવા માંડ્યું; તેવારે એક વૃદ્ધ કોશિએ કહ્યું, "સાહેબ રાજા અમારા ધણી છે અને તમે અમારાં ધણીઆમાં છો, તમારો હકમ થીયો તે અમારા ધણીનોજ થીયો. હવે અમે તમારી રજાજ વના વાડીનું કામ કરીશું નહિ; પણ કધી રાજા આવીને અમને વઢે અને કરોધ કરી મારવાનો હકમ કરે તારે અમે શો જબાબ કરીએ?" એ સાંભળી મહારાણીએ પાછાં ફરી જરા હસતે વદને કહ્યું કે તમને મહારાજા આવીને વઢે, તો કહેજો કે મોટાં રાણી ના કહી ગયાંછે.

પોતાની નજર આગળથી વીરાધીરાને જવાને લીધે મહારાજાને તેમના વિના સૂનું સૂનું લાગતું હતું. એ બે ભાઇઓની ગમ્મત અને ટીખળી વાતોથી મહારાજાનું મન હમેશાં આનંદમાં રેહેતું હતું. તેમને ગયાને ઘણા દિવસ થયા; પણ તે વિશે કાંઈ સર સમાચાર જણાયા નહિ, તેથી મહારાજાને ઘણી ચિંતા થતી હતી. એવામાં ઉત્તર દિશામાં આવેલા મુલકોમાંથી રાજમેહેસુલ વસૂલ કરી કેટલીક સાંઢણીઓ સાથે મંડળીક રાજાનો એક પ્રધાન આવી પહોંચ્યો. તેની સાથે કુરસાન દેશના મંડળીક રાજા રામધીન પાલસિંગે પોતાના એક પત્રમાં લખ્યું હતું, કે આપ નામદારના શૂરા અને અજીત સામદો નામે વીરવજ્જર અને ધીરપંજર અત્રે આઠ દિવસ રહીને પચાશ દિવસ થયાં, આપણા રાજની ઉત્તર સરહદ વટાવી ગયાછે. એ બેઉ ભાઈ ચિત્ર વિચિત્ર સ્વેચ્છીક સ્વભાવના પણ અતિ શૂરા, બળવાન

અને પ્રમાણિક રાજભક્ત છે. એમનાં એવાં વખાણ થતાં સાંભળી મહારાજા ચંદ્રસેનને રોમ રોમ હર્ષ વ્યાપી ગયો; અને તેમના સમાચારથી પોતાને તે બે ભાઈ મળ્યા જેટલો આનંદ તેમની ખબર સાંભળીને થયો. તે હર્ષના આવેશમાં સઘળા સાંભળે તેમ બોલ્યા કે એ બે પ્રમાણિક સ્વદેશ બંધુને મારવા સારૂ કેટલાક અદેખાં માણસોએ જોશી સાથે છૂપી મસલત કરી હશે, એમ મારા મનમાં નક્કી થાયછે; પણ જગતવંદ્યાએ મને તેવી મતિ નહિ આપી, તેથી હું તેનો વારે વારે પાડ માનુંછું. આ દેશમાં વસનાર સર્વોપરિવર્ણ પુરોહિત વર્ગમાં પણ હવે અસત્યે પ્રવેશ કર્યો. એ ઉપરથી હવે મને નક્કી થાયછે કે આ દેશની ચારે વર્ણની પ્રજામાં હવે કળિએ ખરેખરો પ્રવેશ કર્યોછે; નહિ તો ગુણમંડન જોશી જેવા આબરૂદાર અને સત્યવાદી પુરોહિત જે એક સમે રાજાને પણ ગેરવાજબી કરતાં અટકાવી શકે, તેણે જ્યારે ખટપટ અને તર્કટ રચવા માંડ્યાં, ત્યારે તેની જાતના પુરોહિત વર્ગ વિષે કેવો અભિપ્રાય બાંધવો? કહેવતછે કે "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" હવે સઘળી વર્ણની પ્રજામાં વિકાર પેઠોછે. પુરોહિતો પુરોહિતપણાથી ભ્રષ્ટ થતા જાયછે, યુદ્ધ કરનારા યુદ્ધકળાથી ક્ષીણ થઈ કૂળબોળું નીકળતા જાયછે, વણિજો સગા સંબંધીનું સત્યાનાશ ઈચ્છી ઉછેદીયું ધન લેવા ચહેછે, તેમજ દાસ વર્ગ દાસપણું તજી ઉપલા વર્ગોની દેખાદેખી કરી સ્વાર્થમાં અંધ થઈ ચોરી, લુચ્ચાઈ, દાંગાઈ અને લૂંટફાટ કરી પેટ ભરવા લાગ્યો છે. એ પ્રમાણે ચારે વર્ગની બુદ્ધિ બગડવા માંડીછે; માટે જરૂર આ દેશની પ્રજાનું ભવિષ્યમાં બહુ ભુંડું થનારછે; અને તેને લીધે હે પવિત્ર પુષ્કર ભૂમિ તારા પેટપર હવે પછી ભવિષ્યમાં શાં શાં વિતક વિતશે? તે કહેવાઈ શકાતું નથી. એ બે રાજભક્ત ક્ષત્રી ભાઈઓ કેવા ભલા અને પ્રમાણિક હતા! તેઓ આ અદેખી પ્રજા આગળથી દૂર ગયાછે, તે બહુજ સારૂ થયુંછે. એમના જેવા સ્વદેશાભિમાની પુરૂષો આધુનિક પુષ્કર પ્રજામાં તો નથીજ; પણ હું ધારૂંછું કે આખા જગતમાં ભાગ્યે હશે. તેમનો વિયોગ મને આડો અવશ્ય સાલ

છે. હું બીજા અનેક રમણિક પદાર્થ ઉપર મારૂં ચિત્ત લગાડુંછું; તોપણ મનભ્રમર ફરતો ફરતો એ બે ભાઈના વિયોગરૂપ પુષ્પપર આવીને અંતે ઠરેછે. વારૂ હવે અહીંથી બાગમાં જાઊં! કે તેમાંના છોડ વિગેરે જોઈને એમનો વિયોગ વિસારે પડે. એમ ધારી રાજમેહેલને પાછલે બારણે થઈ ચંદનબાગમાં ગયા; ત્યાં જઈ જુએછે તો બાગ સઘળો સૂકાઈને સહુ વળી ગયેલો દીઠો. સઘળા છોડ અને વેલા કરમાઈ ગયેલા, ક્યારા પાંદડાંથી ભરાઈ રહેલા અને ભોંય પાણીવિના તાપથી તપીને ફાટી ગયેલી દીઠી. આવી ખેદકારક સ્થિતિ જોઈ મહારાજા ગુસ્સાથી લાલચોળ વિકાળરૂપ થઈ ગયા; અને બાગવાનોના રેહેઠાણપાસે જઈ તેમને ક્રોધથી મોટે સાદે બૂમ મારી. તેઓ સઘળા માથે ચોળાં ફાળીઆં બાંધી ઉતાવળા આવી નમન કરતા ઉભા રહ્યા. તેમને મોટેથી ધમકાવીને બાગને ઉજડ વેરાન બનાવી મૂકવાનું કારણ પૂછ્યું. ત્યારે બાગવાનોએ કહ્યું, અમને મોટાં રાણી હકમ કરી ગ્યાં છે, જે તમારે વાડીના છોડવાની જરાએ ચાકરી કરવી નહિ. એ અમારાં મોટાં ધણીઆણી ખરાં કેની ? તેથી તેમનો હકમ ન પાળીએ, તો ધનેગાર થીએ" એમની ગામડીઆ ભાષા સાંભળીને મહારાજાને જરા હસવું તો આવ્યું; પણ નુકશાન ઘણું થયેલું દેખીને મોં ઠાવકું રાખી આજ્ઞા કરી, કે જાઓ તમારાં મોટાં રાણીને બોલાવી લાવો. બાગવાનોમાંથી બે જણ દોડ્યા, તેઓ રણુવાસને દરવાજે આવી બૂમ મારવા લાગ્યા. છડીદારે તેમને દૂર દૂર કહી અંદર પેસતા અટકાવ્યા "ત્યારે બાગવાને કહ્યું કે મહારાજ ચંદનવાડીમાં આયાછે તે મોટાં રાણી સાહબને તીયાં બોલાવેછે." છડીદારે તેમને બહાર ઉભા રાખી પોતે અંદર વરધી પહોંચાડવા ગયો; અને તેણે મેહેલમાં ફરતી એક દાસીને બૂમ મારી પાસે બોલાવી, મહારાજાની આજ્ઞા કહી સંભળાવી. દાસીએ જઈ મહારાણીને કહ્યું, કે મહારાજાની આજ્ઞાથી આપને બાગવાન બહાર તેડવા આવ્યાછે. એ સાંભળી મહારાણીએ આછો પણ મોહ ઉપજાવે તેવો શણગાર પેહેરી લેઈ પાછલે બારણે થઈ રાજબાગમાં ગયાં. દાસીએ

આગલે બારણે આવી બાગવાનોને ખબર આપી કે તમે બાગમાં જાઓ મહારાણી પાછલે બારણે થઈ બાગમાં ગયાંછે. મહારાણી બાગમાં આવી પહોંચ્યાં કે બાગમાં પેસતાંજ કેટલાક બાગવાનોએ મહારાજાના ગુસ્સાની વાત કહી દીધી. મહારાણીએ જવાબ દીધો કે હું જાણુતીજ હતી કે મહારાજા બાગ જોઈ ક્રોધે ભરાશે. પછી તે ધીરજ રાખી મહારાજાપાસે જઈ ઉભાં. એ વખતે મહારાજા ચંદ્ર-સેન બાગ માંહેના મેહેલના આરસ જડીત ઓટલાપર આસન નંખાવી બાગસામુ જોઈ બેઠા હતા. તેમની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ રહેલી હતી. રાણીએ પાસે આવી પ્રણામ કર્યા. તે મહારાજાએ કમનથી અણુચાલે સ્વીકાર્યા. એ પછી મહારાજાએ કહ્યું કે બાગવાનોને આવો ગેરવાજબી હુકમ શા માટે આપ્યો? તમે મને ઘણીવાર કહેલું કે આ બાગમાંના છોડ અને વેલા મને મારાં ભાઈ ભાંડુ જેવા વહાલા લાગેછે; એવું તમે મને સારૂ લગાડવાના હેતુથીજ કહ્યું હશે? એમ તમારી વર્તણુંકપરથી સમજાયછે. એ સાંભળી મહારાણીએ જવાબ દીધો કે હું જે કરૂંછું, તે કોઇને સારૂ લગાડવા માટે કરતી નથી; પણ હું મારો ધર્મ સમજીનેજ કરૂંછું. તેમાં તમારૂં મન ખુશી કરવાને મારાથી જેટલું ન બને તેટલું ઓછું છે; કેમકે આપ મારા પ્રાણાધાર અને સંસારસાગરમાં જોડાયલા શુભેચ્છક ઇષ્ટમિત્રછો. એમ છતાં મારી નજરમાં એમ આવ્યું કે એ છોડને પાણી પાવાંની અને કોઇપણ તરેહની બીજી ઉત્સવારી થવાની લગારે જરૂર નથી; વળી આ જથાબંધ બાગવાનોનો ખરચ પણ નાહક બોજા જેવોછે, માટે તે સઘળાને રજા આપવી જોઇએ. આ બાગમાં જે જાતના છોડ આપે અતિશ્રમે ઉછેરેલા છે, તે તેની મેળે બીજી જગાઓમાં વગર પાણીએ ઉછરે છે; એટલુંજ નહિ પણ પર્વતો ઉપર બીજા ઘણી જાતના ઉમદા છોડ અને વેલાઓ જોઇએ તેવા તાજા રહેછે. ત્યાં તેમને કોણ પાણી પાવા જાયછે? વળી આપણા બાગની વાડના થૂવર, ખરસાંડી, ભારાસાંકળ અને કૌંચ વિગેરે હમણાં કેવાં લીલારી રહ્યાંછે? એમને કોણે પાણી

પાડ્યુંછે? તેમ એ સઘળા છોડ પણ વગર પાણીએ અને વગર મેહેનતે એની મેળે ઉછરશે. એ સાંભળી મહારાજાએ જરા હસતે મોંઢે જવાબ દીધો કે તમારી સઘળી ચતુરાઈ કયાં ગઈ? શું! આ ગુલાબ, મોગરો, જાુઈ, ચંપો અને ચંબેલી વગેરે છોડ થૂવર, ખરસાંડી અને કોઆચની બરોબરછે? તમારી અક્કલથી આફરીન થઈ હાણ છતાં મને હમણાં હસવું આવેછે. એ સાંભળી મહારાણીએ કહ્યું. હા મહારાજાધિરાજ ત્યારે હું અને એક ગરીબ મેહેનતુ મજૂરણ પણ બરાબર ખરાં કે નહિ! આપે તો મને તેના જેવી ગણીને તેની પેઠે મારે પણ કંઈપણ જાતના સન્માનની ગરજ નહિ પડે, એમ ધારીને આપે નીચે પધારી મેહેલમાં ચાલતું કામ બંધ કરવા આજ્ઞા કરી. જે હજુ સુધી તેમ ને તેમ કાયમજ છે. કહેવત છે કે 'બિલાડીને મન હસવું; પણ ઉંદરને મન તો રડવું" તેમ આપના મનમાં તો એ આજ્ઞા સેહેજ છે; પણ મારો જીવ તો એ હુકમ સાંભળીને કુમળી જાુઈ વેલની પેઠે આપની આજ્ઞારૂપ તાપની આંચથી દિનપ્રતિદિન સુકાઇને સંકોચાતો જાય છે, કે હવે મારૂં શું થશે? મહારાણીની ચતુરાઈ અને હાજર જવાબીથી તેના ઉપર મહારાજા ચંદ્રસેનનું દિલ ખુશી થયું; અને ખુશીથી રજા આપી કે સૂવાવડની બાબતમાં તમારે જોઇએ તેવો બંદોબસ્ત કરી લો. હવે એ કામમાં મારે વચ્ચે પડવાની કંઈ જરૂર નથી; કેમકે એ બાબતમાં મરદ જાતને વગર અનુભવે શી ખબર પડે? એ સાંભળી રાણીનું મુખકમળ વધારે પ્રફુલ્લિત થયું. તે મહારાજાને નમન કરી આજ્ઞા માગી ઉમંગમાં હસતે મુખે મેહેલમાં આવી; અને દાસ દાસીઓને સોંપેલું કામ જલદી પુરૂ કરી નાંખવા આજ્ઞા કરી, એથી લવંગા હસતી હસતી મહારાણી પાસે આવી બોલી. બા સાહેબ! જુઓ મેં જે કહ્યું, તે ખરૂં પડયું કે નહિ? પછી સઘળાં દાસ દાસીઓ પાછાં પોતપોતાને કામે વળગી ગયાં.—મેહેલમાં સઘળે કામનો ખળભળાટ અને આનંદ આનંદ વર્તાઈ રહ્યો. મહારાજાએ પોતાની સામે ઉભા રહેલા બાગવાનોને બાગની ઉરસ-

વારી વધારે કાળજીથી કરવા સૂચના કરી. તેઓ પણ ખુશીમાં આવી પોતપોતાને કામે વળગી ગયા. કોસીઆએ કોસ જોડી બાગના છોડને પાણી સિંચવા માંડ્યું. કૂવાનું પાણી નીકોરી વાટે થઈ છોડને પહોંચવા માંડ્યું, ત્યાં સુધી મહારાજા ત્યાંજ બેસી રહ્યા. પછી ઉઠીને જરા આમ તેમ પરિક્રમણ કરી રાજમેહેલમાં ગયા.

ત્યાં થોડીકવાર આરામ લીધા પછી જમીને દરબારમાં પધાર્યા. તેમને જોઈને દરબારના નેકીબાને નકી પોકારી, તે સાંભળતાંજ દરબારી જનો સાવધ થઈ પોતપોતાના કામમાં મશગુલ થયા. મહારાજા રાજ્યાસનપર બિરાજ્યા; અને તેમણે પોતાના સિંહાસનની થડમાં કેટલોક અમીરી ઠાઠનો સરંજામ અને કેટલીક રોકડ નગદીની થેલીઓ પડેલી દીઠી. તે વિષે પ્રધાનને પૂછ્યું. તેણે ઉભા થઈ અદબથી જાહેર કર્યું કે એ સઘળી મિલ્કત એક જૈન ધર્માચાર્ય નામે વિજયસાગર સુરીનીછે. તેનું મરણ થવાથી નગરના મુખ્ય કોટવાળે એને બીન વારસી ઠેરવી હજુરમાં મોકલી આપીછે. એ મિલ્કતનો દાવો કરનાર મરનારના બે શિષ્યો નામે પ્રેમસાગર અને બાપુસાગર યતિ અત્રે આવી હાજર થયેલા છે. મહારાજાએ તેમને દરબારમાં આવવા આજ્ઞા કરી. તેઓ આવી હાજર થયા, એટલે તેમને પૂછ્યું કે તમારી અરજ શું છે. વડા પ્રેમસાગરે નમન કરી કહ્યું, કે અમે બેઉ પિતાપૂર નગરમાં વસનાર જૈન આચાર્યો અને મરનાર વિજય સાગર સુરીના બે શિષ્યો છીએ. અમે બેઉ તેમના શિષ્ય થઈ દિક્ષા લીધી ત્યારથી તે અત્યારની ઘડી સુધી તેમની સાથેજ રેહેતા હતા. અને અમે અમારા ધર્મ પ્રમાણે એ મરનાર ગુરૂની યથાશક્ત ચાકરી કરી બાકીના વખતમાં તેમની પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. હમણાં અમે મરનારના બંધાવેલા અપાશરાને લગતા મકાનમાં રહીએ છીએ જેમાં મરનાર સુરી રેહેતા હતા; એમ છતાં અમારા ગુરૂની સઘળી મિલ્કત પિતાપુર નગરના કોટવાળે બીન વારસી ઠરાવી તજવીજ થવા આ નગરના મુખ્ય કોટવાળની મારફત આપની હજુરમાં મોકલાવી દીધી છે. જે હમણાં મહારાજાના સિંહાસન આગળ પડેલી

છે. તે અમને પાછી અપાવા કૃપા કરશો એવી આશા છે. અમારા બેઉમાં હું વડો અને આ બાપુસાગર છોટો શિષ્ય છે. એ વિના કોઈ બીજો શિષ્ય અમારા ગુરૂને નથી.

મહારાજાએ શિષ્યોની હકીકત સાંભળ્યા પછી પ્રધાન તરફ જોઈ પિતાપુરના કોટવાળે એ કામની લખી મોકલેલી કેફીઅત મોઢેથી વાંચી સંભળાવવા આજ્ઞા કરી. પ્રધાને એ કામના કાગળો હાથમાં લેઈ ઉભા થયા પછી નમ્રતાથી મહારાજાને કહ્યું કે આ કામની કેફીઅત જેમ હાસ્યજનક તેમ ખેદકારક છે. વળી એમાં જગતપિતાનો નિર્મળ ન્યાય સ્પષ્ટ રીતે બાહાર પડેછે, એ માટે મારી એટલી વિનતિ છે કે આ હકીકત સઘળા દરબારી જનો સાંભળે તેમ તેમને આજ્ઞા કરશોજી. એ ઉપરથી મહારાજાએ સઘળા દરબારી માણસોને તેમ કરવા આજ્ઞા કરી, એટલે સઘળા અમીરો, કામદારો અને વિદ્વાન સભાસદો પોતાના હાથમાંનું કામ પડતું મૂકી, એ કામની કેફીઅત સાંભળવા આતુર થઈ બેઠા. તે જોઇને પ્રધાને એ કામના કાગળો વાંચવા માંડ્યા.

આ (પિતાપુર) શેહેરમાં વિજયસાગર સૂરી નામે એક મોટો જૈનધર્માચાર્ય અમીરી ઠાઠથી રેહેતો હતો. તે તેની મિલ્કત ઉપરથી સમજાશે. ઘણા નાના નાના દરબારોમાં એનો જવર અવર ઘણો હતો. તેમ તેઓમાં તેનો વકર પણ સારો હતો. એ ધર્મના વેહેમી માણસો એને ઇશ્વરી અવતાર કે તિર્થંકર માની ઘણું માન આપતા અને પૂજતા હતા. યંતર મંતર વિગેરે મેલી વિદ્યામાં તો તેનો ખરે ખરો શાખો હતો, તેમ જ્યોતિષ શાસ્ત્રમાં પણ તે એક નિપૂણ પંડિત મનાતો હતો. એ વિદ્યાઓનાં જોરથી અને પોતાના આચાર્યપણાના હકથી એણે ઘણું દ્રવ્ય એકઠું કર્યું હતું. લોક કહેછે કે તેણે એક યંટાકરણ નામે વીરને સાધ્ય કર્યો હતો. એના વડે તેણે ઘણા ઘણા ચમત્કાર કરીને અજ્ઞાની માણસોની આસ્થા એનાપર બેસાડી હતી. પર ધર્મના લોકો પણ એની પાસે ઘણા આવતા હતા. એ વિજયસાગરના મરણ પછી તપાસ કરતાં રોકડ વિગેરે જેટલી મિલ્કત જડી

થકી તેટલી બધી આ સાથેની યાદીમાં લખ્યા મુજબ દરબારમાં મોકલી આપી છે. એના મરણની નોંધ ઘણી તરેહથી ધ્યાન ખેંચનારી છે; માટે તે વિષેની ખરેખરી હકીકત બે ચાર ઠેકાણે ફરી ફરીને ચોકસ તપાસ કરી લખી મોકલી છે. મરનાર વિજયસાગર સૂરી ઘણું કરીને હમેશાં આપ નામદારના તાબાના માગેલ સંસ્થાનના ચુહાણ રાજાના દરબારમાં રહેતો હતો. (મહારાજા નકશા સામું જુએછે) એ ચુહાણ રાજા તેના વડીલોપાર્જીત જૈનધર્મ પાળતા આવેલા છે, તેથી હમણાંના રાજવંશી રાજાની આસ્થા મરનાર જતી ઉપર ઘણી હતી. વળી એ બેઉને મિત્રાચારી થએલી હતી. એ ચુહાણ રાજાના ભાયાતો અને તેના કુટુંબનાં માણસો તો તેને અતિ ભાવથી પૂજતાં હતાં. તેના મુખમાંથી પાણી શબ્દ નીકળતા પેહેલાં એ સઘળાં દુધ લાવી ધરતાં હતાં. ચુહાણ રાજા પોતે તો તેના કહેવા પ્રમાણેજ ચાલતો હતો. તે હરેક વાતમાં તેના અભિપ્રાયથી વિરુદ્ધ વર્તી તેનું દિલ દુખવવાને ચહાતો નહીં. પોતાની સઘળી આબાદી, રાજવૈભવ અને સંસારી સુખ તે સૌ એ મરનાર જૈન ધર્માચાર્યની કૃપાથીજ સલામત નિભેછે, એમ તે ખાતરી પૂર્વક સમજતો હતો. એ ચોહાણ રાજાને જવલબા નામે અતિ રૂપવંતી ચૌદ પંદર વરસની કુંવારી દીકરી હતી. તે એ મરનાર વિજયસાગરના દિલમાં ખુંચી રહી હતી; અને તે જ્યારે મુગ્ધા વયમાં આવી ત્યારે તેના રૂપથી તેની મતિ છેક બદલાઈ ગઈ. થોડા દિવસ ગયા પછી એ કુંવરીનાં લગન કરવાના ઇરાદાથી ચોહાણ રાજાએ એ જવલબાની જન્મોત્તરી મરનાર જતિને બતાવી. તે સઘળી તપાસી જોયા પછી તેણે કહ્યું કે તમે એ કુંવરીને પરણાવો કે નહિ પરણાવો; પણ એ કુંવરી જ્યારે પુરાં સોળ વરસની થાય, ત્યારે એના પિતાનું એદાનમેદાન થઈ જાય; અને છેવટે ભીખ માગી ખાતાં પણ પેટ ભરાય નહિ. એવો બધો જોગ આ જન્મોત્તરીમાં આવી અડ્યો છે. મને લાગેછે કે આ જન્મોત્તરી કરનાર જોષી મૂર્ખ હશે, કે તેણે આ રાજસ્થાનમાં આવા દુષ્ટ ગ્રહના જોગ વાળી છોકરીને છેક નાનપણમાંથીજ દૂધ પીતી નહિ કરાવી. તેણે

કદાપિ તમારા ઘરની રાણીઓની શીખવણીથી એ વાત તમારાથી છાની રાખી હોય, તેમ પણ સંભવેછે. સોળ વર્ષની વાત. કોણ જાણે કોણ મરશે ! ને કોણ જીવશે ! એમ ધારી લાલચને વશ થઈ એ જોષીએ સઘળી વાત છૂપાવી હશે; તોપણ તેણે આ જન્મોત્તરી તો તેવાજ ગ્રહો કાયમ રાખીને ઉપજાવેલી છે. સારી કરવા માટે ગ્રહો ફેરવ્યા નથી, એમ આ જન્મક્ષરપરથી જણાય છે. મરનાર વિજય સાગર સૂરી ઉપર ચુહાણરાજનો પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેણે હમેશની પેઠે આ વખતની વાત પણ ખરી માની. પછી તેણે ઊંડો નિશ્વાસ નાંખી એ જતિને પૂછ્યું, કે હવે એ જવલીનો શું ઊપાય કરીએ? તમે મારા શુભેચ્છક ગુરૂ છો. એ રાજહત્યારી ગોઝારી છોકરીનું મોં જોવા હવે હું રાજી નથી. વિજયસાગરે કહ્યું. એને મારી નાંખવી, એતો આપણા પવિત્ર ધર્મસિદ્ધાંતથી ઉલટું છે; માટે મને લાગેછે કે એ કુંવરી સમાય તેવડી પેટીમાં ઘાલી આપણી નદીમાં રાતની વખતે તરતી મૂકી આવ્યા હોઇએ, તો ઠીક થાય. એમ કરવાથી આપણો અર્થ સરશે; અને ધર્મ સચવાશે. એ પેટી પછી જેના નસીબમાં ભુંડું થવાનું હશે તેને હાથ જઈ ચઢશે. પેટી તૈયાર થતાંસુધી તમારે એ વાતની હોહા કરવી નહિ કરશો તો રાણીઓ, માજી સાહેબ અને બીજાં સગાં આડે આવી જોષીના પેઠે આપણું ધાર્યું થવા દેશે નહિ; અને તમે ગમે તેટલું કરશો; તોપણ તેમના કલ્પાંત આગળ તમારૂં કંઈ ઉપજશે નહિ. ચુહાણરાજે એ વિજયસાગરના કહેવા પ્રમાણેની પેટી ઘડાવવા સુથાર બેસાડ્યા. તે દરમિઆન એ મરનાર વિજયસાગરે ચુહાણરાજની રજા માગી, કે મને અહીં આવ્યાં ઘણા દિવસ થઈ ગયા છે; માટે એક રાત પણ પિતાપુર જઈ આવું, તો મારા જીવને ચેન પડશે. ચુહાણરાજે કહ્યું. આપની ઇચ્છાની આડે આવવા મારી મરજી નથી; પણ તમે આવજો, ત્યારેજ મને સૂઝ પડશે. પછી એ વિજયસાગર પિતાપુરમાં પોતાના મુકામપર આવ્યો; અને પોતાના આ બે રજુ થએલા શિષ્યોને ખબર આપી કે બે દિવસ પછી આપણી નદીમાં એક પેટી તણાતી તણાતી આવશે; માટે

तेनी तमे बेउ जण वारा फरती मारा गया पछी किनारे बेसी संभाळ राखजो. पेटी आवती देखो के तुरत तेने उपाडी लई बहुज संभाळथी जाळवीने आ मारी एकांत स्नान कोटडीमां मूकी देजो. मारा आव्याविनां उघाडशो नहि; केमके एमां साध्य करेलो एक ब्रह्मराक्षस बंध करेलो छे, ते नाशी जशे. एटली सूचना करीने ते तेज सांजे म.गेल संस्थानना चुहाण राजने त्यां गयो. त्यारे पेटी विगेरे घडाइने तैयार थई हती. तेमां ए विजयसागरना कहेवा प्रमाणे चुहाणराजे सुंवाळु बिछानुं पाथरी दीधुं; अने थोडुंक खावानुं पण मूक्युं. ए पेटीने ऊपले पासवे त्रण झीणां छिद्र मांहि पवन संचरवा सारु पडाव्यां. मरनार जतीए एक केफनी गोळी ए जवलबाने खवरावत्रा सारु चुहाणराजने आपी. ते तेणे पोतानी बेहेननी मारफते तेने दुधमां खवरावी. मोडी राते ते ज्यारे केफना घेनथी शबवत थई रही, त्यार पछी तेने ऊंचकी पेटीमां सुवारी; अने पेटी बंध करी ताळु पुर्युं. ते पेटी ए विजयसागर अने चुहाण राजानो एक खानगी चाकर मळीने नदीना मध्य भागमां तरती मूकी आव्या. घेर पाछा आव्या पछी ए विजयसागरे राणीओना कळकळाटनुं अने बीजुं जरुरनुं कारण बतावी चुहाण राजानी रजा मागी पितापुर जवा नीकळ्यो. तेना गया पछी सवारे राणीओ विगेरे सघळांने खबर पडी, त्यारे तेमणे ए विजयसागरना नामने रडवा कूटवा मांड्युं; पण चुहाणराजनी धाकथी तथा रजवाडामां पोताना घरनी फजेती थवानी बीकथी वधारे गरबड थई नहि. "चोरनी मा कोठीमां मों घाली रडे" ए कहेवत मुजब रणवासनी सघळी स्त्रीओ पेटमां समसमीने बेशी रही; पण मरनार जतिपर गाळोनी पीस्टाळ पडवामां कांई बाकी रही नहि.

मळस्को थतां ए पेटी दस पंदर गाउ नीकळी गई. ते घोंकल संस्थानना मुख्य नगर श्रीधनपुरनी हद वटावी तणाती जती हती, तेवामां तेज संस्थाननो टिलाट कुंवर घोंकलराजपरमार शिकारे नीकळी पडेलो हतो. ते ए नदीनी पासेना मेदानमां केटलाक शिकारीओ साथे

એક મોટા વિક્રાળ રીંછને પકડી મારવાને ભાલો તાકતો હતો, તેજ ક્ષણે તેની નજર નદીમાં તણાઈ આવતી પેટીપર પડી. એટલે રીંછને દોરડાની જાળમાં ગુંથાયલો રહેવા દેઈ, એ પેટી બહાર કાઢી લાવવા એ શિકારીઓને આજ્ઞા કરી. તેમણે પેટી બહાર કાઢી આણી. પોંકલ કુંવરે તેનું તાળુ તોડો પેટી ઉઘાડી જોઇ, તો માંહે કોઈ અદ્‌ભૂત રૂપવંતી મુગ્ધા રાજકુમારી પોતાનો કોમળ હાથ ગાલપર મૂકીને ભર નિંદ્રાના ઘેનમાં પડેલી દીઠી. તેને, જોતાંજ તેને મોહ લાગ્યો, તેથી તેને ધીમે રહી બહાર કાઢી લેઈ પેટીમાં પકડાયલો રીંછ ઘાલી બંધ કરીને નદીમાં તરતી મૂકવા શિકારીઓને સૂચના આપી. શિકારીઓએ તેમ કરીને પેટી પાછી નદીમાં તરતી મૂકી. પરમાર કુંવરે એ રાજકુંવરીને પોતાને ત્યાંથી જનાના મિઆનો મંગાવી તેમાં સુવારીને પોતાના રાજમેહેલમાં મોકલાવી દીધી. પછી તેણે શિકારીઓને એ મનપસંદ બક્ષીસ સારૂ ઈનામ આપી વિદાય કર્યા; અને પોતે પોતાના મુકામપર ગયો. થોડા દિવસ વીત્યા પછી પોતાનાં માતપિતાની સલાહથી એ રાજકુંવરે ચુહાણરાજપુત્રી સાથે ખુશીથી લગ્ન કર્યાં. તે કુંવર એ કુંવરીપર એટલો ખુશી છે કે પ્રથમ વિવાહ કરેલો તે રાજપુત્રી સાથે પરણવાની હવે ચોખ્ખી ના કહેછે. એ પ્રમાણે બિચારી નિરઅપરાધી ચુહાણ રાજકુંવરી તો પોતાને ગમતા ઉંચ ભર્થારને પામી સુખી થઈ.

શિકારી વાઘરીઓએ નદીમાં તરતી મૂકેલી પેટી જરા અંધારૂ થતાં પિતાપુરની હદમાં આવી પહોંચી. કિનારે મરનાર વિજયસાગરનો શિષ્ય પ્રેમસાગર પેટીની રાહા જોઈ બેસી રહ્યો હતો. તે તેને દેખતાંજ નદીમાં પડતું મૂકી એ પેટી ઉંચકી લેઈ ઘેર લેઈ ગયો. તે પેટી તેણે તેના ગુરૂના કહેવા પ્રમાણે ધ્યાન કોટડીમાં મૂકી. કોટડીને તાળુ દેઈ બન્ને જણા ચોકી કરતા બેઠા. થોડીવારે મરનાર વિજયસાગર આવી પહોંચ્યો. તેણે અપાસરામાં (મંદીરમાં) આવતાં વાંતજ શિષ્યોને પૂછ્યું કે “પેટી આઈ હૈ શિષ્યોએ જવાબ દીધો હાં, મામા—રાજ. એટલે મહારાજે ખુશી થઇને કપડાં બદલી બીજા

શિષ્ય બાપુરાજને બજારમાંથી મલાઈ અને કઢેલું દુધ લેવા મોકલ્યો. તેતે લેઈ આવ્યા પછી તેમાંનો કેટલોક ભાગ, મરનાર વિજયસાગરે આરોગો લીધો; અને હાથ મોં સાફ કરતાં બોલ્યો કે "શિષ્યો મેં પેટીમાંના બડા મગ્ગત જીંદકો બશ કરને ગ્યાન કોટડી મેં જાતો હે. ભીતર કુછ બૂમ બરાડા સુનો, તો ભી દુવાર ખોલો નાહીં" એટલું બોલી મરનાર વિજયસાગર તેની ગ્યાન કોટડીમાં પેઠો શિષ્યો તેને બંધ કરી તાળુ સાંકળ કરી વધેલા દુધ સાથે વાળુ કરવા સારૂ બીજા ઓરડામાં ગયા. અંદર ગયા પછી મરનાર ગુરૂને તેના શિષ્યોનો વિશ્વાસ આવ્યો નહિ, તેથી તેમને પાછા બોલાવી કુંચી એક બાજે રહી અંદર માગી લીધી. શિષ્ય કુંચી આપીને ગયો, એટલે વિજયસાગરે કોટડીમાં દીવો કર્યો. પેટીની પાસે જઈ પેટી ઉઘાડી તો માંહેથી અકળાયલો રીંછ ઓચિંતો બહાર કુદી પડ્યો. તે બે દિવસનો અપવાસી હતો, તેથી તે તેની સામે બેઠેલા વિજયસાગરના ઉપર ચઢી બેસી ગળે બચકું ભરીને લોહી પીવા લાગ્યો. વિજયસાગરે તેને દેખતાંજ શિષ્યોને બારણું ઉઘાડવા ઘણાએક બરાડા માર્યા. ધરપછાડા કર્યા; પણ શિષ્યોથી બારણું ઉઘાડી શકાય તેમ હતું નહિ. એકાદ ઘડી પછી સઘળા બરાડા અને ધરપછાડા બંધ થઈ ગયા. માંહે વિજયસાગર બિચારો મરી ગયો; અને રીંછ તેનું માંસ કરડવા લાગ્યો. સઘળું શાંત પડી ગયેલું જોઇને શિષ્યો મોડી રાતે ઉજાગરાને લીધે ઊંઘી ગયા.

સવારે ઉઠી શિષ્યોએ ગુરૂને બે ચારવાર બોલાવ્યા; પણ અંદરથી કોઇએ જવાબ દીધો નહિ; ત્યારે તેની ધાકથી બીતાં બીતાં એક જણે પેલા બાકામાં જોયું; તો અંદર ભુંગળા જેવા લાંબા નાકમાંથી પુષ્કળ શ્વાસોશ્વાસ ચાલતો; અને કોઈ કાંઈ કરડતું હોય, તેમ કડ કડ થતું સંભળાયું, તોપણ અંદર શું છે? તે અંધારાને લીધે બરાબર જણાતું નહોતું. દિવસ ઘણો ચઢી ગયો; તોપણ અંદર કંઈ બીજો હાલો ચાલો થતો જણાયો નહિ, ત્યારે શિષ્યોએ થાકીને લુહારને બોલાવી તાળુ તોડાવ્યું; ને બારણું ઉઘાડ્યું, કે તુરત અંદરથી લોહી-

એ માં ખરડાયલો વિકાળ રીછ બહાર ધસી આવ્યો. શિષ્યો તો ત્રાસના માર્યા બે, બેપાસવે ખસી ગયા; પણ ગરીબ બિચારો લુહાર વચમાં હતો,તેથી તે તેના સપાટામાં આવી ગયો. તેને નીચે ઢોળી પાડી બે ચાર ડાફાં માર્યાં. એટલામાં માણસોનો હોકારો થવાથી તે તેને પડતો નાંખી કૂદતો કૂદતો જંગલમાં જતો રહ્યો. ઓરડીમાં જઈ તપાસ કરી તો મરનાર ગુરૂનાં હાડકાંમાંથી ફક્ત મોટાં મોટાંજ લોહીથી ખરડાયલાં પડ્યાં હતાં. એ વિના ખાલી પેટી અને તેનું લોહીથી લદબદ થયેલું પોતીઉં એટલી વસ્તુઓ પડી રહી હતી. જે સઘળી એજ પેટીમાં ભરીને આપની હજૂરમાં રવાને કરીછે. તે જોયાથી માલમ પડશે. હાડકાં તો તેના શિષ્યોએ અને કેટલાક આબરૂદાર જૈન ગૃહસ્થોએ આવીને માગવાથી તેમને સ્વાધિન કરવામાં આવ્યાં છે. તેના મકાનપર જપ્તિ બેસાડીને સઘળી જંગમ મિલ્કત જપ્ત કરી સિપાઇઓના પેહેરામાં સોંપી હજૂરમાં મોકલી છે. એ મિલ્કતપર જપ્તિ હતી, તે દરમિઆન હું જાતે પેટી સંબંધી તપાસ કરવા, એ પિતાનદીના મૂળ તરફ ગયો, તો મને ઉપર લખેલી હકીકત માલમ પડી, તે હજૂરને જાણવાસારૂ લખી મોકલી છે. મરનાર જતિ વિજયસાગરને બે શિષ્યો છે. એમ છતાં તેણે બદદાનતથી ધર્માચાર્ય થઇને એક કુળવાન રાજકુંવરીનું અપહરણ કરવાની બુરી ઇચ્છાથી રાજગૃહદ્રોહ કર્યો, માટે તેની મિલ્કત જપ્ત કરીને દરબારમાં મોકલી છે. તાળુ ઊઘાડનાર લુહાર બીજે દિવસે મરણ પામ્યોછે. તેનું કુટુંબ છેક ગરીબ અવસ્થામાં ચીંથરેહાલ છે. તે કુટુંબનાં માણસ એના મરણથી છેક નિરાધાર થઈ પડ્યાં છે. બે ત્રણ નાનાં છોકરાં અને તેની સ્ત્રી એઓને તો ગુજરાન કરવાનો એકે આરો (ઓવારો) રહ્યો નથી.

પ્રધાન વાંચી રહ્યો, એટલે મહારાજા ચંદ્રસેને સઘળા સામું જોઈ કહ્યું, જોયું પ્રભુની ગતિ કેવી ન્યારીછે ! ! તે તેના ભક્તની કેવી લાજ રાખેછે; અને દગાખોરને તેનું ફળ ચખાડેછે? શિષ્યો તરફ જોઇને કેમ મહારાજે આ પ્રધાનજીએ જે હકીકત વાંચી તે ખરીછે? બેઉ જણે નીચું જોઈ હા કહી. પછી પૂછ્યું કે તમારા ધર્મમાં

જતીને દ્રવ્ય રાખવાનો અધિકાર છે! શિષ્યોએ કહ્યું. ના મહારાજાધિરાજ અમારા ધર્મમાં જેઓ શ્રી પૂજ્યજી કહેવાયછે, તેમને દ્રવ્ય રાખવા આજ્ઞા કરેલીછે. મહારાજાએ કહ્યું કે તમારા ગુરૂના દુષ્ટ કામપર નજર કરતાં આ મિલ્કત તમને પાછી આપવાની મારી ઇચ્છા થતી નથી; અને શાસ્ત્ર પણ મના કરેછે; તોપણ તમારી ભલમનસાઇપર નજર કરી આજ્ઞા કરૂંછું, કે સઘળી રોકડ સિવાય બાકીની સઘળી મિલ્કત તમારે લેઈ જવી. આ રોકડ સઘળી લુહારના ગરીબ કુટુંબને આપવામાં આવેછે. તેની સ્ત્રી અહીં હાજર થતા સુધી એ રોકડ ખજાનચીએ અનામત સંભાળવી. શિષ્યોએ નમ્રતાથી કહ્યું, મહારાજાધિરાજ અમારો ગુરૂ એવું દુષ્ટ આચરણ કદી કરે નહિ. એ તો પેટીમાંનો વીર રીંછનું રૂપ લઈ તેમને ખાઈ ગયો. મહારાજાએ કહ્યું. વાહ! ભોળાને ઠગવાનો બહુ સારો જવાબ!! જાઓ હવે, રજાછે. એ પ્રમાણે આજ્ઞા થતાં શિષ્યો થોડે થોડે મિલ્કત ઉઠાવી લેઈ જવા લાગ્યા; અને દરબારી સિપાઇઓએ પ્રધાનની આજ્ઞાથી રોકડની સઘળી થેલીઓ ઉંચકી જઈ ખજાનચીને અનામત રાખવા માટે સોંપી આવ્યા.

મહારાજાના મનમાં ત્યારની એજ વાત ઘોળાયાં કરતી હતી, કે હે પ્રભુ! ધર્માચાર્યો જ્યારે આવાં દુષ્ટ કમકમાટ ભરેલાં કામ કરવા લાગ્યા!! ત્યારે હવે આ પવિત્ર પુષ્કર ભૂમિનું શું થવા બેઠુંછે? આ દેશ ઉપર હવે વેહેલો મોડો પણ પ્રભુનો મહા કોપ ઉતરવાનોજ છે. તેનાં કાંઈ કાંઈ આ ચિન્હોછે, એમ મને સુઝે છે. વળી આ સડસડતા. કળીકાળમાં એક હાથે કરી બીજે હાથે તરત ભોગવવાનું છે; તોપણ આવાં આવાં કામ થવા માંડયાં છે!! એ શું! ઓછુંછે? મહારાજા એ પ્રમાણેનાં વચન બોલેછે, એવામાં લવંગાદાસીએ દરબારમાં આવીને મહારાજાના ખોળામાં ખુશબોદાર ફૂલનો દડો મૂકી કુંમકુંમનાં પગલાં કાગળપર પાડેલાં હતાં તે પગલાં તેમની સામે ધર્યાં; અને કુંવરના વધામણી વધામણી એવા શબ્દ બોલવા લાગી. મહારાજાએ ખુશી થઈ લવંગાને શોળે શણગાર આપવા સૌ સાંભળે

તેમ પ્રધાનને આજ્ઞા કરી. દરબારમાં તે વખતે હાજર હતાં, તેટલાં માણસોને સાકર ઘાણા વેહેંચ્યા. એ વખતે રાત ઘણી જવાથી બીજે દિવસે આનંદ ઓચ્છવ કરવાનું ઠરાવી દરબાર બરખાસ્ત કર્યું. સઘળા દરબારી માણસો રાજાને ત્યાં ટિલાટ કુંવરનો જન્મ થવાથી આનંદમાંને આનંદમાં વાતો કરતા દેવદર્શન કરી પોતપોતાને ઘેર ગયા. મહારાજા ઉઠી મેહેલમાં પધાર્યા. ત્યાં દાસ દાસીઓને ઇનામ આપી વાળુ કરી સુઈ રહ્યા.

પ્રકરણ ચોથું.

આગલા દિવસની સાંજે ઠરાવ કર્યા મુજબ બીજી સવારથી કુંવરના જન્મની વધામણીનો ઓચ્છવ ચાલવા લાગ્યો. પ્રજાજનોએ પણ પોતાનો આનંદ બતાવવાને પોતાથી બને તેટલી શોભા કરીને ઘર અને દુકાનોનાં આંગણાં શણગારી દીધાં. નગરના જાહેર અને ખાનગી રસ્તાઓમાં સઘળે સ્વસ્તિક સાથીઆ પુરાઈ રહ્યા હતા. ઠેકાણે ઠેકાણે રંગ રાગ અને આનંદ ઓચ્છવ થઈ રહ્યો હતો. દેવળોમાં સઘળે ઘંટનાદ સાથે અભિષેક અને ઇશ્વરપ્રાર્થના ચાલી રહી હતી. મહારાજા તરફથી સૈન્યજનને એ દિવસની ઉજાણી આપવામાં આવી હતી. સઘળા દરબારી નોકર ચાકરોને એક એક માસનું લવાજમ વધારે આપવાની આજ્ઞા કરી હતી. કુંવરની વધામણી અધિરાજના પ્રદેશોમાં જેમ જેમ પસરતી ગઈ, તેમ તેમ મંડળીક રાજાઓ તરફથી પોતાના ભવિષ્યના અધિરાજા માટે પોશાક વિગેરેની ભેટ અને નજરાના આવવા લાગ્યા. તેનો બદલો મહારાજા ચંદ્રસેન તરફથી વાળવામાં આવતો હતો. એ પ્રમાણે, આખા અધિરાજમાં આનંદ ઓચ્છવ જેવું થઈ રહ્યું હતું; પણ આવા આનંદી સમયમાં પોતાના નિમકહલાલ નોકર વીરોવીરો હજુ પાછા નહિ આવ્યા, તેને સારૂ તેને ઘણો શોક થતો હતો. તે એકાંતમાં અને બીજા સાંભળે તેમ કહેતો કે "પ્રભુ પાધરો તો શત્રુ આંધળો" એ પ્રમાણે જગદીશ્વરની કૃપા છે ત્યાં સુધી તો સઘળું ઠીકજ છે; પણ દૈવયોગે કોઈ

જોરાવર શત્રુ રાજ્યપર ચઢી આવ્યો, તો એ બે બાઇઓવિના આ જનાની પ્રજાથી લાજ રહેવી મુશ્કેલ છે. મ્લેચ્છો આ દેશનો વૈભવ અને લક્ષ્મિ ઠાઠ અત્યાર સુધીમાં એક કરતાં વધારે વાર થોડે થોડે આગળ વધીને ઠેઠ રાજધાની સુધી નજર કરી જોઈ ગયેલા છે, તેથી તેઓ તીડની પેઠે તૂટી પડ્યા વિના રહેનાર નથી. વળી તેઓ સઘળીવાર હાર અને માર ખાઈ પાછા વળેલાછે, તેથી તેઓ હવે કાચે બંદોબસ્તે આવશે નહિ; પણ પાકા બંદોબસ્તથી આવશે, એમાં શકં નથી. મહારાજા એ પ્રમાણે બોલી રહ્યા છે, એટલામાં એક દાસી જમવા તેડવા આવી, તેથી તેઓ ઉઠી પાકશાળામાં ગયા; અને ત્યાં જમ્યા પછી થોડીવાર આરામ કર્યો. પુત્રવૃદ્ધિને માટે દરબાર પાંચ દિવસ બંધ રહેવાનો હતો, તેથી તેઓ ઉઠીને લશ્કરી પેહેરવેશ પેહેરી સૈન્યગૃહમાં ગયા. ત્યાં જુદી જુદી જાતનાં પચરંગી સૈન્યની કવાયદ વિવિધ પ્રકારે લીધા પછી સેનાપતિ મંગને પોતાની પાસે એકાંતમાં તેડી કહ્યું કે લશ્કર, ઘોડા અને હાથી વિગેરે સઘળી સૈન્ય સામગ્રી જેમ કસાયલી રહે, તેમ કરજો. એ સિવાય ત્યાંથીજ સેનાપતિ મારફત ઉપરાજા રાણાને પણ એવીજ મતલબનાં આજ્ઞાપત્ર લખાવી મોકલ્યાં. તેમાં તેણે લખ્યું હતું કે મ્લેચ્છ લોકો આ દેશમાં એક કરતાં વધારે વખત આવીને આપણા દેશનું બળ, લક્ષ્મિ અને વૈભવ વિગેરેનું સંપૂર્ણ અવલોકન કરી ગયા છે; માટે તેઓ વેહેલા મોડા પણ આવશે, એ નક્કી છે. એ કારણથી આ દેશના રાજાઓએ માંહોમાંહેના નજીવા વધરા કાઢી નાંખી ટંટાફીસાદ ન કરતાં સઘળાએ એક બીજા સાથે સંપસંપીને ચાલવું જોઇએ. આવા વખતમાં દેશબળ એકત્ર થયેલું નહિ હોય તો સઘળા વારાફરતી ભૂખ્યા મ્લેચ્છોના મોંમાં જઈ પડશો; અને તમે તમારો, તમારા વંશનો અને રાજનો નાશ કરાવશો. છતી ખૂબસુરત રાણીઓએ માત્ર ગાદીના ખોટા માનની ખાતર રાજકન્યા અને મહતા મેળવવા સારૂ તમારા જેવા બાહાદર રાજવંશીઓ માંહોમાંહે લઢી મરેછે; અને દેશબળ નકામું વાપરી નાંખેછે, તેમ હવેથી કરવું નહિ.

યાદ રાખો કે જેઓ પોતાપર ટાંપી રહેનાર પરદેશી અને વળી પરધર્મી શત્રુઓથી જેઓ સાવધાન નથી રહેતા; અને પોતાના ખોટા ગુમાનમાં ને ગુમાનમાં સુસ્ત થઈ ઊંઘ્યાં કરેછે, તેમની વેહેલીમોડી પણ ખરાબી થયા વિના રહેતી નથી. એ ઉપરથી લખવાનું કે હવેથી તમારામાં હરકોઈ કારણસર પરસ્પરનો વિરોધ ઉત્પન્ન થાય તો તેનો નિકાલ તમારા પોતાના અધિરાજા મારફત આણવાને ચૂકશો નહિ, એવી આશા છે. એમ મારી મારફત ટંટો પતવાથી તમારૂં માન કંઈ ઓછું થનાર નથી; પણ તમે તમારા અધિરાજાને ખરા અંતઃકરણથી ચાહોછો; અને પોતાનું કામ તેની મારફત કરોછો, એમ જાણી સ્વદેશમાં અને પરદેશમાં તમારી કીર્તિનો વાવટો ઉડી રહેશે, એટલુંજ નહિ પણ પુષ્કરાવર્તક અધિરાજમાં રાજા પ્રજા એક થાળીમાં જમેછે, એવું અલંકારી વાક્ય સાંભળી પરદેશી શત્રુઓ સ્વદેશપર નજર કરતા અટકશે. જગતકર્તા પ્રભુનો નિયમ તોડી એકથી વધારે સ્ત્રી કરવી સમજુ ક્ષત્રી રાજવંશીઓને લાજમ નથી. તેઓ તેમ કરે, તો જંગલમાં રહેનાર વાંદરીઓના ટોળામાં જેમ એક માતેલો ગઢીઓ રહેછે, ગાય ભેંસના ગુવારામાં જેમ એક એક સાંઢ અને પાડો હોયછે; અને અનેક હરણીઓમાં જેમ એક મસ્ત કાલિઆર હોય છે, તેમ તર્કશક્તિવાળા મનુષ્યો પણ આચરે તો તે બેઉમાં કેટલો તફાવત ગણવો? વળી જેમ ઉપર કહેલાં પ્રાણીઓમાંના નરો પોતાથી ઉત્પન્ન થતા બીજા નરોને આદ્યવેર બાંધી મારી નાંખેછે, ત્યારેજ જંપીને હેઠે બેસેછે, તેમ આ દેશના શૂરા ક્ષત્રી રાજવંશીઓ ફક્ત એક સ્ત્રીને સારૂજ હજારો શૂરા દેશીઓનાં શીર રવડતાં કરે; અને કરાવે એ તેમની કેટલી બેવકુફાઈ છે? અને આ નામાંકિત અધિરાજને કેટલી નામોશી લગાડનારૂં છે? તેનો વિચાર કરો. એવું કરનાર પુરૂષ ન્યાયી જગત પિતાનો કોપ પોતાપર જાણી જોઇને ખેંચી લેછે; માટે સઘળા મંડળીક રાજા રાણાઓએ અને ભાયાતો તેમજ બીજા સંસ્થાનીકોએ મારી આ સૂચના ઉપરથી ખરેખરો ધડો લેવો; અને માંહોમાંહેનાં વેર છોડી

નાંખવા પોત પોતાના સ્વદેશ શત્રુ રાજવંશીઓ જોડે આ વખત સ્વદેશ સેવા ખાતર કસુંબા કરવા એવી મારી ભલામણ છે. એ પ્રમાણેનાં જાહેરનામાં કરાવી સઘળા અધિરાજમાં રાજા પ્રજાને જાણ થાય, તેવા ઉપાયોથી રવાને કર્યા. રાજકુંવરનું તેજ અને વય દિનપ્રતિ દિન વધતાં ચાલ્યાં, તેમ તેની બાળચેષ્ટા જોઈ મહારાજા અને મહારાણી આનંદ પામતાં હતાં. તેનું તેજસ્વી હસતું વદન દેખીને અને કાલુ કાલુ બોલવું સાંભળી સૌને આનંદ થતો. એ કુંવર બરાબર પાંચ વરસની વયનો થયો ત્યાં સુધી તો મહારાજા ચંદ્રસેનના દિવસ આનંદમાં ગયા. આ પાસ મામુલીસ્તાનના સરદારો અપમાન પામી પાછા ગયા હતા, તેમને તે સુલતાને દેહાંત દંડની શિક્ષા કરી; તોપણ પોતાનું અપમાન થયું, એમ સાંભરી આવી તેને નિરાંતે ઊંઘ પણ આવતી નહિ; અને ખાવાનું પણ ભાવતું નહિ. એ ઉપરથી તેણે પોતાના સઘળા સૈન્યને આજ્ઞા કરી કે મોહોરમના તેહેવાર કીધા પછી, સઘળાએ મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થવું. પ્રજાજનોમાંથી જે પેહેલવાનોને કાફરલોકની લક્ષ્મિ લૂંટવા આવવું હોય, તેઓએ પણ સજ થવું; પણ ત્યાંથી જે લૂંટ મેળવશે તેમાંથી છઠો ભાગ રાજખજાનામાં આપવો પડશે. આવા હુકમથી સૈન્યજન સિવાય પ્રજાનાં ઘણાં માણસો લક્ષ્મિની લાલચથી પોતાના સુલતાન સાથે જવા તૈયાર થયાં. મામુલીસ્તાનના રેહેવાશીઓ ઘણાજ જંગલી, બળવાન અને ધર્મઝનૂની હતા. તેમના ઉપદેશકો તેમને પરધર્મી માણસોને પોતાનો ધર્મ બળાત્કારથી મનાવવાનું અને તેમ નહિ માને તો છેવટે કતલ કરવાનું કેહેતા હતા. વળી તેમ કરવાથીજ અલ્લા તાલા ખુશી થશે; અને જેઓ વધારે મારશે; અથવા જેઓ ઘણા કાફરને મુસલમીન બનાવશે, તેઓને સારૂ જીન્નતના દરવાજા સદા ખૂલ્લા રેહેશે, એટલુંજ નહિ પણ તેને ત્યાં વધારે એસાએશ મળશે એવું સમજાવતા હતા. એ લોક એવા સ્વતંત્ર અને જંગલી હતા કે સેહેજ ટંટા ઉપરથી ખૂનપર આવી જતા. એમ દરરોજ દર કુટુંબમાં દસબાર ખૂન તો હાલતાં ચાલતાં થયાંજ કરતાં હતાં. મામુલી

મારવી અને માણસ મારવું એ તેમને મન બરોબર હતું. એ પ્રજા ઉપર તેમનો શેહેનશાહ પણ સુખે રાજ કરી શકતો નહોતો. તેના મનમાં હમેશાં પોતાને મારી નાંખવાની દેહેશત રહેતી હતી. પ્રજા સુલતાનના કાયદાને માન આપતી નહિ. સમશેર એજ તેમનો મોટો કાયદો હતો. સુલતાન પણ એ જંગલી લોકને વધારે છેડતો નહોતો; પણ હમેશાં તેઓ રાજી રહે તેવા ઉપાય યોજતો હતો. એ દેશ પાહાડી હતો, તેને લીધે અને બીજાં કેટલાંક કુદ્રતિ તથા લૌકિક કારણોને લીધે એ મામુલ લોક જબરા, પચંડ બાંધાના, દેખાવડા, લાલચોળ, અને સામા માણસને બીક ઉત્પન્ન કરે એવા કરડા દેખાવના હતા. મોહોરમના તેહેવારની રંગછોળ ઉરાડ્યા પછી એ સુલતાને પુષ્કરાવર્ત અધિરાજપર ચઢાઈ કરવા તૈયારીઓ કરવા માંડી. તે પુરી થઈ એટલે મામુલીસ્તાનનો મ્લેચ્છ શેહેનશાહ તોપોસહિત મહા બળવાન લશ્કર લેઇને પુષ્કરાવર્તક અધિરાજપર ચઢી આવ્યો. તેમાં સૈન્યજન કરતાં ઉડભંગી લૂટારા લોકની સંખ્યા અતિ મોટી હતી. વળી આસપાસના મુલકોમાંથી પણ એકેદ મ્લેચ્છ લૂંટારાનાં ટોળેટોળાં લક્ષ્મિની લાલચે આવી મળ્યાં હતાં. એ જંગલી મ્લેચ્છોની ધાડ લૂંટતી અને ગામ બાળતી પુષ્કરાવર્તક અધિરાજમાં પેઠી; અને તે પ્રમાણે નુકશાન કરતી તથા પ્રજાની નાહક કતલ કરતી રાજધાની તરફ આંગળ વધી. એ બાબતની ખબર સરહદપરના ખંડિયા રાજાએ એ સાંઢણી સ્વારો સાથે મહારાજા ચંદ્રસેનને કહાવી મોકલી; અને પોતાથી બન્યું, તેટલું કરીને મ્લેચ્છોને આગળ વધતા અટકાવવા ઉપાય કર્યા; પણ જેમ નદીના પૂર આગળ હલકા તણખલાનું કાંઈ ઉપજતું નથી; તેમ એ મહા ગંજાવર મ્લેચ્છ ફોજ સામે એ શૂરા પણ મંડળીક રાજાથી ટકી શકાયું નહિ,ત્યારે મ્લેચ્છોને રાજધાની તરફ આગળ વધવા દેઈ પોતે તેમની પાછળ પડ્યો.

એ સાંઢણી સ્વારો ડાગપર ડાગ બદલી એક રાત દિવસમાં રાજધાની વિલાસપટ્ટનમાં આવી પોહોંચ્યા. તેમણે મહારાજાને ખબર આપી કે મ્લેચ્છ સેહેનશાહ જાતે મહા બળવાન ફોજ લેઈ લૂંટ-

તો અને ગામો બાળતો રાજધાની તરફ પુર સપાટામાં આવેછે. મહારાજા તુરત કાન ફફડાવી સાવધ થઈ ગયો; અને સિંહની પેઠે ગર્જના કરી ઉઠ્યો. તરતજ તેણે બીજા જલદ સાંઢણી સ્વારો બોલાવી તેમને પોતાના બીજા મંડળીક રાજાઓ તરફ મોકલી પોતપોતાના સૈન્ય સહિત બને તેટલી તાકીદે તારંગાના મેદાનમાં આવી પહોંચવા આજ્ઞા કરી. નગરમાં અને સૈન્યમાં મ્લેચ્છ ફોજની વાત જોત જોતામાં વિજળીની માફક ફેલાઈ ગઈ, એથી પ્રજાનાં કાળજાં ધડકવા લાગ્યાં. તેમણે વાસણ કુસણ તથા ઘરાણાં ગાંઠાં ભોંયમાં ભંડારી દીધાં. કેટલાકે થોડા માસ ચાલે એટલા દાણાની કોઠીઓ પણ ભોંયમાં ઉતારી દીધી. મહારાજાએ પોતાના સૈન્યની તૈયારીઓ ઘણી ધામધૂમથી ચલાવવા માંડી. તે થઈ રહી, એટલે રાજધાનીનો પાકો બંદોબસ્ત કીધો. આજૂબાજૂના કિલ્લાકોટ સમરાવી તે પર તોપો ગોઠવાવી. બૂણગું દારૂ ગોળા વિગેરે તૈયાર થઇ અગાઉથી રવાને થવા માંડ્યું. પછી મહારાજા પોતે સઘળું સૈન્ય લેઇ સેનાપતિ મંગ સાથે તારંગાના મેદાનમાં જવા નીકળ્યો. રસ્તે ચાલતાં ઘણાએક મંડળીક રાજાઓ. મહારાજાના સૈન્યને આવી મળ્યા. મહારાજા ચંદ્રસેનને સામો આવતો જાણી મ્લેચ્છ સુલતાન તારંગાના મેદાનની પેલી બાજૂએ મજબૂત જગામાં પડાવ કરી પડ્યો. આ વખતે માહારાજાને અને પ્રજાજનોને વીરો ધીરો ખરેખરા યાદ આવતા હતા. સઘળા મંડળીક રાજાઓ મહારાજાની આજ્ઞા પ્રમાણે તારંગાના મેદાનમાં આવી પહોંચ્યા. સ્વદેશી સૈન્યની સંખ્યા એટલી બધી વધી પડી, કે મહારાજાએ તેના પાંચ વિભાગ કરી તે પર જુદા જુદા બહાદૂર રાજાઓને સેનાપતિ નીમ્યા, તોપખાનું પણ બહુ મોટું થઈ પડ્યું. તેના ત્રણ ભાગ કરી યુદ્ધક્રમમાં ગોઠવીને જુદે જુદે ઠેકાણે ગોઠવી રાખ્યું. મહારાજા જાતે બહાદૂર અને ચતુર લડવૈયો હતો, તેથી તેણે પોતાના સૈન્યની એવી ગોઠવણ કરી કે શત્રુનું એક માણસ પણ સલામતીથી પસાર થઈ શકે નહિ. મ્લેચ્છ સૈન્ય ઘણું મોટું હતું; તોપણ તે સ્વદેશી સેનાના પ્રમાણમાં ઘણુંજ નાનું દેખાતું હતું.

એ મેદાનની સામી બાજુએ કેટલેક અંતરે એક નાના ડુંગરને ઓથે મ્લેચ્છોએ છાવણી નાંખી હતી. તેમની પાસે થઈ એ ડુંગરમાંથી નીકળી એક નાની નદી વેહેતી હતી. તેમને આસપાસના પ્રદેશમાંથી જરાએ ઘાસ દાણો મળે નહિ, એવી ગોઠવણ એ તરફની સરહદના મંડળીક રાજાએ કીધી હતી, તેથી મામુલીસ્તાનનો સુલતાન લૂંટફાટ કરવાનું છોડી દેઈ યુદ્ધ કરવાની રાહા જોતો બેઠો હતો. પછી તેણે પોતાની છાવણી પાસેના ડુંગરપર ચઢીને ચંદ્રસેનની છાવણી તરફ નજર કરી જોયું, તો અપાર પુષ્કર સેના મોટા ઠાઠથી પડેલી દીઠી. એથી તેના જીવને પસ્તાવો થયો, કે આવા બળવાન રાજા સાથે લડાઈ કરવાનો પ્રસંગ શા માટે આણ્યો! ફક્ત લૂંટથી સંતોષ માની ચાલવા માંડ્યું હોત, તો વધારે સારૂ થાત. એમની સાથે યુદ્ધ કરતાં આપણે ફાવી શકવાના નથી. એમ ધારી તે નીચે ઉતર્યો; અને પોતાના સૈન્યની પરીક્ષા કરવાનો વિચાર કર્યો; તેણે પોતાના સરદારોને પોતાની પાસે બોલાવી ચંદ્રસેનના સૈન્યની હકીકત કહી; ને યુદ્ધ કરવા વિશે તેમની સલાહ પૂછી. ત્યારે સરદારોએ કહ્યું કે અમે તો આપની સાથે યુદ્ધ કરવા તૈયાર છીએ; પણ સિપાઇઓ તો પોતાની હિમત હારી ગયાછે. આપ નામદારને ખબર છે કે હમજાતિ સિપાઇઓને સામે મોઢે લડવા કરતાં નાસભાગ કરતાં લડવું; અને લૂંટફાટ કરવી વધારે ફાવેછે. વળી આપણી સાથે આવેલા સિપાઇઓ અણઘડ અને લાલચુ છે. સામે મોઢે યુદ્ધ કરવાનો પ્રસંગ આવવાથી આપણા સિપાઇઓની લાલચ બંધ પડીછે, એથી તેઓ છેક હિમ્મત વગરના થઈ ગયાછે, બીજી પાસે ચંદ્રસેન રાજા મહા જબરો લડવૈયો ગણાયછે. આપણું સૈન્ય એકવાર હાર પામી પાછું આવેલું છે, તેથી તેની પુષ્કર સેનાના પગ જોરમાં હોય, તેમ જણાય છે. આપણા સિપાઈઓ પુષ્કર સેનાની જડાવ કલગીઓ જોઈનેજ હામ હારી ગયાછે, તો તેવા પગ ભાગલા સૈન્યને લઈ શત્રુ સામે જશો, તો તેઓ શું દળદર ફુંકશે! અમને તો લાગેછે કે આપ જો આપણા સિપાઇઓને પાછા ફરવા આજ્ઞા કરો, તો તેમાંથી

કોઈ ના કહેનાર નથી સઘળા બચકા બાંધી તૈયાર થશે એ સાંભળી પાદશાહે કહ્યું. એમ છે ત્યારે, હવે હું તેમને અજમાવું છું; પણ તમે તેમને અટકાવજો. સરદારોએ હા કહી, એટલે પાદશાહ પોતાના સૈન્યમાં ગયો; અને પોતાના લશ્કરને કવાયદ ઠામે તૈયાર થઈ આવવા આજ્ઞા કરી. સિપાઇઓ હાજર થયા, એટલે તેમને પાદશાહે કહ્યું કે શત્રુઓની ફોજ અપાર છે; માટે મને વિજયની આશા વધારે રહેતી નથી. મારી નજરમાં એમ આવેછે કે એ બળવાન સૈન્ય સામે આંધળીઆં કરી કપાઈ મરવા કરતાં આજ રાતે છાનામાના પાછા જવું, એ વધારે સારૂ છે. આજ રાતના અગીઆર કલાકે મુકામ ઉઠાવી પલાયન કરવું છે, માટે તમે તમારી તૈયારીમાં રહેજો; એ હુકમ સાંભળતાંજ સિપાઇઓ આનંદનો પોકાર કરતા પોતપોતાનો સામાન સંભાળવાને સમેટવા લાગ્યા. સૈન્યમાંથી કેટલાક વૃદ્ધ મ્લેચ્છો પાદશા પાસે જઇને તેને મુબારક બાદી આપી બોલ્યા કે આપ નામદારે અગમચેતી કરીને પાછાં કુચ કરી જવાનો હુકમ કર્યો, તે ઠીક કર્યું છે, નહિ તો સઘળા શત્રુની તરવારથી કપાઈ મરત. એ શત્રુઓ એવા જબરા છે, કે આગળની ચઢાઇમાં શત્રુના એક પેહેલવાને એક તરવારે આખી મ્લેચ્છફોજ જબે કરી હતી, તો આ અપાર ફોજ શું નહિ કરી શકે? મામુલ પાદશાહની ખાતરી થઈ કે ફોજનાં સઘળાં માણસો હિમ્મત હારી ગયાછે. પછી તે પોતાના તંબુમાં આવી હવે શું કરવું? તેનો વિચાર કરવા લાગ્યો. સરદારો પોતાની ટૂકડીઓમાં ગયા; અને સામાન સંભાળી ઘર જવા તૈયારી કરતા સિપાઇઓને હિમ્મત આપી કહેવા લાગ્યા કે અરે યારો, તમે આ શું નામર્દાનીનું કામ કરોછો? પાદશાહે તો તમારી મરજી જોવા એ કામ કર્યુંછે. તમે એમ ન જાણશો કે પાદશાહે તમને ઘેર જવા આજ્ઞા આપીછે, તેમણે તો તમારી પરીક્ષા કરીછે. તમે નાસીને ક્યાં જશો! શું તમારૂં ઘર અહીં પાસે પડેલું છે કે તેમાં દોડીને પેસી જશો? જો નાસીશું, તો શત્રુઓ એકે એકને કાપી નાખશે. એ સાંભળી સઘળા સિપાઇઓનાં હથિઆર હેઠાં પડ્યાં; અને તૈયારી બંધ

પાડી એક બીજા સામું જોઈ નીચે બેઠા. સરદારોએ તેમને અટકાવી હિમ્મત આપી પણ તેઓના પગ બહુ ઢીલા હતા.

મામુલ પાદશાહે જાણ્યું કે હવે જીતવાની આશા તો રહી નથી; માટે અલ્લાના નામપર છેવટ એક હીકમત કરી જોઉં, કે પછી શું થાયછે? એવો વિચાર કરી તેણે પોતાના એલચીને એક દુભાષિયા સાથે મહારાજા ચંદ્રસેનની છાવણીમાં મોકલી કહેવરાવ્યું કે ત્રીજે દિવસે પો ફાટતાંજ યુદ્ધ સારૂ તૈયાર થવું. આણીગમ પોતાની ફોજના સિપાઇઓ અને સરદારોની છાવણીમાં પણ એજ પ્રમાણે ઢંઢેરો ફેરવ્યો. હજુ ત્રીજે દિવસે યુદ્ધ થવાનું છે, એમ જાણી મ્લેચ્છ સિપાઇઓ પાસેના ડુંગર પરનાં દેરાં, મકાનો અને પુષ્કરાવર્તનું વખણાયલું નકસી કામ જોવા ગયા. કેટલાક આસપાસનાં ગામડાં લૂંટવા ચાલ્યા; અને કેટલાક ખાઈ પી મસ્ત બનીને ગાન તાન કરવા લાગ્યા કે બીજી મર્દાની રમત ગમત કરવા લાગ્યા.

ત્રીજે દિવસે યુદ્ધ થશે, એવી ખબર મહારાજા ચંદ્રસેનને મ્લેછ વકીલ તેના દુભાષિઆની મારફતે આપી ગયો. મહારાજા ચંદ્રસેન, તેના પૂર્વજો અને બીજા ક્ષત્રી રાજવંશીઓની માફક વચન પાળુ અને ટેકી લઢવૈયો હતો, તેથી તે ત્રીજી સવારની આતુરતાથી રાહા જોતો બેઠો. તેના મંડળીક રાજાઓએ અને સરદારોએ તેની હજૂરમાં આવી સલાહ આપી, કે આપણી સામે યુદ્ધ કરનાર સ્વધર્મી ક્ષત્રી રાજા નથી, માટે તેના બોલવાપર વિશ્વાસ લાવી બેશી રહેવું, એ આપણ એકવચની ક્ષત્રીઓને છાજતું નથી. મ્લેચ્છ પાદશાહ પાસે ઘણી થોડી ફોજ છે, માટે તે આપણા ઉપર ઓચિંતો હુમલો લાવશે; એમ અમારા ખ્યાલમાં આવેછે. મહારાજા ચંદ્રસેને જવાબ દીધો કે એક મૂઠીભર મ્લેચ્છોથી આપણી મહાગંજાવર ક્ષત્રી સેનાને શું થઈ શકવાનું છે! "કાનપિંછુડાના બે પગ ભાગ્યા તોએ શું અને સાજા તોએ શું." ઉપરાજાઓએ સેનાપતિ મંગ સાથે મળીને કહ્યું કે અમો સઘળા સામદ શેવકોને આપ નામદારનાં વચન પરથી ખાતરી થાયછે, કે આમ એકલાજ એ મ્લેચ્છ પાદશાહને

તેની ફોજ મુદ્દાંત પુરા પડી શકીશું; અને તેમાંથી એકને ખબર લેઈ પાછો ઘેર જવા દેઈશું નહિ; અથવા તો તેમને અપમાન સાથે હદપાર કરી શકીશું; માટે આપ કૃપા કરી રાજધાનીમાં જાઈ રહો, તો સારૂં, કે તેના રક્ષણ તરફની અમોને ફિકર રહે નહિ. એ સાંભળી મહારાજા ચંદ્રસેને જવાબ દીધો કે મને છૂટથી લઢાઈ ચલાવવાની ઘણી હોંસ છે. સ્વધર્મી લોકપર છૂટથી તરવાર વાપરવા પ્રસંગ મળે, તોપણ મારૂં દિલ ચાલતું નથી. મને સ્વતંત્રતાથી તરવાર વાપરવાનો આજે ખરેખરો પ્રસંગ મળ્યો છે, તે નકામો જવા દેઈશ નહિ. વળી મને એ મ્લેચ્છ પાદશાહને યુદ્ધમાં મારે પોતાને હાથે હણીને અમરકીર્તિ લેવાની ઘણી હોંશ છે, માટે તમારે હવેથી એ વિષે કાંઈ બોલવુંએ નહિ અને ચાલવુંએ નહિ. સેનાપતિ મંગે કહ્યું કે આપ નામદારનાં વચનપર અમો સઘળાને ખાતરી છે કે તમે તેમ કરી શકશો. વળી એવાં વચનથી અમને પણ શૂર છૂટે છે; અને શરીરનું રોમેરોમ કેસરીની કેશવાળી માફક ફફડી ઉઠી યુદ્ધ યુદ્ધ યુદ્ધ પોકારેછે. એ પરધર્મી શત્રુઓનાં વચનપર વિશ્વાસ ન રાખતાં આપણા સૈન્યના પાંચ વિભાગમાંથી એકને વારાફરતી રાત દિવસ તૈયાર રહેવા આજ્ઞા આપી હોય, તો ઠીક, કે તેઓવડે આપણ સઘળાને નચિંતાઈ રહે. મહારાજા ચંદ્રસેને કહ્યું કે એમ કરવાની જરૂર છે, એવું મને તો લાગતું નથી; અને કદાપિ તમો સઘળાની મરજી એવી છે, તો એક ભાગને વારાફરતી તૈયાર રહેવા આજ્ઞા આપો. જે થવાનું છે, તે થયા વિના રહેતુંજ નથી; કેમકે ઇશ્વરેચ્છા સદા બળવાન છે. એમ છતાં માણસ પોતાના યત્નો તેની સામે વ્યર્થ અજમાવેછે. એટલું સાંભળ્યા પછી સઘળા રાજા રાણા અને સરદારો પોત પોતાના તંબુમાં ગયા. જતાં જતાં એક વૃદ્ધ અને અનુભવી રાજવંશીએ પોતામાં ધીમે રહીને કહ્યું કે—જ્યાં ધન, રૂપ, જુવાની, જોર, અને હુંપદ એ પાંચ વિકાર સામટા એકઠા થાયછે, ત્યાં બીજા કોઇના કહેણની અસર લાગતી નથી; એટલુંજ નહિ પણ કહેનાર અપમાન પામેછે. આજે અપમાન થવા સુધીનો

વખત નથી આવી પડ્યો, કારણ કે આપણો અધિરાજા સઘળાનું બળ જાણેછે; અને તે બહુ જ્ઞાની ને ધર્મશાસ્ત્રમાં નિપૂણ છે. એવા પચરંગી મદવાળા અજ્ઞાની પુરૂષને કહેલાં વચન ધ્વનીની પેઠે અથડાઇને પાછાં આવેછે. એ સારૂ ઇશ્વરેચ્છાએમજ છે, એમ માની સંતોષ રાખો. સઘળા પોતાને મુકામે ગયા, અને સેનાપતિ મંગે પાંચ વિભાગના આગેવાન સેનાપતિઓને સૂચના કરી કે દરેકજણે વારાફરતી પોતાના સૈન્ય સુધાંત દેઢ દોઢ પહોર હથિઆર બંધ થઈ જાગૃતિમાં રહેવું જોઇએ. એ દરમિઆન ક્ષત્રી, ભીલ, કોળી અને નાગડા યોદ્ધાઓની છાવણીમાં ત્રીજે દિવસે યુદ્ધ થવાનું છે; એ ખબર ફેલાઈ રહી હતી. હજુ ત્રીજે દિવસે યુદ્ધ થનાર છે, એમ જાણી સરદારોની પેઠે સિપાઇઓ પણ ખાઈ પીને ગમ્મત કરવા ગુંથાયા. આજથી ત્રીજે દિવસે જે બચશે, તે નવે અવતાર આવશે; મરવાનું તો નક્કીજ છે. હવે ફકત બે દિવસ જીવવાનું છે, એવા એવા વિચારથી કોઈ કાંઈ અને કોઈ બીજી મઝા કરવા લાગ્યા, એટલુંજ નહિ પણ કોઇએ કાંઈ વાતની વાંચ્છા અધૂરી રાખી નહિ. જેને જેવો ભાવ થયો, તેણે તેમ છૂટથી વર્તવા માંડ્યું.

આ પાસે મામુલીસ્તાનના પાદશાહે એજ રાતે બાર ઉપર ચાર વાગતાં ઉઠીને પોતાની તમામ સેનાને સજ થવાનો હુકમ કર્યો; એથી સૈન્યજનના મનમાં એમ આવ્યું કે, આપણો સુલતાન આપણને શત્રુને ફરેબ દેઈ સલામતીમાં ઘેર પોહોંચાડવા ઇચ્છેછે, એમ ધારી તેઓ પોતાના સુલતાનની આજ્ઞા પ્રમાણે ઉઠીને ઝપાઝપ તૈયાર થઈ બીજા હુકમની રાહા જોતા બેઠા. બીજે હુકમે તેઓ સઘળા પોતાના સરદારો સહિત કવાયદ ઠામે હાજર થઈ યુદ્ધ ક્રમમાં ગોઠવાયા. મામુલ સુલતાન ઘોડેસ્વાર થઈ એ સૈન્યને મોખરે આવી રહ્યો; અને સઘળા સાંભળે તેમ ઘણી અસરકારક રીતે બોલ્યો કે, આપણે ત્રીજે દિવસે સવારમાં યુદ્ધપર જવા ઠરાવ કરેલો છે; પણ આજ રાતે હું ભરનિદ્રામાં પડેલો હતો, તેવામાં એક ફીરસ્તાએ સાતમા અશમાનપરથી ઉતરી આવી અતિ ગુસ્સામાં લાલચોળ ડોળા કાઢીને મને ધમકાવા લાગ્યો કે અરે સુસ્ત સુલતાન! તું શા

માટે ધોર્યા કરેછે ? ઉઠ તૈયાર થા. અને સમશેર પકડ. હજરત મહમદનો હુકમ છે કે તું આજે ફતેહ પામીશ. હવેથી આ દેશનું તાજ તારા શીરપર બિરાજેછે, તે હું દેખુંછું. એટલું કહીને તેણે મને આશમાનમાંથી આણેલી રેતી આપતાં કહ્યું કે, આ રેતી યુદ્ધ કરતા પેહેલાં શત્ર ઉપર ફેંકજે, અને પછી તું તારા સૈન્ય સાથે શત્રુપર તૂટી પડજે, એટલે તેઓનાં ગાત્ર નરમ થઇ સઘળા તમારી સમશેર તળે નીકળી જશે. પાદશાહનો આવો હુકમ સાંભળી ધર્માંધ સિપાઇઓ અને સરદારો દીન દીન પોકારી ઉઠ્યા. ને શત્રુઓ તરફ તરવારો ખેંચી ધસવા લાગ્યા. સુલતાન તુરત પોતાનો ઘોડો દોડાવી તેમની આગળ થયો. મ્લેચ્છ સિપાઇઓ તેની પાછળ આંધળીઆં કરી ધસ્યા. એ વખતે મહારાજા ચંદ્રસેનનું સઘળું સૈન્ય છેક મોડી રાત સુધી ગાનતાન કરી નિરાંતે ઊંઘતું હતું. તેમની છાવણી પાસે આવી પહોંચતાંજ મામુલ પાદશાહે પેલી રેતી શત્રુ સૈન્યપર ફેંકી, એટલે તેના સિપાઇઓ હડકાયલા કૂતરાની માફક આંધળીઆં કરી ઊંઘતા સૈન્યપર તૂટી પડ્યા, અને સઘળાને આરીઆં તુરીઆંની પેઠે કાપી નાંખ્યા. ચંદ્રસેનની ફોજ માંહેના પેહેલવાનો ત્રાસથી ઝબકી બેઠા થઇને બાવરા બાવરા આમતેમ જોવા માંડે એટલામાં તો ઉપરથી મ્લેચ્છ સિપાઇઓ આવી ધડથી શીર જુદાં કરે. કેટલાક છેવાડા ભાગમાં પડેલા પેહેલવાનો નાસી છૂટ્યા; અને કેટલાક જાગતા છતાં મચલા થઇ ઓઢોમોઢો કરી પડી રહ્યા, તેટલાજ ફક્ત બચી ગયા.

પાદશાહ પોતે થોડાક વીંણી કાઢેલા ધીટ પેહેલવાનોને લેઇ મહારાજા ચંદ્રસેનના સુનેરી તંબુમાં સોનાના કળશની નિશાની રાખી ગયો. મહારાજાના પેહેરેગીરોને કતલ કરીને તેને ઊંઘમાંથી પકડી લેઇ બાંધી રૂંધી પોતાની છાવણીમાં મોકલી દીધો; અને તેની છાવણીમાં સઘળે ભંગાણ પાડ્યું. તેમાંનો સામાન સરંજામ અને પૈસો ટકો સઘળું મ્લેચ્છોએ લૂંટી લીધું. હથિઆર વિગેરે સામાન ભેગો કરાવી તારંબાગઢમાં ભરાવ્યો. તેપર પોતાના મ્લેચ્છ સિપાઇઓની ચોકી મૂકી. પછી પાદશાહ સાથે સરદારો અને સિપાઇઓ પુષ્કર

સેનાનો ટાડા લોહીમાં વધ કરી પોતાની છાવણીમાં ગયા. પાદશાહે છાવણીમાં જઈ મહારાજા ચંદ્રસેનનું શીર કાપી નાંખવા તરવાર ઉગામી, ત્યારે ચંદ્રસેને તેને દ્રઢતાથી જવાબ દીધો, કે હે દુષ્ટ! તું અજ્ઞાને દૂર મૂકી એ ઇમાની થયોછે. તેનું ફળ તે તને આપ્યા વગર રેહેનાર નથી. તું વિના કારણે આમ બાંધી રૂંધીને મારો ઘાત શા માટે કરેછે? તું સિંહ નથી; પણ શિયાળ છે; કેમકે તેં અમને દગો કરી કોલાનું કામ કર્યુંછે. હજુએ તું જો સિંહ બચ્ચો હોય; અને તેં તારી જનેતાનું દૂધ પીધું હોય, તો એકવાર મારા હાથ પગ છોડ; અને પછી આવી જા, કે કોણ અજ્ઞાને ત્યાં જવાબ દેવા જાયછે? પણ તું કૂતરીનું કે કોઈ નીચનું થાન ધાવેલોછે, તેથી તું મને છોડનાર નથી, એમ મારી ખાતરી થઈ ચૂકીછે. પાદશાહે ગુસ્સાથી જવાબ દીધો, કે અરે નાપાક! કાફરના સરદાર! આ બધી બકબક બંધ કરી મુસલમાન થવા કબુલ કરે; અને મારૂં પાણી પીએ, તો જુજ ખંડણી ઠરાવી તને તારૂં રાજ હમેશને માટે પાછું આપું; એટલુંજ નહિ પણ પરદેશી શત્રુઓથી તારૂં અને તારા વંશજોનું રક્ષણ કરવા હું મારા વંશજો અને હમદીનબાઇઓ સહિત વચનથી બંધાઉં. એ સાંભળી મહારાજા ચંદ્રસેને જવાબ દીધો કે, ધિઃકારછે તારા મુસલમાની ધર્મને અને તારા વચનને. હજુ "ગામમાં પેસવાના વાંધા; અને પટેલને ઘેર ઉનાં પાણી" મૂકાવો. એ પ્રમાણે હજુ મારા રાજનો એક ટૂકડો સરખો તારા હાથમાં આવ્યો નથી; અને તું મને તે રાજ પાછું આપવા તૈયાર થયોછે? ધિઃક્કાર હજો! એવા રાજને; અને તેના આપનારને. તે ક્રોધનો ભર્યો વધારે તુચ્છ વચન ઓચરવા જતો હતો, એટલામાં પાદશાહે પોતાને હાથે તેનું શીર ઉડાવી દીધું. એના જંગલી સિપાઇઓ મહારાજાના મૂડદાને વધારે અપમાન આપવા જતા હતા, તેવામાં ભયથી ત્રાસીને નાસી ગયેલાં સૈન્યજનમાંથી આશરે પચ્ચીશેક સ્વાર દોડતા આવી મહારાજાનું શબ માગવા વિનતિ કરવા લાગ્યા. પાદશાહે તે તેમને લેઈ જવા દીધું. તેઓ ગળતી આંખે અને શોકમય ચેહેરે પોતાના અધિરાજાનું મૂડદું લેઈ ઘણીજ ઉતાવળથી રાજધાની ભણી ચાલ્યા.

ગાડરપ્રવાહ જેવી પ્રજામાં આગલો મરાયો, એટલે પાછલા પણ મુઆ સમાનજ વર્તેછે. એ પ્રમાણે મહારાજા ચંદ્રસેન મરાયો, એટલે શૂરા મંડળીક રાજાઓ કાંઈ કરી શક્યા નહિ; અને પુષ્કરવાસી લોકોએ મ્લેચ્છોને બીજી મોટી લઢાઈ લઢવાની તસ્દી પાડી નહિ. જો તેઓ સઘળા સંપ સંપીને મ્લેચ્છોની સામા ટક્કર લેઈ શક્યા હોત, તો હજુ પણ એકાદ બે સૈકાં સુધી મ્લેચ્છો આ દેશમાં રાજ સ્થાપવા પામત નહીં. તેવી દેશસ્થિતિ હતી. તારંગાક્ષેત્રમાંથી મામુલ પાદશાહ રાજધાની તરફ ગયો; અને બીજા સરદારો મ્લેચ્છ ફોજનાં ધાડાં લેઈ ચારે દિશાનાં મંડળીક રાજ્યોમાં ઉઘાડી તરવારે ફરી વળ્યા. આખા અધિરાજમાં મ્લેચ્છોએ પોતાનો ત્રાસ બેસાડી દીધો. જે મંડળીક રાજાઓએ મ્લેચ્છ પાદશાહને ખંડણી આપી આધિન પણે રાજ કરવા કબુલ કર્યું, તેમનાં રાજ કાયમ રહ્યાં; અને જેઓ સામે થયા, તે સઘળાનાં રાજ્ય તરવારના જોરથી ખાલસા કર્યાં. "મારે તેની તરવાર" અને "બળીઆના બે ભાગ" એ કહેવત મુજબ ન્યાય અન્યાયની દરકાર ન કરતાં મ્લેચ્છોએ જોર જુલમથી સઘળો દેશ પોતાને તાબે કર્યો. એ સરદારો દરેક ઉપરાજ્યમાં અને ખાલસા મુલકનાં મુખ્ય મુખ્ય શેહેરોમાં પોતાનાં થાણાં બેસાડતા બેસાડતા ફતેહનો ડંકો ધગાડી રાજધાની, વિલાસપટ્ટનમાં પોતાન પાદશાહને આવી મળ્યા. આ ફતેહના સમાચાર મામુલીસ્તાનમાં પહોચ્યા, એટલે દુકાળવાળા પ્રદેશમાંથી જેમ ભૂખે મરતી મૈઓનાં ધાડેધાડાં આબાદ પ્રદેશમાં ધસી આવેછે, તેમ એ મામુલ મ્લેચ્છ લોકોનાં ટોળે ટોળાં પોતાના કંગાળ અસબાબ સાથે પુષ્કરાવર્તકના આબાદ પ્રાંતોમાં ઉતરી આવ્યાં. તેઓને મામુલ પાદશાહના હુકમથી સરદારોએ ઠેકાણે ઠેકાણે પોતાનાં થાણામાં વેહેચી નાંખ્યા; અને કેટલેક ઠેકાણે નવાં થાણાં બેસાડ્યાં.

મામુલ પાદશાહે રાજધાનીમાં પહોચ્યા પછી, મહારાજા ચંદ્રસેનની સઘળી દોલત, હાથી, ઘોડા, લશ્કર માલમિલ્કત વિગેરે સઘળું પોતાના હવાલામાં લીધું; અને સઘળા મુલકોમાં પોતાના નામની દુવાઈ ફેરવી. સઘળા પ્રાંતોમાં પાદશાહની સત્તા બેસી ગઈ; પણ હજુ

સુધી મહારાણીએ પોતાનો મેહેલ પોતાના કબજામાં રાખેલો હતો. એ મેહેલમાં સઘળી રાણીઓ દાસીઓ અને કેટલાક મેહેલી ચાકર એ સઘળાં ભરાઈ રહ્યાં હતાં; અને મેહેલનાં બારી બારણાં બંધ કરી દીધાં હતાં. મહારાજાના મરણની ખબર હજુ સુધી કોઇએ રાણીવાસમાં પહોંચાડી નહોતી. તેમના મનમાં નક્કી હતું, કે મહારાજા જીવે છે; પણ તેઓ પરાજયથી બહારવટે નીકળી પડ્યા હશે. આપણને તેમની ખબર મળેથી રતોવાઈ તેમના ભેગાં થઈ શકીશું; પણ અલી! લવંગા! ગઈ કાલ દસ વાગ્યાનો મારો જીવ બળબળ થાયછે; અને મારી જમણી આંખ ફરક્યાં કરેછે; માટે જરૂર કાંઈ ખોટું થયું હશે; અથવા તો થશે. લવંગાએ કહ્યું, એ તો અમસ્તુંજ થાય છે. જે હશે તે હમણાં બે ચાર ઘડીમાં માલમ પડશે. જરાવાર રહીને મહારાણી એકદમ બોલી ઉઠી ખરે! લવંગા તું તો એમ કરીને મને ટાઢી પાડેછે; પણ અરે! આ જો મારા જમણા હાથની ચીપ તૂટી પડી. એ સાંભળી લવંગાએ કહ્યું. બા તમે ફિકર ના કરો સિંહ કરતાં સિંહને જન્મ આપનારી સિંહણ બહુ જબરી હોયછે; એ માટે આવા સમયમાં તો તમારે ધીરજ રાખવી અને વળી કાચા હૈયાનાં દાસ દાસીઓને ધીરજ આપવી ઘટેછે. મહારાણી ચંદ્રાવતીએ કહ્યું. લવંગા! તું મારી માજણી વડી બેહેન સમાન છે. અત્યાર સુધીમાં તેં મારી સાથે એ પ્રમાણેની વર્તણુંક ચલાવી છે. અરે આ શો ગજબ!! આ મારા સૌભાગ્યનો શણગાર ચાંલ્લો પણ એની મેળે ખરી પડ્યો. હે પ્રભુ! તું આટલો બધો કોપ એકદમ કેમ વરસાવા બેઠોછે! હવે હું ક્યાં જાઉં? અને ક્યાં ઠરૂં! પ્રભુ તારાવિના બીજું કાંઈ દેખતી નથી. મેહેલ તો મ્લેચ્છ તુર્કડાઓએ ઘેરી લીધો છે, હાય, હાય હવે કેમ થશે!!

એ પ્રમાણે મહારાણી હાય વલાળ કરેછે, એટલામાં પેલા સ્વારો જે મહારાજાનું મુડદુ પવિત્ર માણસો પાસે ઉંચકાવીને આવતા હતા, તે મુડદું તેમણે બારોબાર સ્મશાનમાં મુકાવ્યું; અને તે ઉપર પોતામાંથી થોડાક સ્વારોને ત્યાંજ રહેવા દેઈ બાકીના રાજમેહેલના બારણા પાસે આવી બારણાં ઠોકી બૂમો પાડવા લાગ્યા. એ બૂમો લ-

વંગ એ સાંભળી, એટલે તેણે કહ્યું કે બાસાહેબ ? બહાર કોઈ બૂમો પાડેછે; માટે હું જઇને જોઉં ? કે તે કોણછે! મહારાણીએ કહ્યું. હા જો; પણ જો જે દગો ન હોય; ખાતરી કરીને ઉઘાડજે. લવંગાએ જઇને જોયું, તો પોતાનાં માણસ દીઠાં, તેથી તેણે ધીમે રહીને બારણું ઉઘાડ્યું. સ્વારો અંદર દાખલ થયા; અને મહારાણીની પાસે જતાં જતાં તો તેમની છાતી ભરાઈ આવવાથી એકદમ મોટેથી રડી પડ્યા. એ ઉપરથી મહારાણીએ અને બીજા દાસ દાસીઓએ જાણ્યું કે મહારાજા પડ્યા. તેમની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં; તોપણ હિમ્મત રાખી સ્વારોને તેમની હકીકત પૂછી. તેપરથી જણાયું કે મહારાજાને તેમની ફોજ સહિત મ્લેચ્છ પાદશાહે દગો કરી માર્યા; અને તેમનું શબ સ્મશાનમાં મૂકેલું છે. આખા મેહેલમાં રડારોળ થઇ રહી. મહારાણી શોકથી વિલાપ કરતાં કરતાં કહે કે હાય હાય ! ! હજારો હજાર વર્ષથી પૂર્ણ જોસમાં પ્રકાશી રહેલો આર્યભાનૂ આજેજ અસ્ત થયો? હરિ હરિ! આ વેળા, તેં મારે માટેજ રાખી મૂકી હતી? હાય હાય! એમ બોલતાં રૂદન કરવા લાગી;—

લલિત છંદ.

અરરર હાયરે, હાય હાયરે, હૃદય તો બળી રાખ થાયરે;
પ્રથમ હું હતી હર્ષની ભરી, પતિ વિયોગથી થૈછું બાવરી. ૧
અરરર હાયરે કષ્ટ ક્યાં કહું, પતિ વિયોગથી કેમરે રહું;
દિલ વિશે વાતી કોણને કહું, અબળ જાતિ હું એકલી રહું !! ૨
અરરર માહરૂં શું હવે થશે, દિન વિયોગના કેમરે જશે;
અરરર સ્વામીજી શી ગતિ થશે, દિવસ દોહ્યલા શી રીતે જશે. ૩
અરરર પ્રાણ હું આપીને મરૂં, પતિવિના રહી જીવી શું કરૂં;
ક્યમ કરી હવે કંથને મળું, વિકટ પંથમાં ક્યાં જઈ પળું. ૪
ધડ ઉએડીને શીષ કાપીયું, સુખ લઈ મને દુઃખ આપીયું;
વગર વાંકથી કર્મ ફૂટીયું. અરરર ઓ પ્રભુ આ શુંરે થયું. ૫
કરમ ફૂટીઉ સુખ સૌ ગયું, તૂરક મ્લેચ્છનું રાજ શું થયું;
છણણ છાતડી માહરી બળે, વદન દેખતાં આંખડી ગળે. ૬

એ જોઈ મહારાણીને મેહેલનાં સઘળાં માણસો અશ્રુભરી

આંબે આસના વાસના કરવા લાગ્યાં. લવંગાએ પાંચ વર્ષના રાજકુંવરને મેહેલના બીજા ભાગમાં રમતો હતો, ત્યાંથી ઊંચકી લાવી મહારાણીના ખોળામાં મૂક્યો; ને બોલી કે બા, હવે છાનાં રહો. આ કુંવરના સામું જોઈ મન વાળો. "બાળા તેને શા દુકાળા" એ કાલે મોટો થશે, અને એના બાપનું વેર વાળશે. હિમ્મત રાખો, એની આંખમાં તમને રડતાં જોઈ આંસુ ભરાઈ આવ્યાં છે. મેહેલમાં એ પ્રમાણેનું કામ ચાલેછે, એટલામાં મ્લેચ્છ પાદશાહને ખબર પડવાથી તે હાથમાં ઉઘાડી તરવાર લેઈ મેહેલમાં ધસી આવ્યો; અને મહારાણીના ખોળામાં જે પુત્ર બેઠેલો હતો, તેનું પાંગોઠું પકડી ખેચી લીધો. દાસીઓ વિગરે માણસો તેને છોડાવવા યત્નમાં પડતાં હતાં, એટલાંમાં તો પાદશાહે તેનું શીર ઉડાવી દીધું!! તે જોતાંજ મહારાણી એક મોટી ચીસ પાડી ભોંય પડતાં બોલી કે સત્યાનાશ વળ્યું! હવે શું? હવે તો બોલો "જે અંબે જે અંબે" એમ બોલતાં વિકાળ સ્વરૂપે અને છૂટે કેશે ધુણવા લાગી. હાથમાં કુંમકુંમ ઉડવા માંડ્યું; અને મુખમાંથી બોલબોલ પુષ્પ ખરવા માંડ્યાં. મામુલ પાદશાહ તો આ દેખાવ જોઇ દિગમૂઢ બની ગયો; અને ત્યાંનેત્યાંજ શબવત થઈ ઉભો રહ્યો. દાસીઓ વિગેરે સૌ જાણી ગયાં કે મહારાણીને પતિપુત્રના વિયોગથી સત ચઢ્યું છે. એમ જાણી તેઓ ઊતાવળે સતીની સામગ્રી કરવા મંડી ગયાં. એક દાસી મહારાણીના માથામાં મોગરેલ સિંચવા લાગી, બીજી હિંગળોકની પિયળ કરવા મંડી; અને ત્રીજી તેને પુષ્પ ગજરા અને હાર પેહેરાવા લાગી. મોગરેલથી માથાના વાળ લદબદ થઈ રહ્યા હતા, તેમાંથી અને મોં આગળ સળગાવેલી ધૂપ શળીઓમાંથી નીકળતી ખુશબોએ આખો મેહેલ મગમધાટ થઈ રહ્યો હતો. દાસીઓ સઘળી સામગ્રી કરી રહીને તેઓ પણ તાળીઓ પાડી "જે અંબે જે અંબે" કરવા લાગી. ચંદ્રાવતી સતી ઉભી થઈ છૂટે કેશે હાથમાંથી કુંમ કુંમ અને મુખમાંથી પુષ્પ ખેરવતી ઠેકડા મારતી મારતી સ્મશાન ભૂમિ ભણી ચાલી. તેની પાછળ દાસીઓ "જે અંબે જે અંબે" બોલતી અને તાળીઓ પાડતી દોડતી હતી. એઓની પાછળ કેટલાક ચાકરો

અને ક્ષત્રીઓ રાજકુંવરનું મુડદુ ઊંચકી ચાલતા હતા. રસ્તે જતાં જતાં હજારો હજાર લોક સતીનાં દર્શન કરવા સારૂં દોડી આવી એકઠા થયા અને તેમની પાછળ દોડવા લાગ્યા. એ સતી પગે લાગનાર પુષ્કર વાસીઓને ફૂલ અને કુંમ કુંમ આપી આશિષ દેતી સ્મશાનમાં પહોંચી. રસ્તામાં તેના હાથ પગમાંથી ખરેલું કંકુ અને પુષ્પ વિણવા લોકોનાં ટોળેટોળાં ઉપરા ઉપરી પડતાં હતાં. સ્મશાનમાં સુકટ કાષ્ટની ચિતા ખડકી તયાર કરી હતી; અને તે ઉપર પાતળાં તુળસી કાષ્ટનું આચ્છાદન કરેલું હતું. તે ચિતા ઉપર સતી મહારાજા ચંદ્રસેનનું માથું ખોળામાં મૂકી મોં સામુ જોતી "જે અંબે જે અંબે" પોકારતી હતી. આંખમાંથી આંસુધાર ચાલી રહી હતી. આસપાસ હજારો લોક ભેગા મળ્યા હતા. ઢોલ, ભુંગળ, શરણાઈ, અબિલતાસાં, રણશિંગાં વગેરે વાજાં એટલાં બધા જોરથી વાગતાં હતાં, કે કાન પડ્યું સંભળાય નહીં. ટોળે મળેલા લોકો પણ "જે અંબે જે અંબે" બોલતાં તાળીઓ પાડતા હતા; અને કીકીઆરીઓ કરતા સતીની ચિતાની પ્રદક્ષણા ફરતા હતા. એ ચિતાની પાસે ટિલાટ કુંવરની એક નાની સુકટ ચિતા ખડકીને તેપર તેને સૂવાર્યો હતો, એ પ્રમાણે વાજાંની ધૂમ મચી રહી હતી; અને લોકો બૂમરાણ કરતા અગ્નિ પ્રદિપ્ત થવાની રાહા જોતા હતા, એટલામાં મોમુલ પાદશાહ કોઈ રાજદ્રોહી પુષ્કર વાસી સરદારની શીખવણીથી ઘોડાપર સ્વાર થઈ બેચાર મ્લેચ્છ સ્વારો સહિત પુર જોસમાં ઘોડો દોડાવતો સ્મશાન ભૂમિમાં આવી પહોંચ્યો; અને ઘોડાપરથી ઉતરી સતી પાસે જઈ માથું નમાવી પગે લાગ્યો, ત્યારે તેને સતીએ આશિર્વાદ દીધો; અને તેનીગમ પુષ્પની મૂઠી ફેંકતાં કહ્યું કે જા, એટલાં સૈકાં વરસ રાજ કરજે. પછી પાદશાહ ઘોડેસ્વાર થઈ સ્મશાનનો તમાસો નિરખતો હતો, એટલામાં ચિતા આપોઆપ સળગી ઉઠી. પ્રજાજનો, જોરથી વાજાં વગાડવા મંડ્યા; અને મોઢેથી તાણીને જે અંબે જે અંબે બોલતા ચિતા પાછળ ફરવા લાગ્યા. એ જોઈ મામુલ પાદશાહની આંખમાંથી આંસુ પડવા માંડ્યાં. પછી તેણે આસપાસ નજર કરી તો પુષ્કરવાસી વિના કોઈ પણ પોતાનું માણસ પાસે દીઠું નહિ,

તેથી તેણે પોતાને મારી નાંખવાની બીકથી પોતાનો ઘોડો રાજમેહેલ ભણી મારી મૂક્યો. મેહેલમાં પહોંચ્યા પછી સતીએ આપેલાં ફૂલ મૂઠીમાંથી કાઢી ગણી જોયાં, તો તે બરાબર પાંચ થયાં. ચિતા બરાબર સળગી, એટલે કેટલીક દાસીઓને પોતાનાં રાજા , રાણી બળતાં દેખી સતશૂર ચઢ્યું, તેથી તેઓ પણ "જે અંબે જે અંબે" બોલતાં ચિતામાં કૂદી પડી. એ ચિતામાં મહારાણી સાથે સઘળી મળીને એકસો આઠ સ્ત્રીઓ બળી મોઈ હતી. આસપાસ ભેગા થયેલા લોકો બળતાં બળતાં સતીના મૂખમાંથી નીકળેલા બોલો પોતાને કાને સંભળાય નહિ; માટે જોરથી બૂમો અને તાળીઓ પાડતા હતા; અને તરેહ તરેહના અવાજવાળાં વાજાં ખૂબ જોરમાં વગાડતા હતા. કેટલાક કાનમાં આંગળીઓ ઘાલી મોંઢે ચીસ પાડતા હતા; અને કેટલાક તો પોતાના કાનમાં પેહેલેથી રૂ અને ચીંથરાંના દાટા ઘાલી આવેલા હતા; કારણ કે એ પુષ્કરવાસી લોકોમાં એવો વેહેમ સજ્જડ ઘર કરી બેઠો હતો, કે સતીના મુખમાંથી નીકળતા અવાજ બળતી વખતે જેના કાનમાં જાય, તે બરાબર બાર માસમાં મરણ પામે.

મહારાણી સતી થાયછે, મહારાણી સતી થાયછે, એવી ખબર રાજધાની ફરતાં ચચ્ચાર પાંચ પાંચ ગાઉ સુધી પસરી રહી. એને લીધે આસપાસનાં પરાં અને ગામડાંમાંથી લોકોનાં ટોળેટોળાં હાથમાં નાળિએર, ચોખા, સોપારી અને ફૂલ વિગેરે લઈ લઈને સતીનાં દર્શન કરવા માટે આવવા લાગ્યાં. તેમાં ખેડુત અને બીજા લોકોની સંખ્યા બેભાગ ત્રીજ હતી. તેઓ હુલ્લડ કરશે, એવી દેહેશતથી માકુલ પાદશાહના હુકમથી સિપાઈઓએ તેમને બળાત્કારે પાછા કાઢ્યા. બાયાતોએ ત્રીજે દિવસે વાંની વાળી; ને સતી ઠામે સ્મશાનમાં એક મોટું ભવ્ય દેવાલય ચણાવ્યું. તેમાં સતી ચંદ્રાવતી. મહારાજા ચંદ્રસેન અને ટિલાટ કુંવરની પ્રતિમાઓ કાળા આરસપહાણની કોતરાવીને પ્રતિષ્ઠા કરી બેસાડી. વચમાં એક મોટું શિવલિંગ બેસાડી તે દેવળનું નામ દૂધેશ્વર પાડ્યું. એમ છતાં કેટલાક લોક એને સતીનું દેવળ પણ કેહેતા હતા.

મામુદ પાદશાહ મલિક કમાલે મહારાજા ચંદ્રસેનના ભાયાતો, દાસીપુત્રો અને કેટલાક સ્વતંત્રતા ધરાવનાર રાજવંશીઓને તેમના કુટુંબ સહિત રાજકેદી બનાવ્યા; અને પોતાની સામેના મહેલમાં વસાવ્યા, કે તેઓ તર્કટ કરી બળવા ઉઠાવે નહિ; પણ તેમને જેમ જેમ લાગ મળતો ગયો, તેમ તેમ તેઓ દરેક પોતાનાં બૈરાં છોકરાંની કતલ કરી બંહારવટે નીકળી પડ્યા. એટલા જુજ વખતમાં એ પાદશાહની એટલી બધી સત્તા જામી ગઈ હતી, કે એ બહારવટીઆ રાજવંશીઓ બિચારી ગરીબ પ્રજા સિવાય બીજા કોઇને નુકશાન કરી શકયા નહિ. એક વખત એ પાદશાહ પોતાની દરબાર ભરી બેઠો હતો. તેમાં મુલ્લાંજી પણ હાજર હતા. એ મ્લેચ્છ લોકોમાં એમના ધર્મોપદેશકો સિવાય બીજા કોઈ વિદ્યાની વધારે દરકાર કરતા નહોતા. એ મુલ્લાંજી પાદશાહ, અમીરો, અને બીજા મ્લેચ્છ સભાસદો સાંભળે તેમ ઉભા થઇને બોલ્યો. જ્યું તલક અપને મજહબકે લોક ઇયેહ મુલકમેં બસતે નહિ હે, વાં તલક આપ નામદારકા મુસલમીન રાજ સલામતીમેં નહિ હે. ફીર વો આબાદ કીસ તરેહસે હોનેકા હે. કુરાનકી દરમિઆન હજરત મહમદકા ફરમાન હેય કે જો એક કાફરકું મુસલમીન બનાતાહે, વો હમેશકે બાસ્તે જીન્નતકુ નજિક બુલવાતા હેય. અપને બાગમેસેં જંગલી બાંટવે કટવા ડાલતે હે, સબબ વો કુછ કામકે નહિ હે. વો બાંટવે બોત બઢ જાવેં, તબ દુસરે અચ્છે અચ્છે રોપેકું હરેકત કરકે બઢને નહિ દેતે હે; ઇસ તરેહસે નાપાક આલમ ઓર કાફર લોક બોત બઢનેસે પાક મુસલમીનકુ બઢનેમે ખલેલ પહોંચવાતે હે. એસા, ખુદરતકા કાયદા હે. લેકીન સબ કાફર લોકકું કતલ કરના ચેયે ઓર સબ કાફરે લોકકુ પાક દીનમે ભેલી કરના ચૈયે. કભી આપ આપકે સબ મુલ્કમે સલાહસેં, ઓર જુલૂમ કરકે અપના મજહબકું બઢા દેઓ, તો અલ્લા તાલા આપ નામદારકું સારી જીન્નતકા તાજ ક્યું નહિ પેનાવે? ક્યોં કે જો એક કાફરકું પાક મુસલમીન બનાતાં હે; ઉસકુ જીન્નતમ ભેજતે હે; તો જો કોઈ સારી આલમકું પાક દિનમે લાતે હે ઉસકું જીન્નતકા તાજ મિલજાવે ઉસમે કુછ અંદેશા નહિ હે.

મુલ્લાંજીનાં ભાષણ ઉપરથી મામુમ પાદશાહની ખાતરી થઈ કે મુલ્લાંજી કહેછે તે ખરી વાત છે. હમણાં તો આ દેશના લોકો જુલમના માર્યા મારી દુવાઇને તાબે થયા છે; પણ જો કોઈ એઓ-માંનો રાજવંશી સામો થઈ બળવો કરે, તો મારાં થાણાં વાળા મૂઠી ભર હમદીનોને એ લોક જોતજોતામાં કાપી નાંખે; અને મારી પણ તેજ અવસ્થા કરે, એમાં સંદેહ નથી. એવો વિચાર કરીને એ પા-દશાહે પોતાના ખાલસા મુલક માંહેનાં મુખ્યમુખ્ય શેહેરોમાં અને મંડ-ળીક રાજાઓનાં નગરોમાં નવાબોના સાથે એક એક કાજીની ની-મનોક કરી એટલુંજ નહિ પણ એ દરેક થાણાના ઉપરી અમલદાર-પર એ કાજી લોકોને પોતાનો ધર્મ ફેલાવા દેવામાં તેઓ માગે તેવી મદદ આપવાના સખત હુકુમો લખી મોકલ્યા. તેમ એ કાજી લોકો-એ દર વરસમાં કેટલા લોકને નવા મુસલમાન બનાવ્યા, તે બાબતનાં પત્રકો એ નવાબો મારફત હજુરમાં મોકલવાનું ઠરાવ્યું. પ્રજાજનો ઉપર જુલમ કરીને હરેક બાહાને તેઓને નિચોવવાને માટે થાણા-પતિઓ તેઓના સિપાઈ સાથે ટાંપી રહેલા હતા. એવામાં પાદશાહ તરફથી એમની ઈચ્છાને અનુકુળ પડતા હુકમો આવી પહોંચ્યા, એટલે "ભાવતું હતું અને વૈદે કહ્યું" એ કહેવત મુજબ ધર્મને બા-હાને પ્રજાપર જોરજુલમ કરવામાં કાંઈ ન્યુનતા રાખી નહિ. પો-તાના ધર્મમાં આવનાર પુષ્કરવાશીને લાલચો આપવા માંડી; તે-મજ મોટા મોટા હોદ્દાઓની જગા પણ તેઓનેજ મળવા લાગી. તેમની મદદથી નીચ ઝાડુ કાઢનાર દેશી વટલીને ઊંચવર્ણ સ્વદેશીપર અમલ બજાવતો, તોપણ સ્વદેશીથી કંઈ બોલાતું નહીં. એવા એવા ઉપાયોથી તેઓ જ્યારે બરાબર ફાવી ન શક્યા, ત્યારે તેમણે નીચ સ્વદેશી જાતોને બળાત્કારે વટલાવી મુસલમાન કરવા માંડી. એ પરથી તે દેશના દેશીઓમાં કહેવત ચાલી કે "મારીને મુસલમાન કરે" ત્યાં રૈયત બિચારી શું કરે ? ખેડુત લોકોને તો હાલતાં ચાલતાં વટ-લાવી મારતાં હતાં; અથવા તો કેટલાક મ્લેચ્છો એકાદ પુષ્કરવાસીને પકડી વગર કારણે તકરાર કરી પડતા; અને પછી તે વાલાપો વટ-લાયો એવી બુમો પાડી તાળીઓ પાડતા હતા. ખેડુત વર્ગનો ઘણો

ભાગ મુસલમાન થઈ ગયો હતો. એ સિવાય પરચુરણ ધંધાધારી અને કારીગર લોકોમાંથી પણ ઘણાને મુસલમાન બનાવી દીધા હતા. રાજા, તેના અમીરો અને નવાબો વિગરે સઘળા હમેશાં મુસલમાનના લાભમાં ઉતરતા હતા. ઇનસાફ તો તેમણે પોતાનોજ કરી રાખ્યો હતો. મ્લેચ્છ પુત્રો રસ્તે ચાલતાં પુષ્કર પ્રજાના સ્ત્રી પુરૂષોને ઉઘાડે છોગે અટકચાળાં કરતા કે લાજ લુટતા; તોપણ તેઓ તેમનું "કાળુ મોહું" કરી જવા દેતા હતા; કેમકે એમ કર્યા વિના તેમનો છૂટકોજ નહોતો. પાદશાહથી તે સિપાઈ સુધી સઘળા "એસા જેસા, તેસા; અને તેસા તેવાજ તાઈ" એ પ્રમાણેનો સઘળો દાટ જામેલો હતો. ત્યાં બિચારા સ્વદેશીઓ અને પરધર્મીઓની દાદ કોણ સાંભળે ? નીચ દેશીઓ લાલચને વશ થઈ વટલાતા હતા. તેમનું જોર એટલું વધી પડયું કે એક મ્લેચ્છ પાદશાહની સઘળી દરબાર તદન ઝાડુ કાઢનાર દેશીમ્લેચ્છોથી ભરાઈ ગઈ હતી; અને એક બે એવા વટલેલા નીચ દેશીઓ પાદશાહ વઝિર થયા હતા !!

તોપણ હજુ સ્વદેશી ઊંચ વર્ણનાં ભાગ્ય સારાં હતાં, કે તેઓ પોતાના સ્વદેશી ક્ષત્રી રાજાઓ અને પોતાની ઘણા કાળની સંયુક્ત રાજસ્થાપનાથી પૈસેટકે ઘણા ગબ્બર થયેલા હતા. એઓના મનમાં પોતાના પરધર્મી રાજકર્તાઓ અને તેમના જુલમ ઉપર અંતઃકરણથી બળતાં તો ઘણાં ઉભરાઈ આવતાં; પણ તેઓ પોતાની લક્ષ્મિ સામું જોઈ મન વાળતા હતા. વળી તેમની ધર્મનીતિ, ઉપરથી દાબણ કરી આપતી હતી; તેથી તેઓ પોતાના રાજકર્ત્તા સામે "ચ્યાં કે ચ્યું" કરી શકતા નહોતા. છેલ્લા સ્વદેશી રાજાઓના વખતની લશ્કરી પ્રજાના તનુજો કોઈ કોઇવાર એ પરદેશી અને પરધર્મી રાજકર્તાઓના જુલમ સામે આથડતા; પણ આખરે તેઓને પાછા હઠવું પડતું હતું. ક્વચિત ફતેહ પામતા, ત્યારે તેનો જોઇએ તેવો લાભ લેઈ શકતા નહોતા; કેમકે તેમનામાંથી વિદ્યાજ્ઞાન અને બળ ઓછું થતું ચાલ્યું હતું. ફકત ઉપદેશક વર્ગમાંજ સરસ્વતિ પ્રતમા રૂપમાં ટકી રહી હતી.

છેવટે પુષ્કરવાશીઓ એટલુંજ કરી શક્યા, કે જેમ તેમને તે-

મના પરદેશી રાજકર્તાઓની થોડી ગરજ પડે, એવા એવા નિયમો અને રૂઢીઓ દેશકાળને અનુસરી બાંધતા ગયા; અને ચલાવતા ગયા. એ નિયમો અને રૂઢીઓ સઘળી સારીજ હતી એમતો ધારવુંજ નહિ. એઓ ફકત એ સમયને અનુકુળ હતી. પ્રથમ તો સ્વદેશીઓએ રાજકર્તા પાસે ઇનસાફ માગવાનો બંધ કરી પોતપોતાના કજીઆ પોતાની પંચોમાંજ ચૂકવવા માંડયા. દેશપાળ અવળો થયેલો, એટલે વિદ્યા કળાને ઉત્તેજન મળતું છેક બંધ પડી ગયું. પ્રજા દિવસે દિવસે અજ્ઞાન થતી ચાલી, એથી લુચ્ચાઈ, દંગાઈ, ચોરી, દગાફટકા જૂઠ વિગેરે અનેક દુર્ગુણોએ પ્રજામાં વાસ કર્યો. તો પણ "સોબતે અસર"થી જીતનાર જંગલી લોકો, જીતાનાર સુધરેલી પ્રજાની કેટલીક રીતભાતથી જીતાય છે, તેમ જીતનાર મ્લેચ્છ રાજકર્તાઓ અને જીતાનાર પુષ્કરવાશી વચ્ચે કેટલીક બાબતમાં તેમ થયું ખરૂં.

આગળ જતાં પ્રજાજનોમાં વાસ કરી રહેલા દુર્ગુણોએ વેલા નાંખ્યા. તેમની સ્થાપેલી પંચોસ્વાર્થી થઈ ગઈ! એથી કરીને દરેક વર્ણમાં લઢાલઢી પેઠી. એ માંહોમાંહના પ્રકૃતિ ક્ષોભથી ચાર વર્ણ ટૂટીને તેમાંથી અનેક નાતો ઉત્પન્ન થઈ. શરૂઆતમાં તો તેઓને રોટી બેટીનો વ્યવહાર ચાલુ રહ્યો હતો, તેમાંથી થોડે વરશે બેટી વ્યવહાર છેક બંધ પડી ગયો અને ફકત રોટી વ્યવહાર ચાલુ રહ્યો. જે હજીસુધી પુષ્કરાવર્તકની નાતોમાં ચાલે છે. કુસંપે પોતાનો દોર એટલો બધો ચલાવ્યો કે નાતોમાં પેટા નાતો અને તેમાં વળી અનેક તડો પડી ગયાં. એમાંથી કેટલાંક તડો તો આગળ જતાં પૃથક પૃથક નાતો ગણાવા લાગી. મ્લેચ્છ રાજકર્તાઓના જુલમે તેમાં વધારો કીધો. એમની બીકથી સ્વદેશીઓ ન્યાતરૂપે પોતપોતાના વાડા બાંધી બેઠા. પોતાથી ઉતરતી વર્ણની કન્યા ચઢતી વર્ણવાળા લેતા; અને એક બીજાનું અવધડ વખતે ખાતા પીતા હતા; તે પણ મ્લેચ્છોના આવ્યા પછી તેઓ વટાળના વેહેમમાં પડ્યા, તેથી તેઓ ખાતા પીતા બંધ પડી ગયા. એ નાતો સિવાય મિશ્ર નાતો ઉત્પન્ન થઈ, તેતો વળી જુદી. આગળ જતાં એ સઘળી નાતોના લોક પે-

દેખાતા હતી એક હશે! કે નહિ! તે ઓળખવાને જાણવું બહુ મુશ્કેલ થઈ પડ્યું. એટલું બધું રૂપાંતર થઈ ગયું હતું.

પ્રજામાં સઘળે "તતમ માલ ઓ મીઆંભાઈકા" એમ થઈ પડ્યું. મ્લેચ્છ લોક સ્વદેશી પ્રજા ઉપર ગમે તેટલો જુલમ કરે; તો પણ તેમને કોઈ પૂછતું નહોતું. ખૂબસુરત સ્ત્રીઓ, પૈસાટકો અને બીજો ઉમદા સામાન મ્લેચ્છ રાજ કર્તાઓ દેખે ત્યાંથી પડાવી લેતા. તેમની દેખાદેખી કરીને મ્લેચ્છ અમલદારોથી તે સિપાઈઓ સુધી તેમજ વર્તતા હતા. તેમની બીકથી સ્વદેશી લોકો પોતાના સુખદા ચારા છોડી દેઈ નાતજાતમાં આબરૂ રાખવાના હેતુથી સ્ત્રીઓને ફરેવાહરવાની છૂટ હતી તે છેક બંધ કરી દીધી. જે આમળ જતાં ખરેખરી ગુલામડીઓ થઈ પડી. છોકરીઓને જુવાની આવતા પહેલાં નાનપણમાં પરણાવી પારકી કરવા લાગ્યા. મ્લેચ્છ લોકો ત્યારે ખૂબસુરત વિધવાઓને નિરાધાર સમજી પકડી પકડીને બીબીઓ કરવા લાગ્યા; એથી સ્વદેશીઓમાં પહેલાં કોઈ કોઈ સતી થતી તેને ઠેકાણે ક્ષત્રી વર્ગેતો એવો જાલમ રીવાજ પાડી દીધો, કે રાંડનાર અપુત્ર વિધવા સ્ત્રીની મરજી હોય, કે નહિ; તોપણ તેને તેના પતિ ભેગી બાળી મૂકવી. એ દેશના એક પ્રાંતના મંડુશાહ નામે મ્લેચ્છ સરદાર બળાત્કારથી પ્રજા વર્ગની ખૂબસુરત છોકરીઓમાંથી રોજ નવી નવી પરણવા લાગ્યો, તે કહેતો કે હું દેશપતિ છું, એટલે એ દેશમાં ઉત્પન્ન થનાર સઘળી સ્ત્રીઓ મારીજ છે!! માટે મારી રજા સિવાય કોઈએ પોતાની છોકરીનાં લગ્ન કરવાં નહિ. તે સરદાર રજા માગવા આવનાર માણસને તેની છોકરી પોતાની નજરે જોયા પછી અમુક કર લેઈ તેના વાલીની મરજી પ્રમાણે લગ્ન બ્યવહાર કરવાને રજા આપતો હતો; અને પોતાની નજરમાં આવેતો તે છોકરીને પોતેજ પરણતો હતો. તરવારની ધારના જોરથી પ્રજા બિચારી ગરીબ બકરી જેવી થઈ રહેલી, તેથી કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના સૌ લોક પોતાની છોકરીઓ તેને નજર કરતા; અને જો તે રજા આપેતો, તોજ પોતાની નાતજાતમાં પરણાવતા હતા. એ મંડુશાહના મેહેલમાં અનેક ખૂબસુરત જુવાન

સ્ત્રીઓ ભેગી થઈ. ત્યારે પછી તે વૃદ્ધ થવાને લીધે પરણતો થાક્યો; પણ પોતાનો રીવાજ તોડેતો માન જાય. કહેવતછે કે "મીઆં પડ્યા પણ ટંગડી ઊંચી" એ પ્રમાણે તેણે પોતાનું વચન રાખવા એવો હુકમ કર્યો, કે પ્રથમ મારી કાંચળી પેહેરાવ્યા પછી તમારે બાપ્પે-બાર તમારી નાતજાતના વર સાથે છોકરીઓ પરણાવવાને રજાછે; પણ જો તે પરણનાર છોકરીએ મારા નામની કાંચળી પેહેરેલી નહિ માલમ પડે, તોતે પરણનાર અને પરણાવનાર સઘળાં, ગમે તેવી સખ્ત શિક્ષાને પાત્ર થશે. એ પ્રાંતના સ્વદેશી લોકોમાં હજુએ એવો ચાલ ચાલે છે, કે હરેક માબાપ પોતાની પરણનાર છોકરીને પરણવા બેસાડતા પેહેલાં એ "માંડનની કાંચળી" જે ધોળા લુગડાની હોય છે, તે હજુ પણ હોંસે હોંસે પેહેરાવે છે.

સ્વદેશીઓના ધર્મનો અને તેમના દેવનો મુસલમાનો ખાઈ-પીને નાશ કરવા મંડ્યા હતા, ત્યારે સ્વદેશીઓ ભોંયરામાં, માળપર કે એવે બીજે છાને ઠેકાણે પોતાના દેવની પાષાણ મૂર્તિઓ બેસાડી પૂજવા લાગ્યા. પુરોહિત લોકો પણ બીજા અજ્ઞાન સ્વદેશી લોકની દેખાદેખી કરી અજ્ઞાનતાને વશ થઈ બાપદાદાથી ચાલતો આવેલો શ્રેષ્ટ, પવિત્ર અને સાચો માર્ગ છોડી દેઈ પાષાણ પ્રતિમાઓને દેવ ગણી પૂજવા લાગ્યા. મ્લેચ્છ લોક એવા જબરા હતા કે એવાં એવાં છૂપાં ઠેકાણાંમાંથી પણ તેમણે બેસાડેલી મૂર્તિઓ ખોળી ખોળીને તોડી નાંખતા હતા, કે ઊંધી નાંખી નવાણ વિગેરે ઇમારતોમાં ચણાવતા હતા. એથી સ્વદેશીઓએ થાકીને પોતાના દેવની મૂર્તિઓ કાગળપર કે કપડાપર પડાવી પોતાનું કામ ચલાવવા લાગ્યા. મ્લેચ્છ લોક જેમ જેમ સ્વદેશીઓના ધર્મ ઉપર બળાત્કાર કરવા લાગ્યા; અને મૂર્તિઓ તોડવા ગયા, તેમ તેમ દેશીઓ પોતાનો પવિત્ર ધર્મ છોડી તેને બદલે પ્રતિમાઓને અતિ ચુસ્તપણે પૂજવા લાગ્યા; અને તેમનીજ પ્રાર્થના કરવા લાગ્યા. અજ્ઞાન એટલું બધું પસરી ગયું કે એ પથ્થરની પ્રતિમાઓજ જગત કર્તાને ઠેકાણે તારણ કરનાર પરમેશ્વર ગણાવા લાગી. એવા સમયમાં એક પવિત્ર ધર્મમાંથી અનેક પંથો ઉભા થયા. એ સઘળા પંથોના સ્થાપન કર્તા

વિશિષ્ટ બુદ્ધિના પુરૂષો હતા; તોપણ તેઓને તેમના માર્ગીઓ જગતપિતા પ્રભુનો અવતાર માની માન આપતા હતાં; અને પૂજતા હતા. એ પંથોના સઘળા ગુરૂ કાંઈ વિદ્વાન નહોતા. તેઓ બીજા વિદ્વાન પુરોહિતોને આશ્રય આપી દ્રવ્ય વડે પોતાના ભક્ત બનાવતા. એ આશ્રયી પુરોહિતો તે પંથના સ્થાપન કર્તાને ઇશ્વર રૂપ લેખી તેમના વિશેનાં ગીતો બનાવતા, જુદા જુદા રાગનાં પદો અને ગરબા બનાવી પોતાના પંથીઓમાં ગવરાવતા; અને તેમના પરાક્રમનાં અતિષયોક્તિ ભર્યાં વર્ણન લખી પુસ્તકો બનાવતા. એ ગ્રંથો તે પંથના સ્થાપન કર્તા પુરૂષોના મરણ પછી પ્રકટ થતા હતા. જે આગળ જતાં ખરેખરાં અને ધર્મ પુસ્તકો પ્રમાણે ગણવા લાગતાં અને ગુરૂઓના બાંધેલા નિયમો વચનામૃત કે ઇશ્વર આજ્ઞા રૂપ ગણાવા લાગતી હતી. સઘળા ધર્મગુરૂઓ બીજા પંથપર અંતઃકરણથી ઇર્ષા રાખતા હતા. તેમના વિશે જાહેરમાં ભુંડું બોલતા, ખોટાં પદ બનાવી ગાતા; અને ગવરાવતા; અને તે પંથના ખંડન વિશે ગ્રંથો બનાવી જાહેરમાં મૂકતા હતા એટલુંજ નહિ પણ પોતાના માર્ગીઓને તેમની નિંદા કરવા શીખવતા હતા. સૌથી મોટો નિયમ હિંસા નહિ કરવા વિશેનો હતો, તે સઘળા ધર્મ સ્થાપનારા ગુરૂઓએ કબુલ રાખ્યો હતો. આ નિયમને લીધે પ્રજાવર્ગમાંથી યુદ્ધ શક્તિ, બળ અને શૂર સમૂળગાં જતાં રહ્યાં હતાં. આગળ ચાલતાં એ પંથોમાંથી અનેક શાખાઓ થઈ ગઈ. પ્રજા દમ વગરની બાયલી થઈ જાય, એવાં સાધનોમાં હવે કાંઈ બાકી રહ્યું નહોતું બજારમાં જેમ એકજ જાતનો ધંધો કરનારની દુકાનોની ખોટ હોતી નથી; તેમ દ્રવ્ય ભેગું કરવાની ઇચ્છાથી આખા દેશમાં સ્થાપન થયેલી સ્વાર્થી ધર્મગુરૂઓના દુકાનોની પણ ખોટ નહોતી. એઓની સંખ્યા લગભગ અર્ધા સૈકડાથી વધારે હતી. આ અંધેર સમયમાં એ ધર્મગુરૂઓએ અને તેમના આશ્રિતભક્ત કવિઓએ સખી ભક્તિ સ્થાપન કરી દીધી; અને તેને ખૂબ મલ્હાવી કાઢી હતી. પદ, સ્તુતિ, ગાયનો અને ગરબા વિગેરે સ્ત્રીરૂપે જોડાયાં. મર્દાની રાગનાં પદ અને ગાયનો જતાં રહી તેને ઠામે પ્રજાવર્ગમાંના ભક્ત કવિઓ જાતે પુરૂષ વાહો છતાં પો-

તાને સ્ત્રી ગણી તાળીઓ પાડી સખી રાગનાં પદ જોડવા લાગ્યા; અને ગાવા લાગ્યા. જે હજુએ એ દેશમાં ગવાય છે. ઉંચ વર્ણના લોકો માંહેના પંથોની દેખાદેખી કરીને નીચ વર્ણમાં પણ તેવા પંથ નીકળવા માંડ્યા. એ ગુરૂઓ જંગલી, આળસુ, રવડતા અને ભૂખે મરતા લોકોને પોતાના ધર્મમાં દાખલ કરી તેઓની પાસે ધર્મને બહાને લૂંટાવા લાગ્યા; તેમ કરવામાં મનુષ્ય હત્યા કરવી પડે; અથવા બીજું ગમે તેવું ઘોરકર્મ કરવું પડેતો, તે પણ તેઓ કરાવતા; અને તેમને સમજાવતા કે દેવને નામે ગમે તેવું કર્મ કરવા ગુરૂ આજ્ઞા કરે, તોતે કરવામાં પાપ નથી. એ હત્યારા, લૂંટારા અને પાપી પંથીઓ તેમના દુરાચારી ગુરૂઓના સ્વાર્થી ઉપદેશને લીધે એમજ માનતા હતા, કે એમ કરવું એજ અમારો ધર્મ છે; અને એવું કરવાથીજ પરમેશ્વર અમારાપર રાજી થશે. એ પ્રમાણે ઘણાં વર્ષ વહી જતાં આખા દેશની પ્રજામાં એટલો બધો ફેરફાર થઈ ગયો કે એ લોક અસલ કોઈ નામિચી, બળવાન, અને જ્ઞાની પ્રજાના પુત્રો હશે, એમ માલમ પડતું નહોતું, રાજાથી તે રંક સુધી, ઘરમાં અને બારણે, કુટુંબમાં અને સહોદરમાં જ્યાં જોઈએ ત્યાં સઘળે કુસંપ, અદેખાઈ, ઠગાઈ, ચોરી, લુંટફાટ, ખૂન, ધાડ એ સઘળાંનું જોર પુર જોસમાં ચાલતું હતું. સ્વાર્થી ધર્મગુરૂઓ પોતાના ભક્તો પાસે જે કામ કરાવે, તે તેઓ હોંસે હોંસે કરતા હતા. વ્યભિચારને તો એમાંના કેટલાક ધર્મગુરૂઓએ ખરેખરો નચાવી મૂક્યો હતો. એ ગુરૂઓ પોતે પોતાની ભક્તાણીઓને ઉઘાડેછોગ બોલાવી પ્રસાદી આપતા; તોપણ તેમના સ્વામીઓથી કાંઈ બોલાતું નહિ, એટલુંજ નહિ પણ એમાં એક અજબ જેવું એ હતું કે જે સ્ત્રી ઉપર ગુરૂ તુષ્યમાન થાય; અને તેનો સ્પર્ષ કરે તેતો કૃતાર્થ થઈ એમ ગણાતું હતું. મ્લેચ્છ સત્તાધારીઓમાં પણ કુસંપ પેઠો હતો, તેથી તેઓ મુલકનો બંદોબસ્ત બરાબર રાખી શકતા નહિ હતા. લૂંટાવાની બીકે જમીનો એમની એમ ખેડાણ થયા વિના પડતર રહેવા માંડી. પોતાનું પેદા કરેલું દ્રવ્ય પોતે ખાઈ શકાશે, કે નિરાંતે વાપરી શકાશે, એવી આશા પ્રજાજનોને રહી નહિ. હજારો માણસો કમોતે મરે

જવા લાગ્યાં; મોટાં મોટાં જંગલોમાં વટેમાર્ગુનાં મુડદાં રવડતાં જ્યાં-ત્યાં પડી રહેતાં હતાં. જાત્રાએ જઈને આવવું મહા દોહલું થઈ પડ્યું. કદાપિ કોઈ જીવતો ઘેર આવ્યો તોતે નવે અવતાર આવ્યો ગણાતો હતો. લંગોટી તૂમડી અને લાકડી સુદ્ધાંત લૂંટાવા માંડ્યુ, એ-વો બારીક સમય આવી લાગ્યો હતો. આખો દેશ જેવો ફૂલીફળીને આબાદ થઈ રહેલો હતો, તેવોજ તે સઘળી વાતે કરમાવવા લાગ્યો. કહેવતછે કે "ચઢતું ચઢે અને પડતું પડે;" અને "ફૂલ્યું તે કરમાવા માટે" તેમ એ આબાદ દેશની પડતી દશા મ્લેચ્છ સત્તાધારીનાં પગલાં સાથે બેઠી હતી; અને જેમ જેમ તેમની સત્તાને મુદત વીતતી ગઈ, તેમ તેમ તેમાં ઉતરોત્તર વધારો થતો ચાલ્યો. સંપ, નીતિ, દયા, વિશ્વાસ અને જ્ઞાન એઓનેતો એ દેશના રાજા પ્રજાએ દરિઆપાર કાઢી મૂકેલાં હતાં; અને તેમના શત્રુઓ જે કુસંપ, અ-નીતિ, ક્રૂરતા, અવિશ્વાસ અને અજ્ઞાન એઓને ખોળી ખોળીને સંઘર્યાં હતાં. કેટલાક સદાચરણી ધારા ઘસાયલા રૂપમાં દેશીઓ પાળતા હતા; પણ તેપર કોઈની પ્રીતિ નહોતી. તેપરથી કેટલાક વૃદ્ધ અનુભવી માણસો ઊંડો નિસાસો મૂકી કહેતા કે "સાપ ગયા અને લીસોટા રહ્યા." એ રીતે સઘળી સારી રીતોમાં ફેરફાર થઈ કેટલીક ઘસાયલા રૂપમાં અને કેટલીકતો છેક ઉલટી રીતો ચાલવા માંડી. આખી પૃથ્વી પરથી નાસી આવીને કળીયુગ પોતાના સૈ-ન્ય સાથે એ દેશમાં આવી રહ્યો હતો. અને પોતાનો દોર ધમધો-કાર ચલાવા લાગ્યો હતો. સ્વાર્થને સારૂ બાપ દીકરાનું, દીકરો બાપનું, સ્ત્રી પતીનું; અને પતિ સ્ત્રીનું, મા દીકરાનું અને દીકરો માનું માથું કાપતાં કે ઝેર દેઈ મારી નાંખતાં વાર લગાડતા નહિ, એમ દેશ, કાળ, બુદ્ધિ અને કાયદા સઘળું અવળે ચક્રે ચાલવા માંડ્યું હતું.

પ્રકરણ ૫ મું.

વીરો ધીરો મહારાજા ચંદ્રસેનના સ્વપ્નાની ખબર કાઢવા ઉત્તર દિશામાં ને ઉત્તર દિશામાં ચાલ્યા, તે ચાલ્યા. તેઓ સેંકડો કરશ

થઈ ગયાં; તો પણ પાછા આવ્યા નહિ. તેઓ ઘણે દૂર ચાલ્યા ગયા; પણ સ્વપ્ન માંહેની કંઈ નિશાની તેમના જોવામાં આવી નહિ, ત્યારે તેમણે થાકીને પાછાં વળવાનો ઠરાવ કીધો. ધીરાએ એ ઠરાવની આડે આવી વીરાને કહ્યું. ખરા ક્ષત્રી પેહેલવાનો આગળ ચાલ્યા પછી કદીએ પાછી નજર કરતાજ નથી, તો આપણાથી પાછા કેમ ફરાય? પ્રભુ જ્યાં લેઈ જશે, ત્યાં જઈશું; પણ એક દિશામાંથી બીજી દિશાએ વળવું નહીં, કે પાછા પણ ફરવું નહિ. એમ કહી બેઉ જણા ઉઠીને આગળ ચાલવા લાગ્યા. રસ્તે ચાલતાં ચાલતાં અનેક પ્રકારની ભૂમિ, પશુ, પક્ષી અને માણસો વિગેરે જોતા જોતા તેઓ એક ઝાડ પાનથી ભરેલા અને નદીઓ પહાડ અમૂલ્યવાન ધરતીના મોટા વિસ્તાર વાળા રળિઆમણા પ્રદેશમાં આવી પહોંચ્યા. એ પ્રદેશ માંહેની એક મોટી નદીને કિનારે એ બે ભાઈઓ વિશ્રામ ખાવા બેઠા. તેમાંનુ પાણી પીને ઠંડા પડ્યા પછી ઝાડની શિતળ છાયામાં બેઠા બેઠા પોતે પોતાની મુસાફરીમાં જેજે ચમત્કારો જોયા હતા, તે સંબંધી વાતોના તડાકા મારતા હતા. ત્યાં એક ખેડુત ખેતરમાંથી પાણી ભરવા સારૂ હાથમાં ઘડો લેઈને આવી લાગ્યો. તેને એ બે ભાઇઓએ પૂછ્યું કે આ દેશનું નામ શુંછે? અને એમાં કોની ફુવાઈ ફરેછે? ખેડુતે જવાબ દીધો કે આ દેશને કાફરીસ્તાન કહેછે, અને એમાં મ્લેચ્છ પાદશાહની ફુવાઈ ફરેછે. હમણાં અમારા ગામમાં એક પરોત (પુરોહિતનો અપભ્રંશ) કથા કરવા આવ્યો હતો, તે કથા હું સાંભળવા જતો હતો. તેમાં તે પરોતે એવું કહ્યું કે આ દેશને પેહેલાં પુષ્કરાવર્ત કહેતા હતા. ત્યારે વીરા ધીરાએ આશ્ચર્ય પામી પૂછ્યું કે આ દેશમાં મ્લેચ્છ રાજ કેટલા વરસથી થયુંછે? ખેડૂતે કહ્યું, તેની મને ખબર નથી. તેમ અમારા ગામના લોકોમાંથીએ કોઈ જાણતું નથી; કેમકે જે વાતની ખબર અમારા બાપ દાદાને ન હોય, તે અમે શી રીતે જાણીએ? પણ અહીંતો અસલથીજ મ્લેચ્છ લોકનું રાજ છે. એ કાંઈ આજ કાલનું નથી, એતો અનાદિ કાળથી છે. એટલું બોલી તેણે નદી તરફ ચાલવા માંડ્યું. ત્યારે તેને વીરાએ પૂછ્યું કે ભાઈ ત્યારે તમે

શી જાતના લોક કહેવાઓછો? અને ધર્મ કીયો પાળોછો? એટલું ક-હીને તમારે જવું હોય તો પછીથી સુખે જાઓ. એદૂતે જતાં જતાં ઉભા રહીને જવાબ દીધો કે આ દેશના લોકને કાફર લોક કહેછે; અને અમે સઘળા કાફર ધર્મના જુદા જુદા પંથો પાળીએ છીએ. એમ કહીને તે ચાલ્યો ગયો. પછી બેઉ ભાઇએ અજાએબીથી એક બીજા સામું કેટલીક વાર ટક ટક જોયાં કર્યું. પછી વીરાએ અજાય-બીમાં કહ્યું કે શું! આ આપણો સ્વદેશ હોય? આપણે પાછા તો ફર્યા નથી? ત્યારે એ પાછો ફરીને ક્યાંથી આવ્યો? આપણે તો સીધી ઉત્તરમાંને ઉત્તરમાંજ ચાલ્યાં કીધું છે. ગમે તેટલું સંકટ પડયું; અને ગમે તેવી બીઆમણી ઝાડી વન કે દરિઆ આવ્યો; તોપણ આ-પણે આપણી દિશા લગારે બદલી નથી. સઘળું સહન કરીને ચાલ્યા કર્યું છે. આપણે તો આપણા સ્વદેશમાં મહારાજા ચંદ્રસેનને રાજ્ય કરતો મૂકીને કાલે સવારે ગયા છીએ. ભાઈ ધીરા તું નક્કી જાણજે કે આ આપણો સ્વદેશ તો નહીંજ હોય. અરે! તને આ લોકો ઉપ-રથી નથી સમજાતું કે એ લોકો આપણા સ્વદેશના ન હોય. આતો કોઈ વેહેંતીઆ લોકનો મુલક છે. પછી પ્રભુને માલમ કે આપણા સ્વદેશના નામનો આ બીજો દેશ હોય તો હોય; પણ આપણો પો-તિકો દેશ તો હોયજ નહિ, પછી પ્રભુ જાણે. અહીની ભુમિ અને કુદ્રતિ રચના માત્ર આપણા દેશના જેવી આનંદ મય લાગે છે. ધીરાએ કહ્યું, હા, ગમે તેમ છે; પણ આ આપણો દેશ હોય નહિ. એમ ધાર કે કદાપિ અહીં આપણા ગયા પછી મ્લેચ્છ રાજ થયું હોય તો હોય; પણ લોકોનો ઘાટ, બોલી, પેહેરવેશ વિગેરે સઘળુંજ ફરી જાય? આપણા પવિત્ર પુષ્કરવાશી લોકો કદાપિ પણ પોતાને મોઢે પોતાના પ્રાણપ્યારા સ્વદેશને કાફરીસ્તાન કહે! અને પો-તાની જાતનેજ કાફર જાત કહે? ના કદી નહીં. વીરાએ કહ્યું, હજુ આપણે આગળ જઈને વધારે તપાસ કરવી જોઇએ. એમ એ બે-ઉ ભાઈ જેમ જેમ આગળ ચાલ્યા તેમ તેમ તેમણે લક્ષ પૂર્વક જોયેલી નિશાનીઓ આવતી ગઈ, તે પરથી તેમની ખાતરી થઈ કે આજ આપણો સ્વદેશ, એમાં કંઈ સંદેહ નથી. હરિ હરિ તારી

અકળ ગતિનો પાર કોઈ પામ્યું નથી. તું તૃણનો મેરૂ અને મેરૂનું તૃણ બનાવેછે. તે આજ અમે અમારી નજરો નજર દીઠું. મ્લેચ્છો આ દેશમાં ક્યારે આવ્યા? તેનીજ કોઇને ખબર નથી. તો મહારાજા ચંદ્રસેનની હકીકત એઓ જાણેજ ક્યાંથી? ખરેખાત! સ્વદેશી રાજાઓએ પેહેલાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર એ સબળાના મુખમાં મજબુત લગામ ઘાલી સબળાને હદમાં ઘેર્યા હતા. વળી આળસ, દળદર, અજ્ઞાન, અનીતિ, લુચ્ચાઈ, દંગાઈ, ચોરી, જારી, જુઠ વિગેરે દુર્ગુણ રૂપ ભૂત ડાકુણોને તો તેઓએ દેશ પાર હાંકી કાઢી હતી, એ સબળાં ભુતડાં આ દેશની સરહદ ઉપર ટૂટી પડવાનો લાગ જોતાં હતા. તેતો આપણે જોઇનેજ ગયા હતા. એઓ સબળાં મ્લેચ્છોની સાથે તુટી પડયાં હશે. એમાં શક નહિ. શું! આ જાયછે તે ઠીંગણા, બાયલા, મૂઠી હાડકાંના સૂક લકડી, કેડ ભાગેલા અને ટીલા તાણેલા પુષ્કર વાશીઓ?!! આ ઢોર જુઓ ઘોડા જુઓ એ સબળાં પણ હીમ પડવાથી હીમાઈ ગયેલાં હોય, તેવાં દેખાય છે. ભાઈ હવે આપણે અહીં રેહેવું ઘટારત નથી. આપણો રાજા, રાજ, અને તે સમયની પ્રજા, પશુ, પક્ષી ને જાહોજલાલી એ સૌ જતું રહ્યું છે. તે દેશ ભક્તિ, રાજભક્તિ, અને તે શક્તિ તથા કદ પુનઃ ઝટ પાછાં ફરે એમ લાગતું નથી. એતો પડયું તે પુરૂ થવાનું. માટે ચાલો આપણ કોઈ એકાંત ગુફામાં જઈ તપ આદરીએ કે જગદીશ્વર દયાળુ થઇને આપણા દેશની દશા વાળે એમ કર્યા વિના બીજો એકે ઉપાય રહ્યો નથી. ધીરાએ કહ્યું, આપણે એક વખત રાજધાની વિલાસ પટ્ટનમાં જઇએ, પછી તું કહેછે તેમ કરવાને હું રાજી છું. બેઉ ભાઇએ વિલાસ પટ્ટનનો મારગ લીધો. રસ્તે ચાલતાં જે મળે, તેને પૂછે કે અહીંથી રાજધાની વિલાસપટ્ટન કેટલા ગાઉ દુર છે? સબળા તેમને એવોજ જવાબ આપતા કે આ દેશમાં એ નામનું એકે નગર નથી. તમે અજાણ્યા ક્યાંથી આવોછો? આ દેશની રાજધાની તો મુબારક પુર છે. અને ત્યાં જવું હોય તો જાઓ ઉત્તરે. પછી તેઓ મુબારકપુર પ્હોંચ્યા. એ શેહેરમાં પુરાતન કાળની ઘણી નિશાનીઓ તેમના જોવામાં આ-

વી, તે ઓળખવાથી તેમણે જાણ્યું, કે મ્લેચ્છ પાદશાહે એનું નામ ફેરવીને પોતાના નામ પરથી મુબારક પુર પાડયું હશે. કેવી નવાઈની વાત છે? પ્રજાને પોતાનું ભાન નથી! આ તો હમણાં "સબ સબકી સમાલીઓ મેં મેરી ફોડતા હું" એ કહેવત મુજબ સૌને પોત પોતાના પેટની તાલાવેલી થઈ રહી છે. મુબારકપુરની ભાગોળે બેસીને કેટલીકવાર સુધી પોતાના પ્રિય મહારાજા ચંદ્રસેન અને પોતાના સ્વદેશને માટે શોક કીધા પછી ત્યાંથી બેઉ ભાઈ પૂર્વ દિશાએ ચાલ્યા. આગળ ચાલતાં એક મોટી નદીને કિનારે એ બેઉ ભાઈ કોઈ પવિત્ર તપસ્વી પાસે ત્યાગ દિક્ષા લેઈને નદી ઉતરી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેઓ અગમ્તમુખ પર્વત પર આવી ચઢ્યા. સાયંકાળે જમણા હાથ પરની અતિ વિકટ ઝાડીમાં કોઈ ગાતું બજાવતું હોય, એવો અવાજ તેમને કાને પડ્યો. તેઓ તેણીગમ ચાલ્યા. ત્યાં એક ઊંચા શિખરની કડણપર પથ્થર કોતરીને એક મોટી ભવ્ય ગુફા બનાવેલી હતી. ગુફાના મોં આગળ એક સુંદર સરોવર હતું. એ ગુફામાં આશરે સો દોઢસો દેશભક્ત સાધુઓ એકાંત વાસ કરી રહેતા હતા. તેઓ સઘળા પર્વત પરની ઝાડીમાંનાં ફળ ફળાદિ અને કંદમૂળનો આહાર કરી રહેતા હતા. કેટલાક ઝાડનાં પાતરાં ઉપરજ રહેતા અને કોઈ કોઈ તો બબે ત્રણ ત્રણ માસે એક વાર ફળાહાર કરનારા સાધુ હતા. તે સઘળા જગત પિતા પ્રભુની ભક્તિ દેહ દમન કરીને પવિત્ર માર્ગે કરતા હતા. વીરો ધીરો એ મંદિરની માંહેના ભાગમાં ગયા. અંદર એક મહાનત જોગેશ્વર માટીના બનાવેલા ઊંચા આસન પર બેઠેલો હતો. એ મંદિરમાં નીચેના પ્રદેશમાં જોઈ તેવી પાષાણ મૂર્તિ કે ધાતુ પ્રતિમા જોવામાં આવી નહિ. એ મહાનત જોગેશ્વરની આસપાસ બીજા સાધુઓ બેઠેલા હતા. તેમાં કેટલાક વાજાં વગાડતા હતા અને કેટલાક ગાતા હતા. એ બધા સાધુઓ શરીરે નિરોગી અને પ્રચંડ બાંધાના લઠ જેવા હતા. બેઉ ભાઈ ઊંચે આસનપર બેઠેલા મહાનતને નમન કરી તેની સામે બેઠા. તે વખતે મહાનત ઈશ્વર ભજનમાં લીન થયેલો હતો, તેથી તેણે વીરા ધીરાના નમન પર ધ્યાન

આવ્યું નહિ. બીજા સાધુઓ આ બે નવતર સાધુને આવી અઘોર અને એકાંત જગામાં આવેલા જોઈ આશ્ચર્ય પામ્યા; પણ તેમણે પોતાનું ચાલતું પદ પુરૂં થયા વિના કોઇએ તેમની સાથે વાતચીત સરખી કરી નહિ, એ બે ભાઇઓ પણ એ પદ ધ્યાન આપી સાંભળવા લાગ્યા. તે પરથી તેમને જણાયું કે આ સાધુ લોક હજી પુરાતન કાળના પવિત્ર ધર્મને વળગી રહ્યા છે. એ પદ પુરૂં થયું, એટલે મહાનતે ધ્યાનમાંથી આંખ ઉઘાડી વીરા ધીરા સામું જોયું. તેઓ ઉભા થઈ દંડવત્ કરીને પાસે જઈ બેઠા. મહાનતે આશિષ દેઈ પૂછ્યું, તમે ક્યાંથી આવોછો? અને ક્યાં જવા ધારોછો? ભેખ શા માટે લેવો પડ્યો? વીરા ધીરાએ નમન કરી જવાબ દીધો જે, અમે બેઉ ભાઇઓ પુષ્કરાવર્તક અધિરાજમાં મહારાજા ચંદ્રસેન રાજ કરતા હતા ત્યારે તેમને કંઈ ભયંકર સ્વપ્ન થવાથી અમને તેની તપાસ કરવા મોકલ્યા. અમે તેમની આજ્ઞા મુજબ એકની એકજ દિશામાં સીધા ચાલતાં ચાલતાં પાછા આ દેશમાં આવી ઉભા રહ્યા. મહારાજા ચંદ્રસેનના સ્વપ્ન માંહેની તો કંઇએ નિશાની અમારા જોવામાં આવી નહિ. પણ પ્રભુએ પોતાની હયાતીના ચમત્કારોથી આ વિશ્વ ભરેલું છે, તે ચમત્કારો તો ઠામ ઠામ વિવિધ પ્રકારે જોવામાં આવ્યા. આ દેશમાં આવી પૂછ પરછ કીધી, ત્યારે માલમ પડ્યુ કે એજ અમારો પોતાનો સ્વદેશ છે. તેમાં અમે જોઇને ગયા હતા તેથી સઘળું ઉલટુંજ ભ્રષ્ટ થયેલું જોવામાં આવ્યું, એથી અમારાં અંતઃકરણમાં અમારી જન્મ ભૂમિની દુર્દશા માટે ઘણો શોક ઉત્પન્ન થયો, ત્યારે હમે બેઉ ભાઈ એક પવિત્ર તપસ્વી પાસે દિક્ષા લેઈ ફરતા ફરતા સ્વદેશ જીર્ણોદ્ધાર સારૂ એકાંતમાં તપ કરવાની ઇચ્છાથી આ પર્વતને પવિત્ર જાણી અહીં આવ્યા, ત્યારે ઇશ્વર ઇચ્છાથી આપ જેવા મહા સંતનાં અને આ સઘળાં હંસોનાં દરશન થયાં. હે પ્રભુ તું અમારા સ્વદેશીઓને પરિતાપમાંથી ક્યારે છોડાવશે! અને અમારા સ્વદેશનું પુનઃ કલ્યાણ ક્યારે કરશે! એમ બોલતા બેઉ ભાઇએ ઊંડો નિશ્વાસ મૂક્યો, મહાનતે જવાબ દીધો જે હે સાધુ પુરૂષો હવે શોક માં કરો. જે વાત થઈ

ગઈ તેનો શોક કરવો વ્યર્થ છે. ઈશ્વરેચ્છા સદા બળવત્તર છે. અમારા આ આશ્રમનો સ્થાપન કરતા મહારાજા ચંદ્રસેનનો સેનાપતિ મંગ છે. એ સાધુ પુરૂષનું તમારી પેઠે મ્લેચ્છ રાજથી અને પોતાના પ્રિય રાજા ચંદ્રસેનના દગા ભરેલા શોકકારક મોતથી ત્યાગ ઉત્પન્ન થયો હતો. તેમની પછી આ સ્થાનક ઉપર મહા મોટા મોટા ભક્ત સંતો થઈ ગયા છે. આ આશ્રમના સાધુ લોકનો સિદ્ધાંત એજ છે, કે પોતાના સ્વદેશના જીર્ણોદ્ધાર સારૂ દેહ દમન કરી એક અનાદિ જગદીશ્વરની અખંડ સ્તુતિ કરવી. આ આશ્રમ સ્થાપનાર મુખ્ય પુરૂષના નામ પરથી આ સઘળા સાધુઓ મંગી પંથી કહેવાય છે. મારાથી ચોથી પેઢીએ મહાનત મંગ સ્વામીના પછી પ્રભવોમંગી સ્વામી મહાનત સ્થાને બિરાજતા હતા. તેમની ભક્તિથી તો પરિસીમા છે. તેમના જેવો દેશભક્ત સાધુ બીજો કોઈ થયો નથી અને થશે એવી આશા પણ નથી. એ સ્વામી માત્ર કુમાર બિલી પત્રનો હાર કરીને રહેતા હતા. એ પત્ર હાર પણ સમાધિ ઉતાર્યા પછી કોઈ વાર પાંચ અને કોઈ વાર છ માસે કરતા હતા. તેમને સમાધિ ચઢતી ત્યારે તેમનું ખોળીયું માત્ર આ ઠેકાણે શબવત પડયું રહેતું હતું. એ ખોળીઆને શિષ્યો હમેશાં નવરાવો ધોવરાવીને સુગંધી લેપ કરી પુષ્કળ ખુશબોદાર ફુલના ઢગલામાં સાચવી રાખતા હતા. સમાધિ ઉતર્યા પછી તેઓ સ્વર્ગની કે કોઈ બીજા અજાણ્યા લોકોના દેશની વાતો કહેતા હતા, અને ત્યાંથી આણેલી નવીન વસ્તુઓ શિષ્યોને વેહેચી આપતા હતા. તે હમેશાં યોગ શાસ્ત્રનો અભ્યાસ કરતા; અને પોતાના શિષ્યોને પણ એજ વિષયનું અધ્યયન કરાવતા હતા. યોગ એમને બહુ પ્રિય હતો. એ સ્વામીએ એક વાર સમાધિ ઉતાર્યા પછી મારા ગુરૂ વિગેરે બીજા સાધુઓ આગળ સ્વદેશ જીર્ણોદ્ધાર વિશે પોતે સ્વર્ગમાં દેવ મુખે સાંભળેલી હકીકત યથાસ્થિત કહી સંભળાવી હતી. આ બેઠેલા સાધુઓમાંથી જેઓ અતિ વૃદ્ધછે, તેમણે તો તે સાંભળેલી છે. એ વાત ઉપરથી જણાયછે કે પુષ્કરાવર્તક અધિરાજનો જીર્ણોદ્ધાર હવે જલદીથી થશે. મહાંનતના છેલ્લા બોલથી વીરા ધરાની છાતી અને ચેહેરો

પ્રફુલ્લિત થયેલો જણાયો. એ ઉપરથી મહાનતે જાણ્યું કે આ બેઉ કોઈ ખરેખરા સ્વદેશના દાઝ જાણનાર સાધુઓ છે. બેઉ સાધુ ભાઈઓએ મહાનતને વિનતી કીધી કે આપના ગુરૂને પ્રભ્વોમંગી સ્વામીએ કહેલી હકીકત આપને યથાસ્થિત સાંભરતી હોય, તો તે અમો દીન સેવકોને કહીને આપ આપનું સ્વામિત્વ જણાવી અમને કૃતાર્થ કરશો. એ હકીકત અમને જેમ બળતા દવમાં વરસાદ પડી ઠંડક કરેછે, તેમ આપનાં વચનથી અમારા અંતઃકરણમાં ટાઢક વળશે.

મહાનતે કહ્યું અમે આ પહાડી એકાંત ગુફામાં એટલા માટે વસીએ છીએ, કે અમને પરધર્મીનો સ્પર્ષ થાય નહિં. મનમાયામાં લોભાય નહિ; અને તેમના જુલમથી અમારા દેહનું તથા ધર્મનું રક્ષણ સારૂં થાય. વળી આ સઘળા સાધુઓ ફળાહાર કરેછે, તેથી તેમને કદી વસ્તીમાં જવું પડતું નથી. મ્લેચ્છોને અને બીજા કોઈને પણ માલમ નથી કે આ અગસ્તમુખ પર્વત પર આ ગુફામાં સ્વદેશભકત સાધુઓનો આશ્રમ છે. તમને તે જડ્યો, એ ઈશ્વરેચ્છાથીજ જડ્યો હોય, એમ જણાય છે. વીરા ધીરાએ જવાબ દીધો કે, હે સ્વામી ઈશ્વરેચ્છા એમજ હશે કે સ્વદેશ ભકત સાધુને સ્વદેશ ભકતો જઈ મળે. મહારાજ હવે આપ કૃપા કરીને પ્રભ્વોમંગી સ્વામીએ કહેલી હકીકત અમને કહેવા કૃપા કરો. એ હકીકત સાંભળવાને બેઉ જણ વધારે આતુર જણાયા, તેમજ બીજા સાધુઓની મરજી પણ તે સાંભળવાની હોય, એમ તેમના આતુર ચેહેરા પરથી સમજાતું હતું. 'મહાનતે કહ્યું કે તમો સઘળાને જ્યારે સાંભળવાની ઈચ્છા થઈ છે, ત્યારે તે અમે કહીએ છીએ;—મહાનત સ્વામી પ્રભ્વોમંગી કહેછે, કે હું એકવાર હમેશની રીત પ્રમાણે સમાધિષ્ટ થયો; ત્યારે મારો પરમાત્મા ફરતો ફરતો સ્વર્ગની દિવ્ય સભામાં ગયો. એ સભામાં તેત્રિશ કોટી દેવ (મુમુક્ષજન) રત્ન જડીત સિંહાસનો ઉપર બિરાજેલા હતા. ધર્મ રાજા એક ઊંચા ધર્માસન ઉપર બેસી ઈનસાફ કરીને પ્રાણીઓને તેમના કૃત કર્મનું ફળ આપતા હતા. બીજી બાજૂએ મહારાજાધિરાજ ઈંદ્ર મહા દિવ્ય સિંહાસન ઉપર

બિરાજેલા હતા. તેમની તેહેનાતમાં હજારો હજાર યમીનો ધણી યમરાજ એક બાજૂએ તેથી જરા નીચા આસન પર બેઠેલો હતો. વચમાં રત્ન જડીત ચોકમાં વિવિધ વસ્ત્રાલંકારથી શોભતી અપ્સરાઓ નૃત્ય કરીને સભાજનોને આલ્હાદ પમાડતી હતી; અને તેમની આસપાસ ગાંધર્વો બેઠા બેઠા તરેહ તરેહના રાગનાં વાજાં વગાડતા હતા. એવામાં હું પણ ત્યાં જઇને એક દેવની પાસેના ખાલી સિંહાસનપર જઈ બેઠો. ત્યાં ચાર યમદૂતોએ બે બ્રહ્મયોની જીવને પકડી લાવી ધર્મ રાજાના ન્યાયાસન સામે ખડા કીધા, પછી દૂતોએ ન્યાયાધિશને ફરીઆદ કરી કે એ બે જીવ ખરેખરા ખળ અને માથાના ફરેલ છે, એમણે અમને અહીં લાવતાં રસ્તામાં પજવવામાં કાંઈ ખામી રાખી નથી. ન્યાયાધિશની આજ્ઞાથી એક દેવે ઉભા થઇને એ બે જીવ વિશેની પાછલી સઘળી હકીકત વાંચી સંભળાવી તે બહુ ધ્યાન આપવા જેવી છે, માટે હું કહુંછું તે સાંભળો, મૃત્યુ લોકના કોઈ દેશમાં આ બે જીવો બ્રહ્મ યોનીમાં જન્મેલા હતા, ત્યાં તેમનાં નામ સેહેદેવ મૂળદેવ પાડ્યાં હતાં. એઓ કુંવારા દાંડ હતા. તેમનાં આચરણ જોઇને લોકો તેમને નાસ્તિક કહેતા હતા. એઓ મૂર્તિ પૂજા કરતા નહીં; પણ એક અનાદિ જગદીશ્વરની પ્રાર્થના કરતા હતા. તેઓ સ્વજાતિનાં અને બીજી નીચ વર્ણનાં અગ્રાહ્ય દાન જેવાં કે લોઢું, અડદ, ઘી, મગ, મહિષી, શમણલાડુ (અંત વખતનું ખાવું) વગેરે પ્રકારના પદાર્થોનાં દાન જે કોઈ ગરીબ ભિક્ષુક પણ લેવાને તિરસ્કાર કરી ના કહે, તેવાં દાન પણ એઓ ખુશીથી લેતા હતા. એઓ પવિત્ર બ્રહ્મ કુળમાં જન્મેલા હતા; તોપણ તેઓ સ્નાન કર્યા વિના પોતીઆં સુદ્ધાં ખાતા હતા. ગમે તેવી નીચ વર્ણના માણસનો સ્પર્શ કરી ઘરમાં પેસતા અને છાનામાના બીજી વર્ણનું ખાતા હતા. સ્નાન, સંધ્યા, તર્પણ, શ્રાદ્ધ વિગેરે કાંઈ કરતા નહિ; પણ ફકત એક પરમાત્મા પરબ્રહ્મનું આરાધન કરતા હતા. તેઓ કહેતા કે અમેતો વેદાન્તિ છીએ. સગળું બ્રહ્મ છે; અને સઘળાં માણસો એકજ પવિત્ર પિતાની પ્રજા છે; માટે તેમાં કાંઈ વટલાવાનું તો છેજ નહિ; તેમની રેહેણી કરણી તેમના સ્વદેશીઓથી

ઉબડી અને પવન જેવી હતી. એવી ચાલને લીધે તેમને કોઇએ કન્યા આપી નહિ; તોપણ તેની તેઓ દરકાર કરતા નહિ. ઘરમાં એકલા બેઠા બેઠાં ફુરસદના વખતમાં જુદા જુદા પરજ રાગની રાજલીઓ જોડી ગાતા હતા; અને છોકરાંને બારણે ભેગા કરી ગવરાવતા હતા. હજુ સુધી તેમના જોડેલા પરજીઆ એ દેશમાં ગવાય છે. લોકો એમનો એટલો બધો તિરસ્કાર કરતા હતા, કે તેઓ તેમને જાણીબુજીને અડકતા પણ નહિ. એ બે ભાઇઓ વૃદ્ધ અને અશક્ત થયા, ત્યારે એક દિવસે, સેહેદેવ પોતાના નાના ભાઈ મૂળદેવને કહેવા લાગ્યો, અલ્યાભાઈ મૂળા ! મુઆ પછી જીવનો ન્યાય થાય છે. એવું સઘળા કહે છે; અને આપણે પણ જાણીએ છીએ; માટે હવે આપણે મરવા જેવા વૃદ્ધ થયા, તેથી થોડુંક પૂન્ય કરી મૂકયું હોય, તો ઠીક; કે પછી ફિકર રહે નહિ. એ સાંભળી મૂળદેવે કહ્યું. ભાઈ સેહેવા ? હજુ તારી ખાતરી ન થઈ, ખરી? મુઆ પછી કાંઈ છેજ નહિ. એમાંથી ત્રીજું ઉત્પન્ન થાય છે; અને તે પાછું જેનું બનેલું હોય છે, તે તેમાં મળી જાય છે. એવો જગત્કર્ત્તાનો ન્યારો ખેલ છે, ત્યાર પછી ઇનિસાફ તે કોનો થાય ? એમ છતાં તારી ખાતરી ન થતી હોય, તો આપણે તું કહે તેમ કરવા તૈયાર છીએ. આજદિન સુધી આપણે કોઇપણ જાતનું દાન લેવામાં પાછીપાની કરી નથી; ત્યારે આપણું દાન કોણ લેશે ? સઘળા લોક આપણને પતિત ગણી આપણાથી દૂર રહેછે; માટે તું જેમ કહે, તેમ કરીએ. સેહેદેવે કહ્યું. કોઈ નહિ લે, તો ફિકર નહિ. તું મારૂં દાન લેજે; અને હું તારૂં લેઇશ. વળી આપણી પાસે દાન કરવાનું પણ કાંઈ છે નહિ. આપણે તો "ખાવે પીવે દીવાળી અને ઉગરે ઉચાટ" એમ કરીને કાંઈ વાસી રાખ્યુ નથી; કેમકે "વાસી રહે તો કૂત્તા ખાય" એવો આપણે આપણા ઘરનો ખેલ ચલાવેલો છે. લોક કહેછે, તે ખરી વાત છે, કે આટલું આટલું દાન લીધા છતાં સેહેવા મૂળાના ઘરમાં તો રોજ "હાંલ્લાં કુસ્તી કરેછે" ત્યારે હવે આપણે દાન શેનું કરીશું ? મૂળદેવે કહ્યું, તું ચાલ તો ખરો, હરિ સરખો સમર્થ ધણી છે. સૌ મળી રહેશે. એવો વિચાર

કરી બેજણા પોતાના ગામની ભાગોળે આવેલી પવિત્ર નદીને કિનારે ગયા. ત્યાં જઇને જુએ છે, તો પાસેના શેહેરના મહાજનની છૂટી મૂકેલી ગાય અતિ વૃદ્ધ થવાથી ભૂખ અને થાકનાં દુઃખથી ભોંયપર પડી પડી રીબાતી હતી. તે ત્યાં ઘણા દિવસથી પડેલી હતી, તેને લીધે શરીરની ચામડીપરના વાળ ખરી જઈ પુષ્કળ ભાઠાં પડેલાં હતાં; તેમાંથી લોહી પણ વેહેતું હતું. એ ભાડાંપર કાગડા વિગેરે જનાવરોએ કોચી કોચીને માંસ તોડી કાઢેલું હતું. એવા દુઃખથી તે હેરાન થતી હતી. તોપણ તેનો જીવ જતો નહોતો. એ ગાયને જે કોઈ નજરે જોતાં તે તેના જીવના છૂટકારા સારૂ પ્રભુસ્મરણ કરી તેની માફ માગતાં હતાં; અને એવું ચહાતાં હતાં, કે એ મરે તો છૂટે. એ ગાયનું અરસ્પરસ દાન કરવાને ઇરાદે બેઉ ભાઇઓ નદીમાં સ્નાન કરીને તેની પાસે ગયા. પછી પોતાની તૂમડીમાંથી બેઉ જણાએ હાથમાં પાણી લીધું; અને મંત્ર ભણીને એ પાણી અરસ્પરસ એક બીજાના હાથમાં આપતાં બોલ્યા કે; આ ગાય શ્રી પ્રભુપ્રીત્યર્થં બ્રહ્માર્પણ કરૂંછું. એ પછી ગાયનું પૂછડું પકડી પાણી સહિત એક બીજાના હાથમાં આપ્યું. એ રીતનું પૂન્ય કરી બેઉ જણા ઘર તરફ ચાલ્યા. તેઓ ઘેર નહિ પહોંચ્યા હોય, તે પહેલાં ગાય બિચારી મરી ગઈ.

સેહેદેવ મૂળદેવ પણ છેક ટગુમગુ થઈ રહેલા હતા; તો પણ તે નિરોગી હુતા, તેથી તેઓ પોતાના ઘરનું સઘળુ કામકાજ ચલાવી લેતા હતા. એવામાં સેહેદેવ એકાએક તાવથી મરણતોલ માંદો પડ્યો, ત્યારે તે પોતાનું ઘરબાર મૂળદેવને સોંપવા લાગ્યો. મૂળદેવે જવાબ દીધો, કે મારે એ શું કરવું છે? આપણે તો દસ મણ લાકડાંના ધણી છીએ. તું જાયછે, ત્યાં હું પણ તારી સાથે આવુંછું. આ કોઈ કાળમુખા તને તેડવા આવેલા જણાયછેને. સેહેદેવે કહ્યું, તેમાંજ હું ઉતાવળ કરીને તને સોંપુંછું, ત્યારે તું પણ આવવા તૈયાર થયો છે. મૂળદેવે બારણે આવેલા દૂતોને કહ્યું, કે આમ ચઢયે ઘોડે ક્યાંથી આવ્યા છો? થાય છે, તમારો ઘોડો જરા બાંધો. અમે આવીએ છીએ. એમ બોલતાં બોલતાં તે બંધ થઈ ગયો; અને પછી સેહેદે-

વની પણ તેજ સ્થિતિ થઈ, પાછળથી લોકો કહેવા લાગ્યા કે બન્ને ભાઇનું જેવું પરસ્પર હેત હતું, તે પ્રમાણેજ તે બેઉ સાથે મરી ગયા. એમનું મોત પણ સારૂ કે તેઓ એકે દિવસ દુખી થયા નહિ; અને બોલતાં ચાલતાં મરી ગયા!! કહો ભાઈ હવે પૂન્યનું શું રહ્યું? પૂન્યશાળી રીબી રીબીને મરેછે; અને આવા ઝટ ચાલ્યા જાય છે. આજ કળિયુગમાં "કસાઇને ઘેર કુશળ અને સાધુને ઘેર પીડા" એ બરાબર ખરૂં છે. હે સાધુ! તેં જોયું, એ બે ભાઇના જીવતાં લોકો તેમના વિશે કેવું બોલતા? અને મુઆ પછી કેવું બોલવા લાગ્યા? "દુનિઆં એવી દોરંગી છે."

એ બેઉને દૂતોએ ધર્મરાજાના ન્યાયાસન આગળ આણી ઉભા કર્યા; અને પાછળ કહ્યું તેવી એ દૂતોએ ન્યાયાધિશ આગળ તેમના વિશે ફરીઆદ કરવામાં કાંઈ બાકી રાખ્યું નહિ. ન્યાયાધિશે એમના તરફ જોઇને કહ્યું કે અરે મેં એમના વિશે તપાસી જોયું છે. એ અઘોર પાપીઓને મારા મોં આગળ શું કરવા લાવ્યા? જાઓ, એમને લેઈ જઈ રૈરવ નર્કકુંડમાં નાંખો, કે એઓ ત્યાં પડ્યા પડ્યા કર્યા કર્મનો પસ્તાતાપ કરી પવિત્ર થાય. એ આજ્ઞા થતાંજ દૂતો તેમને લેઈ જવા લાગ્યા. ત્યારે બેઉ ભાઇઓ એ દૂતોનો તિરસ્કાર કરી બોલ્યા, કે દૂર રહો દૂર, અડશો નહિ. દૂતો બિચારા ન્યાયાધિશની શરમથી દૂર રહ્યા; પણ પેટમાં તો એમ થતું હતું, કે ક્યારે એમને અહીંથી વેગળે લેઈ જઈ થોડોક ગડદાપાક જમાડી નરમ કરીએ! પછી, એ બેઉ ભાઇઓએ ન્યાયાધિશ સામે ફરીને કહ્યું. આપતો કૃપાનિધાન છો, આપને સઘળા સમાન છે. અમે બેઉ જણે શું આખા જન્મારામાં હમેશાં પાપજ કર્યુંછે? લગારે પૂન્ય કર્યું નથી? એ સાંભળી ન્યાયાધિશે કૃતકર્મના ચોપડામાં જ્ઞાનચક્ષુએ ધારી ધારીને જોયું, તો પૂન્ય ખાતે ફકત એટલુંજ નીકળી આવ્યું, કે નદીપર મરવા પડેલી પરાઈ ગાયનું દાન બેઉ જણે અરસ્પરસ કરેલું છે. બેઉજણે કહ્યું. જુઓ મહારાજ, એટલું પણ નીકળ્યું ખરૂં કે નહિ? અમે બોલ્યા વિના ચાલ્યા ગયા હોત, તો એ પૂન્યનું ફળ ભોગવવાનો વારો કદીએ આવત નહિ. સદાકાળ દુઃખમાં સડ્યાં કરત; અને

અધુરામાં પુરૂં આ જમદૂતો રસ્તામાં અધમુઆ કરત, તેતો જુદા. જુઓને એ અમારા ઉપર કેવી આંખો કાઢેછે ? (હસાહસ થાયછે) અમે જાણીએ છીએ કે મહારાજ આપની અજાણમાં એ પ્રમાણે બિચારા ઘણા જીવ દુખી થતા હશે. આપના મનમાં તો કંઈજ નહિ; પણ બિચારા આત્માઓને કેટલું ખમવું પડેછે ? તેની આપને આ સુખાસનમાં બેઠાં બેઠાં શેની ખબર પડે ? હવે. કહો મહારાજ અમારા એ દાનનું ફળ શું હશે ? ન્યાયાધિશે ધૂધવાઇને જવાબ દીધો કે તમે બેઉજણા ખરેખરા પતરાજીખોર છો. આ દૂતો કહેછે તે ખોટું નહિ હોય. તમારા દાનનું ફળ એટલુંજ છે કે એક લીંબુ ઉછાળીએ તે, પડતા સુધી ઇંદ્રાસનનું રાજ ભોગવે. હવે તમારે પેહેલું શું ભોગવવું છે ? બેઉએ જવાબ દીધો કે દુઃખની મુદતનો પાર નથી; અને સુખ તો અલ્પ છે; માટે અમારે તો પેહેલું સુખ ભોગવવાની મરજી છે. ન્યાયાધિશે દૂતોને આજ્ઞા કરી કે આ બેઉજણને એક લીંબુ ઉછાળી તે નીચે પડતા સુધી ઇંદ્રાસનપર બેસાડીને ત્યાંથી બારોબાર રૌરવ નર્કમાં લેઈ જઈ નાંખજો. દૂતો તેમને ઇંદ્રાસન પાસે લેઈ ગયા. ત્યાં ઇંદ્રાસનપર મહા તેજસ્વી ઇંદ્ર બિરાજેલો હતો. તેને એ બે ભાઇએ એકદમ હેઠે ઉતારી ઇંદ્રાસન ખાલી કરવા જરા મોટેથી આજ્ઞા કરી. ઇંદ્રરાજા જરા મનમાં હસ્યો; અને ઉતરતાં ઉતરતાં બોલ્યો કે "અધુરો ઘડોજ છલકાય" આ ઠેકાણે લાખો વર્ષની મુદતના હકદાર ઇંદ્ર થઈ ગયા છે; પણ તે સઘળામાંથી કોઇએ તમારી માફકની આજ્ઞા મને કરી નથી. ચાલો હવે બેસો, હું લીંબુ ઉછાળુંછું. બેઉજણે જવાબ દીધો ના મહારાજ, એમ નહિ. અમે બેઉ બ્રહ્મ છીએ; માટે અમારા ગુરૂદેવ બૃહસ્પતિ આવીને અમને ઇંદ્રાભિષેક કરે; અને તે લીંબુ ઉછાળે તો બેસીએ ! ઇંદ્રરાજાએ તુરત બૃહસ્પતિ દેવનું ચિંતન કર્યું, એટલે તે વૃદ્ધાવસ્થાથી વાંકા વળી ગએલા એક હાથમાં લાકડી અને બીજા હાથમાં તુમડી ઝાલી કંપવાને લીધે માથું હલાવતા હલાવતા આવી પહોંચ્યા. તેમને બેઉજણે નમસ્કાર કરી પોતાને ઇંદ્રાભિષેક કરવા વિનંતિ કરી. તેમણે બેઉજણ પાસે પ્રથમ ઇંદ્રાસનની પૂજા કરાવી અભિષેક કર્યો. પછી

ગુરૂએ લીંબુ ઉછાળ્યું; અને બેઉ ભાઇએ ઇંદ્રાસનપર પગ મૂકી ગુરૂના તુમડીમાંથી પાણી લેઈ મંત્ર ભણી બૃહસ્પતિના હાથમાં આપતાં તેઓ બોલ્યા કે આ ઇંદ્રાસન શ્રી પ્રભુ પ્રીત્યર્થે બ્રહ્માર્પણ. એ બોલી રહ્યા કે જરાવારમાં લીંબુ હેઠળ પડ્યું, એટલે યમદૂતો આવી તેમને નર્ક માર્ગે લેઈ જવા લાગ્યા. આ વખતે પણ તેઓને તર્છાડી કાઢી, બેઉ ભાઈ સીધા ન્યાયાધિશ પાસે ગયા. તેમને જોતાંજ તે બોલી ઉઠ્યા, કે હવે તમારૂં પૂન્ય પરવાર્યું; માટે એ દૂતો લેઈ જાય, ત્યાં ચાલ્યા જાઓ. બેઉજણે સઘળા સાંભળે તેમ નમ્રતાથી જવાબ આપ્યો, કે મહારાજ તુરતદાનનું પૂન્ય આપના તરફથી મળતું નથી, તો અગાઉ કરેલાંનું કોણ આપે ? ન્યાયાધિશે કહ્યું તમે તરત શું દાન કર્યું ? બેગ્રેજણે જવાબ દીધો. તેની ખબર આપને થઈજ હશે. ન્યાયાધિશને જણાયું કે એમણે ઇંદ્રાસનને પ્રભુપ્રીત્યર્થે બૃહસ્પતિ જેવા સદપાત્ર દેવને દાનમાં આપ્યું છે. એપરથી એક દેવે ઉભા થઈને કહ્યું, એ પૂન્યનું ફળ આપવાને જગતપિતા પ્રભુ વિના કોઈ શક્તિવાન નથી. તેમને સારૂ સઘળા દેવોએ ન્યાયાધિશ સુદ્ધાંત જગતકર્ત્તા પ્રભુની આરાધના કરવી જોઈએ. ન્યાયાધિશ સુદ્ધાં સઘળા દેવ પ્રભુ પ્રાર્થના કરેવા લાગ્યા; અને પેલા બે બ્રહ્મજીવો પણ ન્યાયાસન પાસે ઉભા ઉભા પ્રભુસ્તુતિ ભણવા લાગ્યા. એ પ્રાર્થના કરતાં આશરે પાએક ઘડી નહિ થઈ, એટલામાં ઓચિંતો એક મોટો પ્રકાશનો સમુદાય ન્યાયાસનપર ગગન માર્ગે થઈને ઝળળળ કરતો આવી ર્હ્યો. તેના તેજના ભભૂકા સામે કોઈથી બરાબર જોઈ શકાયું નહિ. સઘળા દેવ તેમાં અંજાઈ ગયા. એ પ્રકાશના સમુદાયમાં ન્યાયાધિશ અને તેની સામે ઉભા રહેલા બે ભાઇઓ તો બિલકૂલ દેખાતાજ નહોતા. એ પ્રકાશનો સમુદાય અતિ મોટો અને ઘટ હતો. તે થોડી ક્ષણવાર થોભીને આવ્યો, તેવા વેગથી જતો રહ્યો. તેમાં પેલા બેઉ ભાઈ લીન થઈ ગયા; અને ન્યાયાધિશ પોતાની જગોપર બેઠેલો જણાયો. હવે એ પ્રકાશ શેનો પડ્યો? તે ક્યાંથી આવ્યો ? અને પાછો ક્યાં ગયો ? વળી પેલા બે બ્રહ્મ ભાઈઓનું શું થઈ ગયું ? એ સઘળી બાબતોનો મને સંશય પડ્યો;

અને વાત મને સમજાઈ નહિ; કેમકે એવો બનાવ અગાઉ કદી મારા જોવામાં આવ્યો નહોતો. પછી મેં મારી પાસેના આસનપર બિરાજેલા દેવને તે કહેવા માટે વિનંતિ કરી, ત્યારે તેમણે મને કૃપા કરીને જવાબ દીધો, કે એ બે ભાઇઓના છેલ્લા કૃત્યથી જગતપિતા પ્રભુ પ્રસન્ન થયા, તેથી તેમને સાયુજ્ય મુક્તિ આપી; અને તેઓ તેજમાં તેજ રૂપે મળી ગયા. પ્રકાશનો જે સમુદાય પડ્યો હતો, તે પરબ્રહ્મ પરમાત્માનો હતો. મેં તે દેવને સંશય કરી પૂછ્યું, કે એમ લુચ્ચાઈ ઠગાઈ કરેથી પણ મુક્તિ મળતી દેખું ? તે દેવે કહ્યું. એ બે ભાઇઓને કાંઈ લુચ્ચાઇથી મુક્તિ મળી નથી. આજદીન સુધીમાં હજારો વર્ષના ઇંદ્રાસન ભોક્તા ઇંદ્રો થઈ ગયા છે. તેમાંથી કોઇએ પણ ઇંદ્રાસનને પ્રભુપ્રીત્યર્થે અર્પણ કર્યું નથી, તે એમણે કર્યું. વળી એ બેઉજણ વેદમાર્ગી અભૂતપ્રસ્ત બ્રહ્મભક્ત હતા. એ માટે એ બેઉ એ ગતિને પામ્યા છે. ત્યાર પછી મેં તે દેવને વિનતિ કરી, કે આ સુદ્ધાંત ચારવાર મારૂં અત્રે આવવું થયું છે, તેમાં પેહેલી ત્રણવારનાં કરતાં આજે મને દરવાજામાં પેઠો ત્યાંથી સઘળે આસપાસ નજર કરતાં છેક દેવસભા સુધી સઘળે સૂનું સૂનું લાગે છે. તપસ્વીઓના અપૂર્વ તપમાં વિઘ્ન પડાવનારી અપ્સરાઓનાં ટોળેટોળાં અહીં સઘળે ફરતાં હતાં, તે જણાતાં નથી. સભામાં દેવો પણ થોડાજ બિરાજેલા દેખાય છે. બીઆમણા યમદૂતોની સંખ્યા પણ છેક ઘટી ગએલી લાગેછે. ઇંદ્રાસનપરના ઇંદ્ર મહારાજ પણ બદલાયલા દેખાય છે. સ્વર્ગમાં ઓચિંતો આટલોબધો ફેરફાર કેમ દિસેછે ! તેનું કારણ કહેવાને કંઈ હરકત ન હોય તો કૃપા કરો. દેવે જવાબ દીધો. એ હકીકત ઘણી લાંબીછે; પણ તે તમારા આશ્રમ વાસી તપસ્વીઓના તપનું કારણ છે; એ માટે જો તમારી ઇચ્છા હોય તો હું કહી સંભળાવું. મેં અતિ હર્ષથી કહ્યું કે એ સાંભળવાને મારી ઘણીજ ઇચ્છા છે. આપ જેવા અમર લોકની અમૃત વાણીનું શ્રવણપાન કરવાનું મન કોને નહિ થાય ?

પછી એ દેવે મને કૃપા કરીને કહ્યું કે—પૃથ્વી ઉપરની મૃત્યુલોકની સૃષ્ટિ એ એક નાટકશાળાનો તખ્તો છે; અને આ સ્વર્ગ ત્યાંસ

બદલવાનો ઓરડો છે. અહીં બિરાજનાર દેવો સઘળા જોનારા છે. જગત કર્તા પ્રભુ તેનો સૂત્રધાર કે મુખ્ય નિયંતા નાયક છે. એ તખ્તા ઉપર જેઓ સાવધપણાથી સારો વેશ ભજવી બતાવેછે, તેને એથી ભારે કેળવણી મળેછે. એમ કરતાં જેઓ દરેક પ્રકારના વેશ ભજવી બતાવી પોતાની કુશળતા બાબત સૂત્રધારની ખાતરી કરેછે, તેઓને અંતે આ અશોક આનંદમય જગા જે સ્વર્ગ તે પ્રાપ્ત થાય છે. જે પોતાનો વેશ બરાબર ભજવી શકતો નથી, તેને તેથી ઉતરતા વેશમાં મૂકીને નાયક અજમાવેછે; અને વળી આ સ્થાનમાં એ અપોગ્ય પાત્રની અહીં આવ્યા પછી હાંશી, અને ફજેતી થાયછે, એટલુંજ નહીં પણ તેને વખતે પશ્ચાતાપ પણ કરવો પડેછે, તે જૂદો; કેમકે આ સ્થાન પ્રાપ્ત કરેલા વેશધારીઓ નાટકશાળાના તખ્તાપર નજર રાખેછે. પ્રસંગોપાત પોતાને ત્યાં જઈ કોઈ વેશ ભજવી બતાવવાની ઇચ્છા થાય, તો નાયકની આજ્ઞાથી નાટકશાળાના તખ્તાપર પસંદ કરેલો વેશ ભજવી બતાવવા જઈ શકેછે. તખ્તાપર પોતાને અનુકૂળ પડતી સ્વેચ્છિક માયા વિસ્તારી શકેછે; પણ તેઓ એ કામના જવાબદાર રહેછે. ભોગજોગે ચૂકી ગયા, તો તેઓ હાંશીપાત્ર થાયછે; અને છેકજ ચૂકેછે તો પાછું ફરીથી ગણવું પડેછે. એ પ્રમાણે હમણાં સ્વર્ગના દેવ, અપ્સરાઓ અને દૂતો એ સઘળાં નાટકશાળાના તખ્તાપર ગયાંછે. એ સઘળાં પોતાનો વેશ પુરેપુરો ભજવી બતાવીને તેમની અવધિ પુરી થતાં પાછાં આવી પહોંચશે ત્યારે વળી બીજાં જશે. હમણાંનો વેશ ઘણાં પાત્રો સિવાય ભજવી શકાય એવો નથી; માટે અહીંથી ઘણાં જણને જવાની જરૂર પડીછે. એ વેશ ઘણાં પાત્રોનો તેમ ઘણી મુદતનો વિસ્તારવાળો છે. એનો કેટલોક ભાગ ભજવાઈ ચૂકયોછે અને કેટલોક બાકી પણ છે; તોપણ તે તમને પુરેપુરો ભજવાયલો હોય તેમ કહેવા માંડુંછું.

પૃથ્વી ઉપર દિવ્ય ઉદ્યાનભૂમિ નામે એક પ્રદેશ છે. તેને ત્યાંના રહેવાશીઓ પેહેલાં પુષ્કરાવર્તક અને હમણાં કાફરીસ્તાન કહેછે; તેમાં જગતપિતાએ પોતાની સઘળી લીલા વિસ્તારેલી છે. તે જાણે પૃથ્વી ઉપરનું સ્વર્ગ હોય, તેમ ત્યાં પશુ, પક્ષી, માછલાં, કીડા, વ-

નસ્પતિ, ધાતુ, ખાર, અને ખનિજો વિગરે આખી પૃથ્વીમાંની સઘળી વસ્તુઓ ભરેલી છે. અહીં જેમ દેવો મનવાંચ્છિત સુખ ભોગવેછે તેમ ત્યાં આત્મા અને દેહનાં દૃષ્ટિગોચરે ચૈતન્યરૂપ મનુષ્યો નાના પ્રકારના વૈભવ ભોગવી શકેછે. રાજા ઇંદ્રની પેઠે રાજધર્મે વર્તેછે; અને પ્રજા પોતાના રાજાને ઇંદ્રની પેઠે પૂજેછે. નવધા ભક્તિ એ દેશમાં વશી રહેલી છે. દેશપતિઓ રાજારૂપે અને ધર્મગુરૂ રૂપે પ્રકાશી રહેછે. લક્ષ્મિ બિચારી દાશી રૂપે સરસ્વતિની શેવા કરેછે; કેમકે સરસ્વતિ લક્ષ્મિની પેઠે ચપળ સ્વભાવ ન પકડતાં ત્યાં દૃઢપણે વાસો કરી રહેલી છે. પરમકૃપાળુ પરમેશ્વર જે નિરંજન નિરાકાર અને જે અનાદ્યંત અદ્વૈત છે, તેની ભક્તિ પવિત્ર અને શ્રેષ્ટ નિયમે થતી હતી. સદાચાર અને પ્રમાણિકપણાને પ્રજાએ પોતાનાં કરી રાખ્યાં હતાં. એ પ્રમાણે એ પ્રદેશનો વૈભવ, સુખ અને ભક્તિ જોઇને આ જગાના દેવો ત્યાં જવાને લલચાતા હતા; અને કેટલાક જઇને પાછા પણ આવતા હતા. એવી ચઢતી આબાદીમાં એ પ્રદેશ કંઈ સેંકડો વર્ષ સુધી રહ્યો. પછી ત્યાંના રહેવાશીઓમાં અતિદ્રવ્યથી જે દુર્ગુણો પેસેછે, તેમણે તેમાં ધીમેધીમે પ્રવેશ કર્યો. પ્રજા અનીતિ આચરવા લાગી. રાજાઓ ધનના લોભી થઇને સામ દામ અને ભેદથી દ્રવ્ય હરવા લાગ્યા; ને તે વડે અયોગ્ય આચરણવાળાં એશારામ અને મોજમઝા ભોગવવા લાગ્યા. સ્વદેશાભિમાન ઓછું થતું ચાલ્યું, તેમ સ્વદેશ રક્ષણ ભૂલતા ગયા. સંપ અને સરસ્વતિ ચપળ થઈ વાસ ઉઠાવવા લાગ્યાં. એવામાં ત્યાં પરદેશી અને પરધર્મી લોકોનું રાજ થયું. તેમના જુલમથી રહી સહી સારી રીતભાતો જતી રહી; અને તેથી ઉલટી નુકશાનકારી રૂઢીઓ દાખલ થઈ. વિદ્યાતો વિસારે પડેલી હતી, તેથીં વ્હેમ અને અજ્ઞાનનું જોર ચાલવા માંડ્યું. શાસ્ત્રો ઊંચાં મૂક્યાં; અને રૂઢીઓ તેજ શાસ્ત્રરૂપ વજનદાર થઈ પડી. તેમાં કેટલાક સ્વાર્થી ધર્મગુરૂઓએ પ્રભુની પવિત્ર ભક્તિને ઊંચી મૂકી રૂઢીને અનુસરતી ધર્મપદ્ધતિ દાખલ કરી. પ્રભુનું પરમપદ જડપાષાણ અને ધાતુ પ્રતિમાઓને આપી પૂજવા લાગ્યા, એટલુંજ નહિ પણ તેઓ મનુષ્યના સઘળા વૈભવ ભોગવેછે, એમ

ધારી વૈભવી પદ્ધતિ અને વૈભવી ભક્તિ ગુરૂઓએ અને તેના આશ્રિત ભક્ત કવિઓએ ધમધોકાર ચલાવી દીધી. એવું ઘણાં વરસ ચાલ્યું, એટલે એ પ્રદેશના સઘળા લોક માંચીમાંના માંકણ જેવા થઈ ગયા. તેમનાથી પોતાની ભૂમિનું તો શું, પણ પોતાના ઘરનું રક્ષણ પણ બરાબર થઈ શક્યું નહિ. પ્રથમ તેમણે પોતાનું બળ માંહોમાંહેમાં વ્યર્થ લઢાઈ ટંટા કરીને ખોઈ દીધું; તેથી તેઓ સઘળા મ્લેચ્છોને સેહેજ તસ્દીએ તાબે થઈ શક્યા. મ્લેચ્છોના બળાત્કારથી સ્વદેશીઓ જાગૃત થવાને બદલે ઉલટા વધારે સુસ્ત અને બે ફિકરા થઈ ગયા. એમ હિમ્મત વગરના થવામાં ઉપર કહેલા ધર્મગુરૂઓએ દાખલ કરેલી સખી ભક્તિ વધારે સહાય કરનારી થઈ પડી. વિદ્યા ભાગ્યા તુટ્યા રૂપમાં સઘળે હતી, તે માત્ર ત્યાંના ઉપદેશક વર્ગમાં ટકી રહી; એથી પ્રજાની સમજશક્તિ બીલકુલ ઘસાઈ ગઈ. એવા સમયમાં જ્યાં પ્રજા કાળા અક્ષરને કૂટી મારનારી હોય, ત્યાં સ્વેચ્છિક અને સ્વાર્થી દેશપતિઓનું અને ધર્મગુરૂઓનું અતિ પ્રાબલ્ય થઈ પડે, તેમાં શી નવાઈ? એ પ્રમાણે મ્લેચ્છ અધિકારીઓ પ્રજાને જેમ ખૂંદાય તેમ ખૂંદવા લાગ્યા; અને ગુરૂઓ ધર્મને બહાને એમ તેવાં કામ કરાવા લાગ્યા. સ્વદેશીઓએ મહા મેહેનતે પેટે આંટીઓ વાળીને મેળવેલા દ્રવ્યનો ઉપયોગ યવનો ખૂલ્લે હાથે કરવા લાગ્યા. તેમની આગળ સ્વદેશીઓ ગરીબ ગાય જેવા બનીને ખાવે પીવે, લુગડે લત્તે અને પૈસેટકે મહા મહા વેળા ભોગવવા લાગ્યા. એઓ જેમ જેમ વધારે ખમતા ગયા, તેમ તેમ યવનો તેમના ઉપર વધારે બળાત્કાર રૂપ બોજો મૂકતા ગયા. યવનોના મદનો પાર રહ્યો નહિ. તેઓ ધોળે દિવસે જાહેર રસ્તાઓમાં પ્રજા વર્ગની આબરૂદાર સ્ત્રીઓની લાજ લૂંટવા લાગ્યા, ત્યારે સ્ત્રીઓ બિચારી અજ્ઞાન પશુવત તો હતીજ તેમાં વધારો થઈ ગુલામગીરીમાં પડીને પુરી પશુ બની રહી. એમ દેશકાળને અનુસરી પ્રજા વર્ગે "ઊંટ માગ્યા ઢેકા ત્યારે માણસે બનાવ્યા કાઠડા" એ કહેવત પ્રમાણે ગરીબાઈથી નિભવાને માટે ઘણાએ ઉપાય કર્યા; પણ તેઓ મ્લેચ્છોના બળાત્કાર સામે ફાવ્યા નહિ, ત્યારે અંતે તેઓ ત્રાહ્ય ત્રાહ્ય કરી

જગતપિતા પાસે નાહીધોઈને એવું માગવા લાગ્યા કે, આ તકો ક્યારે વળે?

એ પવિત્ર ભૂમિના લોક જોકે છેક વિમુખ થઈ ગયા હતા; તોપણ ત્યાંના સ્વદેશીઓનું દુખ મહામૂનિ નારદે ખમી શક્યું નહિ, ત્યારે તેમણે આ સ્થાનકપર આવીને સઘળા દેવો સાથે મહાપિતા પરમેશ્વરની પ્રાર્થના કરવા માંડી; દેવોને પણ આદેશ અતિવલ્લભ હતો, તેથી તેઓ મહામૂનિ નારદની આજ્ઞાને ઝટ અનુકૂળ થયા. પ્રાર્થના કરતાં બહુ કાળ ગયો, ત્યારે પરમાત્માએ હમણાંની પેઠે પ્રકાશરૂપે દર્શન દીધું; પણ તેમાંથી ક્રોધયુક્ત ગેબી અવાજ નીકળ્યો; અને એ પ્રકાશ જલદીથી ઉડી ગયો. એ ક્રોધ વાણીનો અર્થ એવોછે, કે એ પ્રદેશના સ્વદેશીઓ અતિ સુખમાં અનીતિ આચરી પતિત થયા છે; અને તેઓ પોતાનો પવિત્ર ધર્મ ચૂકી પાષાણ પ્રતિમા પૂજવા લાગ્યા છે, તેથી તેઓ હમણાં યમરાજના આશ્રયમાં જઈ પડ્યા છે. એવો પતિત પ્રદેશ કેમ ઉધારી શકાય? એ સાંભળી મારા ગુરૂ પ્રભ્વોમંગી સ્વામીએ કહ્યું, કે એ ભૂમિમાં હું વસુંછું; અને તે પ્રદેશની અવસ્થા તમે કહોછો તેવીજ છે. જગપિતા પ્રભુતો દીનદયાળ છે. જો તેઓ મનુષ્ય પ્રાણીના કૃતકર્મ તરફ જુએ, તો તેઓ પુરૂં પેટ ભરીને અનાજ ખાવાને પાત્ર પણ થાય નહીં એવાં ઘોર કર્મ મનુષ્ય પ્રાણીનાં છે; તોપણ તે દયાળ થઈને તેમનું સઘળી રીતે રક્ષણ કરે છે. એવું છતાં એમણે એ પવિત્ર ભૂમિનાં માણસો ઉપર એટલું બધું દુઃખ કેમ પડવા દીધું હશે? દેવે કહ્યું. હું તમને ઉપર કહી ગયો કે ત્યાં ગયા પછી મનુષ્ય પ્રાણી સ્વેચ્છિક વર્તી શકે છે, એટલા માટેજ તે પોતાના કર્મના જવાબદાર રહે છે, કાંઈ નાયક સઘળે તેમને સલાહ આપવા જતો નથી. વળી ભય વિના પ્રીતિ નથી; એ માટે જગત વંદ્યા પ્રભુ તેમના ઉપર કોઈ કોઈ વાર સેહેજ શિક્ષા પમાડી પોતાને યાદ કરાવવાના હેતુથી અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિકરી દુષ્કાળ પાડે છે, કે કોઈ બીજી ઉપાધિ મૂકે છે. એજ પ્રમાણે એ દિવ્યઉદ્યાન ભૂમિનાં માણસો છેક વિમુખ થઈ ગયાં, ત્યારે તેઓ એ ગતિને

પામે; એમાં શું આશ્ચર્ય છે ? ગુરૂએ જપ્રે શોક મૂકી પૂછ્યું ત્યારે શું એ પ્રદેશની હમેશાં એવીજ હાલત રહેશે ? દેવ કહ્યું. તમે સાંભળો ત્યારે. હમેશાં કોઇમાં એક સરખી સ્થિતિ તેમના પોતાના કર્મને અનુસરી રહેતી નથી. એમ પ્રભુએ નિર્માણ કરેલું છે. મેં તમને ઉપર કહી તેવી ક્રોધયુક્ત વાણીથી દેવો સઘળા ચૂપ થઇ બેસી રહ્યા. થોડો કાળ વીત્યા પછી વળી પાછા મહામૂનિ નારદ આ દેવ સભામાં આવ્યા. તેમણે સઘળા દેવને વિનતિ કરી, કે જગતપિતાનો રોષ હમણાં ઉતરે એમ લાગતું નથી; માટે આપણે વારા ફરતી ત્યાં જઇને તે ભૂમિવાસીઓને કાંઇ સારી પ્રેરણા કરીએ, તો ઠીક. એમ થવાથી મને લાગેછે કે જગતકર્તા પ્રભુનો રોષ તેમના પરથી ઉતરી જશે. એ સાંભળી દેવ સભામાંથી એક ત્રિગુણાતિત નામના મુમુક્ષજને ઉભા થઇને કહ્યું કે જ્યાં જગત્કર્તાની ઇચ્છા કે સહાય નથી, ત્યાં આપણાથી શું બની શકશે ? એમ છતાં જો તમો સઘળાની મરજી હોય, તો હું તે પ્રભુનું સ્મરણ કરીને એ દિવ્યઉદ્યાન ભૂમિપર જાઉં; અને ધર્મ સૂધારા માટે પ્રેરણા કરી જોઉં. સઘળાઓએ તેમ કરવા હા કહી. ત્યારે તે દેવ એક રાજભ્રષ્ટ યવનશાહને ત્યાં અવતાર લીધો. એનાં પગલાંથી તેના પિતાનું ગયેલું રાજ પાછું વળ્યું. એ વખતે એ ભૂમિમાં યવનરાજને થયાં પાંચમું સૈકું ચાલતું હતું. એ દેવની કિશોર અવસ્થા થતાંજ પિતા અકસ્માત મરણ પામ્યો. તેની ગાદી ઉપર પોતે મહાન સેહેનશાહ એવું નામ ધારણ કરીને બેઠો. રાજધાની ઉઠાવીને પુરાતન કાળમાં સ્વદેશી રાજાઓની જે રાજધાની હતી, તેમાં લેઇ ગયો. પિતાના વખતનો જાણીતો પ્રધાન તેથી નાખુશ થયો; ને પોતાનો કારભાર છોડી દેઇ રીસાઇ ગયો; પણ તેથી તે જરા ગભરાયો નહિ. તેણે પ્રથમ પોતાના તાબાના સરદારો અને મંડળીક રાજાઓને પોતાની આણ માનતા કરીને કેટલાક સ્વતંત્ર થઇ પડેલા મ્લેચ્છ સુબાઓને અને બાકી રહેલા બીજા દેશી અધિપતિઓને જીતી લીધા. એ પરદેશી રાજકર્તાઓ અને દેશી રાજાઓને સંપૂર્ણ મિત્રતા થાય; અને ઘણા વરસનું વેર જતુ રહે, એવા હેતુથી તેણે

કેટલાક દેશી સત્તાધારીઓની સાથે શરીર સંબંધ કર્યા. આખું આધિરાજ પોતાના તાબામાં આવ્યા પછી પ્રજા આબાદીના ઉપાય યોજવા માંડ્યા. પ્રથમ મોટાં મોટાં નગરોમાં સરસ્વતિ મંદીર સ્થાપવાની રૂડી યોજના ઘડી કાઢી. તે પોતે ઘણો શ્રમ વેઠી વિદ્યાભ્યાસ કરતો; અને વિદ્વાન રત્નોને પરખી પરખી પોતાની પાસે રાખતો હતો. તેની કારકીર્દીને પુરાં પંદર વરસ નહિ થયાં, એટલામાં આખા પુષ્કરાવર્તકમાં સઘળે સંપ જંપ વ્યાપી રહ્યો. એણે યવનો અને સ્વદેશીઓને સરખા ગણી તેમને તેમના શાસ્ત્ર મુજબ ઇનસાફ આપવા માંડ્યો, સ્વદેશીઓ જે બિચારા રાજકારભારથી દૂર હતા, તેમને તેમાં દાખલ કર્યા. એ વિના એ બે પ્રજા વચ્ચેની શત્રુતા ઓછી થવાને ઘણી યુક્તિયો રચી. પોતે સુખ ભોગવવાની દરકાર રાખી નહિ. પ્રજાજન હળી મળી ચાલે; અને તેમનું કલ્યાણ થાય, તે માટે રાત દિવસ ચિંતન કર્યાજ કરતો હતો. તે પ્રજાને સમજાવતો હતો, કે હવે આ દેશ યવન અને સ્વદેશી બન્નેનો છે; માટે બેઉએ ભાઇઓની પેઠે સંપસંપીને રહેવું જોઇએ; નહિ તો બેની લડાઇમાં કોઈ ત્રીજો આવી પેસશે. બેઉ પ્રજાની રીતભાત અને ધર્મ કેવળ વિરૂદ્ધ જોઇને એ શાહની ખાતરી થઈ, કે મારી જીંદગીમાં તો એ બેઉ એકત્ર થાય, એમ કદી સંભવતું નથી. ત્યારે તેણે એક નવો પંથ કાઢ્યો. તેના નિયમો બેઉ પ્રજા થોડી થોડી હરકતે પાળી શકે, એવા બાંધ્યા હતા. એ નિયમો ખરેખરા દેશનું અને પ્રજાનું કલ્યાણ કરે તેવા હતા. એ સ્વદેશ કલ્યાણી પંથમાં સ્વદેશીઓ તેમની રૂઢીને લીધે; અને મ્લેચ્છો ધર્માભિમાનને લીધે તેમાં જલદી દાખલ થઈ શક્યા નહિ. યવનોએ તો એ શાહને નાસ્તિક કહીને પોતામાં હલકો પાડ્યો; પણ સ્વદેશીઓ તેનાપર ઘણી મમતા બતાવવા લાગ્યા. યવનોની દરકાર નહિ કરતાં એ શાહે પોતાનો યત્ન ચાલુ રાખ્યો. પોતાને જે કરવાનું હતું, તે સઘળાનાં મૂળત્વો પ્રજામાં સ્થાપન કર્યાં; પણ તેને વિસ્તાર પમાડીને એ દેશનું પુરેપુરૂં કલ્યાણ તેનાથી થઈ શક્યું નહિ; કેમકે મનુષ્ય પ્રાણીને માથે મોત રૂપ મહા દુઃખ નિર્માણ થયેલું છે. તે પ્રમાણે એ મહાન શ-

હેનશાહ ઘણાં વરસ રાજ કરીને છેક વૃદ્ધા વસ્થાએ મરણ પામ્યો. તેના મરણને થોડો કાળ વીત્યો નહિ, એટલામાં તો પાછું અસલ પ્રમાણે અંધેર ચાલવા માંડ્યું. જેમ આપણે સરોવરમાંની લીલને આસપાસ ખસેડી મૂકીને વચમાથી સ્વચ્છ નિર્મળ પાણી કાઢીએ છીએ; પણ પછી જરાવારમાં આસપાસ ખસી ગયેલી લીલ પાછી ધસી આવીને પેહેલાંના જેવું ગંદુ પાણી બનાવી દેછે તેમ આ મહાનશાહે સઘળી બલા બગતરને પોતાના પ્રદેશની આસપાસ ધકેલી મૂકી હતી, તે તેના મરણ પછી પાછી આવીને ઉભી રહી. ઘણાં વરસોથી બગડેલી ભૂમિ જુજ સમયમાં શી રીતે સુધરે? એ શાહને સ્વર્ગમાં પાછાં આવ્યા પછી સઘળા દેવોએ તેને શાબાશી આપીને કહ્યું, કે તમારાથી થયું તેટલું તમે બરાબર કર્યું છે; પણ એ કામ થોડા વખતનું નથી, તેથી તમે શું કરો? શાહ જેનું નામ ત્રિગુણાતિત દેવ હતું, તેણે જરા અભિમાનથી જવાબ આપ્યો, કે સઘળાની મરજી પ્રમાણેની આબાદી કરતાં તો ઘણો કાળ જોઇએ. એમાં શક નથી, એ માટે તમે જો મને ફરીથી ત્યાં જવાની આજ્ઞા આપો તો હું ત્યાં જઇને મારા સ્થાપન કરેલા નિયમોનો ઉપયોગ કરીશ, એટલે પ્રજાનું અને દેશનું ઝટ કલ્યાણ થશે. હવે માત્ર એ નિયમો બરાબર રીતે પળાવવાનાજ રહેલા છે. મારી ઇચ્છા એવી છે, કે આ વખતે હું કોઈ સ્વદેશી રાજવંશીમાં અવતરીશ; કેમકે સ્વદેશીઓની સંખ્યા બેસુમાર છે. ત્યાં મને મારા આગલા ભવનો અનુભવ મનુષ્યદેહને લીધે હું નહિ જાણું તેમ કરવાને મારો આત્મા મને દોરશે.

એટલું કહ્યા, પછી તે સઘળા દેવોની આજ્ઞા માગી બીજી વાર કોઈ સ્વદેશી રાજકુટુંબના પોદ્દાને ત્યાં અવતર્યો. આ વખતે તે પોતાનો મૂળ હેતુ ભૂલી ગયો; અને મૃત્યુ લોકની જેહેરમાં પડી, સ્વજાતિ લોકની સોબતે પ્રખ્યાત લૂંટારો થઈ પડ્યો. ત્યાં એનું નામ સિંહરાજ-મહારાજ રાખ્યું હતું. એણે પોતાના નામનો મહિમા ખરેખરો રાખ્યો. સિંહથી જેમ આખું વન ત્રાસ પામી થરકાંપ થઈ રહે છે, તેમ એણે આખા પુષ્કરાવર્તકને ત્રાહ ત્રાહ પોકરાવી

દીધી. કેટલાક જંગલી દેશી લોકો તેને અનુકુળ થયા. તેમની મદદથી તેણે યવનોને હલકા પાડી આખા દેશમાં પોતાની આણ વર્તાવી. તેની ફોજનાં ધાડાં પુષ્કરાવર્તકના આ છેડાથી તે પેલા છેડા સુધી ધોળે દિવસે દરોડા પાડી રહ્યાં હતાં. પ્રજા સુખી થવાને બદલે ઉલટી દુઃખી થઈ; અને યવનોની પેઠે તેમને પણ ગાળો દેવા મંડી. એ સમયમાં ઉદ્યમ કરનારની સંખ્યા કરતાં લૂંટારા અને ધાડપાડુઓની સંખ્યા બહુ મોટી થઈ પડી હતી. એ સિંહરાજાની પછી થનારા રાજાઓએતો લૂંટી લૂંટીને હદ વાળી મૂકી. પ્રજા શું ખાશે? તેની તેમણે દરકાર રાખી નહીં; લોકોએ દાણા સુદ્ધાંત ભોંયમાં રાખવા માંડ્યા. ઘરોમાં લૂંટવાનું કાંઈ મળ્યું નહિ, ત્યારે તૈયાર પાકેલાં ખેતરો ઉપર ધાડ પડવા લાગી. એ જાતના રાજાઓની લૂંટારૂ ટોળીઓ પાકેલા ખેતરપર જઈને પૂછે કે "આ કુનકા ખેતર" જવાબ મળે કે "મીઆંભાઇકા" જબ જાનેદો, ફરી ચાલતા થાય. અને કદી એવો જવાબ મળે કે "બમનકા" જબ લૂંટ ખાઓ એમ બોલી લૂંટી ખાતા. એ પ્રમાણે મારતા મીઆંની તરવાર સરખું થઈ રહ્યું. મ્લેચ્છોની હાલત પણ "આટા તોલ ઠીંકરી જલતીહૈ" એ કહેવત પ્રમાણે ચીંથરે હાલ હતી, કેમકે તેઓ સ્વભાવે સ્વદેશીઓ જેવા કૃપણ અને દ્રવ્ય સંગ્રહ કરનાર નહોતા. તેઓ "આજકી આજ અને કાલકી કાલ" રોજી ખાનાર હતા, તેથી તેઓ પણ એ લૂંટારાની ટોળીઓમાં દાખલ થઈ લૂંટફાટ કરતા હતા. એ ધાડપાડુઓ અને ,ગળકટ્ટા લોકોમાં સ્વદેશીઓ કરતાં યવનો ઘણા હતા. દેશમાં જ્યાં જોઇએ ત્યાં ખૂન, ધાડ, દગો, ચોરી વિગેરે સચરાચર વ્યાપી રહ્યાં હતાં. લોકોના જીવ ઊંચે ટંગાઈ રહ્યાં હતા. આ ધાડ આવી !! આ બટકધરાં આવ્યા !! અને આ ફાંસીઆ આવ્યા !! એવી એવી બૂમો દરરોજ દરેક નગરમાં અને ગામમાં પડવા લાગી. તેમના ત્રાસથી લોકો છતે ધોબીએ ઘાંચાનો અવતાર ભોગવવા લાગ્યા; અને સ્ત્રીઓ પોતાનું પતિવૃત ભંગ થવાની બીકથી છતે પતિએ સૌભાગ્ય તજી રંડાપો વેડવા લાગી. અણચાલે હાથમાં કાચલીનાં કાળા શિં-

ભળાં (ચૂડીઓ) ચાલી મૂકતી હતી. એ પ્રમાણે મૃત્યુલોકના પાસથી બિચારા ત્રિગુણાતિત દેવનો બીજો ભવ વ્યર્થ ગયો. તે પોતાનું આયુષ્ય પુરૂં થવાથી સ્વર્ગમાં પાછો આવ્યો. દેવ સભામાં તેની હાંશી થઈ, તેથી તે ક્રોધમાં આવી કોઈને શાપ દેઈ બેસશે, એવી બીકથી સઘળાએ તેનું મન મનાવ્યું, કે જગતપિતાની સહાયતા વિના કંઈ બનતું નથી. જે તેની સહાયતા વિના હરકાંઈ કામ કરવા જાય, તો તે ફસાઈ પડયા વગર રહે નહિ. એ પ્રભુએ પૃથ્વી ઉપર માયા જાળ નાંખેલી છે, તેને વશ ન થતાં કોઈ વિરલા પુરૂષ જવલેજ પોતાનો વેશ પુરેપુરો ભજવીને પાછા આવેછે. એ પ્રમાણે વાતો કરે છે, એટલે મહામુનિ નારેદ આકાશમાર્ગે થઈને સરરરર કરતા ઉતરી પડયા. તે દેવસભામાં આવી બોલ્યા કે ક્રોધયુક્ત વાણીને હજુ ઘણો કાળ થયો નથી, એટલામાંતો એ ભૂમિ વાસીઓ દુઃખથી ધામાં પડેલા જીવડાની પેઠે તરવરી રહ્યા છે; માટે આપણે સઘળા ફરીથી અતિ આર્જવ પૂર્વક પ્રાર્થના કરી તેમને સુખ થવાનું વરદાન માગી લઈએ તો ઘણું સારૂ થાય. દેવોએ મહામુનિ નારદના કહેવા પ્રમાણે સ્તુતિ કરી, એટલે સ્વર્ગમાં ન્યાયાસન પર તમે દીઠો, તેવો પ્રકાશનો સમુદાય ઝળળળ કરતો ઉતરી પડયો. તેમાંથી એવી ગેબી પણ કલ્યાણકારી વાણી નીકળી કે સ્વપ એવ સંસ્કારઃ એટલો અવાજ નીકળ્યા પછી, તે હમેશની પેઠે આવ્યો, તેમ ઝટ વારમાં જતો રહ્યો. એ ગેબી અવાજનો અર્થ એવો છે કે હે દેવ તમે જાઓ; અને સમારો; યમરાજને પણ સાથે રાખજો, કે તેમની બીકથી તમે જનસમુદાયમાં નીતિએ ચાલી ધારેલો હેતુ પાર પાડો.

પૃથ્વી ઉપર એક પવિત્ર મુશ દેશ છે. ત્યાં પવિત્ર ધર્મ પાળનારા ઝનૂની લોક વસે છે. એ દેશમાં દેવોએ, અપ્સરાઓએ અને ઈંદ્ર રાજાએ પણ જરૂર પડે તેમ મનુષ્ય દેહમાં અવતરવાનો નિશ્ચય કીધો. પછી ઈંદ્ર ત્યાંના રાજાને ત્યાં અને દેવો અમીર તથા પ્રજા વર્ગમાં અનુકુળ આવ્યું તેમ જનમ્યા. અપ્સરાઓ તેમની સ્ત્રિ રૂપે અવતરી. એજ પ્રમાણે યમરાજે પણ તેનાથી પૂર્વે આ-

વેલા ઉજડ અને બરફથી ઢંકાયલા પ્રદેશમાં પોતાની માયા વિસ્તારવા માંડી. એ મુશ દેશમાં દેવમો જન્મ થતા પેહેલાં ત્યાંના રહેવાશી મુશીઅન લોકમાં ધર્મ વેર એટલું બધું ઉત્પન્ન થયું હતું, કે ત્યાં દરરોજ કાપા કાપી તથા ખૂનાં મરકીથી લોહીની નિકોરીઓ વેહેતી હતી. એ લોક પરધર્મીઓને પરસ્પર પ્રભુને નામે જીવતા બાળી મૂકતા હતા. ગર્ભવંતી સ્ત્રીઓના ગર્ભ સુદ્ધાં બાળી મૂકતા. તેઓ એ સઘળુ પ્રભુને નામે જંગલીપણાથી સાલસ ભાવે કરતા હતા. દેવોએ તેમાં જન્મ લેઇ પોતાના મુશીઅન ભાઇઓને સમજાવીને ધીમે ધીમે એ હાડવેર ઓછું કરાવા માંડ્યું. રાજાઓ પણ નવી પ્રજાને અનુકુળ પડે તેવા જન્મતા હતા; પણ કોઇ કોઇ રાજવંશીઓ માયાને વશ થઇ પોતાનો અધિકાર અમર્યાદ અને ઇશ્વર દત્ત છે, એમ કહી પ્રજાને પીડતા; પણ પ્રજા તેની સુધ ઠેકાણે લાવતી ત્યારેજ જંપીને બેસતી હતી. એમ કરતાં થોડાં વર્ષમાં ધર્મ વેર ઓછું થઇ ગયું; અને સઘળે જગતકર્તા પ્રભુની અપ્રતિમ પવિત્ર ભક્તિ સ્થાપન થઇ ગઇ. તેમની અસરથી આસપાસના બીજા પ્રદેશોમાં સુધારો થવા માંડ્યો. આગેવાન મુશીઅનોએ પોતાના સ્વદેશીઓને ધીમે ધીમે માણસાઇમાં આણ્યા; અને તેમનું માંહો માંહિનું વેર કાઢી નંખાવી તેમનાં મન વેપાર રોજગાર, ખેતીવાડી અને બીજી કળા કૌશલ્ય બનાવવા તરફ વાળી દીધાં. દેશમાં ચાલતી વિદ્યા કળાને સુધારી ઉત્તેજન આપવા માંડ્યુ. એ પોતાના આગેવાનોના કહેવા પ્રમાણે વર્તતાં મુશિયન પ્રજાને દિન પ્રતિદીન વધારે વધારે સુખ મળતું ગયું, તેમ તેમ તેઓ પોતાના આગેવાનોની સલાહ પ્રમાણે ચુસ્તપણે વર્તવા લાગ્યા. "અણ દીઠે દીઠું અને માર મહુડાંને મીઠું" એ કહેવત પ્રમાણે મુશિયન લોક નવા ધંધા ઉપર ખાઇ પીને મંડ્યા રહ્યા. દરિઆમાં માછલી પકડવાનો ધંધો તો તેમનો પોતાનોજ ગણાતો હતો. તેમાં વળી તેમને વેપારની સમજ પડવાથી પોતાનાં વહાણોનો ઉપયોગ કરી પ્રથમ પાસેના દેશો સાથે વેપાર ખેડવા લાગ્યા. એથી તેમને ઘણું દ્રવ્ય મળ્યું. એ દ્રવ્ય વડે તેઓ નાના પ્રકારનાં સુખ અને સ્વાદ ભોગવવા લાગ્યા.

લાભચથી તેમનો લોભ વધતો ગયો; અને મોટાં મોટાં વહાણો બાંધી દૂર દેશાવર સાથે વેપાર ખેડવાની હામ ભીડવા લાગ્યા. એમના સ્વદેશમાં સંસાર સુખની ઉપયોગી વસ્તુઓ પરદેશથી આવતી હતી. તે વસ્તુઓ તેઓ પોતાના પડોશીઓ પાસેથી ખરીદ કરી પોતાના દેશમાં લેઈ જતા હતા; તેથી તે વસ્તુઓ તેમને ઘણી મોંઘી પડતી; અને ધાર્યો નફો મળતો નહિં. ત્યારે તેમની જીજ્ઞાશા પોતાના દેશમાં આવનારી ઉપયોગી વસ્તુઓ ક્યાં થાય છે? તે જાણવાની થઇ. વળી એ પદાર્થો આ તરફના દેશોમાં શી રીતે આવે છે? તેની તપાસ આગેવાન મુશીઅનોએ કરવા માંડી. તપાસમાંને તપાસમાં ઘણાં વરસ વીતી ગયાં તોપણ તેઓને એ વિશે ખરી ખબર મળી નહિ. છેવટે એક બહાદૂર મુશિઅન વહાણવટી સ્વદેશમાં ઉત્પન્ન થનાર કલ્હૈ, મોતી, ચામડાં વિગરે માલ પોતાના વહાણમાં ભરી પરદેશી પદાર્થો જે માર્ગે થઇ આવતા હતા, તેણીગમ પોતાનાં વહાણ હંકારી ગયો. આગળ ચાલતાં તેના જોવામાં એક મોટું બંદર આવ્યું. તેના બારામાં વહાણને નાગર નાંખી, તે શેહેરમાં ગયો. એ શેહેરનો વૈભવ, દ્રવ્ય અને બાંધણી જોઇને તેતો છકજ થઇ ગયો. સઘળાં ઘર હવેલીઓ અને બીજી ઇમારતોને હાથીદાંત અને સૂખડનાં બારણાં બારશાખ હતાં. દ્રવ્યની ઉથલ પાથળ એટલી બધી થતી હતી, કે દરરોજ ગરીબ શ્રીમંત થઇ જતા; અને શ્રીમંતો વખતે દેવાળું ફૂંકતા. આવી રચનાથી અજબ થઇ, તે મુશી અને ત્યાંના એક રેહેવાશીને પૂછ્યું, કે આ નગરનું નામ શું છે ! અને આ નગરે આટલું બધું દ્રવ્યવાન શી રીતે થયું ? તેણે જવાબ આપ્યો. આ નગરનું નામ વારેના છે. દૂર ભૂમિમાં પૂર્વ દિશાએ પુષ્કરાવર્તક કરીને એક આબાદ દેશ છે. તેમાં સઘળી જાતના પદાર્થો પુષ્કળ પાકે છે. ત્યાંથી મ્લેચ્છ વેપારીઓ માલ ભરીને ઉઅમણ બંદરે લાવે છે. તેમની સાથે આ નગરના વેપારીઓ વેપાર ખેડીને આટલા બધા દ્રવ્યવાન થયા છે. તમે આ નગરના વૈભવથી અજાએબ શું થાઓ છો ? પુષ્પરાવર્તકના એક શ્રીમંત ગૃહસ્થ જેટલું દ્રવ્ય આ આખા નગરમાં નથી !! કેટલાક લોક એને હીરાનો

દેશ કહેછે, તે ખોટું નથી. એ હકીકત સાંભળ્યા પછી તે મુશિઅન વેપારીએ પોતાના વહાણમાંનો માલ એ નગરના વેપારીઓને આપી તેને બદલે પોતાને જરૂરનો બીજો માલ ખરીદ કર્યો અને પોતાના દેશ તરફ રવાને થયો. તે પોતાના દેશમાં આવી પહોંચ્યો. પછી તેણે પોતાના રાજા પાસે જઈ કહ્યું કે પૂર્વ દિશાએ ઘણે દુર પુષ્કરાવર્તક નામે એક મોટો દેશ છે. ત્યાંથી આપણા ઉપયોગમાં આવે એવા સઘળા પદાર્થો આવે છે. તેમાં કોઈ પણ જાતનો પાક નથી થતો, તેમ નથી. દ્રવ્યનો તો ત્યાં સુમારજ નથી. એની જમીન વીસ્તિર્ણ અને કસવાળી છે. ત્યાંની ભુમિમાંથી કિમતી ધાતુઓ અને ખનિજો ઢગલે ઢગલા નીકળે છે. કાચુ સોનું પાકે તેવી તો ત્યાંની જમીન છે, એ દેશનો માલ કેટલાક મ્લેચ્છ વેપારીઓ આપણી દક્ષિણે આવેલા સાગરને પૂર્વ કિનારે લાવે છે. તેમની પાસેથી વારેણા નગરના વેપારીઓ સઘળો માલ ખરીદ કરેછે. એ નગર માત્ર એટલાથીજ અતિ દ્રવ્યવાન થયેલું છે. વારેણા નગરનાં બારી બારણાં સૂખડનાં અને બારશાખ હાથીદાંતનાં છે. શ્રીમંત વર્ગની સ્ત્રીઓ હમેશાં રેશમી લૂગડાં પેહેરેછે. એ પરથી આપનો ખ્યાલ પહોંચશે કે એ નગર કેટલું ધનવાન હશે ! મુશસેહેનશાહે જવાબ દીધો, કે વારેણા શેહેરના વેપારીઓ જે કિનારેથી તે સુનાના દેશનો માલ લાવેછે, ત્યાંથી આપણા વેપારીઓ પણ જઈને લાવે તો શું હરકતછે ? એ સાંભળી તે મુશિઅન વેપારીએ કહ્યું, કે વારેણા નગરના રાજાની એ સમુદ્ર ઉપર દુવાઈ ફરેછે; માટે બીજા દેશના વેપારીઓથી ત્યાં જઈ શકાતું નથી, તે રાજા મહા બળવાન અને ધનાઢ્ય છે, તેથી જીતાવો મુસ્કેલ છે મારી નજરમાં એમ આવેછે, કે આપણે ખુદ પુષ્પરાવર્તક દેશમા જવાનો કોઈ બીજો રસ્તો ખોળીકાઢી તેની સાથેજ વેપાર જોડીએ, તો વારેણા નગરનો વેપાર એની મેળે તૂટી જશે. મુશ રાજા પ્રજાને કાને પુષ્કરાવર્તકનું નામ પડતાંજ જેમ કોઈ ઘણા દિવસથી વિસારે પડેલી વાત સાંભળી આવવાથી અત્યાનંદ થાય છે, તેમ તેમનું મન ઉભરાઈ આવ્યું, કે ક્યારે આપણો સંબંધ પુષ્કરાવર્તક સાથે થાય ! એ

મુશ શેહેનશાહ એ ગાદીનો એકવીસમો રાજા અને ઇંદ્રમાંનો ત્રીજો અવતારી પુરૂષ હતો. એનું નામ ક્યાલીકો હતું. તેણે પોતાના દેશના વેપારીઓની સભા કરી પુષ્કરાવર્તક દેશ સાથે વેપાર ખેડવા સૂચના કરી. પૂર્વ સંસ્કારને લીધે સઘળા ખુશીના પોકારો કરી પોતાના રાજાને માન આપવા લાગ્યા; અને સઘળા તેમ કરવાને એક પગા થઈ રહ્યા; કેમકે તેમને એ દેશની વસ્તુઓ જોતાંજ ત્યાંનો મોહ લાગ્યો હતો. એમણે ભેગા મળીને પોતાના સેહેનશાહની બાંહ્યધરીથી ઘણું ભંડોળ એકઠું કરી એક કાફલો તૈયાર કર્યો. એ કાફલાના સરદારને ઘણા અનુભવી અને બહાદૂર ખલાસીઓ સોંપવામાં આવ્યા હતા. એ કાફલો મહા સમુદ્રમાર્ગે પુષ્કરાવર્તકની દિશા બાંધી ચાલ્યો. બે ત્રણ માસ સુધી મુસાફરી કીધી; પણ એ સમુદ્રનો પાર લાધ્યો નહીં; અને તે દેશ પણ આવ્યો નહિ. રસ્તામાં કિનારે બીજા અનેક દેશો આવતા હતા. ત્યાંના બંદરપરના લોકોને મુશીઅન ખલાસીઓ પુષ્કરાવર્તક વિશે પૂછતા, ત્યારે તેઓ કાને હાથ દેઈ કહેતા, કે અમેતો એ નામ આજેજ સાંભળ્યું; પણ હજુ આગળ પૂર્વમાં એક હીરામાણેકનો દેશ છે; અને તેમાં સુના રૂપાનાં ઝાડ ઉત્પન્ન થાયછે. એવું અમારા બાપદાદાના કહેવાપરથી અમે જાણીએ છીએ. એ દેશમાં કોઈથી જવાતું નથી; અને જાયછે, તે પાછા આવવા પામતા નથી. જે જાયછે, તેને ત્યાં બેલ બનાવી દેઇને ખેતી કરાવેછે. આવી આવી અનેક તરેહની વાતો સાંભળી મુશીઅન ખલાસીની હિમ્મત ઠીક છૂટી ગઈ, તેથી તેમણે પાછા જવાનો વિચાર કીધો. ત્યારે એ કાફલાના મુખ્ય તંડેલે કહ્યું, કે પ્રથમ તમે મને દરિયામાં ફેંકી દો; અને પછી તમારે પાછા જવું હોય, તો સુખેથી જાઓ. સૌને એકજવાર મરવું છે. "જીવ્યાંથી જોયું ભલું" આપણે અનેક બંદર કરતા આવ્યા. ત્યાંના ભિન્નભિન્ન લોક, પ્રાણી, વનસ્પતિ અને રીતભાત વિગેરે જોઇને આપણે આપણી લાંબી મુસાફરીનું દુઃખ શું ભૂલી ગયા નથી? વળી જ્યારે આપણને ઇશ્વરેચ્છાથી હીરાનો દેશ હાથ લાગશે; ત્યારે મુસાફરીનું દુઃખ કેટલું જણાશે? તે કહો. આપણને બહાદૂર અને અનુભવી જાણી રાજા પ્ર-

જાએ મોકલ્યા છે, ત્યારે હવે પાછા જઇને તેમને શું મોઢું બતાવીએ. મારી મરજી છે, કે આપણે હજુ બે અઠવાડીઆં સુધી આગળ ચાલવું, અને પછી જો તે દેશની કંઇપણ નિશાની માલમ પડશે નહિ, તો આપણે નક્કી પાછા વળીશું. ખલાસીઓએ તેમ કરવાની હા કહી; અને તેમણે પોતાનાં વહાણ હંકાર્યાં. બરાબર બે અઠવાડીઆં પુરાં થતાં છેલ્લી સાંજે દૂરથી આકાશમાં પક્ષીઓ ઉડતાં માલમ પડયાં. કિનારે આવતાં જતાં વહાણોના શઢ અને વાવટા દેખાવા લાગ્યા. તેઓ હાંસે હાંસે ઉતાવળથી સામેના કિનારા તરફ ચાલ્યા. એઓ કિનારે આવી પહોંચ્યા, પછી બીજાં નાંગરેલાં વહાણોના ખલાસીઓને પૂછતાં પોતાને જે દેશમાં જવું હતું, તેજ તે માલમ પડયો. સઘળા મુશીઅન ખલાસીઓએ ખુશીના પોકાર કરી જગતપિતા પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા. મુખ્ય તંડેલે ખલાસીઓના પોકારપરથી જાણ્યું, કે અતિ ખુશીમાં આ લોક ગાંડા બની જશે; અથવા એઓને કિનારાપરના લોક દરિયાઈ લૂંટારા સમજશે. એમ ધારી તેણે તેઓને તેમ કરતા અટકાવીને કહ્યું, કે તમને આમ તોફાન કરતાં કિનારાપરની પુષ્કળ પ્રજા દેખશે; તો તમને કોઈ અજાણ્યા દરિયાઈ લૂંટારા ગણી કિનારે ઉતરવા દેશે નહિ. આ દેશના દરિયામાં ચાંચીઆનો ધંધો કરનાર લૂંટારૂ વહાણોની ખોટ નહિ હોય; માટે તમારે સઘળાએ બહુ સાવધાનીથી ચાલવું જોઇએ. તંડેલની હકીકત સાંભળી તેઓ સઘળા ચૂપ થઈ ગયા. મુશીઅન વહાણનો કાફલો કિનારાની છેક થડમાં આવી પહોંચ્યો. તેમાંના આ અવનવા રાક્ષસ જેવા મજબુત અને ઊંચા માણસોને જોઈ કિનારાપરના લોકો બી ગયા. તેમણે તેમને બંદર કરવા ના કહી. ત્યારે મુશિયન લોકે નમ્રતાથી કહ્યું, કે અમારાં વહાણમાં માલ છે, તે વેચવા સારૂ આવ્યા છીએ. અમે વેપારી છીએ, કાંઈ લૂંટારા નથી; માટે અમને બંદર કરવા દો. બંદરના ઉપરી અધિકારીએ કહ્યું, કે તમે તમારા વહાણને નાંગર કરી આ સિપાઇઓ સાથે તમારામાંથી બે જણ અમારા રાજા પાસે જાઓ; અને જો તેઓ તમને રજા આપે, તો સુખે વેપાર કરો. તંડેલે તેમ કર્યું. પછી તે પોતાના બે સિપાઇઓ સાથે

મોટા ભભકાથી રાજાના દરબારમાં ગયો. તેઓ દરબારનો વૈભવ જોઈ દિંગ થઈ ગયા. રાજાને બેસવાના તખ્ત ઉપર પુષ્કળ હીરા માણેક જડેલાં હતાં. તે તરફ જોઇને તેઓ સજ્જડજ થઈ ગયા. મુશીઅન તંડેલે રાજાને નમન કરી પોતાના સેહેનશાહે લખી આપેલો ખલિતો અને તેણે મોકલેલો નજરાનો ભેટ કર્યો. એ તંડેલને રાજાએ પૂછવાથી તેણે જવાબ દીધો, કે અમે મુશીઅન વેપારી છીએ; અને મુશ દેશમાં રહીએ છીએ. આ દેશ સાથે વેપાર કરવાની અમારા સેહેનશાહ સાથે અમારી મરજી છે; માટે આપ કૃપા કરીને તેમ કરવાની પરવાનગી આપી, અમારા સેહેનશાહપર પત્ર લખી આપશો. એ સંભળી રાજાએ તેમને વેપાર કરવાનીરજા આપી; અને રાજાના કહેવા મુજબ પ્રધાને પત્ર લખી આપ્યો. તે લઇને તેઓ ખુશી થતા બંદરપર આવ્યા. અહીં વેપારીઓને પોતાનો માલ આપી પોતાને ઉપયોગી માલ ખરીદ કર્યો. પછી ત્યાં થોડા દિવસ રહી થોડાક આસપાસના મુલકથી તથા દરિયા કિનારાથી વાકેફ થયા. છેવટે તેમની ખાતરી થઈ, કે આપણે ખોળતા હતા, તેજ આ પુષ્કરાવર્તક દેશ છે. એ પછી તેઓ પાછા પોતાને દેશ ગયા. આવતી વખતે તેમને જેટલી મેહેનત અને મુદત લાગી, તેટલી જતાં લાગી નહિ. એ મુશીઅનોએ પોતાના સ્વદેશમાં આવી, ભરી આણેલો સઘળો માલ સ્વદેશી વેપારીઓને જથાબંધ વેચી દીધો. એ સફરથી કાફલામાં જેટલાં વહાણ ગયાં હતાં, તેટલાં રૂપિઆથી ભરાય, એટલું દ્રવ્ય ઉત્પન્ન થયું. મુશ સેહેનશાહે એ સહાસિક ખલાસીઓને મુબારકબાદીને ઇનામ આપ્યાં. જે વેપારીઓએ આ કાફલો મોકલવામાં આગેવાની કરી હતી. તેમની મંડળીને કેટલાંક વરસ સુધી એ નવા દેશ સાથે વેપાર કરવાની સનંદ કરી આપી. તેમને ઘણો નફો મળેલો હતો, તેથી તેમણે તરતજ બીજો કાફલો તૈયાર કર્યો. તેમનું જોઈ બીજા મુશીઅન વેપારીઓ તેમ કરવા તૈયાર થયા; પણ તેમને સેહેનશાહે રજા આપી નહીં; અને તેમને સૂચના આપી કે જેમણે અતિ દુઃખ અને ખરચ વેઠી નવો હીરાનો દેશ ખોળી કાઢ્યો છે, તેનો લાભ તેમનેજ મળવો જો-

ધર્યો. જો હું એમ ન કરૂં, તો પ્રજામાં સુધારો થાય નહિ. તમારે જોઇએ તો એ વેપારીઓના પેઠામાં સામિલ થાઓ; અથવા તેમની પાસેથી માલ ખરીદી પડોશના દેશોમાં લેઈ જાઓ. એમ કરવાથી તમને ઘણું દ્રવ્ય મળશે; કેમકે "વેપાર વાંઝીઓ નથી." વળી આપણા દેશના લોકોનું વલણ જ્યારે વેપાર જેવી ઉત્તમ વસ્તુ ઉપર વળ્યું છે, ત્યારે જરૂર હવે આ દેશ ધનવાન થશે, અને પ્રજાનું દરિદ્ર ટળી જશે; કહેલું છે કે વસતિ લક્ષ્મિર્વ્યાપારે. રસ્તાની ખબર પડ્યા પછી સેંકડો વહાણ પુષ્કરાવર્તકમાં જતાં આવતાં થયાં; તેથી તેમના દેશમાં ધનનો દરોડો પડ્યો. જોત જોતામાં લક્ષ્મિ ઉભરાવા લાગી. એક મુશીઅન વેપારીએ રાજાની સલાહથી પુષ્કરાવર્તકનો નકશો કરી આણ્યો; અને મુશીઅનો પુષ્કરાવર્તના ખરેખરા અનુભવી ભોમીઆ થયા. એચાર જગાએ કીલ્લેબંધી કરી વેપારની જબરી લાતીઓ ઘાલી. પશ્ચિમના દેશોમાં માલ લાવનાર લેઈ જનાર મોટા સફરી વેપારીઓ પણ એજ થઈ પડ્યા. વળી તેઓ સ્વદેશીઓના વિદ્યા કળા પોતાના દેશમાં લેઈ ગયા; એથી કરીને મુશીઅનોને બહુ લાભ થયો. મુશીઅન વેપારીઓના સ્વદેશમાં રહેનાર એક મુનિમે ઘણાં વરસ સુધી નોકરી કરીને પેલા પેદા કરેલાં દ્રવ્યનો મુશ દેશમાંથી માલ ન ભરી જતાં અજ્ઞાન સ્વદેશીઓને થોડા થોડા પૈસા આપીને તે આખા પુષ્કરાવર્તકમાંથી ખોળી ખોળીને જ્ઞાનનાં પુસ્તકો ભરી ગયો. પ્રથમ તો તેને મુશીઅન વેપારીઓએ અને પ્રજાએ નિંદી કાઢ્યો પણ મુસ સેહેનશાહને જ્યારે એ વાતની ખબર પડી, ત્યારે તે બહુ ખુશી થયો; અને તેમાંથી દોહન કાઢવાને સારૂ પોતાની રાજસભા સાથે વિચાર કરીને "પૂર્વ વિદ્યાશોધક" મંડળી સ્થાપન કરી. એ ગ્રંથો લેઈ જનાર મુનિમનાં છોકરાં હજુ પણ તેને લીધે અમીરી હાલત ભોગવેછે; અને અમીર ખાનદાનમાં ગણાઈ માન પામેછે. વળી એ ગ્રંથોથી મુશીઅન પ્રજાની બુદ્ધિ ઘણી ખીલી નીકળી. તેમાંથી તેમણે ઘણું ઘણું નવું જાણ્યું. એઓ હવે આખી પૃથ્વીની પ્રદક્ષિણા અને આકાશી પદાર્થોનું ગણિત ગણવાને શક્તિવાન થયાં, એટલુંજ

નહી પણ તેમાં સુધારો કરવાને શક્તિવાન થયા. પરદેશી જા ઉપર કેવી રીતે રાજ કરવું, પૃથ્વીના બીજા દેશોથી જાણીતા થવું, અને નવા નવા શોધ કેમ કરવા, એ વિગરે એ જ્ઞાનનાં પુસ્તકો વડે શીખ્યા. આ સઘળા કરતાં સૌથી મોટો લાભ એ થયો કે પુષ્કરાવર્તક અધિરાજનું ધણીપણું પોતાના હાથમાં શી રીતે આવે? અને તેની પ્રજાનું કલ્યાણ કેવી રીતે કરવું? એ યુક્તિ તેમને સૂઝી આવી. મુશ વેપારીઓ પુષ્કરાવર્તકમાં વેપાર ચલાવા લાગ્યા, ત્યારથી તે અત્યાર સુધી પેલા જાણીતા લૂંટારા સિંહરાજના વારસો રાજ કરતા હતા. એ વિના બીજા અનેક યવન અને સ્વદેશી મંડળીક રાજાઓ હતા; તોપણ હજુ સેહેનશાહનો નામનોજ અધિકાર પેલા મહાનશાહના વંશજો હારૂન મ્લેચ્છો ભોગવતા હતા. આ સમયની દેશસ્થિતિ બહુ અસ્થાયિ હતી; ને ઉપર કહ્યું તેમ સઘળે લૂંટફાટ અને ખૂનાં મરકી ચાલી રહી હતી. સરસ્વતિ અને લક્ષ્મિ તો બિચારીઓ કાયર થઇને કોઈ પરદેશીના તેડાની રાહ જોતી હતી. તેવામાં તેમણે મુશીઅનોને દીઠા તેથી તેઓ તેમના વહાણમાં બેસી મુશ દેશ ગયાં; અને જેમ જળપ્રલયના મહા કોપમાં ત્રાસથી વાઘ અને બકરી નરમ થઈ થરથર કાંપતાં પાસ પાસે ઉભાં રહેછે, તેમ પરસ્પરનાં આદ્યવેરી સરસ્વતિ અને લક્ષ્મિ ત્રાસથી નાસી જઈ મુશ દેશમાં સંપ સંપીને બે સગી બેહેનો પ્રમાણે રેહેવા લાગ્યાં, એટલુંજ નહિ પણ સઘળો શોક કાઢી નાંખી સ્વસ્રર પક્ષમાં વહુ મ્હાલે તેમ એ બેઉ મ્હાલવા લાગ્યાં. એ બેઉના સંપીલા વાસથી આખા મુશ દેશમાં લીલા લેહેર થઈ રહી; અને સોનાના સૂરજ ઉગ્યા. પુષ્કરાવર્તકનાં શિખરપરથી કંચન કળશ ઉતરીને મુશ દેશનાં શિખરપર બિરાજવા લાગ્યા. મુશીઅન વેપારીઓની દેખાદેખી કરી પડોશના દેશોના વેપારીઓ પણ પુષ્કરાવર્તક સાથે વેપાર ખેડવાને લલચાયા. તેમણે આવીને વેપાર કરવા ઉપરાંત પુષ્કરાવર્તકના કજીઆખોર અને અભણ રાજાઓને તેમના સ્વદેશી રાજાઓ સાથે લઢવામાં મદદ કરી કરીને એક નાના સરખા પ્રદેશનું રાજ સંપાદન કર્યું હતું. મુશીઅન વેપારીઓ જેઓ અત્યાર સુધી

ફકત વેપારમાંજ લીન થઈ રહેલા હતા; તેમણે પણ પોતાના દેશ
પાડોશીઓની દેખાદેખી કરીને સંસ્થાનો સ્થાપવા માંડ્યાં. એ મુ-
શીઅનો પોતાના દેશ પાડોશીઓ કરતાં બળ, ધન અને જ્ઞાનમાં
ચઢીઆતા હોઈ પુષ્કરાવર્ત્તકના ખરેખરા અનુભવી હતા; તોપણ
તેમનું કેટલીકવાર સુધી તો પડોશીઓની ખટપટ આગળ ફાવ્યું
નહિ; પણ પછીથી તેમને પાણીચું આપી સ્વદેશમાં મોકલી દીધા;
અને "ઉજડ ગામમાં એરંડો પ્રધાન" એ કહેવત પ્રમાણે પોતે સ-
બળે મોકળે મહાલવા લાગ્યા. તેમણે પ્રથમ પોતાના પડોશી પાસેથી
સઘળો મુલક જીતી લીધો; અને પોતામાં ઉમેરો કર્યો. કેટલોક સ્વ-
દેશી રાજાઓની લવાદી કરી માગી લીધો. એ સમયના પુષ્કર રા-
જાઓ વિના કારણ પરસ્પર લડી મરતા હતા; અને પ્રજા સઘળી
છેક અધમ હોઈ બાયલી થઈ ગઈ હતી. મુશીઅનો તેમની લડા-
ઈમાં વચ્ચે પડી પોતાનું કામ કાઢી લેતા હતા. એમ કરતાં તેઓ
ઘણા મોટા પ્રદેશના ધણી થઈ પડ્યા. સ્વદેશી રાજાઓ બહુ ઓ-
લા દોલા હતા, તેમને કોઈ કંઈ કામ કરીને લગાર ખુશી કરે, તો
તેને એકદમ ગામ કે પરગણું ઈનામમાં આપતાં વાર લગાડતા ન-
હોતાં એ સ્વભાવનો લાભ લેઈ મુશીઅનો 'તુમ બોત અછા રાજા
બાહાદૂર" એવા એવા બોલીથી વખાણી વખાણીને પોતે પોતાનો
સ્વાર્થ સાધવા લાગ્યા; પણ એ મુશ રાજકર્ત્તાઓ જાતે એવા પ-
હોંચેલા હતા, કે ગમે તેવી બહાદૂરી કરનારને અને મહાભારત
શોધ કરનારને પણ ગામ તો શું, પણ એક વીઘુએ ભૂમિ આપતા
નહોતા. બહુ તો તેઓ તેવા પુરૂષોને મોટા મોટા કિતાબ આપતા,
અને કોઈને થોડું રોકડ ઈનામ આપતા હતા. પેલો ત્રિગુણાતિત દેવ
મુશ દેશમાં એક સાધારણ ગૃહસ્થને ઘેર જનમ્યો હતો. તેને પોતાના
છેલ્લા મૂર્ખાઈ ભરેલા કામથી ચેલછા લાગી હતી; માટે તે મુશ દે-
શમાં મનુષ્યરૂપે અવતર્યો, તોપણ તે સ્વભાવે ઉડબંગ અને અવ-
લીઓજ રહ્યો હતો. તેને એ વેપારી મુશીઅનોએ પુષ્કરાવર્ત્તકમાં
મોકલ્યો. ત્યાં તેની અલૌકિક શક્તિ પ્રકાશી નીકળી; અને તેણે પુષ્ક-
રાવર્ત્તકનો ઘણો ભાગ પોતાના દેશીઓને જીતી આપ્યો. દેશી રા-

જાઓમાંના ઘણાખરા મુશીઅનોથી બીવા લાગ્યા. ફક્ત મોટા સત્તાધારીઓ તેમને લેખવતા નહિ; પણ બરાબર અરધું સૈકું નહિ વીત્યું, એટલામાં તો તેમણે સઘળાને પોતાની આણ માનતા કર્યા; અને લગભગ અર્ધો દેશ જીતીને પોતાના તાબામાં લીધો. એ મુશીઅનો જબરા અને બુદ્ધિશાળી હતા, તેથી બાકી રહેલા દેશી રાજાઓ પણ તેમનાથી ડરીને ચાલતા હતા. વળી એ નવા મુશ રાજકર્તા જેમ જેમ મુલક જીતતા ગયા, તેમ તેમ ત્યાંની રૈયતને પરમ સુખ દેતા ગયા. તેમની પ્રજાનું સુખ જોઈ બીજા દેશી રાજાઓના પ્રદેશની રૈયત પોતાને તેવું સુખ થાય એમ ઇચ્છવા લાગી. કેટલીક તો પોતાને દુઃખમાંથી છોડાવવા મુશીઅનોને અરજ કરવા લાગી; અને કેટલીક તેમના રાજમાં જઈ વસી. સિંહરાજના લૂંટારૂ વંશજો પાસેથી મુશીઅનોએ તેમનું સઘળું રાજ જીતી લીધું; ત્યાર પછી સઘળા અધિરાજના ધણી થઈ પડવાની ઇચ્છાથી થોડાક વરસ સુધી "મારે તેની તરવાર" અને "બળીઆના બે ભાગ" એ કહેવત પ્રમાણે મુશીઅનો તરવાર સાથે બાકી રહેલા સઘળા મુલકમાં ફરી વળ્યા. ઘણો ખરો પ્રદેશ જીતીને પોતાના રાજમાં ભેળી દીધો. અને જે રાજાઓ તથા યવન હાકેમોએ ખંડણી ભરી આધિનપણે રાજ કરવાને કબુલ થયા, તેમને તેમનાં રાજ પાછાં સોંપ્યાં; પણ દરેક મોટા રાજના મુખ્ય નગરમાં મુશીઅન લોકે પોતાનું થાણું બેસાર્યું; અને નાનાં નાનાં ઘણાં સંસ્થાનો વચ્ચે એક એક થાણું બેસાડ્યું. જે સંસ્થાનો પોતાના ખાલસા મુલકના સંબંધમાં હતાં, તેને તે મુલકના અમલદારોની દેખરેખ નીચે મૂક્યાં. લૂંટારા, ચોર, ધાડીઆ, અને ઘંટી છોડા જેવા દુષ્ટ લોકનાં ગામનાં ગામ ખોળી ખોળીને બાળી દીધાં; અને તેમને સઘળી દિશાએથી આંતરી આંતરીને કાપવા માંડ્યા, તેથી તેઓ થરકાંપ થઇ રહ્યા; અને પોતાનો દુષ્ટ ધંધો છોડી ઉદ્યમ કરી પેટ ભરવા લાગ્યા. એ પ્રમાણે આખા અધિરાજમાં સઘળે સંપ જંપ વ્યાપી રહ્યો; અને પ્રજાના જાન માલનું રક્ષણ જોઇએ તેવી રીતે થવા માંડ્યું. વળી ગુનેહગારોને શિક્ષા કરવા માટેનો એક કાયદો કરી આખા અધિ-

રાજમાં ચલાવ્યો; તેની અસર પ્રજામાં એટલી બધી થઇ કે ચોર, પાખંડી અને દુષ્ટ લોકો છાનાં છપનાં ખોટાં કામ કરતા, તે પણ તજી ગયા. બદ દાનતના લોક તે કાયદાનું નામ સાંભળીને બદ દાનત છોડવા લાગ્યા. એ કાયદાને ત્યાંના સ્વદેશીઓ "પિનાર કોટ" નામથી ઓળખે છે; અને તેનું નામ સાંભળી નીતિ આચરે છે. એ પ્રમાણે આખા દેશમાં મુશીઅન વેપારીઓની મંડળીની સરકાર બહાદુર નામથી દુવાઇ ફરી રહી. મુશ લોક પ્રજાને બોધ કરતા કે અમે તમારા રાજા નથી; પણ આપણ સઘળાનો રાજા તો કાયદો છે; કેમકે એ કાયદો રાજાથી તે રંક સુધીને શિક્ષા કરવાને શક્તિવાન છે. અમે તો માત્ર તે કાયદાનો અમલ કરનાર અમલદાર છીએ. મુશ રાજને જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ તેમણે પોતાના પવિત્ર કાયદાના નિર્મળ ઇનસાફથી પ્રજાને સંતોષવા માંડી, એથી પ્રજાની ખાતરી થઇ, કે હવે દુઃખના દિવસ વહી ગયા છે. પુષ્કરાવર્તક જેવા આબાદ પ્રદેશમાં પોતાનું રાજ સ્થિર થયેલું જોઇ મુશ સેહેનશાહની સલાહથી અમલદારોએ પ્રજાને વધારે સુખી કરવાના ઉપાય યોજવા માંડ્યા. અત્યાર સુધી જે મુશ સરદારે પુષ્કરાવર્તકનો જેટલો પ્રદેશ જીત્યો હોય; તેટલા ઉપર ઘણું કરીને મંડળી સરકારને નામે તેજ અમલદાર સત્તા ચલાવતો હતો; પણ એ દેશનો ઘણો ભાગ પોતાની વેપારી મંડળીના હાથમાં આવેલો જોઇને મુશ સેહેનશાહે પોતાની રાજ સભાની સલાહથી આખા પુષ્કરાવર્તકને પાંચ ભાગમાં વેહેંચી નાંખી દરેક ભાગ ઉપર એક એક અમીર હાકેમની નીમનોક કરી; અને તેમણે આબાદ કરેલા પુષ્પક બંદરના મુખ્ય હાકેમને એ હાકેમોનું ઉપરીપણું સોંપી દીધું. એ મુખ્ય હાકેમના બાંધેલા કાયદા આખા અધિરાજમાં ચાલતા હતા; તોપણ કેટલીક બાબતના વિશિષ્ટ કાયદા બાંધવાનો એ તાબાના હાકેમોને પણ અધિકાર હતો; પણ તે મુખ્ય હાકેમની મંજુરી વિના અમલમાં આવી શકતા નહિ. એ તાબાના પાંચ અને છઠ્ઠો પુષ્પક બંદરનો મુખ્ય હાકેમ પોતાના અધિકાર ઉપર અમુક મુદત સુધીજ રહી શકતાં હતા. મુદત પુરી થવાથી તેમને બદલે બીજા નવા

આવતા હતા. એ વિના મુશ લશ્કર પણ નિયમીત મુદ્દતે જનાર આવનારૂં હતું. એ વિના કેટલાક મુશીઅન વેપારીઓ ખેડૂતો અને જાણુના નોકરો તો પોતાનો સ્વદેશ છોડી પુષ્કરાવર્તકના વાસી થઇ ગયેલા હતા. મુખ્ય ને તાબાના હાકેમોને મદદ કરવા એક એક નાની સભા ઠેરવી આપી હતી. મુખ્ય હાકેમોના હાથ નીચે મોટા અધિકારની જગાઓતો મુશ લોકનેજ મળતી હતી. જો મુશીઅન નહિ મળે તોજ તેવી જગા કોઇ સ્વદેશીને મળતી હતી. તાબાની હલકી નોકરીઓતો સ્વદેશીઓનેજ આપવામાં આવતી હતી; કેમકે એવી જગાપરના જુજ દરમાયામાં મુશ લોકને પરવડતું નહિ. એ હાકેમોએ પોતાના સેહેનશાહની સલાહથી સ્વદેશીઓ માટે સઘળે શાળાઓ સ્થાપન કરી. ગરીબ દુખીઆરા લોકને સુખ થવા માટે દવાખાનાં બાંધ્યાં; અને તેમાં સારા વિદ્વાન વૈદોને સ્વદેશથી બોલાવી મોટા મોટા દરમાયા આપી રાખ્યા. એ વૈદ્યરાજોએ સ્વદેશી લોકોને વૈદુ શીખવાડી નિપુણ બનાવ્યા. તેવા શિષ્યોની સંખ્યા જેમ જેમ વધતી ગઈ, તેમ મોટાં શેહેરોથી માંડીને છેક નાનાનાના કસ્બાઓ સુધી દવાખાનાં સ્થાપન કરી તેમાં એ સ્વદેશી વૈદ્યોની નીમનોક કરી, એથી પ્રજાને ઘણું સુખ થયું, દવાખાનાની પેઠે શાળાઓ પણ ગામે ગામ સ્થાપન થઇ, તેનો લાભ પણ પ્રજાજનો પોતાનાં બાળકોને ધીમે ધીમે આપવા લાગ્યા. એ સિવાય રસ્તા, પુલ, ધર્મશાળાઓ, કેદખાનાં અને સૈન્યગૃહો વિગેરે પ્રજાને સુખનાં કામ કરવા માંડ્યાં. લૂંટ, ધાડ, ચોરી અને એવાજ બીજા દુષ્ટ ધંધાઓ તો છેક બંધ પડી ગયા. પ્રજા ઉઘાડે બારણે સુએ; અને રસ્તે સોનું ઉછાળતી જાય અને આવે, એવું નિર્ભય રાજ્ય થઇ ગયું, એથી ઘણા વરસો થયાં રીબાતી પ્રજા મુશ સેહેનશાહના હકમાં દુવા માગવા લાગી; અને દરરોજ સવારમાં દાતણ પાણી કરી પ્રભુ પાસે માગવા લાગી કે "મુશ રાજચંદ્રો કાળતપો" મુશ લોકને એ દેશમાં આવ્યાને બરાબર એક સૈકું પુરૂ થયું, તેટલામાંતો સઘળી પ્રજા ભણી ગણીને વિદ્વાન થઇ, ત્યારે મુશ હાકેમો પોતાના હાથ નીચેના કેટલાક જોખમકારી હોદ્દા વિના સઘળા અધિકાર સ્વદેશીઓને

આપવા લાગ્યા. દેશીઓ જેમ જેમ લાયક નિવડતા ગયા, તેમ તેમ તેમને રાજકારભારમાં સામિલ રાખવા માંડ્યા. નવા રાજકર્તા લોકથી પ્રજાને એટલું બધું સુખ મળ્યું, કે અગાઉ તેમના વડિલોને માથે પરદેશી મૂર્ખ રાજકર્તાઓને લીધે અસહ્ય દુઃખ પડયું હશે કે નહિ? તેની પણ શંકા થવા માંડી. જેમ જેમ વધારે દિવસ થતા ગયા, તેમ તેમ સ્વદેશી પ્રજા મુશ રાજકર્તાઓને પેલા ભવના સંસ્કારી રાજકર્તા માની ખરેખરી વફાદાર થતી ગઇ. કેટલાક સ્વદેશી વિદ્વાન પુરોહિતોએ તો શાસ્ત્રાર્થ કાઢ્યો કે ***કલિયુગે ખલુઃ કરતલ્પમ દ્વિપાન્તર તામ્ર મુખારાજ્યમ્ કરીષ્યંતિ.** એમાં જે વચન કહેલું છે, તેજ આ મુશીઅન લોક આપણા પુષ્કરાવર્ત્તકમાં કળિયુગમાં રાજ કરવા આવ્યા છે. સ્વદેશની પ્રજામાં ભૂગોળનું જ્ઞાન પસરવાથી તેઓ પોતાના મુશ રાજકર્તાઓના દેશથી, તેમની રીતભાતથી અને રાજનીતિથી જાણીતા થયા.

જ્ઞાનનો ફેલાવો થવાથી સ્વદેશી પ્રજા રાજા પ્રજાના હકો, હદ્દ અને માન મોરાતબ સમજવા લાગી. મુશરાજકર્તાઓ પણ પોતાની પુષ્કર પ્રજાને હરેક રીતે ઉત્તેજન આપી સમજુ અને શાણી કરેવાને કાળજી રાખતા હતા, એથી પુષ્કરાવર્ત્તકમાં તેનો અસલ વૈભવ અને જાહોજલાલી પાછાં આવશે, એવાં સુચિન્હ દેખાવા માંડયાં.

પ્રકરણ ૬ ઠું.

આગળ કહેવા પ્રમાણે મુશ દેશની પૂર્વે ઇંદ્રની આજ્ઞાથી યમરાજે પોતાના દૂત અને દૂતીઓ સાથે રીષ્ટ પ્રદેશમાં પોતાની માયા વિસ્તારવા માંડી. તેણે પોતાના પ્રદેશનું નામ ધોસ પાડ્યુ. એ મુલક ઉજડ કલણ કીચડવાળો અને બરફથી ઢંકાયલો રહેતો હતો, તેથી એ ધોસીઅન લોક પુષ્કળ ઢોર, ઘેટાં, બકરાં વિગેરે જનાવરો પાળીને તેમના દુધ ને માંસપર ગુજરાન ચલાવતા હતા. તેઓની સંખ્યા

---

*મધ્ય કળિયુગમાં દૂર બેટમાં રહેનારા અને તામ્ર મુખા લોક પુષ્કરાવર્ત્તકમાં રાજ કરશે. એવું એક દેવીનું વચન છે.

રાક્ષસી માયાની પેઠે જોતજોતામાં બહુ વધી ગઈ. તેઓ ભોંયમાં ઊંડી બોડો કે ભોંયરાં ખોદીને તેમાં રહેતા હતા; કેમકે ઠંડી તથા બરફને લીધે ઉપર વશી શકાય તેવું નહોતું. આસપાસના પ્રદેશો-માંથી મુસાફરો કે શિકારીઓ એ ઉજાડ મેદાનમાં શિકાર કરવા માટે આવતા, ત્યારે તેમની બંદુકના અવાજોથી ચમકીને કે કોઈ અજા-ણ્યા પ્રવાસીને પોતાના પ્રદેશમાં ફરતો દેખીને જેમ કોઈ કીડીઆ-રામાંથી અસંખ્ય કીડીઓ ઉભરાઈ આવે, તેમ એ ધોસીઅન લોક પોત પોતાનાં ભોંયરાંમાંથી ઉપર તરવરી નીકળતા હતા; અને બિ-ચારા મુસાફરને કે શિકારીને પકડીને મારી ખાતા ત્યારેજ તેમનો કેડો મૂકતા હતા. એ જંગલી લોકો વરૂ, રીંછ, ચિત્તા, ઘેટાં, અને બીજાં જંગલી પ્રાણીઓનાં રૂવાંવાળાં ચામડાંના મોટા મોટા જબ્બા પેહેરતા હતા. એ જબ્બા છેક પગની પાટલીઓ સુધી લબડતા રાખતા હતા; અને માથાના તથા દાઢી મૂછના કેશ કાતર્યાવિના એ-મને એમ વધવા દેતા હતા, તેથી તેમનો દેખાવ બહુજ બીઆમણો લાગતો હતો. કદાપિ જો કોઈ મુસાફર તેમને ભોંયરાંમાંથી નીકળતા દેખી નાસી જતો, તો તે તેમના પેહેરવેશ અને દેખાવથી ભૂલાવો ખાઈ પોતાના દેશીઓમાં વાત કરતો કે એ પ્રદેશમાં બરફ નીચે જં-ગલી ફાડી ખાનાર પ્રાણીઓ વસેછે. તેઓ દેખાવે જબરાં, બી-આમણાં અને સ્વભાવે બહુ ક્રૂર છે; પણ તેઓ જંગલી માણસો છે, એવી ખબર ઘણાં વરસ સુધી આસપાસના લોકોના જાણવામાં આવી નહિ. એ જંગલી ધોસીઅનો ઉનાળાની મોસમ બેસતાં ભોં-યરાંમાંથી ઉપર નીકળી આવતા; અને આસપાસના સુધરેલા પ્રદે-શોમાંના એકાદપર તૂટી પડી ઢોર, બકરાં, સ્ત્રીઓ, અનાજ અને લુગડાં વિગેરે જે કંઈ હાથમાં આવે, તે લેઈ નાશી જતા હતા. ધીમે ધીમે તેમની વસ્તીથી પૃથ્વીનો ઉત્તર ભાગ ખીચોખીચ ભ-રાઈ ગયો. એ પ્રદેશ એવડો મોટો હતો, કે તેમાં લગભગ અર્ધી પૃથ્વી રોકાયલી હતી. લૂંટફાટ કરતી વખતે તેમના જોવામાં સુધ-રેલી પ્રજાનાં ઘરબાર, તેની બાંધણી અને બીજું ઘણું આવ્યું, તેવાં ઘરબાર અને રાચરચિલાં પોતાને હોય, તો કેવું સારૂં? એવી ઇચ્છા

થવાથી તેમણે પોતાને સારૂ તેવાં ઘરબાર બાંધવા માંડ્યાં; અને વારે વારે લૂંટફાટ કરીને પોતાને અપના પદાર્થો લેઈ આવવા લાગ્યા. જેમ વધારે વધારે મળતું ગયું, તેમ તેમ તેમનો લોભ બહુ વધી ગયો. તેમનાં ટોળાં પૃથ્વીની પશ્ચિમ અને દક્ષિણના પ્રદેશોમાં ઉતરી પડી પુષ્કળ લૂંટ મેળવવા લાગ્યા. કોઈ કોઈવાર તો તેમનાં ધાડાં છેક પુષ્કરાવર્તકની પાસેના દેશોની સરહદ સુધી લૂંટફાટ કરતાં આવી લાગતાં હતાં. એથી એ ઘોસીઅન લોકના નામનું ઓળખાણ અને દેહેશત એ બની ખ્યાતિ પૃથ્વીના સઘળા દેશોમાં પહોંચી ગઈ. તેમાં પુષ્કરાવર્તક જેવા બગાયત ભૂમિના હિમ્મત વગરના રહેવાશીઓને તો એ જબરા અને જંગલી લૂંટારા ઘોસીઅન લોકની વધારે બીક પેસે, તેમાં નવાઈ શું ? તોપણ તેઓ પોતાને માથે મુશ લોક જેવા જબરાં સિંહ સ્વભાવી રાજકર્તા ગાજેછે, એમ જાણી ધૈર્ય ધરતા હતા. એમ છતાં તેઓ પોતાના મુશ રાજકર્તા લોક કરતાં ઘોસીઅન લોકને જબરા જાણી તેમની દેહેશત રાખતા હતા.

એ સમયે પુષ્કરવાશી સ્વદેશીઓ મુશ રાજકર્તાઓની રાજનીતિથી અર્ધ સુધરેલી સ્થિતિએ પહોંચ્યા હતા. વિદ્યાથી તેમનાં મન સુધરીને જબરાં થયાં હતાં; પણ તેમનાં તન દિવસે દિવસે નબળાં થતાં જતાં હતાં, એથી તેઓ મંદ અને અશક્ત હતા. તેમને તેમના રાજકર્તા મુસીઅન હાકેમોએ છેક હથિઆર રહિત કરી મૂક્યા હતા. એ વિશે એમ સંભવે છે કે એ પુષ્કરવાશી લોકો ઇશ્વિર કૃપાથી કંઈ સૈંકડો વરસ સુધી હથિઆરબંધ કર્યા; પણ પછી તેમણે તેમની અધમ સ્થિતિમાં એ હથિઆરોનો ઉપયોગ કેવળ ગેરવાજબી રીતે કરીને સ્વદેશી વટેમાર્ગુઓને અને બીજા નિરપરાધી સ્વદેશીઓને અનાહુત માર્ગે દ્રવ્ય લેવાને સારૂ કાપી નાંખવા માંડ્યા, ત્યારે જગતકર્તાએ ક્રોધે ભરાઇને મુશીઅન લોકને હાથે દેશીઓને એ શિક્ષા કરાવી હશે. સ્વદેશીઓને મુશીઅન લોકે વિદ્યાનું ફળ ચાખતા કરી તેમનાં ડાચાં વાઘનાં જેવાં ઘૂરકતાં બનાવેલાં હતાં; પણ તેમના ધર્મગુરૂઓએ વેહેમી નિયમો પળાવી પળાવીને અને તેઓ પોતાની નુકશાનકારી રૂઢીઓને પાળી પાળીને કોલા જેવા હિમ્મત વગરના

બની ગએલા હતા. એટલુંજ નહિ પણ તેઓ છેક બળહિન અને ઠીંગણા બની રહેલા હતા. મ્લેચ્છોને એ દેશમાં આવ્યાને છ સાત સૈકાં થઈ ગયાં હતાં. એ રાજકરતી અને લડાયક પ્રજા જો કે શરૂઆતમાં બહુ જબરી અને શૂરી હતી. પણ એ મ્લેચ્છો તેમના સોબતી પુષ્કર લોકોની કેટલીક રીતભાત અને એશારામથી જીતાઇને તેમના જેવા આળસુ, એશારામી, બળહિન અને હિમ્મત વગરના થઈ ગયા હતા. એટલુંજ નહિ પણ તેઓ વિષયાશક્ત હોઇને દેખાવમાં અને કદમાં પણ ઘણા ઘટી ગયા હતા; તો પણ તેઓ સ્વદેશીઓ કરતાં વધારે ઝનની હતા. સંસારી હાલતમાં તો તેઓમાંના કેટલાકની હાલત છેક દયા ઉપજાવે તેવી ચીંથરેહાલ હતી; કેમકે તેઓ સ્વભાવે ઉડાઉ, છેલ અને બાંકાતેડા હતા, તેથી તેમની પાસે તેમના પુરજોરમાં લૂંટફાટ અને રાજકીય વિગેરે બીજા કારણોથી ઘણું ધન આવવાં છતાં તેઓ પોતાની નબળી સ્થિતિ સારૂ ભવિષ્યનો વિચાર કરી થોડો પણ ધન સંગ્રહ કરી શક્યા નહોતા. મતલબ કે તેઓ સાધારણ રીતે સ્વદેશીઓ કરતાં ગરીબ હતા. એઓમાંના કેટલાક મુશ રાજકર્તાઓની સિપાઈગીરી કરતા, કેટલાક ખાનગી નોકરીપર રહેતા, કેટલાક મુસદ્દીપણું કરતા અને અમીર વર્ગ સિવાય બાકીના સઘળા મજુરી, ખેતી અને એવાજ બીજા ધંધા કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓ પ્રસંગોપાત ઝનૂનથી કહેતા કે "ક્યા કરે અબ એ મુશલોક આગે હમેરા કુછ ચલતા નહિ; પન કુછ ફિકર નહિ હે, એકદિન દીન ઉઠેગે તબ દેખ લઇંગે." એમ બોલી પોતાનો જુસ્સો નરમ પાડતા હતા. આ લોકો પણ ઘોસીઅન લોકની બીકથી પુષ્કરવાશીઓની પેઠે થરકાંપ થઈ રહ્યા હતા; પણ તેમનામાં જેટલું ઝનૂન હતું, તેટલુંજ તેઓ ઘોસીઅનોથી ઓછું બીતા હતા. આવી નબળી સ્થિતિમાં તેઓ સ્વદેશીઓ પાસેથી કરજ કાઢી પોતાનું કામ ચલાવતા હતા; તોપણ તેઓ પ્રસંગોપાત સ્વદેશીઓને દુઃખ દેવામાં કે અપમાન આપવામાં પાછા હઠતા નહિ; એથી સ્વદેશીઓ અને એઓ છેક હળીમળી ગયેલા નહોતા; ને એઓ એકબીજાનાં અંતઃકરણથી વિશ્વાસ કરતા નહો-

તા, આ પ્રમાણે મુક્કરાબર્ફીક પ્રદેશની વસ્તી બાહ્રિની બે મુખ્ય જાતોની છેક અધમ સ્થિતિ હતી, તેથી ઘોસલોકના હુમલાની દેહેશત મુશ રાજકર્ત્તાઓનેજ રાખવાની હતી. ઉપરની બે પ્રજાવિના એક ત્રીજી પ્રજા પોતાના દેશપર મ્લેચ્છ લોકોએ ધર્મ સંબંધી બળાત્કાર કરવા માંડ્યો ત્યારે તેમાંના કેટલાક લોક પોતાનો સ્વદેશ છોડી એ દેશમાં આવી વશ્યા હતા. તેઓ શરીરે જબરા લાલચોળ અને લઢવૈયા હતા; પણ તેમને આવી વશ્યાને કેટલાંક સૈકાં ગુજરી ગયાં હતાં. અને તેમણે સુલતાની વેઠી હતી; તેથી તેઓ પણ કવાયદ વિના સ્વભાવે અને શરીર બહુ નાજુક બના ગયા હતા. સ્વદેશી અને મ્લેચ્છ રાજકર્ત્તાઓના વખતમાં તેઓ કાંઈ ગણતીમાં નહોતા. તેઓ દિવસે દિવસે સંખ્યામાં વધતા ગયા; અને મુશ રાજકર્ત્તાઓના વખતમાં તો એ રાજકર્ત્તાઓની નકલ કરી બીજા સ્વદેશીઓ કરતાં જલદી પાવરધા થઈ ગયા, એટલુંજ નહિ પણ સઘળી બાબતમાં એક સુધરેલી પ્રજાની પેઠે આગેવાની કરી ભાગ લેવા લાગ્યા. એઓ ફરસીઅન કહેવાતા હતા. એ ફરસીઅનો પોતાના મુશ રાજકર્ત્તાથી સુખ અને સંતોષ પામીને તેમની તરફ ઘણી વફાદારી બતાવતા હતા; માટે એ લોક કદાપિ પોતાના રાજકર્ત્તાઓ તરફ ઘોસ હુમલાની વખતે એવાજ વફાદાર રહે, તો તેઓ કંઈક મદદ કરી શકે તેવા હતા.

એટલા વખતમાં ઘોસીઅન લોક ઘરબારવાળા થઈ પડ્યા. તેઓ સઘળા એકસંપી અને પોતાના નાયકની આજ્ઞા માનનારા હતા. એઓ પોતાનાં ગામ અને શેહેરો બાંધતા બાંધતા પશ્ચિમ તરફની સુધરેલી અને અગ્નિકોણ તરફની અર્ધ સુધરેલી પ્રજાની લગોલગ આવી પહોંચ્યા હતા. એ પડોશી પ્રજાની દેખાદેખીથી તેઓ મારૂં તારૂં સમજવા લાગ્યા. એઓ પોતાના મુખ્ય સરદારોને ઘોસ કરીને કહેતા હતા. એ ઘોસ રાજાએ આસપાસના દેશોના જેવી પોતાના દેશમાં રાજ્યરચના કરી; ને પ્રજા હમેશાં લડાયક શૂરી, બળવાન અને દેખાવે પ્રચંડ રહે એવા નિયમો બાંધ્યા. એ ઘોસના તાબામાં જમીન તો ઘણી હતી; પણ તે સઘળી ફળદ્રુપ નહો-

તીના માટે સેવી ભૂમિના પ્રદેશો જીતી લઈ પોતાનું રાજ વધારવાને અને વધારે આબાદ કરવાને એની ઇચ્છા થઈ. એ કારણથી તેણે ઘણું લશ્કર જમાં કરીને પોતાની સરહદપર આવેલા પશ્ચિમના દેશોપર તે વારે વારે ચઢાઈ કરવા લાગ્યો; અને એ દિશાનાં બે ત્રણ નાનાં નાનાં રાજ્યોને ખાલસા કરી પોતાના રાજમાં જોડી દીધાં. એમ એ બે ત્રણ રાજ પોતાને તાબે કરતાં તો તેને ઝાઝી મેહેનત પડી નહીં; ને એથી તેનો લોભ પણ વધતો ગયો. બીજે વરસે એક મોટી જબરી ફોજ લેઇને તેજ દિશાનાં બીજાં રાજ જીતી લેવાને ઇરાદે ચઢ્યો; પણ તેનો અતિ મોટો લોભ જોઇને તે તરફ આવેલાં સઘળાં રાજ્યોના રાજાઓને પોતપોતાનાં રાજ માટે ફિકર પેઠી, તેથી તેમાંના પ્રુસ, ઓસ્ટ્રીઆ, કીતાલ, પેસાલ વિગેરે મોટા મોટા દેશના સેહેનશાહો એકસંપ થઈ પોતપોતાનું લશ્કર લેઈ જોરાવર શત્રુ ઘોસ સેહેનશાહ સામે ચાલ્યા. વળી તેમણે મુસ સેહેનશાહની મદદ માગી, ત્યારે તેણે પણ પોતાનો દેશ દૂર અને એક મોટી ખાડીના પાર હતો; તોપણ એ જોરાવર ઘોસને "પાણી પેહેલી પાળ" ચણી અટકાવવાને સારૂ પ્રથમથીજ દાબ દેખાડ્યો હોય તો સારૂ, એમ ધારી એક જબરી મુશીઅન ફોજ સંપીલા રાજાઓને મદદ કરવા મોકલી. ઘોસ સેહેનશાહની ફોજ બહુજ જોસ્સાથી લઢી; તો પણ આખરે તેને હારીને પાછાં હડવું પડ્યું. કહેવત છે કે "ઝાઝી કીડીઓ સાપને તાણે." એ યુદ્ધમાં મુશ લશ્કરે ઘોસ સેહેનશાહને એવી સેહે ખવરાવી કે હવે કદી આગળ નહિ વધું; અને તમો સઘળા સાથે હળી મળીને ચાલીશ, એવી કબુલાત આપવી પડી. જે કબુલાતને લીધે હજુ સુધીએ ઘોસ સેહેનશાહ તે દિશા તરફ ફરકી જોતો નથી; તોપણ મુસ વિગેરે બીજા રાજાઓને એનો ધાક ઘણો રહેતો હતો. વળી મુશ સેહેનશાહે એ જબરા ઘોસને વશ કરી લેવાના હેતુથી પોતાની ધનવાન પ્રજા પાસે પૈસા ધીરાવી તેને પોતાનો કરજદાર બનાવ્યો હતો; પણ એથી કરીને એ મુશ રાજા પ્રજાને આટલું બધું ધન ક્યાંથી મળ્યું? અને જ્યાંથી એમને એ સઘળું દ્રવ્ય પ્રાપ્ત થયું, ત્યાં આપણે જયા હોઇએ તો કેવું સારૂ?

એવી જીજ્ઞાશા ઘોસ સેહેનશાહના મનમાં ઉત્પન્ન થઈ. તે બાબત તેણે પોતાના એક શાણા પ્રધાનને એકાંત તેડી ખુલાસો પૂછ્યો. પ્રધાને કેટલીકવાર સુધી વિચાર કરીને જવાબ આપ્યો, કે આપણા નગરના અગ્નિકોણમાં ઘણે દૂર એક પુષ્કરાવર્તક કરીને હીરાનો વિશાળ દેશછે. ત્યાંનો વેપાર અને રાજ એ મુશીઅન લોકના હાથમાં આવ્યાં, ત્યારથી તેમની ચઢતી દશા થઇછે; અને હમણાં તેમનો દેશ દુનિઆંના બીજા સઘળા દેશો કરતાં ધનવાન છે. પ્રજા હુન્નરકળામાં ચતુર કહેવાયછે તે પણ એનેજ લીધેછે. આખી દુનિઆના સફરી વેપારીઓ પણ એજ લોકછે. તેઓ પુષ્કર ભૂમિના પ્રતાપથી આખી દુનિઆમાં વિદ્યા, કળા, બળ, લક્ષ્મિ, બુદ્ધિ, સંપ અને ધૈર્ય વિગેરે સઘળી બાબતમાં ચઢીઆતા થઈ પડેલાછે. એ સાંભળી ઘોસ શાહ કંઈ બોલ્યો નહિ; અને પ્રધાનને તેના કામપર જવા આજ્ઞા ફરમાવી. મુશીઅનો, એ ઘોસને પૈસા ધીરીને વશ કરવા ગયા; પણ તેમને "બકરી કાઢતાં ઊંટ પેસવા જેવું થયું.

ઘોસ સેહેનશાહને પશ્ચિમમાં વધતો અટકાવ્યો, ત્યારે તેની નજર જુદીજ દિશાએ દોડી. તેણે ધીમે ધીમે બળથી અને કળથી પોતાનું રાજ પૂર્વ દિશામાં વધારવા માંડયું. એ દિશામાં એ સેહેનશાહને આગળ વધતો અટકાવે, એવો કોઈ મોટો શાહ નહોતો, સઘળા અધમ અવસ્થામાં આવી પડેલા નાના નાના યવન શાહો હતા. વળી તેઓમાં પુરો સંપ નહોતો, એઓ હમેશાં મારામારી અને કાપાકાપી કરતા હતા, તેથી એ જબરા ઘોસને એ સઘળા શાહોને એકે એકે જીતી લઈ પોતાનું રાજ પૂર્વ દિશામાં વધારવાને લગારે હરકત પડી નહિ. તે તરફનો કેટલોક મૂલક ખાલસા કર્યો; અને કેટલોક પોતાનો ખંડીઆ બનાવી દીધો. એ નવા જીતાયલા પ્રદેશમાં પોતાનું કેટલુંક લશ્કર અને એક મોટો અધિકારી રાખવા ઉપરાંત બાકીનો સઘળો રાજકારભાર ત્યાંના સ્વદેશીઓનેજ સોંપી દીધો હતો. એ સિવાય તેમના મુલકમાં તેમને હાથે સુધરેલી રાજનીતિ સ્થાપન કરીને સુધરેલી પ્રજાનાં બ્યાપાર સાધન પણ ચાલું કરી દીધાં. એ રીતે ઘોસ સેહેનશાહના થોડાક ઉપરીપણાથી તેમને

ઘણું સુખ મળેલું દેખીને બાકી રહેલા પ્રાંતોના ઉપરી હાકેન શે- ખો પણ વગર લઢાઇએ ઘોસ સેહેનશાહનું ઉપરીપણું માગી લેવા લાગ્યા; ઘોસ સેહેનશાહ પણ તેમને પોતાના આધિન રાજકર્તાઓ સામ, દામ, ભેદ અને દંડથી બનાવતોજ ચાલ્યો. એ જેમ જેમ પોતાના રાજની સીમા એ દિશા તરફ વધારતો ચાલ્યો, તેમ તેમ પુષ્કરાવતકના સ્વદેશીઓ અને તેમના મુશીઅન રાજકર્તાઓને દેહેશત વધારે વધારે વધતી ચાલી. મુશરાજા પ્રજા સ્વદે- શીઓને નિર્ભય રહેવા સમજાવતા હતા; પણ તેઓ તે દિશાના રક્ષણ સારૂ જે જે સાવચેતીના ઉપાયો લેતા, તેથી પ્રજા સમજતી, કે એમ કરીને આપણા બાહાદૂર રાજકર્તાઓ" આપણને ઠંડા પાડે છે. મુસ સેહેનશાહ ઘોસ સેહેનશાહ સાથે દોસ્તી રાખવા બહુ ચહાતો હતો, તેથી કરીને એ સેહેનશાહ તે ઘોસની માગણી થોડુંક નુકશાન ખમીને પણ કબુલ રાખતો હતો; તોપણ તે સદા અસંતોષી રહેતો; અને વધારે વધારે માગવાને પાછળ હઠતો નહિ. પુષ્કરાવ- ર્તકની મૂલ્યવાન અને વિસ્તીર્ણ ભૂમિ મુશીઅન લોકના હાથમાં ઘણી થોડી મેહેનતે આવવાથી બીજા પડોશી શાહો પણ એમના તરફ અદેખાઈની નજરે જોતા હતા. તે સઘળાનું મુશ સેહેનશાહ પ્રત્યે કાંઈ ચાલે તેવું નહોતું, તેથી તમણે ઘોસ સેહેનશાહને પુષ્ક- રાવર્તક અધિરાજ જીતી લેવા સારૂ સમજાવવા માંડ્યો; અને વળી કહ્યું કે પુષ્કર વાશી લોકો એમના રાજથી કંટાળેલા છે; ને તેઓ તેને પોતાનો સેહેનશાહ થયેલો જોવાને ઇચ્છે છે. તેમજ એ ઘોસ સેહેનશાહ પણ પુષ્કરાવર્તકની ફળદ્રુપ ભૂમિમાં પોતાનો પગ ઘાલ- વાને હરેક બહાને ઇચ્છતો હતો, તેથી તેણે એ પ્રદેશની આસપા- સનાં બાકી રહેલાં મ્લેચ્છ રાજ્યો પોતાના તાબામાં લેવાની યુક્તિ કરવા માંડી; ને પોતાના રાજની સરહદ ઘણીજ વધારી દીધી. મુશ રાજકર્તાઓને ખબરજ હતી, કે સ્વદેશી લોકો બળહિન અને હથિઆર વિનાના છે, તેથી આપણે ફક્ત આપણા બળ પરજ ઝૂઝવાનું છે. વળી એમ પણ તેઓ સમજતા હતા કે એક જાતના રાજાનું રાજ તેમના દેશમાંથી જતું રહીને, કોઈ બીજા પરદેશી

રાજાનું રાજ થાય, તોપણ તે નવા આવનાર રાજાને અટકાવવાનું કે પોતાના જૂના રાજાને મદદ કરવાનું બળ સ્વદેશીઓમાં લગારે નથી, તેમ પુષ્કરાવર્તકના રક્ષણ સારૂ વધારે મુશ ફોજ એ દેશમાં રાખી શકાય તેવું પણ નહોતું; કેમકે તેઓની પાછળ ખરચ ઘણો બેસતો હતો, અને વળી તેઓ સ્વતંત્ર મિજાજના, જાહેલ અને બહુ ઘોતાળ હતા, તેથી વખતે લાગ આવેતો પોતાના મુશ રાજાનો સંબંધ તોડી નાંખી પોતેજ એ આબાદ દેશના ધણી થઈ પડે તેવું હતું. ખૂદ મુશ દેશને અને પુષ્કરાવર્તક અધિરાજ એઓની વચ્ચે ઘણુંજ અંતર હતું. વળી મુશ દેશથી દૂર દેશાવરમાં જઈ વસેલા મુશિઅન લોકોમાંથી કેટલાક તેમના એ સ્વતંત્ર મિજાજને લીધે, પોતે વસાવેલાં સંસ્થાનોના પોતેજ ધણી થઈ પડ્યા હતા. એવાં એવાં કારણોથી એ લોકનું વધારે સૈન્ય રાખી શકાય તેમ નહોતું. એવો વિચાર કરીને પુષ્પક નગરના મુખ્ય મુશીઅન હાકેમે નાત જાતનો ભેદ રાખ્યા વિના સઘળા સ્વદેશી લોકને પોતાના લશ્કરમાં દાખલ કરી તેમને યુદ્ધ કેળવણીથી બરાબર પાવરધા કરવા માંડ્યા. એ યુદ્ધ કેળવણી લીધેલા સ્વદેશીઓ અંગબળમાં ઘણું કરીને મુશીઅનોની બરોબરી કરી શકતા હતા. વળી એ મુખ્ય હાકેમે પોતાની સભાની સલાહથી એક એવો ધારો પસાર કર્યો, કે વીસ વરસ સુધી વિદ્યાભ્યાસ કર્યા પછી હાથ પગ કે બીજી ભારે ખોડ વિનાના સઘળા દેશી લોકોએ વીસથી તેવીસ વરસ સુધી સઘળા જુવાનોએ લશ્કરી કેળવણી લેવા લશ્કરમાં દાખલ થવું. એટલી મુદત વીત્યા પછી જેઓને પોતાને ઘેર જઈ ઘર ધંધામાં રોકાવું હોય, તોપણ તેઓને રજાછે; અને જેઓને રહેવું હોય, તે રહે. એ બેમાંથી શું કરવું ? તે સ્વદેશીઓની મુનસફી ઉપર સોંપેલું હતું. આ અગત્યના ધારાનો લાભ યવનો અને ફરેશીઅનો વધારે ઉમંગથી લેવા લાગ્યા; અને પુષ્કર લોકો તેમની વેહેમી રૂઢીઓથી એકદમ દાખલ થઈ શક્યા નહિ; તોપણ તેમનામાથી ઘણાં દાખલ થયા. તેમાં ઘણો ભાગ પુરોહિતોનો અને ક્ષત્રીઓનો હતો. એ દેશી લોક યુદ્ધ કળામાં અને બળમાં મુશ લોકની બરોબરી કરવા લાગ્યા,

તેમ તેઓ નિમકહલાલીથી પોતાની સરકારને સંકટ સમયે ખરેખરી સહાય કરનાર થઈ પડ્યા; એથી જુદી જુદી જગાના સેનાધિપતિઓએ પુષ્પક નગરના મુખ્ય હાકેમને દેશી ફોજની નિમકહલાલી ધૈર્યતા અને બળ વિશે ઘણા સારા વિચાર લખી જણાવ્યા. તે ઉપરથી તેમની પલટણોમાં એ જાતના બીજા લોકને જથાબંધ રાખી ભરતી કરવાની રજા આપી. વળી તેમને માટે એ વડા હાકેમે સુધરેલાં હથિઆર અને ઘણો ભભકાદાર પોષાક મુશ દેશમાંથી મંગાવી તેમને આપ્યો. તે તેમણે ખુશીથી ધારણ કર્યા; અને હથિઆર પણ બાંધવા માંડયાં. એ પછી એ હાકેમ મુશ દેશની રાજસભાની આજ્ઞાથી પુષ્કરાવર્તકના જુદા જુદા ભાગોમાં પોતાના ધર્મનો ઉપદેશ કરવાને માટે ઉપદેશકો મોકલ્યા. તે ઉપદેશકો મ્લેચ્છોની પેઠે પ્રજાપર બળાત્કાર કરતા નહોતાં, પણ તેમને આપેલી આજ્ઞા મુજબ પ્રજાને ધીમે રહીને બોધ કરતા હતા; અને પોતાનો ધર્મ બીજાના કરતાં સારો છે, એવું બતાવા જતાં તેઓ કોઈ કોઇ વાર સ્વદેશીઓના ધર્મગુરૂ વિશે ભુંડું બોલતા, તેથી તેમના જીવ દુખાતા હતા. જુદી જુદી જગાના દેશી લશ્કરની છાવણીઓમાં પણ એ ઉપદેશકો છૂટથી સૈન્યજનને ઉપદેશ કરતા; અને તેઓ જે કહે તે સાંભળવાને તેમના મુશ ઉપરીઓ તરફથી ફરજ પાડવામાં આવતી હતી. યવનોએ તેમના ઉપર ધર્મ સંબંધી જે જુલમ ગુજાર્યો હતો, તેનો ઘા હજુ તેમના દિલમાંથી રૂઝાયો નહોતો. તેવામાં જ્યારે તેમને તેમના મુશ રાજકર્તાઓ તરફથી પોતાના ધર્મોપદેશકોનો બોધ સાંભળવાની ફરજ પાડવામાં આવી, ત્યારે તેમના મનમાં એમ આવ્યું કે આ લોક પણ આપણને એમના જેવા યવન કરવા ધારે છે. એવા વિચારથી તેઓ પોતાના ઉપરીના હુકમ મુજબ મુશ ઉપદેશકોનો બોધ સાંભળતા ખરા; પણ એક કાને સાંભળી બીજે કાને કાઢી નાંખતા હતા. એથી એ નવા ઉપદેશકો ફાવી શકતા નહોતા. એ મુશીઅન લોકોએ ઘણા સ્વદેશી રાજવંશીઓનાં રાજ જીતી લઇને તેમાંથી કેટલાકને રવડતા કર્યાં હતા; અને કેટલાકને વાર્ષિક સાલીઆણું ખાતા કર્યા હતા; તોપણ

હજુ સ્વદેશી રાજ્વંશીઓના હાથમાં દેશનો ઘણો ભાગ રહેલો હતો; તેઓ સઘળા તેમને મુખ્ય અધિરાજા ગણી ખંડણી ભરતા હતા; તથાપિ તે તેમનાથી દેખી ખમાયું નહિ; અને આખરે ઘણે વરસે પણ એ સઘળાં રાજ્યો પોતાના ખાલસા મુલકમાં જોડાઈ જાય; એવી ઇચ્છાથી આ સમયના મુખ્ય મુશ હાકેમે પોતાની મદદગાર મંડળી સાથે મસલત કરીને એવો ધારો પસાર કર્યો, કે હરકોઈ રાજ્વંશી પોતાની પાછળ વારસ મૂકયા વિના અપુત્ર મરે તેનું; અને જે રાજ્વંશી પોતાનું રાજ ચલાવવાને અયોગ્ય માલમ પડે તેનું, રાજ ખાલસા કરવામાં આવશે. આ ઉપરથી દેશી રાજ્વંશીઓને દત્તક લેવાનો હક છે, તે રદ કરીએ છીએ. આ ધારો પ્રગટ થયા પછી બે ત્રણ વરષોમાં ત્રણ ચાર મોટા મોટા રાજ્વંશીઓનાં રાજ મુશ રાજ સાથે જોડાઈ ગયાં તેથી સઘળાના મનમાં એવી ફાળ પડી, કે ચારે દહાડે આપણ સઘળાનાં રાજ ખાલસા થઈ જશે; તોપણ એ બાકી રહેલા રાજ્વંશીઓ એ બાબત તરત કાંઈ કરી શકયા નહિ; પણ જેઓનાં રાજ ગયાં હતાં, તેવા પદભ્રષ્ટ રઝળતા રાજ્વંશીઓએ દેશમાં બળવાની સામગ્રી કરવા માંડી. તેમાંના મ્લેચ્છ અધિકારીઓએ ઉદ્ધત ફકીરોને અને દેશીરાજ્વંશીઓએ પોતાના ધર્મના ઉડભંગ સાધુઓને ભંભેરીને સ્વદેશી મુશીઅન ફોજને ભંભેરવા મોકલ્યા એજ પ્રમાણે પુષ્કરવિર્તકના જુદા જુદા પ્રાંતોમાં પણ એવા ઉપદેશકોની ટોળીઓ રવાને કરી. દેશીરાજ્વંશીઓને એ વાત ગમતી હતી; તેથી તેમણે એ લોકને એવો બોધ કરતાં અટકાવ્યા નહિ. એ દરમિઆન મુશ હાકેમો તરફથી તેમના બોધને અનુકૂળ પડે, તેવા હુકમો ભોગજોગે નીકળવા માંડ્યા. એ હુકમો પ્રમાણે વર્તવાને દેશી ફોજે ચોખ્ખી ના કહી, ત્યારે તેમને તોપે બાંધવા માંડ્યા. એથી સઘળી દેશી ફોજ ફરી ગઈ; અને મુશ લોક સામે હથિઆર ચલાવા લાગી. એ બળવાનો વાયરો વિજળીની પેઠે આખા અધિરાજમાં ફેલાઈ ગયો; તેથી જ્યાં ત્યાં બળવો સળગી રહ્યો; કેમકે પેલા પદભ્રષ્ટ રાજ્વંશીઓએ બળવાને સારૂ આખા દેશમાં દારૂ પાથરી મૂક્યો હતો, તેથી જ્યાંથી ત્યાંથી મુશીઅનોને

તેમનાં બૈરી છોકરાં સુદ્ધાં ખોળી ખોળીને કાપવા માંડ્યાં. વળી એ દેશની તવારીખપરથી જણાયછે, કે એમાં પરાપૂર્વથી એમજ થતું આવ્યું હતું; કે એ દેશના એક ભાગમાં બળવો ઉઠે, તો બીજામાં તરત સળગ્યાવિના રહે નહિ. વળી ત્યાંથી ત્રીજા ભાગમાં, ત્રીજાથી ચોથામાં, એમ જોતજોતામાં આખા દેશમાં બળવોજ બળવો પસરી રહેતો હતો. તેમ આ વખતે પણ થયું. મુશીઅન લોક સ્વદેશીઓના પ્રમાણમાં એક મૂઠીભર હતા, તેથી તેમાંના કેટલાક જીવ લઇને દૂર દરિયામાં નાસી છૂટ્યા. નાસતાં નાસતાં પણ તેમાંના ઘણાને દેશી બળવાખોરોએ કાપી નાંખ્યા. દેશના મધ્ય ભાગમાં જે મુશીઅનો હતા, તેતો બિચારા પોતાનાં હથિઆર છોડી બળવાના આગેવાન સરદારને શરણ થયા; તોપણ તેમને તેમના પરિવાર સુદ્ધાં આરીઆં તૂરીઆંની પેઠે કાપી નાંખ્યા. સ્ત્રીઓને ચીરી નાંખી; અને તેમનાં ગુલાબ જેવા ગાલનાં ગબરૂ બાળકોને વગરવાંકે એ દુષ્ટ વાઘોએ ભાલાથી ઉછાળીને વિંધી વિંધીને મારી નાંખ્યાં. રાજભ્રષ્ટ દેશી રાજાઓ બળવાખોર લશ્કરના આગેવાન થઈ, પોતપોતાની રાજધાની સંભાળવા ચાલ્યા; પણ એટલામાં ઇશ્વરકૃપાથી મુશ લોકનું મહા બળવાન લશ્કર કાંઈ કામ સારૂ અન્ય દેશમાં ફતેહ કરી પાછું જતું હતું તે દરિયામાં નાશી ગયેલા મુશીઅનોની ખેદકારક ખબર સાંભળીને તેમની બ્હાર કરી ધસી આવ્યું. તે વડે મુશીયન હાકેમે પોતાની સત્તા પાછી ફરીથી સ્થાપન કરી. બળવો સમી ગયો. બળવાખોરના આગેવાનોને અને તેમના મદદગાર સિપાઇઓને તોપે બાંધી ઉડાવી મૂક્યા. બાકીના સઘળાને માફી આપવાનાં જાહેરનામાં કર્યાં. રાજભ્રષ્ટ બળવાખોર રાજવંશીઓનું મૂળ જડમાંથી ખોદી નાંખ્યું. તેમના કુળમાં ગર્ભમાં પણ કોઇને જીવતું રહેવા દીધું નહિ. આ બળવાથી દેશીઓએ મુશીઅનના બળનો અને મુશ લોકોએ સ્વદેશીઓના બળનો સ્વાદ ખરેખરો ચાખ્યો. બેઉનાં અંતઃકરણ જુદાં થયાં; પણ મુશ સેહેનશાહ તેવું જુદાપણું રાખવાને ઇચ્છતો નહિ હતો. તે પોતાની રાજસભાની સલાહથી અને પોતાના અંતઃકરણથી સમજતો હતો, કે બેઉ સલાહ સંપથી વર્તે, તેજ સારૂંછે.

એમ ધારી તેણે એ અધિરાજ વેપારી મંડળીની પાસેથી લેઈ લઈ, પોતાનુંજ આધિન અધિરાજ બનાવી દીધું. વળી તેણે એ કારણસર પોતાની સહીનાં જાહેરનામાં પુષ્કરાવર્તક અધિરાજમાં મોકલી દીધાં, તેથી દેશીઓ બહુ ખુશી થયા; અને પોતાના અધિરાજની દૃષ્ટિગોચર ક્ષીતિજમાં સોનાનો સૂરજ ઉગતો ભાળવા લાગ્યા. સ્વદેશીઓ પોતાના મુશ સેહેનશાહની ઉદારતાનાં વખાણ કરવા લાગ્યા. એ બળવા પછી મુશીઅનો સ્વદેશી પ્રજાની કેટલીક રૂઢીઓ, ધર્મ અને વંશપરંપરાથી ચાલ્યા આવેલા હક એઓની સામે બીલકૂલ થતા નહિ. વખતે સ્વદેશીઓ તેવી બાબતમાં તેમને વચ્ચે પડવા અરજ કરતા; તોપણ તેઓ તેમ કરવા હિમત ધરતા નહિ અને ચોખ્ખી ના કહેતા હતા. મુશ સેહેનશાહે વિચાર કીધો, કે બળવા વખતના મુશ હાકેમો અને સત્તાધારીઓ સ્વદેશીઓ તરફ રેહેમ નજરે જોશે નહિ; માટે તેણે સઘળા હાકેમો અને બીજા મોટા મોટા મુશ સત્તાધારીઓની બદલી કરી, તેમને બદલે બીજા વધારે શાણા અને વિદ્વાન અધિકારીઓને મોકલી દીધા. એ નવા અધિકારીઓ સ્વદેશીઓને વળી પોતાના નિર્મળ ઈનસાફથી સંતોષવા લાગ્યા; પણ પ્રજાને એ ઈનસાફ મોંઘો ઘણો પડતો હતો. બળવા પછી મુશીઅનો સ્વદેશી લોકને પોતાના બરોબરીઆ ભાઇ ગણી કામ ચલાવા લાગ્યા. તેમને રાજકારભારમાં દાખલ કરીને મોટા મોટા હોદ્દાની જગાઓ આપવા માંડી; અને પ્રજાના માગવાથી સ્થાનિક સ્વરાજનીતિ સ્થાપન કરીને પ્રજાને રાજપ્રકરણી બાબતમાં ભાગ આપવા માંડ્યો. જે દેશી રાજાઓ ખંડણી ભરી પોતાનાં રાજ નિભાવી શકયા હતા, તેમને હમેશાં નિભાવવાનું તથા સુધારવાનું વચન મુશ સેહેનશાહે આપ્યું. એટલા વખતમાં મુશીઅન લોકવિદ્યા કળાની અણીપર પહોંચ્યા હતા. એક મુશીઅને વરૂણ દેવને વશ કરી તેની પાસે પ્રજાના સુખનાં કામ કરાવા માંડયાં. એણે એ દેવનું નામ ઉદક પ્રવાહ એવું રાક્ષસી નામ આપેલું હતું; કેમકે તેનું કામ પણ રાક્ષસોજ હતું. બીજાએ એ રાક્ષસના ભાઈ વાત પ્રવાહને વશ કરી તેની પાસે ઘણાં કામ કરાવા લાગ્યો; ત્યારે વળી ત્રીજા-

એ પેહેલા રાક્ષસના પુત્ર બાષ્પપ્રવાહને વશ કર્યો. એ જુવાન હતો, તેથી તેના કામનો ચમત્કાર તેના બાપ, કાકા કરતાં ઘણો વધારે હતો: તે રૂ, કાંતી લૂગડાં વણી આપતો, લોટદળતો, પાણી ખેંચતો, પુસ્તકો છાપતો, મુસાફરી કરાવતો, લાખો ખાંડીનો બોજો એક પલકવારમાં સેંકડો મૈલ સુધી ઘસડી જતો, પાટીઆં વેહેરતો, પાણીપર બોજો અને મુસાફરોને સલામત લેઈ જતો વગેરે એમ એને જે કામ પર વળગાડે તે કામ તે ઘણી ઝડપથી પાર મૂકતો હતો. તેને મન કંઈ કામ કરવું અશક્ય નહોતું. તેના બળ આગળ ઉદક પ્રવાહ અને વાત પ્રવાહએ બે ઘરડા ડોસાતો કંઈજ ગણતીમાં નહોતા. વળી એક ચોથા મુશીઅને એ જુવાન રાક્ષસની વિદ્યુતા બાઈ નામે એક બેહેન હતી, તેને તેણે પકડી લીધી, ત્યારે તેણે વળી એવાં કામ કરવા માંડ્યાં, કે આખી દુનિઆના લોક તેથી હેરત પામ્યા. કેટલાક લોકે તો એનાં કામ વિશે પ્રથમ ખરૂં માન્યું પણ નહિં. એ રાક્ષસોના કામની વાતો પુષ્કરવાસીઓ સાંભળીને અજબ થતા હતા. એ રાક્ષસોએ જ્યારે મુશ દેશમાં બરાબર કામ કરવા માંડ્યું, ત્યારે તેમને વારા ફરતી પુષ્કરાવર્તક અધિરાજમાં તેડી આણ્યા. તેમનાં રૂપ, ઘાટ, અને કામ જોઇને સ્વદેશી લોકો દિંગ થઈ ગયા. એ રાક્ષસોને વશ કરનાર જો કોઈ સ્વદેશી માણસ હોતતો સ્વદેશીઓ તેને અવતારી દેવ ગણી પૂજત, એમાં શક નથી. કેમકે સ્વદેશીઓ, એ વખતે એવા વેહેમી ભૂત પ્રસ્ત સ્થિતિમાં હતા. પુષ્કરાવર્તકના સઘળા લોક એ રાક્ષસો વડે સુખી સુખી થઈ ગયા. જુવાન બાષ્પ પ્રવાહે તો દુષ્કાળને દરિઆ પાર કાઢી મૂકયો. તેની માથાફોડ મેહેનત અને ભાર ઊંચકી ચાલવાની અગાધ શક્તિથી લોકો અજબ થતા હતા. વળી વિદ્યુતા બાઈનાં કામથીતો અવધિ ? હતી, તે એક પળમાં લાખો ગાઉ સુધી ખબર લેઈ જતી અને તેજ ક્ષણે પાછી આવતી હતી. વહાણ ડુબી ગયેલાં ખોખાંને ઉપર આણી આપતી; અને વખતે પોતાના બાઇનું કામ પણ બજાવી શકતી હતી. અથવા તેને મદદ કરતી હતી. મુશીઅન લોકે પોતાની બુદ્ધિની શક્તિ વડે આખી દુનિઆને મોઢે એ સદીમાં એમ વદા-

ળ્યું કે "કાળામાથાનું માનવી જે નહીં કરે તે થોડું છે." આ રાક્ષસોનાં કામથી પ્રજા જેમ સુખી થઈ, તેમ તેમની ઝડપની અસરથી તેનામાં ચંચળ પણું પણ આવી ગયું; અને પોત પોતાનું ધાર્યું કામ વખતસર કરવા લાગી. વળી એ રાક્ષસોથી મુશ રાજ કેવળ નિર્ભય અને દૃઢ થઇ ગયું. મુશ રાજ કર્તાઓ એથી થોડા સૈન્યવડે આખા દેશનું રક્ષણ કરવાને શક્તિવાન થયા; અને જ્યાં જોઇએ ત્યાં ઝટવારેમાં પોતાનું લશ્કર લેઈ જાઈ ખડું કરવા લાગ્યા. પોતાના રાજ કર્તાનાં આવાં મહાભારત કામ જોઇને પ્રજાના મનમાં ખાતરી થઈ, કે આપણો અને મુશ રાજ કર્તાઓનો સંબંધ વિધાતાએ કર્મે લખેલોજ છે. તે કદી ફીટવાનો નથી. આપણી રાધ્વી માતાએ પૂર્વે પોતાના વૃનચરકુતને કળિયુગમાં રાજ કરવાનું વરદાન આપ્યું હતું તેજ આ લોક છે; માટે એઓ જવાના નથી. મુશ રાજ કર્તાએ પણ પ્રજાને વિદ્યા કળામાં વધારે માહીતગાર કરવાને અને વધારે સુખ આપવાના ઉપાય કામે લગાડ્યા. ઠેકાણે ઠેકાણે દેશી વેપારીઓએ દ્રવ્ય એકઠું કરીને વરાળીઆ રાક્ષસ પાસે તરેહ તરેહનાં લૂગડાં વણાવા માંડ્યાં. વળી તેણે પુસ્તકો છાપવાનું કામ પણ કરવા માંડ્યું તેથી એ અધિરાજનાં સઘળાં નગરોમાં સંખ્યાબંધ છાપખાનાં નીકળ્યાં. અત્યાર સુધી એવા ધંધા એ દેશમાં મુશ લોક ચલાવતા હતા, તેમનું જોઇને દેશી લોકે પણ તેમ કરવા માંડ્યું. પ્રજાની દાદ ચહાનાર અને રાજા પ્રજાને અતલગનો સંબંધ કરી આપનાર જુદા જુદા નામનાં છાપા પત્રો છપાઇને બહાર પડવા લાગ્યાં. એ રાજા પ્રજાનાં વાજીંત્રોની અસર એટલી બધી થઈ કે સાપ જેમ પોતાની કાંચળી ઉતારી અંદરથી પોતાનો મણીમય સ્વચ્છ પોષાક દીપાવી કાઢેછે, તેમ પ્રજાએ જાણે પોતાની અજ્ઞાન અને વેહેમ રૂપ ખોળ ઉતારીને જ્ઞાન રૂપ વસ્ત્રમાં સુધારાની છાંટ વાળો ડગલો પેહેરેલો હોય તેમ દેખાવા લાગ્યું. દેશમાં તરેહ તરેહના ઉદ્યોગની ધૂન્ય મચી રહી, એથી રાજના ઉપજ પણ વર્ષ પ્રતિ વર્ષે વધતી ચાલી; અને પ્રજા સ્થિતિ પણ દિવસે દિવસે આબાદ થતી ચાલી.

મુશીઅન લોકોનાં મૂળ જેમ જેમ એ દેશમાં સજ્જડ ચોંટતાં ગયાં,

તેમ તેમ ધોસ સેહેનશાહની સત્તા વધારે પાસે આવતી ગઈ; અને તેના હુમલાની ધાસ્તી પણ વધારે વધારે ભયંકર થતી ગઈ. પાછળ કહેવામાં આવેલું છે, કે એ દેશની ત્રણ દિશાનું રક્ષણ તો જગતકર્તા પરમેશ્વરેજ કરેલું હતું, એથી ધોસ સેહેનશાહના હુમલાની બીક ફક્ત તેની વાયવ્ય દિશા તરફ રખાતી હતી. જેમ એ દિશા પ્રથમથીજ એ દેશને ભયંકર થઈ પડેલી હતી, તેમ તેણીગમની સરહદના પ્રાંતોમાં વસનાર લોક પણ શૂરા, સ્વતંત્ર અને દેખાવડા હતા. એ પ્રદેશ મુશ લોકને તાબે કરવો બહુજ કઠણ પડ્યો હતો; પણ આખરે તેને મુશીઅન લોકે પોતાના તાબામાં લીધો, ત્યારેજ તેઓ જંપીને બેઠા હતા. એ લોક મુશ રાજકર્તાને તાબે થયા પછી બહુ સુખી થયા હતા, તેથી તેઓ ધર્માભિમાની છતાં પોતાના ઉદાર પણ ધર્મિ રાજ કર્તાઓ તરફ બહુજ નિમકહલાલી બતાવતા હતા; અને તેમની નોકરી પણ બહુ ઈમાનદારીથી બજાવતા હતા. મુખ્ય મુશ હાકેમને અને સેહેનશાહને તે પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ હતો; તો પણ તે દિશાએ મોટી જબરી ફોજ રાખી મૂકી હતી. વળી તે સરહદની પેલીમેર મામુલીસ્તાન કરીને એક જબરો દેશ હતો. જેના વિશે આગળ ઘણું કહેવામાં આવેલું છે. એ દેશ પર પરાપૂર્વથી પુષ્કરાવર્તકના રાજાઓ પોતાનો અલાખો કરતા હતા. અને ઘણા રાજાઓએ તે દેશમાં પોતાની સત્તા પસરાવી હતી. તેમ તેની પડતી હાલતમાં એ મામુલીસ્તાનના સેહેનશાહે એ મોટા અધિરાજને જીતી લેઈ ઘણાં સૈકા સુધી તેના વંશજોએ રાજ કર્યું હતું. એ પ્રાચિન તવારીખનો વિચાર લેઈ પુષ્પક નગરના મુશ હાકેમ એ મામુલીસ્તાનના ખાનને પોતાના કંઈક બળનો સ્વાદ ચખાડી મિત્ર કરી લીધો હતો; અને તે કોઈ પરદેશી રાજાને એ રસ્તે થઈ ચઢી આવવા નહિદે, એવું તેની પાસેથી વચન લીધું હતું. વળી તેનો દેશ પહાડી અને પ્રજા પણ જંગલી હતી, તેથી તે તેના દેશના વિસ્તાર પ્રમાણે જોઇએ તેવા ઠાઠથી રહી શકતો નહોતો; માટે તેને મદદ દાખલ દર વર્ષે કેટલીક રકમ આપવાનું વચન મુશ હાકેમે આપ્યું. અને ત્યાં પોતાનું જબરૂ થાણું બેસારી પાકો બંદોબસ્ત

કીધો. એટલા બંદોબસ્તથી સંતોષ નહિ પામતાં તેણે કેળવણી પામેલી લાયક સ્વદેશી જાતો કે જેઓ ક્રોધને વશ થઈ પોતાને મળેલાં હથિઆરનો ગેરવાજબી ઉપયોગ કરે નહિ, તેમને નજરમાં આવે તેવી જાતનાં હથિઆર રાખવા છૂટ આપી. વિદ્યા કળાની કેટલીક બાબતોમાં સ્વદેશીઓ મુશીઅન લોકની બરોબરી કરી તેમને લાયકના હોદ્દા બજાવવાને શક્તિવાન થયા હતા; તોપણ તેમાંના ખાનદાન સિવાય બીજાને એવા જોખમકારી કામપર નીમતા નહીં. સ્વદેશીઓએ ધીમે ધીમે પોતામાં સુધારો દાખલ કરીને જુની દુખદાયક રીતભાતો અને પોતાને બળહિન બનાવનાર રૂઢીઓ કાઢી નાંખીને તેમને બદલે પોતાના શસ્ત્રમાં ફરમાવેલી અસલ રૂઢીઓ પાળવા માંડી હતી. તેમજ કેળવણી પામેલા જુવાન સ્વદેશીઓએ પોતાના સ્વાર્થી ગુરૂઓના પંથ છોડી દેઈ પોતાનો જુનો પવિત્ર ધર્મસ્થાપન કર્યો હતો. તેમની દેખાદેખી કરી નવી પ્રજા પણ એ ધર્મમાં દાખલ થવા લાગી, તેથી એઓની સંખ્યા થોડાં વરસમાં ઘણી વધી ગઈ. લગભગ અર્ધા સૈકામાંતો એ સઘળા સ્વાર્થી પંથો ભાગ્યા તૂટ્યા ચાલવા માંડ્યા. દેવળો માંહેની મૂર્તિઓને જળમાં પધરાવી દીધી; અને સઘળે એક અનાદિ પ્રભુની ભક્તિ થવા લાગી. પેહેલાંના દેશી રાજાઓ છેક અક્ષર શત્રુ અને જનાની સ્વભાવના થઈ ગયા હતા, તેઓ પણ મુશીઅન લોકની સોબતથી અને તેમના દાબણથી ભણી ગણી શાણા થયા હતા. નાના રાજવંશીઓને ભણવા સારૂ જુદા જુદા પ્રાંતોના વિસ્તાર પ્રમાણે એક એક કે તેથી વધારે રાજકુંવર પાઠશાળાઓ સ્થાપન કરી હતી. સ્ત્રી કેળવણીનો રોપો વધીને ખીલવા લાગ્યો હતો, તેથી આગળ જતાં હવે પછીની નવી પ્રજા વધારે સારી નિવડશે, એવાં શુભ ચિન્હ જણાવા લાગ્યાં. જે દેશમાં કજીઓ કંકાસ, આળસ, દરિદ્ર, વેહેમ, અસત્ય, ઢોંગ, ઈર્ષા વિગેરે દુર્ગુણોના અધિપતિ કળયુગે પોતાનો દોર સરસડતો ચલાવ્યો હતો, ત્યાં તેમના સદગુણી રાજકર્તાને લીધે જ્યાં ત્યાં સંપ, જંપ અને સુધારાએ વાસ પૂરવા માંડ્યો. અને દુષ્ટ કળિએ પોતાનો વાસ ભરવો માંડ્યો, મુશ લોક રાજકર્તાના હકથી બહુ ધન સ્વદેશમાં

લેઈ જતા નહોતા; પણ વેપાર માર્ગે અઢળકધન ખેંચી જતા હતા.

એ લોક પુષ્કરાવર્તમાં આવ્યા, ત્યારથીજ સ્વદેશીઓની કારીગરીનાં ઓજાર અને રાંડીરાંડના રેંટીઆ જેવાં ઓજાર પણ પોતાના દેશને માટે બીજાં તૈયાર કરાવી લેઈ ગયા હતા. દેશી લોકો તો પોતાનાં અધમ ઓજાર વાપરતા રહ્યા; પણ મુશીઅન લોકે તેમાં બહુ સુધારો કરીને પેલા રાક્ષસોને લાયકનાં બહુ મોટાં; અને ઘણું કામ થઈ શકે, એવાં બનાવીને તેમને સોંપ્યાં હતાં. તેમની મેહેનતથી ઘણી જાતના જથાબંધ પદાર્થો ઉત્પન્ન થવા લાગ્યા. તેમની આગળ દેશી લોકનાં અધમ ઓજારનું ફળ શી ગણતીમાં આવે? આખી દુનિઆંના લોકને ઉપયોગી સામાન એ મુશીઅન લોક જોઇએ તેટલો પુરો પાડતા હતા. તેમનું જોઇ સ્વદેશી લોકે પોતાનાં જુનાં ઓજાર પડતાં મૂકી મુશ દેશથી બીજાં સુધરેલાં ઓજાર મંગાવી લીધાં, અને તે નમુનાનાં બીજાં ઓજાર પોતાના સ્વદેશી કારીગરો પાસે નવાં બનાવરાવી તે વતી કામ ચલાવા લાગ્યા, તેથી નવા નવા હુન્નરી પદાર્થો તૈયાર થવા લાગ્યા. એણે કરીને વેપાર માર્ગે ખેંચાઈ જતું ધન કંઇક અટકવા લાગ્યું. સ્વદેશી લોકોએ એકસંપ કરી પરદેશી કારીગરીની વસ્તુઓ ન વાપરતાં પોતાની દેશી વસ્તુઓ વાપરવા લાગ્યા. સ્વદેશમાં ઉત્પન્ન થનાર પદાર્થો પરદેશી પદાર્થો કરતાં જરા મોંઘા પડતા હતા, એથી અણસમજુ દેશીઓ પરદેશી માલને સોંઘો જાણી ખરીદ કરતા. એ માલ દેશી માલ કરતાં વધારે રોનકદાર અને દીપાવડો હતો, તેમ દેશી માલ વધારે મજબુત અને ટકાઉ થતો હતો. રાજકર્તાની સોબતથી દેશી લોકો ભભકાને બહુ પસંદ કરતા હતા, એથી પરદેશી વસ્તુઓની ખરીદી પણ ઘણી ધમધોકાર થતી હતી. અણસમજુ લોક પરદેશી વસ્તુઓનો ભભકો જોઈ લલચાતા; અને મોંમ ગ્યા દામ આપી ખરીદ કરતા; પણ તે વસ્તુઓ તકલાદી હોવાથી પુરા ચાર દિવસ પણ ચાલતી નહિ; અને જલદીથી ઘસાઈ કે ભાગી જતી હતી. ત્યારે તેઓ પસ્તાવો કરી કહેતા કે ભાઇઓ તો "ચાન, પૈસા લેવે છીન" પરદેશી વસ્તુઓ વાપરીને દેશીઓ પ-

રતાવા લાગ્યા, તેવામાં દેશી વસ્તુઓ કેટલાક ચતુર દેશી કારીગરો-એ રોનકદાર અને મજબુત બનાવી આપી. તે ઘણી મોંઘી પડતી હતી, તેમ તે આખરે એઠેલી કિમ્મતમાંથી અર્ધા કે ચોથા હિસ્સાના દામ પાછી વાળી આપતી હતી, તેથી તેની ખરીદી બહુ જાગી. અણુસમજુ લોકો પણ પસ્તાઇને પાછળથી દેશી વસ્તુઓ વાપરવા લાગ્યા. મુશ રાજ સ્થાપન થયાને બે સૈકાં પુરાં થયાં નહિ, એટલામાં તો સ્વદેશીઓ તેમની, વિદ્યાકળા અને શક્તિમાં બરોબરી કરવા લાગ્યા. માત્ર ધર્મ અને યુદ્ધકળામાં હજુ દેશીઓ જરા પછાત હતા. દેશીઓ તાબે રહાને પ્રમાણિકપણે રાજકારભાર કરવા શીખ્યા હતા; પણ પોતાના રાજકર્તાને રાજકારભારમાં વાજબી મદદ કરી પોતાના સઘળા હકો ભોગવવાને હજુ ખરેખરા શક્તિવાન અને પ્રમાણિક થયેલા નહોતા. "કાકા મામાના" કરવાની ટેવ તેમને ઘણી પડેલી હતી, તે હજુ સમૂળગી ગઈ નહોતી; તેથી કોઈ કોઇવાર ઇનસાફમાં પણ ગાંધલ થતું હતું. એ પરથી "કાળા લોકનાં કાળાં કામ" એમ સાધારણ રીતે કહેવાતું હતું.

દેશીઓ વિદ્યા કળા અને પોતાના પવિત્ર પુસ્તકોથી જાણીતા થયા, ત્યારે તેમણે પોતાને સારૂ બીજા વધારે સુખદા ધારા બાંધ્યાં. તેમણે ઠરાવ્યું કે દરેક સ્વદેશીએ પોતાના પુત્રને તેની પેહેલી વીશીમાં વિદ્યાભ્યાસ કરાવવો, બીજી અને ત્રીજી અર્ધાવીશીસુધી રાજની નોકરી કરાવવી; અથવા ઘરધંધો, ખેતી કે વેપાર રોજગાર કરાવવો. એટલું આયુષ્ય ભોગવ્યા પછી હરેક જાતના વિદ્વાને પોતાના જ્યેષ્ટ પુત્રને ઘરબાર અને તેનાં ભાંડુઓની સાંપણીકરી બ્રહ્માશ્રમમાં જઈ રેહેવું. એવો ધારો પસાર કર્યો. એટલી વયે સ્વદેશીઓને મુશ રાજા, રાજ ચાકરીથી આજીવિકા બાંધી આપી છૂટા કરતા હતા, તેથી વિદ્વાનોને ઉપરનો નિયમ પાળવાને કાંઈ હરકત પડતી નહિ. આશ્રમની આસપાસ આવેલી ઉજડ જમીનને ખેડી ફળદ્રુપ કરી, એ આશ્રમવાસીઓએ ગુજરાન કરવું; અથવા પોતાને સરકારે બાંધી આપેલી આજીવિકાપર રેહેવું. વળી એમાં જેને દાખલ થવું હોય, તેજ થાય. કાંઈ સઘળાને ફરજ પાડવામાં આવી નહોતી; તોપણ

તેમાં ઘણા દેશબંધુ વૃદ્ધ પુરૂષો એકઠા થતા હતા. એઓ સઘળા અંતઃકરણથી પોતાના દેશની દાઝ જાણનાર; અને ઉગતી પ્રજાનું ભલું ઇચ્છનારા હતા. એ બ્રહ્માશ્રમમાં વસનાર સ્વદેશી આગેવાનો સંસાર માર્ગના અને રાજકારભારના પુરેપુરા અનુભવી ભોમીઆ હતા, તેથી તેઓ તેવા એકાંત વાસમાં રહીને પાછળ થનાર પ્રજા માટે પુસ્તકો રચતા; અને પોતાના રાજકર્તાએ બાંધેલા નવા કાયદાનું સંશોધન કરી મુશીઅન રાજકર્તાઓને વાજબી સલાહ આપતા હતા. એ પુરૂષો રાજા પ્રજા બેઉને લાભ કરનારે જણાયા, તેથી તેમનું કામ દિવસે દિવસે વધતું ગયું. પુષ્કરાવર્તક દેશ અતિ વિશાળ હોવાથી એવા બ્રહ્માશ્રમો ઘણા સ્થાપન થયા હતા. તેઓ પ્રથમ તો એક એકથી નિરાળા હતા; અને પોતાના વિભાગના હાકેમનેજ મદદ કરતા; પણ પાછીથી એ આશ્રમોવાળાએ એક બીજાની સાથે સંબંધ કરી દીધો, એથી આખો દેશ એકલોહી સરખો થઈ પડયો હતો. વળી એ આશ્રમવાસીઓને મદદ કરવાને દરેક પ્રાંતમાં એક એક મોટી મંડળી સ્થાપન થયેલી હતી. એ મંડળીના જુવાન સભાસદો પોતાના સંબંધના આશ્રમવાસી વૃદ્ધ અનુભવીઓને પોતાની દાદ કહેતા તેઓ સરકારમાં લેઈ જતા હતા; અને જ્યારે તે બાબતમાં ફતેહ પામતા ત્યારેજ પાછા હઠતા હતા. આવી રીતનો કારભાર ચાલવાથી જુવાન સભાસદોનો ઝાઝો વખત એવા કામ પાછળ રોકાતો નહિ; અને વળી તેઓને પોતાના રાજકર્તાઓ ગેર મેહેરબાની ખેંચી લેવાની જરૂર પડતી નહોતી. તેઓ તો માત્ર પોતાને માથે પડતાં દુખોની હકીકત દેશબંધુ આશ્રમવાસીઓને પોતાના પ્રાંતની સભા મારફત પહોંચાડી દેઈ દૂર રહેતા હતા. એટલે એ કામથી રાજકર્તા ખુશી થશે, કે નાખુશ થશે, તે સઘળું આશ્રમવાસીઓને વિચારવાનું હતું. હવે એ આશ્રમવાસીઓ સંસારથી અને રાજકર્તાની નોકરીથી છૂટા થયેલા હતા, તેથી તેમને સ્વતંત્રપણે વર્તવામાં લગારે હરકત પડતી નહોતી.

અત્યાર સુધીમાં મુશીઅન વેપારીઓને એ દેશમાં આવી વસ્યા ને ત્રણ ત્રણ ચાર ચાર પેઢીઓ થઇ ગઇ હતી. તેમને પણ

મુશ હાકેમોના કાયદા પાળવા પડતા હતા. તેથી તેઓ પણ ઘણી વાર સ્વદેશીઓના વિચારને અનુકૂળ થતા હતા. પ્રમાણિક રાજનીતિને સારૂ મુશીઅન લોક અને રાજા આખી દુનિઆંમાં પ્રસિદ્ધ થયેલા હતા; તોપણ પુષ્કરાવર્તકના મુશીઅન રહેવાશીઓને સ્વદેશીઓ કરતાં કેટલીક બાબતમાં વધારે છૂટ હતી; તેથી. તેઓ પોતાને સ્વદેશીઓ કરતાં વધારે ઉંચા ગણાવા યત્ન કરતા હતા. મુશીઅન હાકેમોને, અને તેના મંત્રીઓને કાયદા બાંધવાની રીતમાં એ બાબદ સ્વદેશી લોક આડે આવવા લાગ્યા. એ સ્વદેશી આગેવાનો આશ્રમમાં રહેનાર અને સંસારનો અનુભવ લેઇ નિવૃત્તિ પામેલા ત્યાગી ગૃહસ્થો હતા, તેથી તેઓ પોતાના હાકેમને હિમ્મતથી ખરી સલાહ આપતા હતા. તેમ પ્રજાજનને પણ તેમની મંડળીની મારફત ઉપદેશ કરી યોગ્ય નિયમમાં દોરતા હતા. એ પ્રમાણે દેશી લોકો પોતાના દેશના રાજકારભારમાં સામિલ થયા; અને ઉગતી પ્રજાને પવિત્ર ભક્તિ માર્ગે ચઢાવી યોગ્ય નિયમમાં દોરવા લાગ્યા. આશ્રમવાસીઓ વૃદ્ધ થઇ મરતા, તેમ તેમાં બીજા નિવૃત્તિ પામેલા વિદ્વાનો ઉમેરાતા હતા. કેટલાક સંસારી નિયમો સુધરવાથી નવી પ્રજા બળવાન થવા લાગી; પણ એ બળને કેળવવાના નિયમો નહોતા, તે મુશીઅન હાકેમો પાસે સ્વદેશી આગેવાનોએ બંધાવી તેમને કાયદાના રૂપમાં પ્રસિદ્ધિમાં અણાવ્યા. એ નિયમ પ્રમાણે દરેક શાળા અને પાઠશાળાના સંબંધમાં એક એક કસરતશાળા થઈ. એ વિના બીજી ખાનગી કસરતશાળાઓ પણ ઘણી નાકળી. તેમાં કેળવાઇને સ્વદેશીઓનાં તન મન દૃઢ થયાં, તેથી તેઓ ધીરજવાન અને સહન શિલ થયા. પછી તેઓ પોતાની પૂરતી જુવાનીમાં આવ્યા, ત્યારે તેઓ તેમની મેળે યુદ્ધ કેળવણી લેવા લાગ્યા. ત્યારે મુશીઅન રાજકર્તાએ તેમને તેમ કરતાં અટકાવ્યા. તે વાતની ખબર પ્રાંતોની સભાઓએ આશ્રમવાસી સ્વતંત્ર આગેવાનોને આપી, ત્યારે તેઓએ પોતાના રાજકર્તા પાસે જઇ પ્રતિજ્ઞા પૂર્વક કબુલ કર્યું, કે અમે કદી રાજદ્રોહી અને કૃતઘ્નિ થઇશું નહિ; પણ અમે અમારા શુભેચ્છક રાજકર્તાઓને સંકટ સમયે સહાય કરવા સારૂ ખીલતા જુવાનોને

એ કેળવણી લેવરાવીએ છીએ. અમો સઘળા જાણીએ છીએ કે અમારા દેશના વિસ્તાર અને વસ્તીના પ્રમાણમાં રાજકર્ત્તાનું સૈન્ય જોઇએ તે કરતાં ઘણુંજ થોડુંછે. એ થોડું સૈન્ય રાખવાનો હેતુ કદાપિ રાજકર્તાઓના મનમાં એવો હશે કે બાષ્પ પ્રવાહ રાક્ષસ પોતાની પીઠપર બેસારીને સઘળા સેન્યને જ્યાં ચહાઇશું ત્યાં લેઈ જઈ શકશે. તે વાત ખરી છે; પણ કદાપિ કોઈ પરદેશી રાજા આપણા મુલકપર ચઢાઈ કરેતો તે ચઢી આવનાર શત્રુ, કેમ જાણવું કે એ રાક્ષસની પાંખો અને હાથ પગ જડમૂળથી નહિ કાપી નાંખે? અને તેની બેહેન વિદ્યુતાબાઈની નાડીઓને પણ જોતાંવાંતજ નહિ કાપે? એમ કેમ માલમ પડે? એ રાક્ષસોનાં સાધનથી મુશીઅન લોકે કોઈપણ દેશના રહેવાસીઓને અજાણ્યા રાખ્યા નથી; માટે શત્રુઓ આ દેશમાં પેસતાંજ તેમનો નાશ કરી નાખે, એમાં સંદેહ નથી. ત્યારે થોડા સૈન્યવાળા અમારા રાજકર્ત્તા મુશીઅન લોક જલદી જીતાય, એમાં શક નથી. જો એમ થાય તો અમે આજ હજારો વરસે મહાદુખમાંથી જરા મોકળા થયા છીએ, તે પાછા તેમાં પડવાનું થાય. ઘોસ સેહેનશાહની બીક જબરી છે, તે કંઈ આજકાલની અને ખોટી નથી, તે તમારા આવવાની સાથેજ જન્મ પામેલી છે. એ સેહેનશાહ ઘણાં વરસોથી આ મુલક હાથ કરવાના ઉપાય શોધતો ફરેછે. સાંભળ્યું છે, કે તેની પાસે લગભગ અડધા ક્રોડ માણસનું જબરૂ કવાયદી લશ્કર છે. તે જો કદાપિ આ દેશ પર ચઢી આવ્યો; અને તેવા સમયમાં સ્વદેશીઓ યુદ્ધકળાથી અજાણ્યા હોશે તો આપનું લશ્કર ખપી ગયેથી, આપ આપના મુખ્ય દેશથી મદદ માગવાની ઇચ્છા રાખતા હશો, તો તે ધારણામાં આપ કેવળ ઠગાઓછો. આપે ગમે તેવા ભયંકર રાક્ષસોને વશ કરીને દૂર દેશાવરથી આ દેશમાં આવવાને થોડા દિવસનો રસ્તો બનાવ્યો છે; પણ એ થોડા દિવસ તો એટલા બધા છે, કે તેટલી મુદતમાં શત્રુઓ આખો મુલકરાવર્ત્તક જેર કરી પોતાની તરફથી પાકો બંદોબસ્ત કરી શકે; માટે અમો સઘળી સ્વદેશી પ્રજાની વિનતિછે, કે દેશીઓ જ્યારે પોતાના ઉમંગથી યુદ્ધકળામાં પ્રવિણ

થવા માગેછે, ત્યારે તેમને તેમ કરવા દેવું ઘણું જરૂરનું છે; કેમકે તેથી તેઓ ખરા સંકટ વખતે કામ લાગી શકશે. વળી તમે ઘણું દેશી સૈન્ય રાખેલું છે, તેમને તો યુદ્ધકળા ખુશીથી શીખવોછો. એ લોક રાજદ્રોહી થશે, એવું તમે કદી ધારતા નથી; તો પ્રજાજન યુદ્ધકળામાં પાવરધા થઈ, તેવું નામોશી ભરેલું કામ પોતાનું તારણ કરનાર રાજકર્તા સામે કેમ કરશે? જેને બળવોજ ઉઠાવવો છે, તે પ્રજાને કાંઈ કવાયદનું કામ નથી. કવાયદ શીખ્યા વગરની જંગલી પ્રજા ઘણીએવાર બળવો કરેછે. એ સઘળાં કારણ ધ્યાનમાં લેઈ સ્વદેશી જુવાનોને યુદ્ધ કૌશલ્યમાં માહેર થવા પરવાનગી આપશો, તો કંઈ હરકત નથી. મુશીઅન હાકેમોને આ સ્વદેશી આગેવાનોની અરજ ખરી લાગી. એવા આગેવાન ત્યાગીઓ, જેઓ ખરેખરૂં જોઇએ તો પ્રજાનાં નિઃસ્વાર્થી મુખત્યારો હતા, તેઓની સંખ્યા ઘણી મોટી હતી. તેઓ સઘળા શરીરે જબરા અને બુદ્ધિશાળી હતા; અને પ્રજા સઘળી તેમના કહેવા પ્રમાણે વર્તતી હતી. એથીકરીને આ આગેવાન લોકોનું કહેવું, રાજકર્તાઓને વધારે માનવું પડતું હતું. કેટલીકવાર વિચાર કર્યાપછી મુશીઅન હાકેમોએ દેશી લોકને યુદ્ધકળા શીખવા પરવાનગી આપી.

બીજા દેશની મુસાફરી કરવામાં દેશીઓ પછાત હતા. તેમને તેમના વેહેમી ધર્મગુરૂઓએ જુઠું જુઠું સમજાવી અટકાવી રાખ્યા હતા; પણ હવે તે ગુરૂઓનું પ્રાબલ્ય તૂટી જવાથી અને જ્ઞાન કે લાવથી સ્વદેશીઓ નિરાંતે પરદેશ ખાતે જવા લાગ્યા. તેમના મુખમાંથી પેહેલાં એવા બોલ નીકળતા હતા કે "બહાર જઇએ અથવા અટક ઓળંગીએ તો વટલાવાય" અને હવે તેઓ ઉઘાડેછોગે કહેવા લાગ્યા કે "સબી ભૂમિ ગોપાલકી, વામે અટક કહા; જીસકે મનમે અટક હે, સોહી અટક રહા." સ્વદેશીઓ દેશપરદેશથી જાણીતા થયા, એટલે તેમનું મન વેપાર તરફ દોડ્યું. પોતાના દેશમાં ઘણી જાતનો માલ જથાબંધ ઉત્પન્ન થતો હતો, તેવડે તેમણે પરદેશમાંથી ઘણું દ્રવ્ય સ્વદેશમાં આણવા માંડ્યું.

મુશ રાજા પ્રજાની અદેખાઈ કરીને બીજા કેટલાક શાહોએ

ઘોસ સેહેનશાહને પુષ્કરાવર્તકનું રાજ જીતી લેવા ઉશ્કેરણી કરવા માંડી. એ સેહેનશાહ જરા અક્કલનો કાચો હતો. અદેખા શાહોએ તેને શીખવાડ્યું, કે તમને તમારૂં રાજ પશ્ચિમમાં વધારે લંબાવતાં મુશ સેહેનશાહે અટકાવ્યા હતા; અને તે વખતે અમારે પણ તેના મદદમાં રહીને તમારી સામે થવાની જરૂર પડી હતી. એ લડાઈના પરિણામમાં તમને એ મુશ સેહેનશાહે એવા સખત ખીલાથી જડી લીધા છે, કે હજુ પણ તમારાથી લગારે આમતેમ ચસકાતું નથી; તો પણ તમે એવા શત્રુ સેહેનશાહ સાથે દોસ્તી રાખો છો? તે અમારાથી દેખી ખમાતું નથી. તમે વિચાર કરશો તો માલમ પડશે, કે તમારા સઘળા લાભો એ સેહેનશાહની સામે છે; અને તમને તમારા દરેક લાભ સાચવવા જતાં પ્રથમ એજ આડે આવેછે; માટે એની સાથે મિત્રાચારી રાખવાથી તમારા લાભ કદી સચવાશે નહિ. ઘોસ સેહેનશાહને પોતાના ખટપટીઆ પડોશી શાહોની વાત ખરી લાગી, તેથી તેનાથી તેમને કંઈએ જવાબ અપાયો નહિ. ઘોસીઅન લોક ઘણીખરી બાબતમાં બીજી સુધરેલી પ્રજાની બરોબરી કરવા લાગ્યા હતા. ઘોસશાહે એથી ભંભેરાઈને હરેક બાબતમાં મુશ સેહેનશાહની સામે ઉલટા વર્તવા માંડ્યું. એ સેહેનશાહ આખી દુનિઆમાં બહુ બળવાન ગણાતો હતો; પણ તે માત્ર મુશ સેહેનશાહથીજ ઉતરતો હતો. ઘોસ સેહેનશાહને વધારે કીર્તિ મેળવવાનો લોભ ઉત્પન્ન થયો.

તેના એક લશ્કરી સેનાપતિએ કહ્યું, કે મુશ સેહેનશાહ પુષ્કરાવર્તકના અધિરાજવડે આટલો બધો ધનવાન અને કીર્તિવાન, થયો છે; માટે એ પ્રદેશ આપ જીતીને તાબે કરો, તો આપની કીર્તિનું શિખર આખી પૃથ્વીમાં સૌથી ઉંચું ગણાય. ઘોસ સેહેનશાહે જવાબ દીધો, કે મુશ લોક વધારે બળવાન અને કળાકૌશલ્યવાળા છે. તેમ આપણે ઘોસીઅન સંખ્યામાં ઘણા છીએ. તમે મને જે દેશ જીતવાનું કહોછો, તે મારા પિતાના મનમાંપણ હતું. તેમણે મરતી વખતે મને પાસે તેડી કહ્યું છે કે આપણી એ ત્રણ પેઢી થતાસુધીમાં પણ પુષ્કરાવર્તકનું રાજ જીતી લેવાય, તેવી ગોઠવણ કરતા રહે-

જો. એજ પ્રમાણેની સમજણ મારા પિતાને તેમના પિતાએ મરતાં મરતાં આપી હતી; માટે હું ઘોસ સેહેનશાહ મારા પિતાની અંત વખતની સલાહ ભૂલી ગયો નથી; પણ હમણાં ચઢાઈ કરવાનો સમય અનુકૂળ નથી. આપણે એ વાત મનમાં રાખી તૈયારી કરતાં રહેવું જોઇએ. એ સાંભળી સેનાપતિએ જવાબ દીધો, કે આંપણી પાસે તેમના કરતાં ઘણું સૈન્યછે. મુશ લોક હમણાં હમણાં બહુ ધનવાન થયા છે, તેથી તેમના વિચાર છેક વાણીઆઈ થઈ ગયા છે. એઓ યુદ્ધ આરંભતા પેહેલાં ખરચનો હિસાબ ગણવા બેસેછે. તેમણે આગલા સૈકામાં ઘણી મોટી મોટી ફતેહો મેળવેલી છે, તેથી તેમની કીર્તિ આટલી બધી ગાજી રહીછે; અને સઘળા રાજવંશીઓ તેમની સામે થવાને ડરેછે. હમણાંના વણિક મુશીઅનો મોટી ખરચાઉ લડાઇઓ લઢી મોટી કીર્તિ મેળવે, એમ મનેતો લાગતું નથી. ઘોસ સેહેનશાહે જવાબ દિધો, કે તમે કહોછો તે ઠીક છે; પણ આપણે જરા થોભીને વિચાર કરવો જોઇએ. તમારી મરજી છે, તો સૈન્ય લેઇને પુષ્કરાવર્તકની સરહદપરના એ દેશના શાહો હજુ મુશ લોક સાથે સલાહ રાખી રહેલાછે; અને તેઓ આપણને ગણકારતા નથી. માટે તેમને આપણી આણ માનતા કરી આવો. એ શાહોને મુશલોકનો જબરો હાથો છે. વળી તેમાં મુશીઅન વેપારીઓ અને તેમનું એલચી ખાતું રહેછે. એ લોક બડા પક્કા અને ચતુર છે, માટે જે ઉપાય લો તે બહુ સાવધાનાથી લેજો. જ્યાં સુધી એ શાહો સલાહ સંપથી તાબે થાય, ત્યાંસુધી યુદ્ધ કરવાની જરૂર નથી; કેમકે આપણને આપણું બળ વીખેરી નાંખવા કરતાં સંગ્રહ કરવાની વધારે જરૂર છે. વળી તમે જે કરો તેની ખબર વિદ્યુતાબાઈ સાથે તાબડતોબ મને કહાવી મોકલજો. રસ્તે જતાં આગળ હારૂન મ્લેચ્છોનો મુલક આવશે, જે આપણે તાબે થવો અશક્ય હતો, તેમાંનો કેટલોક ભાગ તો આપણે યુદ્ધ કરીને તાબે કર્યો છે; અને બાકીના મુલકના ધણીઓ, આપણે એ મુલકમાં સ્થાપન કરેલી રાજનીતિપર વારી જઇને, પોતાની ખુશીથી આપણા તાબામાં આવેલા છે. તે તમને ખબરછે તે સઘળા હારૂન સરદારોને એક ઠેકાણે

ખચ્ચ કરીને મારા નામથી સમજાવજો, કે પુષ્કરાવર્તક અધિરાજની સેહેનશાહત તમારા (ભાઇઓ) બાપદાદાઓએ સ્થાપેલી છે; અને આજદિનસુધી તેમના વંશજોએ ચલાવેલીછે; માટે એ શેહેનશાહત ઉપર તમારો વાજબી હક છે; કેમકે તમારા જાતભાઈ હારૂન મ્લેચ્છોનો એ રાજપર લગભગ અઢીસેં, ત્રણસેં વરસનો ભોગવટોછે. હમણાં એ અધિરાજ મુશ લોકના તાબામાં છે. એ લોકોએ તમારી જાતના હારૂન શેહેનશાહ પાસેથીજ એ અધિરાજનું પાયતખ્ત શેહેર અને તેની આસપાસનો મુલક જીતી લીધેલોછે; માટે જો તમે સઘળા સંપસંપીને અમારી સાથે કમ્મર બાંધી તૈયાર થાઓ, તો અમે તમને તમારૂ એ ધનવાન અધિરાજ પાછું અપાવીએ. ને ત્યાંની રાજરચના તમારી ઇચ્છા પ્રમાણે અને તુમારા લોકથીજ ચલાવીએ. આ કામમાં તમને તમારી સરહદપર વસનાર હાયેફ્રા મ્લેચ્છ સરદારો મદદ આપે, એવી જોગવાઈ કરી રાખજો; અને તમે પણ એ વાત મનમાં રાખીને ધીમેધીમે પણ પક્કે પાયે તૈયારીઓ કરજો. એ પ્રમાણે નામદાર ધોસ સેહેનશાહે તમારા પોતાનાજ ભલાને માટે કેહેવરાવેલું છે.

એ પ્રમાણે કહી સંભળાવજો. અને તેનું પરિણામ ફતેહમંદ નિવડે એવું કરજો. પાછી તેઓ જે જવાબ આપે તે મને વિગતવાર લખી જણાવજો, બાદ તુમે તમારા કામપર આગળ વધજો. એ હકીકત સાંભળીને તે સેનાધિપતિએ કહ્યું, કે એ સિમાડાપરના દેશ જીત્યાવિના હારૂન મ્લેચ્છ પ્રદેશની અગ્નિ કોણમાં થઈ કુરકર્મ અને હિંદખુલર પર્વતપરના ઘાટોને માર્ગે સીધા પુષ્કરાવર્તકના શ્રી હર્ષનામે વાયવ્ય પ્રદેશમાં જઈ શકાયે. વળી એ માર્ગે થઈ એ નામિચા અધિરાજનો બોહોળો વેપાર હારૂન મ્લેચ્છ પ્રદેશ સાથે ચાલેછે. એ રસ્તે મુશીઅન સૈન્ય રેહેતું નથી; માટે આપણને એ અધિરાજમાં વગર હરકતે આગળ વધવાને કંઈ અડચણ પડનાર નથી. એ સાંભળી ધોસ સેહેનશાહ (નકસા તરફ જોઈ વિચાર કરીને)—તમે બરાબર ખ્યાલ કર્યોછે. એ વિચાર પણ કદી કામનોછે. કેમકે વગર હરકતે અણચિંતવ્યા જઈ પડવાનો એ સારો રસ્તો છે; પણ જરા

વિકટ છે ખરો. વળી એ તરફના સઘળા હારૂન મ્લેચ્છ શાહો આપણા વિચારને અનુકૂળ થાય,ત્યારપછી એ ખ્યાલ કામમાં લેવા જોગ છે; માટે હાલ તો તમે મેં હમણા જે કહ્યું,તે કામ પાર પાંડી આવો. એ સાંભળી ધોસ સેનાપતિ નમન કરી આગ્ના માગી ચાલ્યો; અને પોતાની જબરી ધોસીઅન ફોજ તૈયાર કરી; ને સરહદપરના મુલકો જીતી લેવાને તે દેશની ઉત્તર સીમાએ આવી પડાવ કર્યો. રસ્તામાં હારૂન મ્લેચ્છ સરદારોને પોતાના સેહેનશાહે કહેલી હકીકત કહી સંભળાવી. તે સાંભળતાંજ તેઓ ખુશીના પોકાર કરી ઉઠ્યા; અને ધોસ સેહેનશાહના હકમાં પ્રભુ પાસે દુવા માગવા લાગ્યા. તે વાતની ખબર ધોસ સેહેનશાહને લખી મોકલી. વળી કેટલાક હારૂન મ્લેચ્છો એ સરદારને મદદ કરવા તેની સાથે ગયા. એ સઘળાને લેઈ તે પોતાને જીતી લેવાના મુલકની ઉત્તર સરહદપર છાવણી કરી પડ્યો; અને તે શાહો તરફ પોતાના એલચીઓ મોકલી સામ, દામ અને ભેદથી સમજાવવા લાગ્યો. એ વાતની ખબર સરહદપરના શાહોએ પુષ્પક નગરના મુખ્ય હાકેમને તેના મુશ એલચી મારફત કહેવરાવી મોકલી. એ હાકેમે પોતાના એલચી મારફત જવાબ કહાવ્યો, કે તમારી મદદે સૈન્ય આવેછે. માટે તમારે લડ્યાવિના શત્રુને તાબે થવું નહિ. વળી તેણે તેજ ક્ષણે એ ખબર પોતાના મુશ સેહેનશાહને વિદ્યુતાબાઈ મારફત કરાવી દીધી.

ધોસીઅન ફોજની વાત આખા પુષ્કરાવર્ત કઅધિરાજમાં વિજળીની પેઠે ફેલાઈ ગઈ. મુખ્ય હાકેમે સૈન્યની તૈયારી કરીને તે સરહદ પર જવા નીકળ્યો. એ વખતે મુસ દેશમાં એકતાલીસમો સેહેનશાહ મરણ પામ્યો હતો; અને તેની પછી તેની મહા બુદ્ધિશાળી કુંવરી મહારાણી એલેના ગાદી ઉપર બેઠી હતી. તે દુનિઆંના સઘળા શાણા સેહેનશાહો કરતાં ડહાપણ, ગ્નાન અને રાજ ચલાવવાની રૂડી બુદ્ધિમાં ચઢીઆતી હતી. તેણે પુષ્પક નગરના મુખ્ય હાકેમે લખી મોકલેલો ખલિતો પોતાની રાજસભામાં વાંચી સંભળાવ્યો. પછી એ સભાની સલાહથી મહારાણી એલેનાએ પોતાના પાટવી કુંવરને જબરૂ મુશ લશ્કર સોંપી પુષ્કરાવર્તક અધિરાજમાં જવા

આજ્ઞા કરી. એ પુત્રને મહારાણીએ એવી સૂચના આપી હતી કે તારે ત્યાં જઈને ત્યાંના સ્વદેશીઓ સાથે સ્વદેશી થઈ અમલ કરવો અને સ્વદેશી પ્રજાની પ્રીતિ મેળવવી, એટલુંજ નહિં પણ એ દેશનો રાજકારભાર એ દેશના રહેવાશીઓના લાભ અને કલ્યાણને અર્થે છે, એવી તેમની ખાતરી કરી આપવી. ત્યાંના મુશ લોકો પ્રજા સાથે હળીમળીને ચાલે એવી તેમને પણ શિખામણ આપવી. મતલબ કે જેમ બને તેમ સ્વદેશીઓ અને મુશીઅન લોકનો સંબંધ અતિ નિકટનો થાય તેવા ઉપાય યોજવા. એ સાંભળી લીધા પછી તે કુંવર પોતાના પાદશાહી વહાણમાં બેસી પુષ્કરાવર્તકને કિનારે આવી પહોંચ્યો. એ કુંવરનું નામ શાહજાદો મોરટન કરીને હતું. એ અધિરાજની રાજધાનીનું પુરાતન નગર વિલાસપટ્ટન, જેને મ્લેચ્છ સેહેનશાહો મુબારકપુર કરીને કહેતા હતા, તે એ દેશના મધ્ય ભાગમાં હતું; પણ મુશીઅન લોકના આવ્યા પછી જમીનપરનો વેપાર તૂટી જઈ તરીવેપાર ખરેખરો જામેલો હતો, તેથી એ દેશનાં ત્રણ્ ચાર બંદરો ખરેખરાં આબાદ થઈ તેમની રાજધાની રૂપ થઈ પડ્યાં હતાં. એ બંદરોમાં સૌથી શ્રેષ્ઠ અને સોહામણું બંદર મુશાપત્તન કરીને હતું. તે એ દેશને પશ્ચિમ કિનારે આવેલું હતું. એ બંદરે પાટવીકુંવર મોરટન આવી પહોંચ્યો. કિનારે ઉતરતી વખતે ખરેખરી અંધારી ઘોર રાત હતી; તોપણ સ્વદેશીઓએ તે ક્ષણે ઇશ્વરેચ્છાથી ખરા મધ્યાન થયેલા દીઠા. એ પરથી એ દેશના ભવિષ્ય વાદીઓ કહેવા લાગ્યા, કે જરૂર રાજકુંવર મોરટનથીજ આપણા દેશનું કલ્યાણ થશે; અને સ્વદેશીઓનો સૂર્ય પાછો તપવા માંડશે. કહેવતછે કે "જ્યાં પંચ ત્યાં પરમેશ્વર" એ કુંવરની પધરામણીથી જાણે સ્વદેશીઓના શરીરમાં કોઈ જુદીજ જાતના નવા લોહીએ ઉમેરો કર્યો હોય, તેમ વૃદ્ધ અને કેડ ભાગેલા સ્વદેશીઓ પણ ઉત્સાહમાં આવી પોતાના શાહાજાદાનાં દર્શન કરવા અક્કડ થઈ ચાલવા લાગ્યા.

પાટવીકુંવર મોરટનને સ્વદેશી પ્રજાએ એટલું બધું માન આપ્યું, કે તેટલું માન તેને તેના સ્વદેશીઓ તરફથી સ્વદેશમાં કદીએ મળ્યું નહોતું. સ્વદેશીઓની આવી ચાલથી એ કુંવરના જાણવામાં આ-

વ્યું, કે પૃથ્વીપરની સઘળી પ્રજા કરતાં આ દેશની પ્રજા ખરેખરી વફાદાર અને નમ્ર છે. આ લોક જ્યારે પરજાતિના, પરધર્મી અને પરદેશી રાજા તરફ આટલી બધી રાજભક્તિ બતાવેછે, તો તેઓ પોતાના સ્વદેશી રાજાને પિતાસમાન ગણીને પ્રીતિભાવ દર્શાવે, એમાં નવાઈ નથી. કેટલાક અદેખા પેટભરા, સ્વાર્થી અને ગરજમતલબી તુંડા મનના મુશીઅન લોકોએ તેમના પેટમાં પુષ્કરાવર્તકનું અન્ન છતાં કૃતઘ્ન થઈને પોતાના સ્વદેશમાં ગયા પછી આ પાટવી કુંવરને, તેના મિત્રોને અને કેટલાક મોટા મોટા રાજદ્વારી અમીરોને મોઢે સ્વદેશીઓની બેવફાદારી અને નાલાયકીવિષે કહેવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું, પણ એ દેશમાં પધાર્યા પછી પાટવી કુંવર મોરટનના જોવામાં કેવળ એથી ઉલટુંજ આવ્યું, ત્યારે એ કુંવરે પોતાની માતાને અને બીજા રાજ્યકારભારીઓને સ્વદેશીઓની વફાદારીવિષે ઘણોજ વખાણવા જોગ ખલિતો લખી મોકલ્યો; એ ખલિતાની હકીકત સાંભળ્યા પછી ઘણા મુશીઅન અમીરો, વિદ્વાનો અને રાજકારભારીઓ પુષ્કરાવર્તક અધિરાજમાં મુસાફરી કરવા આવવા લાગ્યા; અને તેઓ સ્વદેશી પ્રજાની રાજભક્તિ જોઈ ખુશી થતાં; એટલુંજ નહિ પણ તેઓએ પ્રજાને પોતાના જેવા સઘળા હકો આપવાને પોતાના દેશની નામિચી રાજસભામાં સ્વદેશ ગયા પછી વારંવાર દલીલથી તકરાર કરવા લાગ્યા. એ વાત પુષ્કરાવર્તકમાં રહેનાર મુશીઅનોને લગારે ગમતી નહોતી; કેમકે તેમને મોટા સાહેબલોક થઈ ફરવાનો અને પ્રજાપર સ્વેચ્છિક મુગલાઈ ચલાવવાના બહુ કોડ હતા.

મહારાણી એલિનાએ પોતાના પાટવી કુંવર મોરટનને ઘોસ સેહેનશાહની ચઢાઈની ધાસ્તીથી મોકલ્યો હતો. તે કામને સારૂ પ્રથમ તેણે દેશી અને પરદેશી તમામ મુશીઅન ફોજની કવાયદ લીધી. પછી સઘળા મંડળીક રાજાઓના આમંત્રણથી દરેકની રાજધાનીમાં પધારી તેમના લશ્કરની પણ કવાયદ કરાવી જોઈ. એ મુસાફરીમાં તેને માલમ પડયું, કે ખાસ પોતાના અને મંડળીક રાજાઓના લશ્કર સિવાય પ્રજાવર્ગમાંથી કવાયદ શીખેલાં ઘણાં માણસો સ્વદેશ રક્ષણાર્થે પોતાની સાથે એ ઘોસીઅન શત્રુઓ સામે યુદ્ધ કરવા

આવવા ઘણા ઇંતેજારછે. વળી એ દેશના દક્ષિણ ભાગની પ્રજા-એનો પોતાને ખરચે, પોતાને પોષાકે અને પોતાનેજ હથિઆરે તેની પાછળ જીવ આપવા તત્પર છીએ એવી અરજી સુદ્ધાંત મોકલી દીધી. ધન્ય છે! એઓને, અને એમની સ્વદેશ પ્રીતિને !! ઘોસીઅન શાહને તેના મુશદેશમાં રહેનાર એલચીએ એવી ખબર મોકલી કે તમારા હુમલાની વાત જાણીને મહારાણી એલનાએ પોતાના પાટવી પુત્રને પુષ્કરાવર્તક ખાતે મોકલ્યો છે. તેણે ત્યાં જઇને ત્યાંના તમામ સૈન્યનું અધિપત્ય ધારણ કર્યું છે. એ સૈન્યવિના ઘણા સ્વદેશી લોક એની સાથે તમારી સામે યુદ્ધ આપવા તત્પર થયાછે; માટે હવે શું કરવું ? તેનો વિચાર તમારે કરવાનોછે. એ ખબર સાંભળીને ઘોસીઅનશાહે સિમાડાપરના એકજ શાહને લાલચ અને લાંચથી પોતાનો મિત્ર કરી લેઈ યુદ્ધ પ્રસંગ નહિ લાવતાં હાલ પાછા આવવા પોતાના સેનાપતિને હુકમ કર્યો. એ હુકમ પહોંચતાંજ તે સેનાપતિ ઘોસ સેહેનશાહના ફરમાવ્યા પ્રમાણે માત્ર એકજ શાહને ઘણું દ્રવ્ય અને મોટી મોટી લાલચો બતાવી મુશ એલચીથી છાનારીતે ઘોસ સેહેનશાહના પ્રમાણિક મિત્ર રહેવાની કબુલાત લખાવી લેઈ પાછો વળ્યો; તે પોતાની રાજધાનીમાં પહોંચ્યો નહિ હોય એટલામાં તે ફરી ગયો; અને પેહેલાંની પેઠે મુસરાજનો આધિન મિત્ર થઈ રહ્યો. એ વાતની ખબર તેના દરબારમાં રહેનાર ઘોસ એલચીએ પોતાના સેહેનશાહના રાજની સરહદ અને પુષ્કરાવર્તકની સરહદ વચ્ચે થોડોજ પ્રદેશ બાકી રહ્યો હતો. એ બાકીનો પ્રદેશ જીતાવો ઘણો મુશ્કેલ હતો. ઘોસીઅન લશ્કર નિષ્ફળ થઈ પાછું ગયું, એવા સમાચાર પાટવી કુંવરે પોતાની માતાને લખી મોકલ્યા. તેના જવાબમાં મહારાણી એલનાએ પોતાના પ્રતિનીધિને લખી મોકલ્યું, કે સિમાડાપરના શાહો ઘોસ સેહેનશાહને કદાપિ તાબે થાય; તોપણ ફિકર નથી. તમારે એ દેશના સ્વદેશીઓ પોતાના દેશનું રક્ષણ કરે એવી રીતે તેમને કેળવણી આપવી, એટલે બસછે. આપણો સંબંધ એ અધિરાજ સાથે ઘણો નિકટ છે; માટે કાંઇપણ લોભ અથવા ખોટો સ્વાર્થ નહિ રાખતાં પુષ્કરાવર્તકનું રાજ અને ત્યાંની રાજનીતિ ત્યાંના સ્વદેશી-

ઓના હિતને સારૂ છે, એવી એ પ્રજાની ખાતરી થાય, તેમ તેમની સાથે વર્તવું. ઘોસ સેહેનશાહને ફતેહ પામવાની આશા તો નથીજ; અને કદાપિ એકવાર ફતેહ પામ્યો, તો તેનાથી ટકીને રાજ ચલાવવું મુશ્કિલ પડે, એ માટે પ્રજા પોતાના રાજકર્તા તરફ ખરેખરી વફાદાર રહે; અને કોઈ બીજા પરદેશીઓને પોતાના દેશમાં પેસવા દે નહિ એવું કરવું. મને લાગેછે, કે એ દેશની પ્રજા હવે પોતાનો ખરો હક સમજતી થઇછે, તેથી એ લોક ઘોસ જેવા આપ અખ્તિઆરી રાજાને કદી પસંદ કરવાના નહિ; કેમકે એમણે ઘણી મુદત સુધી એવા સ્વેચ્છિક મ્લેચ્છ પાદશાહોનો ઘણો અનુભવ લીધેલો છે. તમારે એ ઘોસ સેહેનશાહ પોતાના દેશમાં કેવી રીતની રાજનીતિ ચલાવેછે; અને એ રાજનીતિથી તેની પ્રજા કેટલી સુખીછે; તથા વિદ્યાકળામાં કેટલી આગળ વધી છે, વગેરે બાબતોથી સ્વદેશીઓ સંપૂર્ણ વાકેફગાર થાય, તેવા ઉપાય કામે લગાડવા. એમ કરવાથી સ્વદેશીઓના દિલમાં એ ઘોસ સેહેનશાહવિશે તિરસ્કાર ભરેલો ગુસ્સો ઉત્પન્ન થશે. મહારાણી એલેનાની આજ્ઞા પ્રમાણે મુખ્ય મુશીઅન હાકેમે ઘોસ રાજમાં ફરી આવેલા એક અનુભવી સ્વદેશી વિદ્વાન પાસે ઘોસદેશ, તેની રાજનીતિ અને પ્રજા સ્થિતિ વિશે એક ગ્રંથ રચાવી પ્રજા વર્ગ તેને સેહેલથી વાંચે, એવી જોગવાઈ કરી આપી. સ્વદેશી પ્રજાનો ઘણો ભાગતો એ દેશ અને ત્યાંના રાજ વહીવટથી તથા એ ઘોસ સેહેનશાહ ઉપર તેની પોતાની ખાસ પ્રજા કેટલી ફીદા છે, એ સઘળી બાબતોથી તે દેશથી આવતાં છાપા પત્રોથી જાણીતો થયેલો હતો; તોપણ તેમને ઉપરના ગ્રંથથી એ બાબતનો સંપૂર્ણ અનુભવ મળવા માંડ્યો. એ પુસ્તકની અસર સ્વદેશીઓમાં એટલી બધી થઈ કે કેટલાક લુચ્ચા અને ખટપટીઆ સ્વદેશીઓ પોતાનો દુષ્ટ હેતુ પાર પાડવા સારૂ રાજ ઉથલપાથલ કે બળવો સળગવાની રાહા જોઇ શિઆળની પેઠે વસે મોઢે બેસી રહેલા હતા, તેવા સ્વદેશીઓનાં મન પણ ફેરવાઈ જઈને મુશ રાજને ખરા અંતઃકરણથી ચાહાવા લાગ્યા. બીજી વફાદાર પ્રજા પોતાના રાજકર્તા તરફ વધારે રાજભક્તિ જણાવા લાગી

વળી પેલા સ્વદેશી ત્યાગી આગેવાનોએ પોતપોતાના પ્રાંતોમાં ફરીને પ્રજાની ખાતરી કરી આપી કે તેમને તેમના અંતઃકરણથી ધોસીઅન શબ્દનો જેટલો ધાક હતો તેટલોજ બલકે તેથી વધારે ધિક્કાર હવે ઉત્પન્ન થયો છે. જેનો પ્રથમથીજ અમારા દિલમાં ધિક્કાર ભર્યો ત્રાસ હતો, તેનો પાછળથી પ્યાર શી રીતે થાય ? મુખ્ય મુશ હાકેમે રાજકુંવર મોરટનના કહેવાથી સ્વદેશીઓને કેટલાક વધારે હક આપી રાજી કર્યા; પણ સ્વદેશી થઈ ગયેલા મુશીઅનો અને તેમની સોબતથી કેટલાક હલકા મુશીઅન અધિકારીઓ એમ કરવામાં આડે આવ્યા, તેથી તેઓ સ્વદેશીઓની ચઢતીથી કેટલા રાજી હતા, એ સ્પષ્ટ દેખાઈ આવ્યું; અને તેમની અદેખાઈ ખરેખરી બહાર પડી આવી. તેમણે પોતાના હાકેમને ભાંડ્યો, અપમાન આપ્યું, ને પોતાની મંડળીમાંથી તેને હડેધૂત કરી દૂર કર્યો, એટલુંજ નહિ પણ તેમણે પોતાના સ્વદેશમાં એની વર્તણુંક વિશે ઘણા બેવકૂફી ભરેલા પત્રો લખ્યા; તોપણ તેની દરકાર ન કરતાં એ હાકેમે સ્વદેશી પ્રજાને મુશીઅનો જેટલીજ છૂટ આપી. એ મુશીઅનો રાજકુંવર મોરટનને સમજાવવા લાગ્યા કે રાજકર્તા પ્રજા અને તાબાની પ્રજા વચ્ચે થોડો પણ ફેર હોવોજ જોઇએ. પાટવી કુંવરે જવાબ આપ્યો કે એક મુઠીભર મુશીઅનો સારૂ કંઈ કરોડો આત્માને દુખી કરી તેમનાં મન શોકાતુર અને ઊંચાં કરવાં વાજબી નથી. તેમ કરવાથી આપણા ઉપર જગતકર્તા પણ રાજી રહે નહિ; માટે જે થાયછે તે, વાજબીજ થાયછે. એથી મુશીઅનો જરા ઝાંખા પડ્યા; તોપણ તેમણે પોતાનો હાથ ઉપર રાખવાને બુડતા માણસની પેઠે ઘણાં ફાં ફાં માર્યા ત્યારે જુજ વખત માટે થોડા ફાવ્યા ખરા; પણ તે જ્યારે સાચાં જૂઠાં મોતીભેગાં બેરડ્યાં ત્યારેજ ફાવ્યાં. ધોસીઅન લોકપર સ્વદેશીઓ કેટલો ધિઃક્કાર કરેછે, તે સંબંધી સઘળી હકીકત મુખ્ય હાકેમે રાજકુંવરની મારફત મહારાણી એલનાને લખી મોકલી. તે વાંચીને મહારાણી અને તેની રાજસભા અત્યંત ખુશી થઈ, એટલુંજ નહિ પણ જ્યારે એ વાત ત્યાંની મુશ પ્રજાના જાણવામાં આવી ત્યારે, તે સ્વદેશીઓની રાજભક્તિનાં વખાણ કરવા

લાગી. મહારાણી એલનાએ પુષ્કરાવર્તકમાં જાહેરનામાં કરાવ્યાં, કે મને મારી પુષ્કર પ્રજાની વફાદારીનો સંપૂર્ણ વિશ્વાસ છે. તે વફાદારી સ્વદેશીઓ પ્રસંગોપાત બતાવવાને ચૂકતા નથી, એ જાણી હું વધારે ખુશી થાઉંછું; અને આ સાથે મોકલેલી યાદીમાં લખ્યા પ્રમાણેના માનવંતા ખેતાબો હું મારી રાજસભાની સંમત્તીથી એમાં લખેલા મોટા મોટા મંડળીક રાજાઓને ઇનાયત કરૂંછું, તે તેઓ ખરા અંતઃકરણથી સ્વીકારશે; અને હમેશાં તેને પોતાના નામ સાથે જોડીને શોભાવી રાખશે, એવી આશા રાખુંછું; અને રાજકુંવર મોરટનને તમારા અધિરાજનો સેનાપતિ અને યુવરાજ નીમુંછું.

પ્રકરણ ૭ મું.

ઉપરની ખબર પુષ્કરાવર્ત્તક અધિરાજમાં પસરતાં સઘળાને અત્માનંદ થયો; અને પ્રજા પોતાનાં કામ વડા વેગથી આગળ ધકાવા લાગી. યુવરાજકુંવર મોરટન જે ઘાસ્તીને લીધે આ દેશમાં આવ્યો હતો, તે સઘળી હમણાં તો દૂર થઈ ગઈ, તેથી તણે પોતાના દિવસો એ રળીઆમણા દેશમાં મોઝમઝામાં કાઢવાનો નિશ્ચય કર્યો. એને પોતાના સ્વદેશની ઠંડી હવા કરતાં આ સમશીતોષ્ણ દેશની હવા વધારે માફક આવી, તેથી તેનું તન વધારે તનદુરસ્ત થયું; ને મન આનંદમાં રહેવા લાગ્યું. એમ છતાં તેને બીજા મુશીઅન લોકની પેઠે ભર ઉષ્ણકાળમાં ઉત્તર તરફના પહાડી મુલકમાં જઈ રહેવું પડતું. તેની મુખ્ય છાવણી પુરાતન રાજધાની વિલાસપટ્ટનથી બે માઇલ દૂર હતી. એ શેહેર આખા અધિરાજમાં તો શું; પણ આખી પૃથ્વીમાં ઝીણી નકસી અને કોતર કામને માટે જાણીતું થયેલું હતું. એ નગરથી થોડા મૈલપર એક દેશીરાજની હદમાં શિકાર રમવા લાયક વિશાળ ને રળીઆમણું મેદાન હતું. તેમાં અનેક તરેહનાં પશુ, પક્ષી અને તરેહ તરેહની વનસ્પતિ પણ હતી. એ મેદાનમાં એ યુવરાજ ઘણીવાર શિકારે જતો હતો. તેમ પડોશી જુવાન ક્ષત્રી રાજવંશી પણ એમાં શિકારને માટે ઘણીવાર આવતો હતો. એ રાજવં-

શીનું નામ વિરવિજયસિંહ હતું. આ રાજવંશી પણ યુવરાજની પેઠે જુવાન, શિકારનો હાંસીલો અને બહુ દેખાવડો પુરૂષ હતો. તેની અને યુવરાજની મુલાકાત એ મેદાનમાં ઘણીવાર થતી. એમ કરતાં એ બેઉના સ્વભાવ મળતા આવવાથી ધીમે ધીમે પ્રીતિમાં વધારો થઈ તેમને મિત્રાચારી બંધાઈ. એને લીધે યુવરાજકુંવર ઘણીવાર એ રાજવંશીને ત્યાં જતો, અને એ રાજવંશી પણ કોઈ કોઈવાર શિકારેથી બારોબાર યુવરાજને પેતાને ત્યાં આગૃહ કરી તેડી લાવતો હતો. એ વિરવિજયસિંહ રાજાનું લગ્ન એક મોટા કુળવાન ક્ષત્રી રાજાને ત્યાં થયું હતું. તેની રાણીનું નામ વીરમતિ હતું, તેને રૂપસુંદરી કરીને એક મહા રૂપવંતી, ગુણવંતી અને સુકુમાર પુત્રી હતી. તેનાં વિના તેમને કાંઈ બીજુ સંતાન હતું નહિ, તેથા એ પુત્રી તેનાં માતપિતાને બહુ વહાલી અને લાડકવાઈ હતી. એ કુંવરીનાં રૂપ, ગુણ અને બુદ્ધિનાં વખાણ સઘળાં દેશી રાજ્યોમાં ગવાઈ રહ્યાં હતાં. તે એટલે સુધી કે હરેક દેશી રાજવંશીને ત્યાં કોઈ કન્યાનું માગુ લાવનાર ત્રાહીતજન કન્યા વિશે વખાણ કરવા માંડે, ત્યારે તે રાજવંશીઓ કહેતા કે શું ! એ કાંઈ રૂપસુંદરીથી અધિક છે !" એ પ્રશ્નનો ઉત્તર સામા માણસને દિલગીર થઈને ના, એટલી બધી તો નહિ, એવો આપ્યા વિના ચાલતું નહિ. એ કુંવરીનો પિતા રાજા વિરવિજ્યસિંહ પણ શૂરો અને પ્રમાણિક હતો. તેણે પોતે ઉંચી જાતની કેળવણી લીધેલી હતી. તેમ તેણે પોતાની કુંવરીના રૂપ પ્રમાણે તેને ઘણી ભણાવી ગણાવીને ચતૂર બનાવી હતી. સંગિત, નૃત્ય અને વાદ્ય બજાવવાના કામમાં તે એક એક્કો હતી. રાજનીતિમાં પણ તે બહુ નિપૂણ હતી. તે તેના પિતાને ઘણીવાર અવઘડ વખતે સારા વિચાર આપતી હતી, તેમ તેનો પિતા પણ ખરી આપટીની વખતે તેની સલાહ લીધા વિના રહેતો નહિ. તે તેની સમયસૂચકતા અને હાજર જવાબીથી બહુ સાનંદાશ્ચર્ય પામતો હતો. તે જ્યારે પુરાં સોળ વરસની થઈ, ત્યારે એક દિવસ તેના પિતાએ તેના લગ્ન સબંધી વાત કાઢી, ત્યારે તેણે જરા શરમાઈને નીચું જોયું, પછી નમ્રતાથી ધીમે રહી બોલી કે હે! પિતાજી, આપ મારૂં લગ્ન કરીને મને હમેશને માટે વધારે સુખી કર-

વાને ચાહોછો. માતા પિતાનો એ હેતુ ઘણો સ્તુતિપાત્ર છે. આપણા રજવાડામાં માબાપ, ભાટ અને રાજગોરના કહેવા ઉપર વિશ્વાસ રાખી લાકડેમાંકડું જોડી આપેછે. પછી તે જોડાં સુખી થવાને બદલે ઉલટાં દુખી થાય છે. કેટલાંક કૂટાઈ કૂટાઈને ઠેકાણે આવે છે; અને કેટલાંકને તો જન્મપર્યંત મળતા વિવેક આવતાજ નથી; માટે મારી એટલી વિનતિ છે કે સ્વયંવર મંડપમાં ખરા ક્ષત્રીની પરીક્ષા કરી લગ્ન કર્યું હોય તો ઠીક થાય, પછીથી એમ ન બને તો હે પિતાજી હું મારાં માતા પિતાની સેવા કરવા હમેશાં તેમની હજુરમાં હાજર રહીશ; અને કુંવારો ભવ કાઢીશ; પણ તે વાતનો લગારે બળાપો કરીશ નહિ. એ સાંભળી મહારાજા વિરવિજયસિંહે જવાબ આપ્યો, કે કુંવરી! તારો વિચાર સ્તુત્ય છે; અને હું પણ તેમ કરવાને અંતઃકરણથી ખુશીછું. જો એમ થાય, તો આપણાં ધનભાગ્ય કે આપણે માંડવે સઘળા રાજવંશીઓ પધારે; પણ આજ હું તારી માતાને એ વિશે પૂછી જોઇશ; અને તે તેમ કરવા હા કહેશે, તો પછી હું દરબારમાં જઈ જોશીને પૂછી લગ્નદિવસ મુકરર કરીશ. પછી આપણા મુદ્રાલયમાં જઈ તેના અધિપતિને સુવર્ણ શાહીથી કંકોત્રીઓ છાપવા આજ્ઞા આપીશ. એ કંકોત્રીઓ પહોંચેથી સઘળા રાજકુંવરો અહીં આવશે. તેમાંથી તારી નજરમાં આવે તેને વરજે. એમ કરવું મને તો ઘણું સારૂં લાગે છે; કેમકે પછી વિવાહ કરનારને અને કરાવનારને દુહિતાઓના મૂખની ગાળો ખાવાની રહે નહિ.

પિતાની વાત સાંભળીને રૂપસુંદરીનું મન વધારે પ્રફુલ્લિત થયું. તેનું તેજ દિવસે દિવસે વધતું ચાલ્યું. રાજા વીરવિજયસિંહે પોતાની સ્ત્રી વીરમતિની સલાહ પૂછી દરબારમાં ગયો. ત્યાં જોશીને બોલાવી લગ્નદિવસ મુકરર ઠરાવ્યો; પછી મુદ્રાલયના અધિપતિને બોલાવી સુવર્ણ અક્ષરે નમ્રતા ભરેલી કંકોત્રીઓ છાપી લાવવાની આજ્ઞા કરી. તે તેજ પ્રમાણેની કંકોત્રીઓનો રંગબેરંગી કાગળનો થોકડો છાપી લાવ્યો, પછી મહારાજાએ પોતાના પ્રધાનની મારફતે નામઠામ ને દહાડો વાર નંખાવી સહીશિક્કો કરાવી જેની તેને રાજપુરોહિતો સાથે રવાના કરી દીધી, નગરમાં અને મહેલમાં સઘળે વિવાહની તૈયારીઓ આ-

લવા લાગી. પોતાના મહારાજાની આજ્ઞાથી દીવાન અને નગરનો કોટવાળ શેહેર બહાર જુદા જુદા રાજ્યવંશીઓને ઉતરવા સારૂ જગો સાફ કરી બજાર મંડાવાની તૈયારી કરવા લાગ્યા. એ સ્વયંવરની વાત સાંભળીને આસપાસના વેપારીઓ અગાઉથી આવી પોતપોતાની દુકાનો જમાવા લાગ્યા. તેમ જુદી જુદી પ્રકારના બાજીગરો, ખેલાડીઓ, નટો, મદારીઓ અને ભાંડભવાયા તથા રામજણીઓ આદિ વિવિધ પ્રકારના લોક એકઠા થવા માંડ્યા. રાજમેહેલમાં નગરમાં અને નગર બહાર એ પ્રમાણે વિવિધ પ્રકારની ધામધૂમ ચાલી રહી. એવામાં રાજકુંવરી રૂપસુંદરી પોતાની કેટલીક સાહેલીઓ સાથે રાજબાગમાં રમવા ગઈ. બાગમાં કેટલીકવાર સુધી આમતેમ ફર્યા પછી તે સઘળી સખીઓને લેઈ બાગ માંહેના દેવાલયમાં ગઈ. બીજી છોકરીઓ ગીત ગાવા લાગી; અને રૂપસુંદરી એકચિત્તે જગતપિતાની પ્રાર્થના કરવા મંડી. તે પુરી થયા પછી જગતવંદ્યા પ્રભુને નમન કરી જેવી પાછી વળી, તેજક્ષણે તેની ડાબી આંખ ફરકવા લાગી; ત્યારે તે હર્ષમાં આવી પોતાની સખીને પૂછવા લાગી કે હે સખી ! આ સ્થાનક હું મારા મનમાં ચિંતવન કરૂંછું, તેવો લાભ મળવાનું નથી; એમ છતાં આ મારી વામ અક્ષી કેમ ફરકતી હશે? સખીએ જવાબ દીધો કે આ સ્થાન ગમે તેવું શાંતછે; તો પણ જગતપિતાને જે કરવું હોય તે ગમે તેવા સ્થાનમાં કરી શકે છે; અને જે ક્ષણે તેની ઈચ્છા થાય છે, તેજ ક્ષણે સઘળાં દ્વાર આપોઆપ ખુલી જાય છે. રૂપસુંદરીએ આતૂરતાથી કહ્યું, ત્યારે શું! એ જગતપિતા મારો મનોરથ સિદ્ધ કરશે? સખીએ જવાબ દીધો, હા તે સૌની આશા પુરેછે, તો તમ જેવાંની કેમ નહિ પુરે? એ જવાબથી તેનું મન પુરેપુરો સંતોષ પામ્યું નહિ; અને એ થકી ઉલટી તેના મનને વધારે ગડભાંગ થવા માંડી. તે ઉપરથી તેણે પોતાની સખીને ધીમે રહીને કહ્યું, કે બેહેન મારૂં ચિત્ત હમણાં ઠેકાણે નથી. પિતાજીએ સ્વયંવરની કંકોત્રીઓ લખી, ત્યારથી મારૂં મન તરંગે ચડ્યું છે. તે સર્વની આશા પુરનાર જગદીશ્વર ઠેકાણે પાડશે, ત્યારેજ પડશે. હમણાં તો મારા મન રૂપ આકાશ તરંગ રૂપ વાદળોએ ઢાંકી મૂકેલું છે, ચાલો ફર્યા કરે છે;

પણ એ સોદામાંથી જગતપિતા કેવો માટ ઘડાવે છે, તે જાણવાને મારૂં ચિત્ત હમેશાં ચિંતાતૂર રહેછે. આજ હમણાં મને શુભ ચિન્હ થાયછે; તો પણ હમેશાંના કરતાં મારૂ ચિત્ત બહુ ઉકળેલું છે; તેથી હું એકલી માધવી મંડપમાં જઈ મારા જીવને શાંતિ પમાડું, એમ થાય છે. હું પાછી આવું, ત્યાંસુધી તમે કોઈ પણ ત્યાં આવશો નહિ. સઘળાં અહીંજ ગાજો અને રમજો. એવું કહીને રૂપસુંદરી એકલી માધવી મંડપમાં જઈ બેઠી; અને પરમેશ્વર પોતાને મન ચિંતવેલો મધ્નવર મેળવે, તે માટે તેની એકાંતમાં બેશી પ્રાર્થના કરવા લાગી. એવામાં યુવરાજકુંવર મોરટન મુશ છાવણીમાંથી શિકારે નીકળી પડ્યો હતો. તે એક કાળા હરણ પાછળ પોતાનો ઘોડો પુરસપાટામાં દોડાવતો દોડાવતો છેક રાજબાગની વાડ સુધી આવી પહોંચ્યો. હરણ બાગમાં પેસી ગયું, તે માધવી મંડપમાં જ્યાં સુપસુંદરી બેઠી હતી, તેના મોં આગળ થઈ દોડતું પસાર થઈ ગયુ. તે ગભરાટની મારી આમ તેમ જોવા લાગી, તો એક જુવાન ખૂબસુરત, ગોરા ગબરૂ ગાલવાળા રાજકુંવરને વાડ કૂદાવી ઘોડા સહિત અંદર આવી ઉભેલો જોયો. બેઉની નજર અરસ્પરસ મળતાં તેમના મનમાં ઘણા દિવસથી રમી રહેલો કુદ્રતિ પ્યાર ઉભરાઈ આવ્યો. રૂપસુંદરીએ હર્ષમાં આવી શૃંગાર લજ્જા કરી બતાવી. ત્યારે યુવરાજકુંવર ઘોડાપરથી ઉતરી તેને દોરીને રૂપસુંદરીની પાસે આવી ઉભો; અને બોલ્યો કે આ બાગ તો મહારાજા વારવિજ્યસિંહનો છે, તેમનાં તમે શું સગાં થાઓ છો ? રૂપસુંદરીએ ધીમે રહીને સ્ત્રી લાવણ્યતાથી જવાબ દીધો, કે હું તેમની પુત્રી થાઉંછું. યુવરાજે હસતાં હસતાં કહ્યું, ત્યારે શું હમણાં લગ્ન સમારંભ ચાલે છે, તે તમારોજ કે ? રૂપસુંદરીએ જવાબ દીધો, હાજી. યુવરાજે કહ્યું મેં સાંભળ્યું છે, કે તમારા લગ્ન પ્રસંગે સ્વયંવર થનાર છે. તમને વરનાર કોઈ ભાગ્યશાળી રાજવંશી હશે. સ્વયંવરમાં તમે ભરથાર શી રીતે પસંદ કરશો ? તમો નામદાર જાણો છો કે હું તમારાં રજવાડાંની રીતભાતથી કેવળ અજાણ્યોછું; માટે મને કહેવાની કૃપા કરશો એવી આશા રાખુંછું. એ સાંભળી રૂપસુંદરીએ હર્ષમાં આવી જવાબ દીધો કે અમારામાં ઘણાં જન્ તો

માતાપિતા પોતાની પુત્રી સારૂ કોઈ લાયક ઘરનો વર ખોળીને કરે છે. એવાં લગ્નથી જોડાયલાં જોડાંમાં ભાગ્યે સેંકડે પાંચ સાત સુખી થતાં હશે; અને બાકીનાં સઘળાં જીવતા સુધી દુખી થાયછે, એટલુંજ નહિ પણ તેઓ પછીથી પોતાનું જીવતર નકામું ગણે છે; અને આવા ગમનનો ફેરો વ્યર્થ કંકાસમાં કાઢેછે. વળી તેમાં પુરૂષો તો પોતાને મનગમતું કરી લેછે; પણ બિચારી સ્ત્રીનો ભવ વ્યર્થ જાય છે; માટે મેં મારા પિતા પાસે સ્વયંવર રચાવ્યો છે. તેમાં આ અધિરાજના સઘળા રાજકુંવરો આવશે. તેઓ સઘળા લગ્નને દિવસે ભભકાદાર પોષાક પેહેરી બની ઠણીને સભામંડપમાં આવી પોત પોતાને સ્થાનકે બિરાજશે. તેમાંથી જે બહાદુર રાજવંશીએ મેં જે પણ કર્યુંછે, તે પાળશે, તેના ગળામાં હું સઘળા દેખતાં વરમાળ આરોપીશ; અને મારો પતિ કરી સ્થાપીશ. મેં મારા મનમાં જે સ્વામિ મેળવવાનો મનોરથ કીધેલો છે, તે જો ,જગતપિતા મને ખુશીથી આપશે, તો હું તેની ભવોભવ આભારી થઈશ. આપ નામદારે મને નહિ દીઠી હશે; પણ મેં આપને ઘણીવાર મારા મેહેલમાં મારા પિતા સાથે પધારેલા નિરખ્યા છે. મેં જ્યારે આપને પ્રથમ જોયા ત્યારથીજ મારા મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો હતો. આવો ભાગ્યશાળી નર મારો મારે હોયતો કેવું સારૂં! (એ પ્રમાણે બોલતાં બોલતાં શરમાઈ જાય છે; અને હસતા વદનથી નીચું જોઈ પગને અંગુઠે ભૂમિ ખણે છે) તે જોઈ યુવરાજે તેને કહ્યું, કે બોલો બોલો અટકોછો, શામાટે? રૂપસુંદરીએ આગળ કહેવા માંડયું કે; આપ ચતુર પુરૂષ છો, એટલે મને સ્ત્રી જાતને વધારે શું કહેવરાવોછો? એ સાંભળી યુવરાજે કહ્યું. આજે તમને પ્રથમ જોતાંજ મારા અંતઃકરણની પ્રીતિ ઉભરાઈ બહાર પાડવ,તું કરે છે; પણ મર્યાદાને વશ થઈ એ પ્રીતિ બહુ મુશ્કેલીથી દાબી રાખુંછું, તમારા બોલવાથી પણ તમારી મારાપરની પ્રીતિ ખરેખરી બહાર પડે છે, એ ઉપરથી જણાયછે કે આપણ બેઉની પ્રીતિ પરસ્પર સમાન છે. આ દેશમાં મને એકલાં રેહેવું બીલકૂલ ગમતું નથી. હું અહીં ઘણા માસ થયાં આવેલોછું; અને હજુ મારે ઘણો વખત આ દેશમાં રેહેવું પડશે. તમારા દેશની

હવા એવીછે કે સ્ત્રીઓને પોતાનું પતિવ્રત અને પુરૂષોને પોતાનું પતિવ્રત લાંબી મુદત ગાળવું મુશ્કેલ પડે, એમાં નવાઈ નથી. એ કારણથીજ સ્ત્રી અને પુરૂષો નાની ઉમ્મરમાં જુવાની ધારણ કરે છે. હું મારા દેશ કરતાં આ દેશની સ્ત્રીઓની ખુબસુરતી, નાજુકાઈ, બાંધો વિગેરે જોઇને ખુશી થાઉંછું, તેમાં વળી રાજવંશી ક્ષત્રાણી. આના રૂપથી તો પરિસામા છે. સઘળી રૂપવંતી ક્ષત્રાણીઓમાં તમે એક રત્નરૂપ છો. એમાં હું તમારાં વખાણ કરૂંછું એમ સમજશો નહિ; હું તો જે છે; અને દેખુંછું, તેજ કહુંછું. તમે જાણોછો કે પક્ષી સરખાં પોતાના માળામાં એકલાં રહી શકતાં નથી, તેમનું પણ જોડું હોયછે. આ દેશમાં આવ્યા પછી જ્યારે મારો જીવ સ્થિર થયો ત્યારે આ દેશની સ્ત્રીઓની ખુબસુરતી જોઈ તેમનાપર મારૂ મન લલચાયું; પણ અનીતિ આચરવી ખોટીછે, એવું જાણીને હું કેટલાક દિવસ થયાં મારો એકાંતવાસી મિત્ર ખોળવાનું ચિંતન કર્યા કરતો હતો. તેવામાં ઇશ્વરેચ્છાથી તમારો અને મારો આ ઠેકાણે મેળાપ થયો. હવે ભવિષ્યમાં શું થશે ? તેતો જગત્કર્તાના હાથમાંછે. અમારા દેશના પ્રાચિન કવિઓએ વર્ણવેલાં સઘળાં શૃંગાર લક્ષણો તમારામાં છે. તે હું પ્રત્યક્ષ જોઉંછું. આ અધિરાજમાં સઘળે તમારા રૂપ ગુણનાં વખાણ થાય છે, તે આબેહુબ ખરાં છે, એવી આજ મારી પૂર્ણ ખાતરી થઈ છે. જેમ તમારો તેમજ મારો જીવ પણ તમારી મનહર છબી જોઇને મોહિત થયો છે; પણ તમારા પિતા તમને મારી સાથે કેમ પરણાવશે ! એ મોટો સંદેહ છે. રૂપસુંદરીએ કહ્યું. તેઓ ગુસ્સેતો થશે; પણ ઈશ્વરેચ્છા હશે, તો આપણો હેતુ પાર પડશે; કેમકે મારા પિતા જ્ઞાની અને સુધરેલા વિચારના છે, તેથી મને આશા છે કે આપણો ધારેલો મનોરથ સિદ્ધ થશે. હું આ એકાંત સ્થાનકમાં બેઠી બેઠી જગતપિતાનું સ્તવન કરી તમારૂં ચિંતન કરતી હતી. એટલામાં તમે અનાયાસે આવી મળ્યા; માટે આશાછે કે જગત્કર્તા જે કરશે તે સારૂંજ કરશે. મેં મારો આ દેહ આપને પ્રથમથીજ અર્પણ કરેલો છે, તે હવે બીજાનો કેમ થશે ! ગમેતો આ જગાએ હજારો ક્ષત્રીનાં ધડ રવડતાં થાય, અને આકાશ પાતાળ એકત્ર થઈ જાય;

તોપણ હું મારો નિશ્ચય છોડવાની નથી. જો આપની મરજી તેમ કરવાની નહિ હોય, તો મને આજ્ઞા આપો, કે હું તે લગ્ન પ્રસંગ જોવાને જીવતી રહું નહીં. અગર આ બાગનાજ કૂપમાં પડી જગત પિતા પાસે જઈ ઉભી રહું; અને આવતે ભવે તમોને વરવાનું વરદાન માગી લેઉં. હવે આપની નજરમાં આવે, તે કરો. રાજકુંવરે ઘણીજ નમ્રતાથી જવાબ આપ્યો કે "લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જાય" એવો તે કોણ બેવકૂફ હશે ? જે આવતી લક્ષ્મિને બારણું વાસી કાઢી મૂકે ? તેના જેવો હિણકર્મા કોણ હશે ? આ ગરમ દેશમાં તમારા જેવું, રૂપનુંજ રમકડું મને, રમવા જડે, તો હું ખરેખરો ભાગ્યશાળી ગણાઉં એમાં શંક નથી. તમારી આરાધના કરવી મારા નસીબમાં ક્યાંથી લખેલી હોય? હે પ્રભુ તું તારા આશાજનક ભક્તોનો આશાપુરક પિતા છે; તો હે કૃપાનિધે ! અમે બેઉ પણ આશાબંધી છીએ; માટે અમારી વિનતિછે કે હે ભક્ત વત્સળ ભગવાન તું કૃપા કરીને અમારી આશા પુરજે. એ સાંભળી રૂપસુંદરીએ કહ્યું. તે પ્રભુ આપણી આશા પુરશેજ. એવી મારા નિર્મળ અંતઃકરણમાં તે શુભસૂચક ચિન્હો ઉપજાવી ખાતરી આપે છે. વળી આપણો ધારેલો મનોરથ નિર્વિઘ્ન પાર પડે, એટલા માટે મેં સ્વયંવરનું ખોટું નિમિત કરેલું છે. આજથી બસેં ત્રણસેં વરસ પેહેલાં અમારા બાપદાદા અને બીજા ક્ષત્રી રાજવંશીઓ આ દેશના હારૂન મ્લેચ્છ સેહેનશાહોને ખુશીથી પોતાની પુત્રીઓ પરણાવતા હતા, એટલુંજ નહિ પણ સેહેનશાહી કુળમાં પોતાની દીકરીઓ દેવી, એ સઘળા દેશી રાજવંશીઓમાં માનવંતું ગણાવા લાગ્યું હતું; અને જે રાજવંશીએ હારૂન સેહેનશાહના પુત્ર સાથે પોતાની પુત્રી પરણાવી હોય, તે રાજવંશી સૌમાં વડો ગણાતો હતો. એ સમયમાં ઘણીક ક્ષત્રાણીઓ યવન રાજકુંવરોને પરણેલી છે. કેટલાકે ગાંધર્વ લગ્ન કીધેલાં છે; અને કેટલાક સ્વયંવર કરી પરણેલી છે. હારૂન મ્લેચ્છોનો કારભારઃ નબળો પડવાથી એ ચાલ હમણાં હમણાં બધ પડી ગયેલો છે; પણ મેં તો આપને વરવાને સારૂજ સ્વયંવર આદરેલો છે. તેમાં સઘળા રાજવંશીઓને આવવાની છુટ છે; માટે આપ

પણ તે સમયે ખુશીથી પધારજો, એટલે ત્યાં પરમેશ્વર આપણી આશા પૂરશે. પાટવી કુંવરે કહ્યું. મને તમારા પિતાની કંકોત્રી પહોંચેલી છે, તેમ તમારા નગરમાં ઘણા જુવાન રાજવંશી અમીર જાદાઓ પોત પોતાના સૈન્ય સાથે આવવાંના છે, તેઓ ત્યાં સલાહ સંપથી વરતે; અને કોઈ પણ રીતની આપઅખ્તિયારી ચલાવે નહિ, એ બાબતનો બંદોબસ્ત રાખવાને સૈન્ય સાથે તમારા નગરની પડોશમાં જઈ છાવણી નાંખવાની સૂચના મુખ્ય મુશ હાકેમ તરફથી મને થયેલી છે. તેથી હું તમારે ત્યાં આવીશ તો ખરો; પણ તમે સ્વયંવર જીતનાર ઉમેદવારને માટે શું પણ કર્યું! તે કહો, તો મારા જીવને શાંતિ થાય; તેમ તમારા જીવને પણ નિવૃત્તિ રહે. રૂપસુંદરી એ કહ્યું. હજુ સુધી મેં એ પણની બાબત નક્કી ઠરાવી નથી. મારા વિચારમાં એમ આવેછે કે એ પણ એવું હોવું જોઇએ, કે હાજર થયેલા ક્ષત્રી રાજવંશીઓમાંથી કોઇએ પણ જીતી શકાય નહિ; અને છેવટ તે તમે પોતેજ પાળી શકો. યુવરાજ કુંવરે જવાબ દીધો કે આપ આંપની નજરમાં આવે તેવું, કઠિણ પણ કરો. તેમાં મને કંઈ અડચણ નથી; પણ એટલું યાદ રાખજો કે તે પણ કોઈ દેશી રાજવંશીથી સર ન થાય, એવું રાખજો. તે જ્યારે ખરેખરૂં ભય ભરેલું સખત હશે ત્યારેજ છેવટ મારા હાથ સુધી આવશે, નહિતો વળી કોઈ વિરલા ક્ષત્રી જાયા તમને પોતાનાં કરી બેસશે. આ જીવ મ આપની ખાતર ખુરબાન કરેલો છે; માટે તમ જેવું રત્ન મેળવવામાં કદાપિ જીવ જવા જેવું દુસ્તર હશે તો પણ હું પાળી શકીશ. હવેથી આપના વિના હું મારૂં જીવતર વૃથા સમજુંછું, તેથી તમે નક્કી સમજજો કે કાંતો હું તમને લઉં;. અગર નહિતો પ્રાણ ખોઉં. સ્વયંવરને હજુ પાંચ દિવસ બાકી છે, તે હવે મને પાંચ ભવ જેવડા લાંબા થઇ પડવાનાછે (નિશ્વાસ મૂકતાં) હે પ્રભુ શું! તું અમને નિરાશ કરીશ? રૂપસુંદરીએ કહ્યું. આમ વીલા કેમ બના જાઓછો? જરા હિમ્મત રાખો. તે સૌ સારાંવાનાં કરશે. મારા મનમાં એમ આવેછે, કે જે રાજકુંવર એક ઊંચા આસનપર ઉભા રહીને પુર સપાટામાં દોડી જતા ઘોડાપર દસ ફુટ દુરથી છલંગ મારી સવાર થાય,

પછી તે દોડતે ઘોડે સામે રોપેલા સ્તંભપરની વાળીને શરથી વિંધે; અને ઘોડાને ગોળ કુંડે નાંખી જમીનપરની મોહોર હાથવડે ઉઠાવી લે. એ ત્રણે કામ સાથે જે પાર પાડશે, તેને હું મારી વરમાળ આરોપીશ. યુવરાજે ખુશી થતાં કહ્યું, કે તમારી ધારણા બરોબરછે. એ ત્રણે કામ સાથે કોઈથી પણ બની શકવાનાં નથી; અને તમારી આરાધના કરનાર શેવક એ ત્રણે કામ એકક્ષણે સાથે બજાવી શકશે. મારી સખીઓ દેવાળયમાં રમે છે, તેમને ત્યાં છોડીને આ-વ્યાં મને ઘણો વખત થઈ ગયોછે; માટે તેમાંની એકાદ હમણાં મને ખોળવા આવી ચઢશે. વળી મને મેહેલમાંથી આ બાગમાં આવ્યાને પણ ઘણી વાર થઈ છે, તેથી માતાજી હમણાં કોઈને તેડવા મોકલશે; માટે મને જવાની આજ્ઞા આપો તો સારૂં. આજથી ઉમેદવાર રાજવંશીઓ આવવાં માંડશે; માટે સ્વયંવરના નિયમ પ્રમાણે મારા પિતાજી મને મેહેલની બહાર નીકળવા દેશે નહિ, એટલુંજ નહિ પણ મારા મેહેલની આસપાસ ઘણા ભરૂંસાદાર સિપાઈઓની ચોકી મૂકશે કે કોઈ ઉમેદવાર રાજા કંઈ તરેહની ખટપટ કે સરસંદેશા ચલાવી શકે નહિ. પ્રભુએ આ ઠેકાણે આપણો હમણાં મેળાપ કર્યો, તે બહુ સારૂં થયું; નહિ તો મ-નનો ઓરીઓ મનમાં રહી જાત. આપ કદી આવત નહિ, તો મારે દેશાચાલને વશ થઈ કોઈ બીજા રાજવંશીને બળાત્કારે વરવું પડત; અને તેને ઘેર પહોંચતા પહેલાં રસ્તામાંજ મારા પોતાના રથમાં અફીણ ઘોળી પીને ઓઢો તાણી હમેશને માટે ઊંઘી જવું પડત. એ પ્રમાણે ઘણી ક્ષત્રી પુત્રીઓએ કરેલું છે. વારૂ હવે મને રજા આપો. જુઓ પેલું કોઈ મને ખોળવા આવે છે, માટે આપ આ વૃક્ષની ગટામાં ઓથે સંતાઈને એ દિશામાં ચાલ્યા જાઓ. રાજકુંવરે સત્વર થઈને ચાલવા માંડ્યું; અને જોતજોતામાં બાગ બહાર નીકળી પડ્યો.

રૂપસુંદરી માધવી મંડપમાંથી દેવાલય તરફ ચાલી, તેને રસ્તામાં એક દાસી સામી મળી. તેણે કહ્યું કે બેહેનબા, આપને માજીસાહેબ બો-લાવે છે. આજ તમને પીઠી ચઢાવવાનું મુહૂર્ત છે. તેઓ તમને ક્યારનાંએ ખોળે છે. મેં દેવાલયમાં જઈ તપાસ કરી તો તમે માધવી

મંડપમાં ગયાં છો, એવી ખબર મળી. હું ત્યાં આવતી હતી, એટલે તમે સામાં મળ્યાં. રાજગોર ક્યારનાએ આવીને બેઠેલા છે. તેમણે ગણુપતિ સ્થાપન કરાવ્યું છે; અને હવે તમને પીઠી-ચોળ્યા પછી ગૃહશાંતિ કરવાની છે; માટે આપ ઉતાવળાં ચાલો. તેઓ સઘળ બાગમાંથી મેહેલમાં ગયાં, ત્યાં રૂપસુંદરીને પીઠી ચઢાવ્યા પછી ગૃહ શાંતિ કરી. બે ચાર દિવસ સુધી પીઠી ચોળીને સ્નાન કરવાથી રૂપસુંદરીનું રૂપ વધારે ખીલી નીકળ્યું. મહારાજા વીરવીજયસિંહે એના મેહેલની આસપાસ ફરતાં સઘળે ચોકી પેહેરો મૂકી દીધો, કે કોઈ રાજા કાંઈ પણ તરેહની ખટપટ કરી શકે નહિ. બીજી સવારથી દેશદેશના અધિપતિઓની સવારી આવવા માંડી, તેમને આદરસન્માન આપી વીરવિજયના પ્રધાનો તેમના ઠેરવેલા મુકામપર પહોંચાડતા હતા; અને તેમને જોઇતી સામગ્રી પુરી પાડવાને બંદોબસ્ત કરતા હતા. ઘાસ દાણો અને પાણી એટલા પદાર્થો મહારાજા વિરવિજયની તરફથી તેમના ચાકર નફરો પુરો પાડતા હતા. એમ કરતાં લગ્ન દિવસ આવી પહોંચ્યો, તેની આગલી સાંજે યુવરાજકુંવર મોરટન ભભકાદાર સ્વદેશી મુશીઅન ફોજ સાથે આવી પહોંચ્યો. તેણે પોતાનો મુકામ સૌથી દૂર એકાંત જગાએ રાખ્યો હતો. પછી તેણે ત્યાં ભેગ મળેલા રાજાનાં માણસો પ્રજાને કોઈ પણ પ્રકારની ઈજા ન કરે, અને વસ્તુ દામ આપીને લે, તેવો પાકો બંદોબસ્ત પોતાની ફોજના સિપાઇઓથી કર્યો. લગ્નને દિવસે સવારના નવ વાગેથી સ્વયંવર મંડપમાં રાજાઓ પધારવા લાગ્યા.એ રાજાઓ સાથે એક ચાકર અને પોતાનો એક પ્રધાન એટલાંથી વધારે માણસો સભામંડપમાં દાખલ થઇ શકતાં નહિ. પુષ્કરાવર્તક અધિરાજના સઘળા રાજાઓ આવી રહ્યા પછી યુવરાજકુંવર મોરટન પણ આવી પહોંચ્યો. તેના ભભકા, ઠાઠ અને તેજ આગળ સ્વદેશી રાજવંશીઓ ઝાંખા દિસવા લાગ્યા. સઘળાએ ઉભા થઇને તેને માન આપ્યું. પછી તેને મહારાજા વીરવિજયસિંહે સૌથી પેહેલા સિંહાસનપર બેસાડ્યો. સઘળા સ્વદેશી રાજાઓના સમજવામાં આવ્યું, કે યુવરાજ કુંવર મોરટન આપણો સ્વયંવર જોવા સારૂ પધાર્યા હશે. સ્વદેશીરાજાએ

આવા મેળાવડા સમયે હમેશાં બેસવાના ચડતા ઉતરતા આસન સારૂ લઢી મરતા હતા. એ લઢાઈ મહારાણી એલિનાંએ ભૂમિ અને ઉપજ પ્રમાણે તેમનો અનુક્રમ નંબર ઠેરવી ભાગી નાંખી હતી, તેથી આ સમયે એવી તકરાર થઈ નહિ. બરાબર બાર વાગતા સુધીમાં સઘળા અધિપતિઓ આવી પહોંચ્યા, ત્યારે મહારાજા વીરવિજયસિંહે ઉભા થઇને સઘળા રાજવંશીઓ સાંભળે તેમ કહ્યું, કે રાજકુંવરી રૂપસુંદરીએ એવું પણ કર્યુંછે, કે જે રાજવંશી એક ઊંચા આસન ઉભા રહીને પુરસપાટામાં દોડી જતા ઘોડાપર દસ ફુટ દુરથી છલંગ મારી સવાર થાય; ને પછી તેજ ઘોડે દોડતાં સામે રોપેલા લોહસ્થંભપરની વાળીને વિંધ્યા પછી ઘોડાને ગોળકુંડે ફેરવી જમીનપર મૂકેલી મોહોર હાથવડે ઉઠાવી લે. એ ત્રણે કામ સાથે પાર પાડનારને એ કુંવરી પોતાની વરમાળ આરોપી પોતાનો પ્રિય પતિ કરી સ્થાપશે. હવે લગ્નમુહુર્તને બે ઘડીની વારછે, માટે તેટલામાં જે ક્ષત્રી પુત્રોને એ પ્રયોગ અજમાવવાની ઇચ્છા હોય, તે બેલાશક અજમાવે. સ્વદેશી રાજાઓમાંથી ઉઠવાની હિમ્મત કોઈની પણ ચાલી નહીં. કેટલાક અપમાન સહિત નિષ્ફળ થયા અને તેમનાં નાક તથા હાથ પગ ભાંગી ગયા. એ જોઈ બાકીના ઉઠ્યાજ નહીં. આશરે અર્ધી ઘડી થયા પછી, યુવરાજ કુંવર પોતાની જગાએ ઉભો થઈ એ પ્રયોગ અજમાવી જોવા તૈયાર થયો. કન્યાના પિતા સુદ્ધાં સઘળા રાજાઓના મનમાં હતું, કે એ ઉભો થયો છે ખરો; પણ એનાથી એ પણ પંકાવાનું નથી. એવા વિચારથી યુવરાજને એ પ્રયોગ કરતાં કોઇએ અટકાવ્યો નહિ. રાજા વિરવિજયના મનમાં એથી જરા દિલગીરીતો થઈ ખરી; પણ તેના મરતબા પર વિચાર કરીને તે કાંઈ બોલ્યો નહિ. યુવરાજ કુંવર મોરટને સઘળાના દેખતાં એ ત્રણે કામ ફતેહમંદીથી પાર પાડ્યાં. તે જોઇને તેને શાબાશી આપ્યા પછી સઘળા સ્વયંવર મંડપમાં આવી પોત પોતાના સિંહાસનપર બેઠા. રૂપસુંદરી હાથમાં વરમાળ લેઈ તૈયાર થઈ ઉભી રહેલી હતી, તેણે આવીને યુવરાજના ગળામાં હર્ષસહિત વરમાળ આરોપી, એ કુંવરીના તેજના ઝબકારાથી સઘળા રાજવંશીઓ અંજાઈ

ગયા. રૂપસુંદરી અને યુવરાજ એ બેઉ રાજગોરની આજ્ઞાથી માહે- રામાં ગયાં. ત્યાં તેમનાં વિધિપૂર્વક લગ્ન થયાં. એ લગ્નવિધિ ચાલવા દેવામાં યુવરાજે કંઈ આનાકાની કરી નહિ. માહેરામાંથી ઉઠી મંડપમાં આવ્યા પછી યુવરાજે પોતાના નામની વીંટી રૂપસુંદરીની આંગળીએ પેહેરાવી. રાજા વીરવિજયસિંહતો આ બનાવથી દિગમૂઢ સરખો બનીને ત્યાંજ ઉભો રેહેલો હતો. તે પોતાના મનમાં કહેતો કે અરે! આતે શું થાય છે? આતે રાતછે કે દિવસ? હું ઊંઘુછું, કે જાગુંછું. શું હું આ બનાવ સ્વપ્નમાં તો નથી દેખતો? એ પ્રમાણે મનમાં અનેક તરેહના ચિત્ર વિચિત્ર તરંગ આવતા હતા. વળી એ મંડપમાં હાજર થયેલા રાજવંશીઓ પોતાના દિલમાં જરા કચવાયા તો ખરા. પણ તેઓ સઘળાને મુગ સેહેનશાહની બીક જબરી હતી; માટે એ જોડું પરણીને મંડપમાં આવ્યું, ત્યારે સઘળાએ ઉપર ઉપરથી માન આપી ખુશી બતાવવા માંડી. વીરવિજયસિંહે જોયું કે આ સઘળા હાજર થયેલા રાજવંશીઓથી હમણાં યુવરાજની શરમને લીધે કંઈ બોલાતું નથી, પણ પછીથી તે સઘળા મને હેરાન કરશે; માટે તેણે સઘળા સાંભળે તેમ કહ્યું, કે પેહેલાં આપણે હારૂન યવન સેહેનશાહોને પુત્રીઓ ઘણી ખુશીથી પરણાવતા હતા. તેનેજ ઠેકાણે હવે મુગ સેહેનશાહો થયા છે; તો તેમના કુટુંબમાં પુત્રી આપવી એ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. મેં મારી પુત્રી તેમ ખુશીથી આપી નથી; પણ જ્યારે તમે સઘળા ક્ષત્રીવટ ખોઈ બેઠા ત્યારે એ યુવરાજે રૂપ- સુંદરીને સ્વયંવરમાં વરી છે. એમ થવાથી એમનો અને આપણો સંબંધ, સંપ અને આબાદી દિવસે દિવસે વધતી જશે. આજના મેળાવડામાં ઈશ્વરેચ્છાથી જ્યારે તમો સઘળાથી એ પ્રયોગ ન બન્યો, ત્યારેજ આ બનાવ બન્યો છે. કદાપિ યુવરાજ પણ ન ઉભા થયા હોત, તો મારી કુંવરી કુંવારી રહેત, એમાં શક નથી; કેમકે તે બડી ટેકીલી અને શાની છે માટે તે પોતાનું કરેલું પણ છોડત નહિ. એ વિગેરે ઘણું લંબાણથી ભાષણ કરીને દેશી રાજાઓને ચાનકની ચાનક આપી; અને તેમાં પોતાનો બચાવ કર્યો. એટલું થયા પછી સઘળા રાજવંશીઓને યુવરાજ કુંવરે એક દિવસ ઉજાણી આપી;

અને બીજા ચાર દિવસ સુધી મહારાજા વિરવિજ્યસિંહે તેમની પ-રોણા ચારકી કરી. બાદ સૌ સૌને ઠેકાણે સલાહ શાંતિથી વેરાઈ ગયા. રૂપસુંદરીને પણ તેના પતિ સાથે પુરતી પેહેરામણી આપી વિદાય કીધી. એ જોડું પોતાના મુખ્ય સ્થાનમાં ગયા પછી ઉત્તર તરફના પહાડી મુલકમાં મઝા મારવાને નીકળી પડચું.

યુવરાજ કુંવર, પુષ્કરાવર્તકમાં પોતાના પરાક્રમથી એક બીજી ક્ષત્રી રાજવંશી કન્યા પરણ્યો, એવી ખબર મુશ દેશની મહારાણી એલિનાને થઈ; ત્યારે તેણે એ વાતની દરગુજર કરી. ભવિષ્યવાદીઓ-એ લગ્નથી પુષ્કરાવર્તકને અતિ લાભ થવાનું કહેતા હતા. એક દિવસ મુશ રાજકુંવર મોરટન અને રૂપસુંદરી એ બેઉ પોતાના બા-ગમાં બેઠાં હતાં, તે વખતે યુવરાજે હાસ્યવિનોદ કરતાં પૂછ્યું, કે આ દેશમાં સ્વયંવર થાય છે, તેમાં જુવાન રાજકુંવરો માત્ર એક સ્ત્રી જેવી વસ્તુને માટે પોતાનો અમુલ્ય આત્મા જોખમમાં નાંખેછે. તેમાં કેટલાક ઘાયલ થાય છે, કેટલાક મરી જાય છે અને કેટલાક અપમાન ખમી પાછા જાય છે; તોપણ તેમને તે સ્ત્રીતો મળતી નથી; માટે બેહેતર છે કે કેટલાક દિવસના અનુભવપરથી બેઉનો સ્વભાવ એક બીજાને હળતો આવે, તો તેઓ ખુશીથી લગન કરે, એવો ધારો હોય, તો વધારે સારૂ થાય. રૂપસુંદરીએ જવાબ દીધો,કે "સૌને પો-ત પોતાનું સારૂં લાગે છે" વળી જે પદાર્થ મેળવતાં ઘણી મેહેનત પડે છે, તે પદાર્થની કદર મળ્યા પછી ખરેખરી સમજાય છે. આપ કહોછો, તેવો રીવાજ કદાપિ આપનામાં હશે, તો પતિ પોતાની સ્ત્રી-ને, અને સ્ત્રીઓ પોતાના પતિને છેડો ફાડી આપી બીજાને જતાં વાર નહિ લગાડતાં હોય, એમ સંભવે છે. આ દેશમાં રાજાઓ સ્વયંવરમાંથી જે સ્ત્રી અતિશ્રમ વેઠીને મેળવે છે, તેઓ પછીથી આખા ભવ સુધી એક બીજાનાં શુભ હેતસ્વી થઈ રહે છે, તે સ્ત્રી જીવતાં પતિની સેવા કરે છે; અને મુઆ પછી તેની સાથે બળેછે. યુવરાજ કુંવરે કહ્યું રૂપસુંદરી, એ ખરી વાત છે. અમારા દેશમાં તમે કહોછો, તેવા ઘણા બનાવ બનેછે. તમારા સ્વયંવરમાં મેં મારા જીવને જોખમમાં નાંખ્યો,તો તેના લાભમાં તમારા જેવું સ્વર્ગ સુખદા

રત્ન મને મળ્યું; પણ બિચારા પેલા ત્રણ ચાર રાજકુંવરો, જે હજુ ખાટલામાં હશે, તેમણે તમારી આશાથી ઝંપલાવ્યું, તો તેમને કેવું ફળ મળ્યું! તેનો વિચાર કરો. મારા વિચારમાં એમ આવે છે, કે પુરૂષોએ સ્ત્રીનો વગર ખાતરીએ વિશ્વાસ કરવો, તે જોખમકારી છે. રૂપસુંદરીએ કહ્યું, હે પ્રાણપતિ, જુઓ જ્યારે સ્ત્રીઓ પાણી ભરવા જાય છે, ત્યારે કુંભ તેનો વિશ્વાસ કરીને તેની સોડમાં પેસે છે; અને ગાગેર અણવિશ્વાસથી તેના માથાપર બેસેછે. સ્ત્રી કુવાપર ગયા પછી તેનો વિશ્વાસ કરનાર કુંભને ગળામાં દોરડાનો ફાંસો ઘાલી કુવામાં નાખેછે, ત્યાં તે અકળાઇને પોકાર કરે છે, કે હે સ્ત્રી મેં તારો વિશ્વાસ કર્યો, ત્યારે તેં મારી આ દશા કરી. એ સાંભળતાંજ સ્ત્રી તેને હર્ષથી સાચવીને ઉપર લાવે છે; અને તેના ગળામાંથી ફાંસો કાઢી નાંખી પોતાનો પ્રિય દિલદાર સમજી શરીરનાં સઘળાં કામ સ્થાનોનો સ્વાદ ચખાડી અણવિશ્વાસુ ગાગેર ઉપર બેસાડીને લહેકાવતી લહેકાવતી ઘેર લઈ જાયછે. તે પ્રમાણે પ્રથમ સ્ત્રી નરની ખરી કસોટીથી પરીક્ષા કરેછે; અને તેમાં જો તે ફતેહ પામેછે, તોજ પોતે તેની જીવતાંસુધી અર્ધાંગના થઈ રહેછે, એટલુંજ નહિ પણ તે નરને પોતાના જીવથી અધીક વહાલો ગણીને મુઆ પછી તેની સાથે જીવતી બળે છે. ત્યારે કહો, કે પુરૂષો સ્ત્રીઓને સારૂ જે જોખમ માથે વહોરે છે, તે તેના બદલાથી શું વધારે છે! યુવરાજે કહ્યું. વાહ વાહ!! રૂપસુંદરી ધન્ય છે!! તમારી અક્કલને, અને તેના કેળવનારને. એ આનંદી જોડું પોતપોતાનો ધર્મ ઘણી છુટથી પાળતાં હતાં. યુવરાજકુંવર ઘણી વાર રૂપસુંદરીને પોતાનો ધર્મ પાળવા ઉપદેશ કરતો હતો. તે એ એક ધ્યાનથી સાંભળતી હતી. પછી છેવટે તેનો જવાબ આપતી કે અમારો પુનઃસ્થાપન થયેલો જુનો પવિત્ર ભક્તિ માર્ગ, અને આપ જે માર્ગનો મને ઉપદેશ કરોછો, તે બેઉનાં મૂળતત્વ અને હેતુ એકજ છે. એવું તમે મને તમારા માર્ગનું જે પુસ્તક વાંચવા આપેલું હતું, તે પરથી સ્પષ્ટ સમજાય છે. કદાપિ કેટલીક બાબતમાં સેહેજ ફેર છે તેટલા માટે હું મારો ધર્મ બદલીને મારાં માતાપિતા અને બીજાં સંબંધીને ખેદ કરાવા ચાહાતી નથી. આ જવાબથી

સંતોષ પામીને યુવરાજ તેને વધારે છેડતો નહિ. અને તે તેનાં સદા-
ચરણથી હમેશાં ખુશી રહેતો હતો.

એ'ત્રણ વર્ષ છડાં રહ્યા પછી રૂપસુંદરીને ગર્ભ રહ્યો, તેથી તે
પોતાના પતિની આજ્ઞા માગી પિહેર ગઈ. ગર્ભવાસ થવા પછી એનો
જીવ પેહેલાંના કરતાં બહુ આનંદમાં રહેવા લાગ્યો. તે પોતાને પિ-
એર જતાં રસ્તામાં પાણી પીવા સારૂ નદી કિનારે ગાડી રખાવી
ઉતરી; ત્યાં તેની પાસે કોઈ જોગીશ્વરે આવી કહ્યું કે, તારા ગર્ભમાં
ચક્રવૃત્તિ રાજા છે, માટે તું ગર્ભનું સારી પેઠે જતન કરજે. રૂપસું-
દરીએ તેને નમન કર્યું; અને ફળહાર આપ્યો, તે લઇને તે થોડેક દૂર
જઈ અલોપ થઈ ગયો. એ જોઈ રૂપસુંદરીને તેને માટે જેમ પશ્ચા-
તાપ તેમ અજાએબી ઉત્પન્ન થઈ. પછી રૂપસુંદરી પોતાને પિ-
એર પહોંચી. માતા પિતાએ તેને ઘણા દિવસ થયાં જોઈ નહોતી,
માટે તેને દેખતાંજ તેમની આંખમાંથી હરખનાં આંસુ વેહેવા લા-
ગ્યાં. વળી તેને શુભ દિવસ છે, એવી ખબર જાણીને વધારે ખુશી
થયાં. રૂપસુંદરીને પુરે માસે મહા તેજસ્વી પુત્ર અવતર્યો. એના જ-
ન્મની મોટી અજાયબી એ હતી, કે સઘળાં બાળક ગર્ભમાંથી બહાર
નીકળતાં રડે છે; અને આ પુત્ર ખડખડ હસવા લાગ્યો. પુત્રની
વધામણી જાણીને રૂપસુંદરીનાં માતા પિતાને અતિ આનંદ થયો.
અને નગરમાં પણ સઘળે આનંદઓચ્છવ થઈ રહ્યો. રાજા વિરવિ-
જયસિંહે મહોત્સવ કરી પોતાના દરબારીજનો અને ચાકર નફરોને
ઇનામ અકરામ આપ્યાં ને ભાટ ચારણોને દાન આપ્યાં. પછી તેણે
કુંવરની વધામણી યુવરાજ કુંવર મોરટનને, અને પુષ્પક નગરના
મુખ્ય હાકેમને સુવર્ણ વાર્ણાં પગલાં સહિત લખી મોકલી. તે સાંભળી
તેઓ ખુશી થયા. મુખ્ય હાકેમે એ કુંવર જ્યારે બરાબર એક માસનો
થાય, તે દિવસે જાહેર તેહેવાર પાળવાના હુકમો આખા અધિરાજમાં
મોકલ્યા. પ્રજાજનોએ એ દિવસે ખુશીમાં આવી બહુ આનંદઓચ્છવ
કર્યો. આ કુંવરના જન્મથી સઘળા કરતાં સ્વદેશી આગેવાન ગૃહસ્થો
જેઓ ખરેખરા દેશભક્ત હતા, તેમની ખુશીનો પાર રહ્યો નહિ; કે-
મકે તેઓ એ કુંવરના જન્મથી સ્વદેશી રાજવંશીઓ અને મુખ્ય સેહે-

નશાહનું એકત્ર થવું સમજી વધારે મલકાતા હતા. એ કુંવરમાં એઉના લોહીનો અંશ હતો, તેથી સ્વદેશી થઈ ગએલા મુશીઅન લોકો પણ પોતાની પરતંત્રતાનો છેડો આવેલો સમજી ખુશી થતા હતા.

બાળકુંવર જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તે આગળ મહા પરાક્રમી પુરૂષ નિવડવાનો છે, તેની સાક્ષીઓ બાળચેષ્ટા કરીને આપતો જતો હતો. રૂપસુંદરીનાં માતા પિતાને પુત્રની ખોટ હતી, તેથી તેમની મમતા એ કુંવર ઉપર ઘણી હતી. દાસીઓ તેને રમવાને સારૂ એમાં આગળ લાકડાનાં અને માટીનાં અનેક રમકડાં લાવી મૂકતી હતી, તેમાંથી તે કોલ્હાં કૂતરાં અને સસલાં જેવાં દમ વગરનાં રમકડાં ફેંકી દેઈ સિંહ, વાઘ, હાથી વીગેરેનાં રમકડાં રમવા લેતો હતો. એ કુંવરનું નામ મુશકેતુધ્વજ પાડેલું હતું. એ કુંવરના જન્મ પછી યુવરાજ મોરટન, ઘણીવાર રાજા વિરવિજ્ય સિંહને ત્યાં છૂટથી આવતો હતો; અને પુત્રનાં ચરિત્ર જોઈ આનંદ પામતો. મુશકેતુધ્વજ બરાબર સાત વરસની ઉમ્મરનો થયો, ત્યારે તેને કેળવણી આપવાને એક મહા વિદ્વાન મુશ શાસ્ત્રીને ભારે પગાર આપી રાખ્યો. એટલી ઉમ્મરમાં એની માતાએ એને નીતિની કેળવણી આપી તેનું તન અને મન કેળવીને વધારે કેળવણી લેવા લાયક બનાવ્યાં હતાં. તન બહુ દેખાવડું અને એનો ભવ્ય ચેહેરો જોનારને આંજે તેવો અજીત હતો. વિદ્યા શીખવવાની સાથે એના ગુરૂએ એને એક પાદશાહ જાદા લાયકની સઘળી કેળવણી આપવા માંડી. શિકાર, કુસ્તિ, ઘોડાની અને તરવાની કસરત અને પ્રાચિન તવારીખ એટલી બાબત ઉપર સ્વભાવિક રીતે તેનું દિલ ઘણું લાગતું હતું. હરેક બાબત શીખી લેવાની એની શકિતથી એનો ગુરૂ આશ્ચર્ય પામી કહેતો, કે જરૂર એ આગળ એક નામાંકિત રાજવંશી પુરૂષ નિવડશે. એ કુંવર દશ વર્ષની ઉમ્મરનો થયો, તેટલામાં તેણે પોતાને લાયકની સઘળી કેળવણી લઈ લીધી. એના પિતાના નસિબમાં પોતાના બહાદુર પુત્રનાં પરાક્રમ નજરે જોવાનું લખ્યું નહોતું; પણ સાંભળવાનુંજ લખેલું હતું. એમ છતાં તેનાં લક્ષણ ઉપરથી તેની ખાતરી થયેલી હતી, કે તે તેની પોતાની સવાઈ તો શું ! પણ દોઢી કરશે. યુવરાજને વિધુતા

બાઈ મારફત ખબર મળી, કે તેની માતા મહારાણી એલના સખત બિમાર છે; એ કારણથી તે પોતાની સ્ત્રી અને પુત્રને ભેટીને સ્વદેશ જવા નીકળ્યો. જતી વખતે પણ પ્રજાએ તેને ઘણું માન આપ્યું. તે ઘણી ઉતાવળ કરીને પોતાની માતાને જઈ મળ્યો. મહારાણી એલના પણ જાણે પોતાના પુત્રનું મુખ જોવાને જીવી રહી હોય, તેમ યુવરાજ કુંવર તેની પાસે જઈ કોટી કરી રડી પડ્યો ! માતાએ તેને કેટલાંક હિમ્મતનાં વચન કહી સંભળાવી પોતે પ્રજાપર જેવું હેત અને મેહેરબાની રાખ્યાં હતાં, તેજ પ્રમાણે તેને ચાલવાને શિખામણ આપી. પછી થોડીવારે પ્રભુપ્રાર્થના વચ્ચે તેનો જીવ ગયો. એની પછી એ યુવરાજ કુંવર મોરટન મુશ દેશના સિંહાસનપર બેઠો; અને મુશ તથા પુષ્કરાવર્તકના જોડાયલા અધિરાજનો સેહેનશાહ કહેવાયો. એ સેહેનશાહ બન્ને દેશની પ્રજાથી જાણીતો હતો; માટે તેના વખતમાં બેઉ દેશની પ્રજાને વધારે સુખ મળ્યું. રાજકુંવર મોરટનને તખ્તનશિન થએલો જોઇને બીજા કુળમાં ગાદી જવાથી મહારાણી એલનાના પિતૃપક્ષી અમીરોએ બંડ મચાવવાનો ઈરાદો કરી ખટપટ કરવા લાગ્યા; પણ લશ્કર અને રાજસભાનો બીજો ભાગ પ્રજાના મુખિઆરો સ્વદેશમા સુલેહ સચવાઈ રેહેલી જોવાને ઇચ્છતા હતા, તેથી તેઓ એ ખટપટીઆ અમીરોને બીલકુલ અનુકુળ થયા નહિ. એ કારણથી દેશમાં સઘળે શાંતિ રહી અને લગારે તોફાન ઉઠ્યું નહિ.

આ તરફ ચોથો ઘોસ સેહેનશાહ મહારાણી એલનાના મોતની રાહ જોઇને બેસી રહેલો હતો. એ સેહેનશાહ એ મહારાણીને બહુ ભાગ્યશાળી અને સારાં પગલાંની ગણતો હતો. તે ધારતો હતો કે, એ રાણીના મરણ પછી તેના પિતૃપક્ષીઓ એના યુવરાજને ગાદીએ બેસવા દેશે નહિ, તેથી કરીને મુશ દેશમાં પાછી માંહોમાંહેની લડાઈ સળગશે. તે વખતે આપણને આપણા બાપદાદાઓએ ધારેલો ઇરાદો પાર પાડવાને વધારે મેહેનત પડશે નહિ; પણ તેનો ધારેલો ઇરાદો રદ:ગયો; અને ઈશ્વરી ન્યાય પ્રમાણે તે બીજાનું ભુંડું ઇચ્છતો હતો, તેટલામાં તેનુંજ ભુંડું થવા વખત આવ્યો. તે એવી રીતે કે એના રાજના કેટલાક લોકો સંપસંપીને એનેજ મારી નાખવાનાં તર્કટ

રચવા લાગ્યા. એકવાર એ સેહેનશાહના મેહેલને જલદી સળગી ઉઠે એવા પદાર્થ ચોપડી આગ લગાડી; પણ જાણવામાં આવ્યાથી બૂઝાવી નાંખી; અને સેહેનશાહ બચી ગયો. વળી બીજીવાર તેની ગાડીને જવાના રસ્તા નીચે છૂપી તોપો ગોઠવી. એ અકસ્માતમાંથી પણ તે બચી ગયો, ત્યારે વળી ત્રીજું, એમ વારેવારે કાવતરાં કરવા લાગ્યા. સેહેનશાહ પણ એ કાવતરાંખોર ટોળીનાં માણસોને પકડીને ક્રૂર શિક્ષા કરવાને જરા ખંચાતો નહોતો; તોપણ એ લોક પોતાનો દુષ્ટ ઉદ્યોગ બંધ પાડતા નહિ. એઓ ઉઘાડે છોક કહેતા કે દુનિઆમાં પાદશાહોનું કામ નથી; હાલમાં જે આબાદી છે, તેનો નાશ થઈ જવો જોઇએ. એ થવા પછી જે થશે, તે સઘળું સારૂજ થશે. એ લોક મરી જતા, તો તેમની પ્રજા પણ તેવીજ ઉત્પન્ન થતી. એ કારણથી ઘોસ સેહેનશાહને હમેશાં ફિકરમાં ને ફિકરમાં રેહેવું પડતું હતું; તો પણ તેણે પુષ્કરાવર્ત્તક અધિરાજપર ચઢાઈ કરવાની તૈયારીઓ ચલાવા માંડી. હારૂન મ્લેચ્છ સરદારોને તેમના પૂર્વજોએ સ્થાપેલી સેહેનશાહત પાછી અપાવવાની લાલચ આપી ઉશ્કેર્યા. એ જંગલી સરદારો પોતાનો મુલક ખોઇને પરતંત્ર બન્યા હતા; તો પણ તેમને એ વાતનું ભાન નહોતું; અને મદદ કરવા તૈયાર થયા. સઘળી તૈયારીઓ થઈ રહી એટલે એ સેહેનશાહ જાતે મોટી જબરી ફોજ અને ગંજાવર તોપખાનું લેઈ રાજધાનીમાંથી નીકળ્યો. રસ્તે ચાલતાં તેને તેના મંડળીક શાહો પોતાના સૈન્ય સાથે આવી મળ્યા. એ વિના જંગલી મ્લેચ્છ લોકો પણ ધન મળવાની આશાએ તેની ફોજને જઈ મળ્યા. થોડી મુદતમાં એ સેહેનશાહે પોતાના સૈન્ય સાથે પુષ્કરાવર્ત્તકની સરહદના મુલકને કિનારે આવી પડાવ નાંખ્યો. આ સમયે એની પાસે સતાવીસલાખ માણસનું મોટું સૈન્ય અને ભારે તોપખાનું ભેગું થયું; પણ સૈન્યનો ઘણો ભાગ તો અનઘડ હારૂન મ્લેચ્છ લોકોનો અને સીમાડાપરના જંગલી મ્લેચ્છોનો હતો.

પુષ્પક નગરના મુખ્ય હાકેમને આ વાતની ખબર પડતાંજ તે અસાધારણ વેગથી સજ થયો; અને મંડળીક શાહોને તથા પોતાની જુદી જુદી છાવણીઓના મુખ્ય સેનાપતિઓને બનતી ત્વરાથી

સિમાડાપર આવી મળવાના હુકમો લખી, પોતે પોતાના મુશીઅન સૈન્ય સહિત સીમાડાપર જઈ લાગ્યો. જુદા જુદા મંડળીક રાજાઓ પણ પોતપોતાના પ્રચંડ લશ્કર સહિત બાપ્પપ્રવાહ રાક્ષસની પીઠપર સ્વાર થઈ આવી પહોંચ્યા. ઘોસીઅન લોકની ચઢાઇની વાત આખા અધિરાજમાં ફેલાઈ ગઈ. પ્રજાને તેમના ઉપર એટલો બધો ધિઃકાર ઉત્પન્ન થયો હતો કે, આખા અધિરાજની પ્રજા આ વખતે તનમન અને ધનથી સહાય કરવા બહાર પડી. સ્વદેશી જુવાનો પોતાના દેશનું રક્ષણ કરવાને બરાબર સમર્થ થયા હતા, તેથી તેઓ પોતાના દેશનું રક્ષણ કરવાને ઘરઘરથી નીકળી પડ્યા; અને રાજકુંવર મુશકેતુધ્વજના ઝુંડા નીચે એકઠા થઈ સીમાડાપર જઈ પહોંચ્યા. તેમાં ક્ષત્રીઓ, ખાંન અને હાૠન મ્લેચ્છો, ફરઝીઅનો, મુશીઅનો અને મહીલા લોકનો જથો ઘણો મોટો હતો. એ સિવાય ઉત્તર તરફના પહાડી લોકો પણ જંગલી હથીઆરો અને મોટાં મોટાં હાડકાં લઈ લઢવાને ડુંગરોપરથી ઉતરી પડ્યા હતા. ગાફર, બોહીતા અને મામુલીસ્તાનના સ્વતંત્ર મ્લેચ્છો પણ તેમના સરદારના હાથ નીચે એકઠા થઈ મુશ હાકેમને આવવાની રાહા જોઈ તૈયાર થઈ ઉભેલા હતા. તેમણે તેમની સરહદપરનાં ઘાસનાં જંગલો અગ્નિથી બાળી મૂક્યાં; અને પોતાના દેશમાંથી એ ઘોસીઅન લોકને પાણી સુદ્ધાં કંઈ પણ નહિ મળે, તેવો બંદોબસ્ત કર્યો હતો. ઘોસ સેહેનશાહના જબરા લશ્કરને જોઇને મુશ હાકેમના અને મંડળીક રાજાઓના પગારી લશ્કરનાં ગાત્ર તો શીથિળ થઈ ગયાં. સઘળા પોતાના દિલમાં એવું ઇચ્છવા લાગ્યા, કે જ્યાંસુધી યુદ્ધ ન થાય, ત્યાં સુધી સારૂં છે; અને થાય તો આપણી ટુકડીને અગાઉ ન જવું પડે તો સારૂં. એ પ્રમાણે પગારી લશ્કરની સ્થિતિ હતી; પણ રાજકુંવર મુશકેતુધ્વજના હાથ નીચે જે મોટું જબરૂ લશ્કર એકઠું થયું હતું, તેમની સ્થિતિ તો એથી ઉલટાજ પ્રકારની હતી. "એમાં બાવન બાપની રેજા" એકઠી થઈ હતી; તો પણ તેઓ સઘળા એકસંપી અને પોતાના નાનકડા રાજવંશી સેનાપતિની આજ્ઞામાં હતા. તેમનો જે ઠેકાણે જમાવ થયો હતો, તે ઠેકાણેની હવામાં ઉચે યુદ્ધ યુદ્ધ શબ્દ ધ્વનીરૂપે બહાર પડતો હતો.

પગારી લશ્કર કરતાં આ સ્વદેશાભિમાની લડવૈયાઓનું સૈન્ય બહુજ મોટું હતું. તેમને તેમની જાતના સ્વદેશી આગેવાન ત્યાગીઓ, મોટા મોટા યોદ્ધાઓનાં પરાક્રમ વખાણી વખાણીને શૂર ચઢાવતા હતા, તે સઘળાને સ્વદેશ રક્ષણ ધૂન્ય લાગી રહી હતી, તેથી તેઓ ઘોસીઅન શબ્દપર દાંત પીસતા, કકડાવતા અને ઉડો ઉડો એવી ગર્જના કરી ઉઠતા હતા. મુશકેતુધ્વજે આ સૈન્યની આવી આતુરતા જોઈ, મુખ્ય હાકેમ અને સેનાપતિ સાથે મળીને સંતલસ કરી કે પ્રથમ તેણેજ એ મદોન્મત્ત સૈન્ય સાથે યુદ્ધ કરવા જવું. એવો ઠરાવ થયા પછી, મુશકેતુધ્વજ પોતાના દેશ સારૂ જીવ આપવા તત્પર થએલા પરચુરણ લશ્કરને લઈ એકાએક ધોસીઅન લશ્કરપર તૂટી પડ્યો. એથી ધોસીઅન લશ્કર બેહેબાકળું થઈ ગભરાઇને નાસવા લાગ્યું; ત્યારે તેમના સરદારોએ તેમને ઉશ્કેરી અંદર મોકલવા લાગ્યા; પણ કહેવત છે કે "પેહેલો ઘા રાણાનો" તેમ પાછળથી ઘોસ સેહેનશાહે અને તેના સરદારોએ ઘણાંએ ફાંફાં માર્યાં, પણ અંતે હાર ખાઈ નાસવું પડ્યું. વળી તે નાસી ગયેલાં માણસોને ભેગાં કરી હિમ્મત આપી બીજીવાર ચઢી આવ્યો. તેમાં પણ તે હાર્યો; અને પકડાઈ ગયો. એટલે તેનું સઘળું લશ્કર વેરાઇને બારેવાટ થઈ ગયું. સ્વદેશી સૈન્યે તેની છાવણીમાંનો સઘળો સામાન લૂંટી લીધો. તોપોને ખીલા મારી નકામી કરી; અને કેટલીક મોટી તોપો દારૂ ગોળા સુદ્ધાંત ખેંચીને પોતાની છાવણીમાં લાવ્યા. ઘોસ સેહેનશાહને પકડી પોતાના સરદાર મુશકેતુધ્વજને સોંપ્યો. તણે તેને માનસહિત લઈ જઈ મુખ્ય મુશ હાકેમને સ્વાધિન કર્યો. એ ઘોસના બુરા હાલ કરી મારી નાંખવો, એવી સલાહ કેટલાક દેશી રાજાઓએ આપી; પણ મુશીઅન લોક એ વાતની આડે આવ્યા. મુશ હાકેમે એ ઘોસની વિનતિ પરથી તેની પાસે એવી કબુલાત લખાવી લીધી, કે હું ફરીથી આ દેશપર આવીશ નહિ; અને આ યુદ્ધનો સઘળો ખરચ મારે શીર છે, એટલુંજ નહિ પણ મેં વગર કારણે આ દેશપર લોભને વશ થઈ ચઢાઈ કરી, તેની ગુનેગારી બદલ આ યુદ્ધ ખરચ જેટલી બીજી રેકમ આપું અને મને છોડો. એ કબુલાત હું પાળું ત્યાં

સુધી હું મારા વડા સેનાપતિને અને એક પુત્રને ઓળમાં આપુંછું. એ સિવાય અત્યાર પછી મુશ સેહેનશાહનો નિમકહલાલ મિત્ર થઈ રહીશ, એટલુંજ નહિ પણ બીજા સેહેનશાહોની ઉસ્કેરણીથી હવે પછી આ દેશપર ચઢી આવીશ નહિ; અને મુશ દેશના કોઈ પણ લાભની આડે આવીશ નહિ. એ પ્રમાણે કરાર લખી આપ્યા પછી તેની આજ્ઞાથી તેનો મુખ્ય સેનાપતિ અને વચલો પુત્ર એ બે જણ મુશીઅન છાવણીમાં મુશ સેનાપતિની હજુરમાં આવી રહ્યા. પછી તે ઘોસને માન સહિત તેની છાવણીમાં પહોંચતો કર્યો. તે પોતાની ઉજડ છાવણી તરફ જોઇને પોક મૂકી રડી પડ્યો; અને પસ્તાવવા લાગ્યો, કે મેં આ અવિચારનું કામ કરી લાખો જીવનો નાહક ઘાત કરાવ્યો. અરેરે, એકજ માણસના લોભની ખાતર પૃથ્વી પર કેટલો બધો અનર્થ થાયછે ? આ સઘળી લોય મારા અવિચારનું પરિણામ છે. તેને પશ્ચાતાપ કરતો જોઇને તેના ફોજનાં બાકી રહેલાં માણસોએ તેને ફરી હુમલો કરવાને ઉસ્કેરવા માંડ્યો; પણ તેણે તેમ કરવા ચોખ્ખી ના કહી; કેમકે તે આહારથી એટલી બધી ધાસ્તી ખાઈ ગયો હતો, કે ફરીથી ઊંચું માંથું કરવાની તેની લગારે હિમ્મત ચાલી નહિ. તેણે પોતાના સરદારો અને સૈન્યને લંબાણથી ભાષણ કરી કહ્યું, કે પ્રથમ જ્યારે બસેં સવાબસેં વરસ ઉપર મુશીઅન લોકે એ દેશ પોતાને સ્વાધીન કર્યો હતો, ત્યારે ત્યાંના સ્વદેશીઓની હાલત બહુ દયા ઉપજાવે એવી હતી. તેમનામાં સઘળે કુસંપ, અજ્ઞાન મારામારી, લૂંટફાટ અને કાપાકાપી પસરી રહેલી હતી; પણ હમણાં તો તેઓ તેમના રાજકર્તા મુશીઅન લોકની સોબતથી સઘળી વાતે સુધરીને પોતાના દેશનું રક્ષણ કરવા લાયક બનેલા છે. એ કારણથી તેઓ પોતાના રાજકર્તા તરફ ઘણી વફાદારી ધરાવેછે; અને તેમનો સંબંધ પોતા સાથે રહેલો જોવાને ઇચ્છેછે; પણ તેમનાથી નાખુશ થઈ તોડવાને ઇચ્છતા નથી. આપણને આ વખતે હાર ખવરાવનાર સ્વદેશી સૈન્યજ હતું; અને તેમનો સરદાર પણ સ્વદેશી રાજવંશી હતો. એ સ્વદેશીઓ પોતાની ખુશીથી અને પોતાને ખરચે લઢવા આવ્યા હતા. એ ઉપરથી સમજાયછે કે તેમની મુશરાજ ઉપર અ-

ઠેખરી રાજભક્તિ છે. મુશીઅન લશ્કર અને બીજા મંડળીક રા-જાઓની ફોજે તો આ યુદ્ધમાં જરાએ ભાગ લીધો નહોતો. તે સઘળું તૈયાર થઈ સરહદ પર આવી પડેલું હતું તેટલુંજ, તેમને તેમની બંદૂકનો કાટ ઉતારેવા સમય પણ આવ્યો નહોતો. હવેથી આપણે એ અધિરાજ જીતીને તાબે કરવાની આશા બીલકુલ છોડી દેવી જોઇએ, એટલુંજ નહિ પણ એ પુષ્કરવાસીઓની બીક રાખી તેમ-નાથી હમેશાં સાવધ રહેવું જોઇએ; કેમકે પુરાતન કાળમાં જ્યારે એ દેશ સંપૂર્ણ આબાદીમાં હતો, ત્યારે ત્યાંનો એક રાજાધિરાજ પો-તાના દેશી સૈન્ય સાથે જીતતો જીતતો આપણી રાજધાનીની પેલીપાર સુધી જઈ લાગ્યો હતો. તેની નિશાનીઓના શિલાલેખો અને તામ્ર લેખો હજુ સુધી કોઈ કોઈ વાર ઉત્તરખુસ પ્રદેશની ભૂમિમાંથી નીકળે છે. વળી એ રાજાધિરાજે સુલેહથી કે બળાત્કારથી મનાવેલો ધર્મ તો હજુ સુધી આપણા દેશના કેટલાક રહેવાશીઓ અપભ્રંશ રૂપમાં પાળે છે, એટલુંજ નહિ પણ એ ધર્મના લોકની વસ્તી પૃથ્વીપરના બીજા ધર્મો કરતાં ઘણીથી વધારે છે. આખી પૃથ્વી ઉપર જેટલી વસ્તી છે, તેના ત્રીજા ભાગ કરતાં વધારે લોક એ અધિરાજાએ આ-શ્રય આપેલો ધર્મ હજુ સુધી પાળે છે, માટે મારી નજરમાં એમ આવેછે કે આપણે હમણાં પાછા જવું એજ સારો રસ્તો છે. એવું કહીને તેણે પોતાના સૈન્યને પાછાં વળવાની આજ્ઞા કરી. તે પોતાની રાજધાનીમાં પહોંચ્યો નહિ, તેટલામાં યુવરાજ મુશકેતુધ્વજે પોતાના વિજયશ્રી અને ફતેહના ગર્વથી મદોન્મત્ત થયેલા સૈન્યને લેઈ સરહદ પરના મુલકપર ચઢ્યો. એ દેશનો શાહ પરાપૂર્વથી પુષ્કરાવર્તક પ્રદેશના અધિરાજાની આજ્ઞામાં રહેતો, કે તેનો મિત્ર થઈ રહેતો હતો. તે હમણાં થોડાં વરસ થયાં દ્રવ્યની લાલચે ઘોસ સેહેનશાહના આધિન મિત્ર થઈ રહ્યો હતો. તેના મુલકપર પુષ્કર સેના આવી પડતાંજ એ દેશનો ફરજીઆન શાહ મુશકેતુધ્વજને શરણે આવ્યો; અને આ-ગાઉની માફક મિત્રાચારી રાખવા કબુલાત લખી આપી; એટલુંજ નહિ પણ પોતે બેઈમાન થયો, તેને માટે કેટલાંક વરસ સુધી જુના ખંડણી પુષ્કરાકર્ષના મુખ્ય હાકિમ તરફ એ ચઢી મોકલી દેવા

કબૂલ કર્યું. એટલું કર્યા પછી ત્યાં પેહેલાંની પેઠે પોતાનું મુશીઅન એલચી ખાતુ સ્થાપી મુશકેતુધ્વજ પોતાના સૈન્ય સાથે સ્વદેશમાં પાછો આવ્યો. એ સૈન્યે મુશકેતુધ્વજને પોતાનો યુવરાજ અવિરાજા (મુશ સેહેનંશાહનો મદદગાર ઉપસેહેનશાહ) સ્થાપવાને તેને લેઈ પોતાની પુરાતન રાજધાની વિલાસપટ્ટન તરફ જવા હઠ કરવા માંડી; પણ મુશકેતુધ્વજે તેમના એ ઉભરાને શાંત પાડી કહ્યું, કે "ઉતાવળે આંબા પાકતા નથી;" અને જો તમે મારૂં ને આ તમારા આગેવાન મુશ્નિઆરોનું કેહેવું, આ વખતે નહિ સાંભળો, તો તમે તમારૂં ભલું કરવા જતાં નિમકહરામમાં ગણાશો; અને તમે અત્યાર સુધી આ યુદ્ધમાં જે ફતેહ મેળવી છે, તે સઘળી પાણીને મૂલે વ્યર્થ જતી રેહેશે. સ્વદેશીઓને એ વચન કડવાં ઝેર જેવાં લાગ્યાં; પણ તેમણે પોતાના મુખ્ય મુશીઅન હાકેમને આ સઘળી બાબત માહારાજાધિરાજ મોરટનને લખી જણાવવાની વિનતિ કરી. તે તેણે ખુશીથી સ્વીકારી; અને તેમને તેમનું માગવું અપાવવાને તે પોતાની તરફથી બનતા સઘળા ઉપાય કરશે, એવું વચન આપ્યું; ત્યારેજ તેઓ પોતપોતાને ઘેર જતા રહ્યા. ઉપરની ઉશ્કેરણીમાં સ્વદેશી મુશીઅનો અને તેમની આબેહુબ નકલ કરી સઘળી વાતે તેમના જેવા થઈ રહેલા સ્વદેશી ફરશીઅનો સૌથી વધારે ભાગ લેતા હતા.

એ ઉપરથી પુષ્પક નગરના મુખ્ય હાકેમે પોતાની મંત્રીસભાની સંમત્તિ લેઈ લખ્યું, કે આપ નામદારના કુંવર મુશકેતુધ્વજનાં ડહાપણ, બુદ્ધિ અને બળનાં વખાણ આ અધિરાજમાં સઘળે ગવાઈ રહ્યાં હતાં. જ્યાં ત્યાં સ્વદેશીઓ અને પુષ્કર મુશીઅનો એના વિશે વખાણભરી વાતો કરતા હતા. એવામાં ધોસ સેહેનશાહ એકાએક પચીસ સત્તાવીશલાખ માણસની મહા બળવાન ફોજ અને મોટું ગંજાવર તોપખાનું લેઈ આ દેશ જીતી લેવાને ચઢી આવ્યો. એ તોપખાનું એવડું મોટું હતું, કે જે એકવાર આખી દુનીઆંનો નાશ કરવાને શક્તિવાન થાય. એ વાતની ખબર મને મળતાંજ હું આપણું તથા મંડળિક રાજાઓનું સૈન્ય ભેગું કરી તેની સામે થવા

સાર ઘણીજ ઉતાવળથી તે સરહદ તરફ ગયો. આપણું સૈન્ય તો એ ઘોસના જબરા સૈન્યને જોઈ હિમ્મત હારી બેઠું; પણ એ વખતે શત્રુ સેહેનશાહના હુમલાથી સ્વદેશીઓનું દેશાભિમાન એટલું ઉભરાઈ આવ્યું હતું, કે તેઓ સઘળા પોતાના ખરચથી ધર્મ અને નાત જાતનો લગારે ભેદ રાખ્યા વિના સઘળા વગર બોલાવ્યે રાજકુંવર મુશકેતુધ્વજના ઝૂંડા નીચે આવીને એકઠા થયા. એ સૈન્યનો જુસ્સો મહા વિફરેલી નદીના જેવો દેખાતો હતો. તેઓ શત્રુ સેહેનશાહને જોતાંજ યુદ્ધ યુદ્ધ પોકારી ઉઠ્યા; અને તેમનું લોહી વેર લેવાને ઉકળી ઉઠ્યું. તેમની આગળ આપણું અને મંડળીક રાજાઓનું જોડાયલું લશ્કર તો નાનું સરખું નિર્માલ્ય દેખાતું હતું. એ સ્વદેશી સૈન્યનો ઉભરો જોઈ રાજકુંવર મુશકેતુધ્વજે મારી પાસે પ્રથમ યુદ્ધપર ચઢવા આજ્ઞા માગી. તે મેં મારા રાજવંશી સરદારો અને મંત્રી સભાની સલાહ લેઈ આપી. જો ન આપી હોત, તો જુસ્સામાં આવેલા સ્વદેશીઓ આપણા હુકમનું માન રાખત, કે નહિ ? એ શક ભરેલું હતું. રાજકુંવર મુશકેતુધ્વજે બેવાર શત્રુ સેહેનશાહને સખત હાર ખવરાવી. યુદ્ધ વખતે તેના હુકમ આપવાની ચતુરાઈ અને સમયસૂચકતાથી અમો સઘળા આશ્ચર્ય પામતા હતા. એ યુદ્ધમાં શત્રુનાં અર્ધાઅરધ માણસ કતલ થયાં થોડાં ભયથી નાસી ગયાં; અને બીજી લઢાઇમાં તો ઘોસીઅન લોક છેક નાહિમ્મત થઈ આમ તેમ નાસવા લાગ્યા. તેમાં ઘોસ સેહેનશાહ સ્વદેશીઓને હાથે પકડાઈ ગયો. તેને રાજકુંવર મુશકેતુધ્વજે માન સહિત પકડી લાવી મારા સ્વાધીનમાં સોંપ્યો. મેં તેની પાસેથી યુદ્ધખરચ અને ફરીથી આ અધિરાજપર હુમલો કરવા નહિ આવું, એવી કબુલાત લખાવી લીધી. એટલુંજ નહિ પણ તેની પાસે યુદ્ધખરચ જેટલો બીજો દંડ આપવા કબુલ કરાવરાવ્યું છે. એ સઘળો કરાર તે બરાબર પાળે, ત્યાં સુધી તેના એક કુંવરને અને તેના મુખ્ય સેનાપતિને ઓળમાં લેઈ ઘોસને તેના મુલકમાં જવા દીધો છે.

તેના ગયા પછી રાજકુંવર મુશકેતુધ્વજે જયથી ફુલાયલી સ્વદેશી સેનાને લઇને તે સરહદપર આવેલા ફરેશીઆ દેશના અધિપતિપર હુ-

મલો કરવા ચઢ્યો. એ શાહ આપ નામદારના ગયા પછી હમણાં થોડા વખત થયાં, દ્રવ્યની લાલચથી લેવાઇને ધોસીઅન સેહેનશાહનો મિત્ર થએલો હતો. એ શાહે પોતાના દેશપર વિજયી પુષ્કર સેના ચઢી આવેલી જોઇને તે રાજકુંવર મુશકેતુધ્વજને શરણે આવ્યો; અને અગાઉના જેવો કરાર લખી આપી પુષ્કરાવર્ત્તકના નિમકહલાલ મિત્ર રહેવાનો કબુલાત આપી, એટલુંજ નહિ પણ તે બેઇમાન થઈ ફરી ગયો હતો, તે માટે એ કુંવરે તેનાપર કેટલાંક વરસ સુધી જુજ ખંડણી બેસાડી; તે પણ તેણે કબૂલ કરી. ત્યાર પછી ત્યાં આપણું મુશીઅન એલચીખાતું મૂકીને રાજકુંવર મુશકેતુધ્વજ પોતાની ફોજ સહીત સ્વદેશમાં આવી પહોંચ્યો છે. તેના સ્વદેશમાં આવતા પેહેલાં આ અધિરાજની સઘળી પ્રજા તેને પોતાનો ઉપસેહેનશાહ કરવાને ટાંપી રહી હતી. તેણે એ કુંવરની સાથેના સ્વદેશી સૈન્યને તેમ કરવા ઉશ્કેરી મૂકી. એ ઉપરથી એ સેનાએ રાજકુંવર મુશકેતુધ્વજને પોતાનો ઉપસેહેનશાહ ઠરાવી તેને રાજ્યાભિષેક થવા સારૂ પુરાતન રાજધાની તરફ લેઈ ચાલતું હતું; પણ તે સૈન્યને એ કુંવરે અને સ્વદેશી આગેવાન મુખ્યિઆરોએ સમજાવી શાંત પાડ્યા; અને તેમને પોતપોતાને ઘેર વેરાઈ જવા આજ્ઞા કરી, ત્યારે એ સૈન્યજનોએ છેવટે મને અને મારી મંત્રીસભાને એ મુશકેતુધ્વજને પોતાનો ઉપાધિરાજ મહારાજ ઠેરવવા સારૂ આપ નામદારને વિનતિ કરવાની ફરજ પાડી, હમણાં તો સૌ સૌને ઠામે વિખેરાઈ ગયા છે. આ ઉપરથી મને અને મારી મંત્રી સભાને આશા છે, કે આપ નામદાર સ્વદેશીઓની એ માગણી કબુલ રાખશો. તેમ નહિ થાય, તો તેઓ આપણી પાસે એ માગણી બળાત્કારે હમણાં નહિ તો થોડાં વરસ પછી પણ લેશે ખરા. એમ તેમના વલણ ઉપરથી સમજાય છે. સ્વદેશીઓની મરજી રાખવાથી આપણો સંબંધ એ દેશ સાથે છે, તેવોને તેવોજ રહેશે; એટલુંજ નહિ પણ વધારે મિત્રાચારી ભરેલો થઇ પડશે. આ દેશના રાજથી આપણને મુશ દેશના રાજભંડારમાં ઝાઝો લાભ થતો નથી; પણ વ્યાપાર માર્ગે પુષ્કળ ધન મુશ દેશમાં દરવરશે આવેછે. તે સ્વદેશીઓ સાથે સલાહસંપથી વર્ત્તતાં કાયમ

રહેશે, એમાં સંદેહ નથી. સ્વદેશીઓની આ માગણીથી મુશ રાજા પ્રજાને નાખુશ થવાનું નથી; પણ ખુશી થવાનું છે; કેમકે આ અધિરાજની રાજનીતિ ત્યાંના સ્વદેશીઓના કલ્યાણને માટે આપ નામદારના પૂર્વજોએ પોતાની રાજસભાની સલાહથી સ્થાપન કરેલીછે. જે ઉપર આધાર રાખી હજુ સુધી વર્ત્તવામાં આવેછે. સ્વદેશીઓ પ્રજાની ગણતીમાં આવી ક્યારે પોતાના ખરા હક માગશે ? એવી ઇંતેજારીમાંને ઇંતેજારીમાં ઘણા મુશીઅન સેહેનશાહોએ પોતાનો આવરદા પૂરો કર્યો છે. એ રાજનીતિ અને આપના પૂર્વજોની ઇંતેજારીનું ફળ આપ નામદારના વખતમાં પરિપક્વ થયેલું જોઈ બહુજ આનંદ પામશો; અને આપને મુબારક હાથે સ્વદેશીઓની એ માગણી મંજુર કરશો એવી આશા છે. વળી રાજકુંવર મુશકેતુધ્વજ જેને સ્વદેશીઓ તેના ડહાપણ, પરાક્રમ અને રાજકીય વિશાળ બુદ્ધિપર વારી જઈ પોતાનો ઉપસેહેનશાહ કરવા આપની પાસે માગે છે, તે આપ નામદારનો પુષ્કર શાહજાદો છે; અને તેમાં સ્વદેશી લોહીનો તેમજ મુશ રાજવંશીનો અંશ ભળેલો છે, તેથી આ દેશના સ્વદેશીઓ અને પુષ્કર મુશીઅનો પણ તેને અત્યંત ચહાય છે. સ્વદેશીઓનું કલ્યાણ કરવામાં આપ નામદારના બાપદાદાઓએ કાંઈ ન્યૂનતા રાખી નથી, તેથી સ્વદેશીઓ હમેશાં મુશ રાજા પ્રજા ખરેખરા આભારી થયેલા છે. તે એ જ્ઞાની અને પરાપૂર્વથી વફાદાર રહેલી પ્રજાથી ભૂલી જવાઈ કૃતઘ્નિ થવાય તેમ નથી; માટે તેમની માગણી સ્વીકારી હોય, તો તેઓ કદી બેઈમાન થવાના નથી. રાજકર્તા રીતે જેટલું દ્રવ્ય મુશ રાજભંડારમાં આવતું હતું, તેટલું આવવા દેવાને આપ નામદારનો યુવરાજ કુંવર મુશકેતુધ્વજ કબૂલ કરેછે. ઉપરની માગણી કરવામાં સ્વદેશીઓ સાથે પુષ્કરી મુશીઅનો, ફરાશીઅનો અને મ્લેચ્છો પણ એક મતે સામેલ થયેલાછે; માટે આપ નામદારના આજ્ઞાંકિત સેવકોને એ માગણી વાજબી લાગેછે. મારો અને મારી મંત્રી સભાનો તેમજ ઇલાકેની સરકારોનો પણ અભિપ્રાય છે, કે સ્વદેશીઓની એ માગણી સ્વીકારવાને આ વખતે કાંઈ આનાકાની થવી જોઇએ નહિ. તેમ તેમાં કાંઈ કમપેશ પણ થવું જોઇએ

નહિ. એવી આશા રખાય છે. કદાચિત આપ તેમ નહિ કરો, તો જેમ અગાઉના મુશીઅન અમીરોએ પોતાની હઠીલાઇથી મરીકાન્ત જેવો બગાયત ભૂમિનો પ્રદેશ પોતાના હાથમાંથી ખોઈ દીધો છે, તેમ આ અધિરાજ પણ કોઈ દિવસ ખોવા વખત આવશે. રાજકુંવર મુશકેતુધ્વજને આ અધિરાજ ખાતેનો ઉપસેહેનશાહ નીમવાથી એક હાકેમ વધવા જેટલો ફેરફાર થશે; અને સ્વદેશીઓ તેટલાથી ખુશી થઈ મુશરાજા પ્રજાના પ્રમાણિકપણા ઉપર વધારે વિશ્વાસ રાખતા જશે. રાજકુંવર મુશકેતુધ્વજ હજુ તો, તે પુરાં બેંદ વરસનો નથી થયો, તેટલામાં તેનામાં સઘળાં મહાન સેહેનશાહનાં લક્ષણ આબેહુબ બહાર પડે છે; અને તે પ્રસંગોપાત પ્રકાશી નીકળે છે. એ કુંવરનું લગ્ન આપ નામદારની પરવાનગી વિના નહિ કરવાને તેની માતા અને મહારાજા વિરવિજયસિંહનો પક્કો ઠરાવ છે; માટે તે વિશે પણ ખુલાસો કરશો.

મહારાજા ધિરાજ મોરટનને ઉપરનો ખલિતો પહોંચતાંજ પોતાના શાહજાદાનાં બહાદુરી ભરેલાં પરાક્રમને માટે અસાનંદ થયો. તેમજ ધોસ સેહેનશાહ જેવા બળવાન અધિપતિને એ નાનકડા રાજવંશીએ ખરેખરો હરાવીને કેદ કીધો, એ વાત જાણતાંજ તેને તેમજ સઘળી મુશીઅન પ્રજાને અતિ ઘણો આનંદ થયો; એટલુંજ નહિ પણ તેમના અંતઃકરણમાં ખરેખરી ઠંડક વળી ગઈ. એ ખલિતામાં સ્વદેશીઓની માગણી બાબત પુષ્પકનગરના હાકેમે જે જે બાબતો લખી હતી, તે સઘળી એ સેહેનશાહે પોતાની રાજસભામાં મૂકી. તે રાજસભામાં એ બાબત ઘણી લાંબી મુદત સુધી તકરાર ચાલી; કેમકે એ રાજસભામાં પ્રથમથીજ બે ભાગ પડેલા હતા. તેમાંનો એક ભાગ ઝટ સુધારો થયેલો જોવાને ઇચ્છતો; અને બીજો ભાગ જૂના વિચારને અનુસરનારો હતો. આ ભાગ પણ સુધારાને નહિ ચહાતો,-એમ નહોતું; પણ ઘણોજ ધીમે ધીમે સુધારો કરવાને ચહાતા હતા. એ ઉપરથી એ સભામાં જેઓ પ્રથમનો વિચાર પસંદ કરનારાં હતા, તેઓ લોકપક્ષી કહેવાતા હતા; અને બીજા ભાગવાળા રાજપક્ષી કહેવાતા. દેશનો રાજદ્વારી કારભાર પણ એ બે પક્ષમાં-

થી જે ફતેહ પામે, તેમને હાથ આવતો હતો. એ વિગેરે કેટલાંક કારણથી એ દેશની રાજનીતિ આખી દુનિઆંમાં સૌ કરતાં સારી ગણાતી હતી; અને પ્રજાને પણ ઘણું સુખ મળતું હતું. ઉપરના બે પક્ષ વચ્ચે પુષ્કરાવર્તકના મુખ્ય હાકેમે પોતાના ખલિતામાં એ અધિરાજની પ્રજાની મોટી માગણી બાબત જે વિચાર લખી જણાવ્યા હતા, તે ઉપર ઘણી તકરાર ચાલી; પણ એ સમયે લોકપક્ષના મુશીઅનો પ્રધાનવટા ઉપર હતા, તેથી છેવટે બહુ મતે રાજકુંવર મુશકેતુધ્વજને પુષ્કરાવર્તક અધિરાજનો યુવરાજ સેહેનશાહ નીમવાનો ઠરાવ થયો. તે બાબતનો હુકમ મહારાજા મોરટનની આજ્ઞાથી તેના મુખ્ય પ્રધાને પુષ્પકનગરના હાકેમપર લખી મોકલ્યો. એ હુકમ પુષ્કરાવર્તક અધિરાજમાં આવી પહોંચતાંજ પ્રજા ખુશાલીના પોકાર કરવા લાગી; અને સઘળાને રોમ રોમ આનંદ પ્રગટી રહ્યો. મુખ્ય હાકેમના આમંત્રણથી એ અધિરાજના સઘળા રાજવંશીઓ, જાગીરદારો, પ્રજાના મુખત્યારો, ઇલાકાના અને પ્રાંતોના હાકેમો, તેમજ બીજા મોટા મોટા ન્યાયાધિશો વિગેરે સઘળા મુશીઅના અધિકારીઓ એ દેશની પુરાતન રાજધાની વિલાસપટ્ટન તરફ ચાલ્યા. એ વખતે વિલાસપટ્ટનની શોભામાં કાંઈ ખામી રહી નહોતી. સઘળાને ઉતરવા સારૂ મુખ્ય હાકેમે એવો સારો બંદોબસ્ત કર્યો હતો, કે કોઇને કંઈ વાતે નાખુશ થવાનું રહ્યું નહોતું. નગરમાં અને અધિરાજમાં ઠેકાણે ઠેકાણે રાજકુંવર મુશકેતુધ્વજને રાજ્યાભિષેક કરવાનાં જાહેરનામાં મોટા સુનેરી અક્ષરથી છાપેલાં ચોઢી દીધાં હતાં. પ્રજાજનો કહેતાં કે આવો મેલાવડો પુરાતન કાળમાં રાજસૂયયજ્ઞ વખતે ક્ષત્રી રાજાઓના સમયમાં થતો હતો, તે આજે થયો; અને દુનિઆંમાં કહેવાય છે, તે ખરૂંછે કે મુશ રાજનો સૂર્ય કદી અસ્ત પામતો નથી; અને સદા મધ્યાન રહેછે. પણ આ દેશમાંતો ખરેખરા મધ્યાન આજેજ થયા. આજદિન સુધીમાં તો આ દેશની દૃષ્ટિગોચર ક્ષીતિજમાં એ રાજનો સૂર્ય તેનાં સુવર્ણ વાંણા કિરણથી પ્રકાશતો હતો.

ઠરવેલ દિવસે અને ઘડીએ રાજકુંવર મુશકેતુધ્વજને મોટા સ-

આરંભથી રાજ્યાભિષેક થયો; અને તેને આ દેશના પુરાતન સિંહાસનપર મુખ્ય હાકેમે હાથ ઝાલીને પધરાવ્યો. એટલે તરત પાસે ઉભેલા છડીદારે રાજકુંવર મુશકેતુધ્વજની પુષ્કરાવર્તકના ૭૫ મહારાજા ધિરાજના નામથી નેકી પોકારી. સભામાં હાજર થયેલા સઘળા સભાસદોએ "મુશકેતુધ્વજ મહારાજા ધિરાજકી જેએ." એમ એ ત્રણ વાર બોલી સઘઠું આકાશ ગજાવી મૂકયું. તોપોના બાહાર થવા લાગ્યા; અને વિધ વિધ પ્રકારનાં દેશી અને પરદેશી વાજાંથી અને સૈન્યજનના વાજીત્રોએ સઘળાંના સામટા નાદથી એટલો બધો સોર થઈ રહ્યો, કે આકાશમાર્ગે થઈ તેનો ધ્વની ફરતા પચાસ સાઠ ગાઊના પ્રદેશમાં ફરી વળ્યો. કહેવતછે, કે જેમ નદી જળવિના અને સ્ત્રી રૂપ વિના ખાવા ધાય છે, તેમ એ સિંહાસન અને તેનો મેહેલ એ બેઉ ઉજડ ખાવા દોડે, તેવાં ભાસતાં હતાં; તે બેઉ આ વખતે ખરેખરાં રળીઆમણાં દીસવા લાગ્યાં. એ સિંહાસન લગભગ સાત આઠ સૈકાંથી સ્વદેશી રાજા વિના ખાલી પડયું હતું; અને છત્રપતિ અધિરાજા વિનાતો લગભગ દોઢ બે હજાર વરસ થયાં ઉદવસ્ત પડેલું હતું, તે આજે શોભી નીકળ્યું. એ દિવસે આખા અધિરાજમાં સઘળે દિપોત્સવી પ્રકટી રહી હતી. વિલાસપટ્ટનમાં અને બીજાં નગરોમાં ઠામ ઠામ વિવિધ પ્રકારની આતસબાજી છોડવામાં આવી હતી. જેમ બીજી બધી બાબતોમાં સુધારો થયો હતો, તેમ આ આતસબાજીમાં પણ મુશીઅન બારૂતગર લોકોએ બહુ સુધારો કરી મૂક્યો હતો. તેજ પ્રમાણે એવી આતસબાજીમાં પૈસાની મોટી મોટી રકમો ખરચી નાંખવાનો શોખ પણ એ રાજકર્તાઓના આવ્યા પછી ઘણો વધી પડયો હતો. એ રાજ્યાભિષેકના તેહેવારો પાંચ દિવસ સુધી પળાયા હતા. તેમજ એ રાજ્યાભિષેકની જનમગાંઠને દિવસે દર વરસે એવોજ જાહેર તેહેવાર પાળવાનો ઠરાવ, એજ મેળાવડામાં સર્વાનુમતથી પસાર થયો. મુશીઅન લોકના આવ્યા પછી એ દિવસ તે લોકના બેસતા વર્ષના દિવસ પ્રમાણે તેહેવાર જેવો પળાતો હતો; પણ આ બનાવથી તે આખા અધિરાજમાં ખરેખરી ચાહેનાવાળો તેહેવાર થઈ પડયો. હજુ સુધી એ

અધિરાજની પ્રજા એ દિવસને પોતાનો પવિત્ર તેહેવાર ગણી આનંદ ઓચ્છવ કરે છે.

રાજ્યાભિષેકની ક્રિયા સંપૂર્ણ થઈ રહ્યા પછી, યુવરાજકુંવર સુશકેતુધ્વજે એ સિંહાસનના છેલ્લા પગથીઆપર ઉભા રહીને હાજર થયેલા સઘળા રાજવંશીઓ અને પ્રજાના આગેવાન પુરૂષો સાંભળે તેમ, પ્રથમ સુશ સેહેનશાહો અને તેની સ્વતંત્ર પ્રજાનો વખાણ ભર્યો ઉપકાર માનતાં કહ્યું, કે પરમ કૃપાળુ જગદીશ્વરની કૃપાથી સુશીઅન લોકવડે આંજ આપણા દેશનું અને સ્વદેશીઓનું સંપૂર્ણ કલ્યાણ થયું છે. પાછલી તવારીખો પરથી જણાય છે, કે હજુ સુધી કોઈ પણ રાજ કરતી પ્રજાએ જીતી લીધેલા પરદેશી રાજમાં, માત્ર ત્યાંના સ્વદેશીઓના કલ્યાણને અર્થેજ ઘણાં વરસ સુધી રાજસત્તા ચલાવીને; અને સ્વદેશીઓને સર્વવાતે પોતા સમાન પાવરધા બનાવીને, તે પરદેશી અને પરધર્મી પ્રજાને કંઇ પણ લોભ રાખ્યા વિના, તેમને તેમની રાજસત્તા પાછી સોંપી દીધી હોય, એવો સાનંદાશ્ચર્ય ભરેલો બનાવ તો આજેજ આપણા સુશીઅન રાજકર્ત્તાઓના સંબંધમાં બનેલો છે. તે તવારીખમાં મોટા સોનેરી અક્ષરથી ચંદ્રોકાળ સુધી નોંધાઈ રહેશે; અને હવે પછી થનાર લોભી અને દુષ્ટ રાજાઓને એ તરફ જોઇને બોધદાયક સખત ચાબૂકરૂપ ધડો મળશે. આ વખતે આપણે આપણા રાજકર્ત્તાઓનાં જેટલાં વખાણ ન કરીએ, એટલાં ઓછાંછે. છોકરાં જેમ પોતાનાં માતા પિતાએ કરેલા ગુણનો બદલો વાળવાને, કે તેટલાં ઓશિંગણ થવાને કદી સમર્થ થતાં નથી, તેમ આપણે પણ આપણા રાજકર્ત્તાઓના ગુણનો બદલો વાળવાને કે તે ગુણના ઓશિંગણ થવાને કોટી પ્રકારે સમર્થ થવાના નથી. પણ એ બેઉ આભારીઓને પોતાના ઉપકારનો કંઇક બદલો વાળવાનો એટલોજ ઉપાય છે, કે તેમની સલાહને આજ્ઞારૂપ માની ઝટ માથે ચઢાવવી. એ બરાબર અમલમાં આવે; અને તેમની તથા આપણી વચ્ચેનો સંબંધ ઉત્તરોત્તર વધારે પ્રીતિ ભરેલો નભે, તે માટે જગતકર્ત્તા પ્રભુ પાસે હમેશાં માગવું જોઇએ.

હવે આપણે આજથી આ સુધરેલી દુનિઆંના સંબંધમાં પ્રજા

વર્ગની ગણતીમાં આવ્યા છીએ. આપણા આ પુરાતન કાળથી નામિચા અધિરાજની પુષ્કર પ્રજા, જે પેહેલાં ખરેખરી સ્વતંત્ર, સિંહના જેવી શૂરી; અને જ્ઞાન તથા વિવેકમાં નિપૂણ ગણાતી હતી, તેજ પાછી કાળચક્રના ક્રમથી પરદેશી, પરધર્મી અને જાલમ જીતનાર મ્લેચ્છ રાજકર્તાઓના સ્વેચ્છિક રાજ રથની ઝુસરી ખેંચનાર બેલ જેવી પરતંત્ર, જ્ઞાન અને વિવેકમાં અંધ, તથા શૂર અને ધૈર્યમાં નિર્બળ બકરી જેવી કહેવાઈ ચૂકી. તેજ પુષ્કર પ્રજા, આજ પાછી દુનિઆંની બીજી શૂરી, સ્વતંત્ર અને શાણી પ્રજાઓની પંક્તિમાં ગણાવા લાગી, તે આપણા હમણાંના રાજકર્તા સુશીઅન વડિલ ભાઈઓના સઘળા પૂન્ય પ્રતાપ કહેવાય. એ માટે હે! દીનદયાળ પ્રભુ અમારા એ સુશીઅન વડીલ ભાઈઓનો સંબંધ અમને અને અમારાં તનુજોને હમેશાં નિર્વિઘ્ને લાભ કર્તા હોજો (સભા તરફથી પ્રતિધ્વની.) તથા અસ્તુ.

એ પછી હાજર થયેલા સભાસદોની અરજપરથી યુવરાજકુંવર સુશકેતુધ્વજે એ અધિરાજને માટે એક મોટી રાજસભાની સ્થાપના કરી. અધિરાજના સઘળા પ્રાંતોમાં અને સંસ્થાનોમાં સ્થાનિક સ્વરાજ પદ્ધતિને સ્થાપન થયાં ઘણી મુદત થઈ ગઈ હતી, તેથી તે સંપૂર્ણ સુધરીને લાયક થઈ ચુકી હતી. એ પરથી એ યુવરાજને આખા દેશની રાજરચના ચલાવનાર સભા સ્થાપન કરતાં વધારે હરકત પડી નહીં. એ રાજસભાના મુખ્ય બે ભાગ કરવામાં આવ્યા હતા. પેહેલા ભાગમાં એ અધિરાજના નાના મોટા રાજવંશી સરદારો અને કેટલાક સ્વતંત્ર ધર્માચારીઓ હતા; અને બીજો ભાગ પ્રજાના મુખત્યારો અને નિવૃત્તિ પામેલા આગેવાન ગૃહસ્થ વિદ્વાનોને સારૂ રાખેલો હતો. એ ઉપરથી ચૂંટણી વખતે દરેક ગામવાળા તાલુકાનાં મુખ્ય કસ્બઓમાં કસ્બાઓવાળા જીલ્લાનાં મુખ્ય મુખ્ય શેહેરોમાં, એ શેહેરોવાળા ઇલાકાનાં મુખ્ય નગરોમાં; અને એ નગરોવાળા પોતાના પસંદ કરેલા મુખત્યારો રાજધાનીની મુખ્ય રાજ સભામાં મોકલતા હતા. તે સભા પોતાના દેશને સારૂ કાયદા બાંધતી, રાજકર્તાઓને કારભાર ચલાવવામાં વાગફરતી મદદ કરતી;

અને રાજનો ઉપજ ખરચનો હિસાબ તપાસી આવતા વર્ષને સારૂ જોયતાં નાણાં લેવા કરોની મંજુરી આપતી. એમની મંજુરી વિના દેશપતિથી નવો કર નાંખી શકાતો, કે ઉઘરાવી શકાતો નહિ. દરેક ગામે, કસ્બાએ અને ચઢતી ઉતરતી પંક્તિનાં નગરોએ પોતપોતાની તરફથી કેટલા કેટલા મુખત્યારો મોકલવા, તે તેમની વસ્તી અને ઉપજ ઉપર નજર રાખીને ઠેરવવામાં આવ્યું હતું. મુખત્યારો મોકલવામાં ધર્મભેદ કે જાતિભેદનો નિયમ રાખ્યો નહોતો. યુવરાજકુંવરે મુશકેતુધ્વજે એ સભાનું નામ સઘળાની સલાહથી **पुष्करसमाज** એવું પાડ્યું. એ પ્રમાણેના ઠરાવ પસાર થયા, પછી એ મેલાવડો સલાહ શાંતિમાં સૌ સૌને ઠેકાણે વેરાઈ ગયો. એ મેળાવડાથી વિલાસપટ્ટનના બજારમાં માલની એટલી લેવડ દેવડ થઈ હતી, કે એ નગરના મહાજનને માત્ર જકાતનાજ દશ કરોડ રૂપિઆ ઉત્પન્ન થયા હતા.

રાજકુંવર મુશકેતુધ્વજને રાજ્યાભિષેક થતાં તેણે રાજકારભારમાં જે જે ફેરફાર કર્યા, તે સઘળા મુખ્ય મુશીઅન હાકેમે મહારાજા મોરટનને લખી મોકલ્યા. તે તેણે પોતાની રાજસભાની સંમત્તીથી સઘળા મંજુર કરી મોકલ્યા. એ વખતથી પુષ્પક નગરનો મુખ્ય હાકેમ રાજકુંવર મુશકેતુધ્વજનો સલાહકાર પેશ્વા; અને મુશ સેહેનશાહનો મારફતીઓ પ્રતિનીધિ ગણાવા લાગ્યો. તેને માથે કામનો ભારતો એટલો ને એટલોજ રહ્યો; પણ સઘળા જોખમનો ધણી યુવરાજ મુશકેતુધ્વજ થયો. એ મુખ્ય પ્રતિનીધિ, ઇલાકાના હાકેમો, મુશસૈન્યના સેનાપતિઓ અને કેટલાક બીજા અધિકારીઓ જેમની નીમનોક ખાસ રીતે મુશ સેહેનશાહની સરકાર તરફથી થતી હતી, તે સિવાય બીજી સઘળી નીમનોક યુવરાજ તરફથી થવા લાગી. એમાં જાતિભેદ રાખ્યા વિના સઘળાના હકપર સરખું ધ્યાન આપવામાં આવતું હતું. મ્લેચ્છો, ફરસીઅનો અને મુશીઅન સ્વદેશીઓ તેમના જાતિસ્વભાવ પ્રમાણે લશ્કરી નોકરીઓ વધારે પસંદ કરતા, એટલે તેઓનો ઘણો ભાગ બાકીના રાજકારભારમાં થોડો જોવામાં આવતો હતો. તેજ પ્રમાણે પુષ્કરી ક્ષત્રીઓ અને તેમનાથી ઉત્પન્ન

થયેલી અપભ્રંશ જાતોના લોક સ્વદેશ રક્ષણ કરનાર લશ્કરી કારભારમાં ભાગ લેતા હતા. ઉપર પ્રમાણેનો રાજકારભાર ચલાવવામાં યુવરાજ અને મુખ્ય પ્રતિનીધિ વચ્ચે હરકાંઈ બાબત મતભેદ થાય, તોતે બાબતનો ખુલાસો મુશ દેશની સરકાર તરફથી થતો હતો.

એ પ્રમાણેનો કારભાર મહારાજા મોરટનના મરણ પછી કેટલાક વરસ સુધી ચાલ્યો. સ્વદેશીઓ વિદ્યા કળાથી જાણીતા થઈ વધારે સ્વતંત્રતા ભોગવવાને લાયક થએલા હતા; તેથી ઉપરની થોડી પણ ભારે નીમનોકો પણ તેમને વધારે ખટકવા લાગી. મહારાજા મોરટનની પછી તેનો વડો મુશીઅન કુંવર ચારટર તે દેશની ગાદીપર બેઠો હતો. તેને રાજ મળ્યાં પાંચ વરસ થયા પછી! તે મહારાજા ચારટર પોતાના રાજમાં ફરવા નીકળ્યો. પોતાના સ્વદેશમાં સઘળે ફરી રહીને પોતાની સઘળી પ્રજાને અતિ સુખમાં કપૂરના કોગળા કરતાં અને આનંદના ઓડકાર ખાતાં જોઇને બહુ રાજી થયો. ત્યાર પછી તે પોતાના પુષ્કર મંત્રી સહિત પુષ્કરાવર્ત્તક અધિરાજમાં ફરવા આવવાને નીકળ્યો. તેને એ મુસાફરીનો માર્ગ આનંદમાં જાય, તેવી ગોઠવણ એ અધિરાજની પ્રજાએ બહુ વખાણવા લાયક કરી હતી. તેજ પ્રમાણે તેનાં પગલાં પોતાના અધિરાજમાં થયાં, ત્યારે પણ તેને એક મહેંદ્ર કરતાં વધારે પૂજ્ય ભાવે પૂજ્યો હતો. એ સઘળું જોઇને તે પોતાના સ્વદેશની પ્રજા કરતાં પુષ્કર પ્રજાની યોગ્ય વફાદારીનાં બહુ વખાણ કરવા લાગ્યો. એ અધિરાજનાં મુખ્ય મુખ્ય નગરોની મુલાકાત લેઇને રાજધાની વિલાસપદ્દનમાં આવી પહોંચ્યો. એ વખતે મહારાજા મુશકેતુધ્વજે પોતાના વડા ભાઈ અને મહારાજાને માન આપવા સારૂ રાજધાની શણગારવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. મહારાજા ચારટર મુશકેતુધ્વજના રાજમેહેલમાં થોડા દિવસ પરોણો રહ્યો. મુશકેતુધ્વજ મહારાજા મોરટનની સલાહથી એ અધિરાજના એક નામિચા હારૂન મ્લેચ્છ શાહની દીકરી સાથે પરણ્યો હતો. બેઉ જણે થોડા દિવસ આનંદમાં કાઢ્યા પછી મુશકેતુધ્વજની સલાહથી મહારાજા ચારટરે પુશ્કર સમાજને બોલાવી. સઘળા સમાજિકો આવી પહોંચ્યા. મહારાજા ચારટર પુષ્કર

અધિરાજના રત્નજડીત દિવ્ય સિંહાસનપર બિરાજેલા છે. તેમની ઉપર અને આસપાસ સઘળા સભામંડપમાં ખુશબોદાર ફુલ અને ધૂપ મેહેકી રહ્યો છે. બાવીસેં સભાસદોથી રાજસભા ઠસ ભરાઇને બેઠી હતી, તેમાં ઉપઅધિરાજા મુશકેતુધ્વજે પોતાના અધિરાજની વતી ઉભા થઇને મહારાજા ચારટરને વિનતિ કરી, કે આ અધિરાજની પુષ્કર પ્રજા મુશરાજા પ્રજાની ઉદાર બુદ્ધિવડે પોતાનું રાજ પોતાની મેળે રૂડી રીતે ચલાવી શકે; અને સ્વદેશનું સારી રીતે રક્ષણ કરે, તેવી સ્થિતિમાં આવેલી છે. આગલા મુશ સેહેનશાહોએ આ દેશને ઘણી મોટી મોટી બક્ષીસો કીધેલી છે, તેમાં આપણા નામદાર પિતા મોરટને જે ઉમેરો કરી આપ્યો છે, તેતો આ દેશની અને દુનિઆંની તવારીખમાં હમેશાં એક મોટા મજબુત અલાબંધ જેવો દીપી નીકળનારો છે. હવે અમારી એટલીજ વિનતિ છે, કે આ અધિરાજમાં અહીંના સ્વદેશી હાકેમો અને તેમના જેવા બીજા અધિકારીઓ નીમાવા જોઇએ; તેમ તેમની નીમનોક કરવાની સત્તા પણ આ દેશની સમાજનેજ મળવી જોઇએ. હાલમાં ખુદ મુશ દેશના રાજભંડારમાં આ દેશ ખાતેથી દર વરસે જેટલું દ્રવ્ય આવે છે, તેટલું તો હમેશાં નિયમ પ્રમાણે આવ્યાંજ કરશે, તેમાં ફેર પાડવામાં આવશે નહિ. આ દેશમાં ઘણા મુશીઅન વેપારીઓ એડૂતો અને બીજા રોજગારીઓ આવી વસેલા છે, અને દર વરસે બીજા નવનવા આવતા જાય છે. તેમના મુખ્યતારો આ રાજસભામાં દાખલ છે; એથી મુશીઅન પ્રજાને અને વેપારને કદી ધોકો પહોંચે તેમ નથી. આ દેશમાં હજુ સુધી કોઈ મુશ સેહેનશાહની પધરામણી થઈ નથી. આપનીજ થયેલી છે, ત્યારે તેની મુબારક યાદગીરી ચંદ્રોકાળ સુધી કાયમ રેહેવાને સ્વદેશીઓની આ માગણી આપ મંજુર કરશો; એવી આશા છે. આ દેશનાં અને મુશદેશનાં લટીઆં એટલાં બધાં ગુંથાઈ રેહેલાં છે, કે આ માગણીથી મુશ દેશને કાંઈ નુકશાન થવાનો સંભવ નથી. એ સાંભળીને મહારાજા ચારટરે જવાબ દીધો, કે આ દેશની પ્રજાએ મારી જે આશંતા સ્વાગતા કીધી છે; અને જે વફાદારી બતાવી છે, તેથી મારો આ-

રમા પ્રસંન થયો છે. તમે તમારૂં પોતાનું સુખ વાંચ્છિને જે માગણી કરોછો, તે આપવી મારો ધર્મ બરાબર સમજાુછું; પણ તમારી અમારી વચ્ચેનો સંબંધ હમેશાં ટકી રહેલો જોવાને ઇચ્છુંછું; માટે આશા છે કે તમારી આ માગણીથી તેવું કાંઈ થવાનો સંભવ રહેશે નહિ. એ પછી તેણે પોતાના મુખ્ય પ્રતિનીધિ અને સાથે આવેલા પુષ્કર મંત્રીની સલાહ લેઈ આજ્ઞા કરી કે ફકત મુખ્ય પ્રતિનીધિ સેનાપતિ અને કેટલુંક મુશીઅન લશ્કર આ દેશખાતે નિયમિત મુદતે આવ્યાં કરશે. એ વિના મુશ દેશનું એલચીખાતુ હવેથી આ રાજધાનીમાં રહેતું થશે, એટલા વિના સઘળો રાજકારભાર ઉપસેહેનશાહ મુશકેતુધ્વજે પોતાની મુખ્ય સમાજની સંમત્તિથી ચલાવવાને અમારા તરફથી કશી હરકત થનાર નથી. આ ઠરાવથી મુશીઅન પ્રજાની પણ ખાતરી થઈ, કે અમારા સઘળા હકપર ધ્યાન અપાવવાને હવે કંઈ હરકત નડવાની નથી. એવી ખાતરીથી ઘણા મુશીઅન લોકો એ અધિરાજમાં આવી વસ્યા; અને પોતપોતાનો ધંધોરોજગાર ઉત્સાહથી કરવા લાગ્યા. પુષ્કરાવર્ત્તકની હાલત ધીમે ધીમે તેની અસલ સ્થિતિને પહોંચવા લાગી. આ વખત પછી ઘણા પરદેશી શાહોના એલચીઓ પોતાના એલચીખાતા સહિત રહેવા લાગ્યા; કેમકે વ્યાપાર સંબંધમાં આ અધિરાજની પ્રજા સાથે પૃથ્વીપરના સઘળા દેશની પ્રજાને વ્યવહાર ચાલતો હતો, એથી એ અધિરાજનાં મુખ્ય મુખ્ય બંદરોમાં પૃથ્વીપરની સઘળી જાતની અને સઘળા ધર્મની પ્રજાઓના લોક આવી વસેલા હતા. પુષ્કર પ્રજા અને મુશીઅન લોકનો સંબંધ ઘણાં સૈકાં સુધી ચાલુ રહ્યો; કેમકે એ બેઉ પ્રજાને એક બીજાની ગરજ પડતી હતી.

એ પ્રમાણે અધમ પુષ્કરાવર્ત્તક અધિરાજનો જીર્ણોદ્ધાર શ્રી જગદીશ્વરની કૃપાથી થયો. વળી આગળ એકાદ સૈકુ થવા પછી એ મુશકેતુધ્વજના પૌત્રે મુશીઅન લોકનો સઘળો વ્યવહાર સ્વદેશી મુશીઅન લોકની હદથી બીલકુલ કાઢી નાંખ્યો; અને કેટલીક ખંડણી ભરવા ઉપરાંત વેપારનોજ સંબંધ ચાલુ રહ્યો હતો. મુશદેશ સાથેનો રાજકીય વ્યવહાર તોડી નાંખવાને પુષ્કર સમાજમાં બીજા મુખત્યારો

કરતાં મુશીઅન મુખત્યારો વધારે દલીલથી તકરાર કરતા હતા; ત્યારે છેવટે તેમના કહેવા ઉપર એ અધિરાજના સેહેનશાહને ધ્યાન આપવું પડ્યું. એથી પુષ્કરાવર્તક અધિરાજ સઘળી રીતે સ્વતંત્ર થયું; રાજનીતિની સઘળી પદ્ધતિ મુશદેશના જેવીજ ગથપાયલી હતી, તેથી એ અધિરાજનો ખરેખરો ધણીતો કાયદોજ ગણાતો હતો. દરેક પ્રજાજન પોતાને એક લેખે રાજકર્ત્તા સમજતો હતો. વેપારે કળામાં એ દેશના લોક એટલાબધા પ્રવીણ થઈ ગયા, કે એમની મોટી મોટી આગબોટો પૃથ્વીપરનાં સઘળા સમુદ્રોપર દોડવા લાગી. લક્ષ્મિજી અને સરસ્વતિએ આવીને વાસ કરવા માંડ્યો; અને એ અધિરાજનાં દેવળો રાજમહાલયો અને શ્રીમંત વર્ગની હવેલીઓપર પાછા સોનાના કળશ ઝળકવા લાગ્યા. પ્રજામાંથી કજીઓકંકાસ જતો રહી જ્યાં ત્યાં સંપજંપ અને ઉદ્યોગે વાસ પૂરી દીધો હતો. પુષ્કર, યવન. ફરશીઅન, અને મુશીઅન લોક એક બીજાની સાથે હળી મળીને પોતાનો ધંધો રોજગાર અને કારવ્યવહાર ચલાવતા હતા. રાજકુટુંબનો દાખલો લેઈ પુષ્કર ક્ષત્રીઓ, મ્લેચ્છો, ફરશીઅનો અને મુશીઅનોએ માંહોમાંહે કન્યાઓ આપી શરીર સંબંધ કર્યો; સ્વદેશી રાજવંશીઓએ તો ફરશીઅન અને મુશીઅન શ્રીમંત વેપારીઓની તેમજ અમીરોની સાથે મુશકેતુધ્વજના સમયથીજ શરીર સંબંધ કરવા માંડ્યો હતો, તેથી એ પ્રજાઓમાંથી ધર્મવૈર અને જાતિ અભિમાન બીલકુલ જતું રહી તેઓ સઘળા એક પ્રજા જેવા બની ગયા હતા. તેમજ પુરોહિતો, વણીજો, ખેડૂતો એ સઘળામાંથી પણ ન્યાતીવેર જતું રહી પોત પોતામાં ભળી ગયા હતા. એ પ્રમાણે હે ગુરૂ તમારા પુષ્કરાવર્તકનો જીર્ણોદ્ધાર થશે. ગુરૂએ કહ્યું. તથાસ્તુ. હવે મારા જીવને ઠંડક વળી અને મૃત્યુલોકમાંથી મારો આત્મા નિવૃત્ત થઈને સુખશાંતિમાં અહીં આવવા ઇચ્છેછે.

એ સાંભળી દેવે કહ્યું, કે હે સાત્વિક ગુરૂ હવે તમારે અહીં પધારવાનો સમય થયેલો છે, તેથી તમે તમારા આશ્રમ અગસ્ત મુખ પર્વતપર જઇને તમારા શિષ્યોને મળીને તેમને સદ્ ઉપદેશ આપી અહીં આવવાની તૈયારી કરી રાખજો. શિષ્યોએ તમારા

શબને મહાજતન કરીને સાચવી રાખ્યું છે; માટે આપ તે ભૂમિપર જઈ તેમને દર્શન દેઇને પાછા આવો, કે તેમને તમે હમેશાંને માટે સ્વર્ગમાં પધાર્યાછો, એવી ખાતરી થવાથી તેઓ તમારા શબનો વિધિસંસ્કાર કરે. એટલે તમે આ જગાએ ચીરંકાળ સુધી સુખશાંતિમાં રહેશો, અને આ સભામાં બિરાજનાર મુમૂક્ષજનમાં ગણાશો. પછી તે સ્વામી તે દેવને અને બીજાઓને નમન કરી અગરસ્તમુખ પર્વતપર આવી પહોંચ્યા. પછી તેમણે અમને આપણા સ્વદેશનાં જીર્ણોદ્ધાર વિશેની સઘળી હકીકત કહી સંભળાવી. જે મેં તમે સઘળાને હમણાં વિસ્તારી કહી. પછી તે સ્વામીએ અમને, તેમણે હવે પછીથી આ આશ્રમમાં નવા શિષ્યો દાખલ કરવાની મના કરીને સૂચના આપી, કે મારી ત્રીજી કે ચોથી પેઢીએ આ સ્થાનકપર જે મહાનત બિરાજશે, તેમના વખતમાં બે જુવાન જોળીઆ ભાઇઓ, જેઓ ખરેખરા સ્વદેશભક્ત પુરૂષો છે, તેઓ પૃથ્વી પ્રદક્ષિણા કરતા કરતા આ સ્થાનકને વિશે આવી પહોંચશે, ત્યારે તેમની સાથે તમો સઘળા સ્વર્ગમાં આવશો; પણ એ બે ભાઇઓ આવે, ત્યાં સુધી તમે તમારૂં નિત્યકર્મ જે હમણાં કરોછો, તે પરમ ઉત્સાહથી કર્યા કરજો. એટલું કહ્યા પછી, તેમણે પોતાના એક શિષ્યને ગોમયથી ભૂમિ લીંપવા આજ્ઞા કરી. તે પ્રમાણે તે શિષ્યે લીંપીને તૈયાર કરી. પછી તેમણે તેને જળ, દર્ભ અને જવતલથી પવિત્ર કરીને તેપર પોતે લાંબા થઈ સુતા; અને સઘળા શિષ્યોને વાજીત્રો સાથે ઉંચેસ્વરે પ્રભુપ્રાર્થના કરવા કહ્યું. શિષ્યો તેમ કરવા લાગ્યા, એટલે તુરત તેઓ સ્વર્ગવાસી થયા. તેમના શબને અમે આ સામેની સમાધમાં સમાધિષ્ટ કરેલું છે. તેમના આજ્ઞા પ્રમાણે તમે પૃથ્વી પ્રવાસ કરી આવી પહોચ્યા છો, માટે આપણે સઘળાને ત્યાં જવાનો સમય થયો છે; તેથી સૌ સ્નાનવિધીથી પરવારીને જગદીશ્વરની પ્રાર્થના કરવા બેસો, એટલે તે કૃપા કરી આપણ સઘળાને મોક્ષ આપશે. સઘળા નાહીધોઇને તેમ કરવા લાગ્યા, એટલે તેઓ સઘળા વારાફરતી સ્વર્ગપંથે પળવા લાગ્યા; અને ત્યાં તેમના આત્માઓ અનંત કાળ સુધી સુખ ભોગવતા થયા.

હે પ્રભુ એજ પ્રમાણે અમારા આર્યાવર્ત અધિરાજનો તું અમારા હાલના ઉદાર રાજકર્તા અંગ્રેજોને હાથે જીર્ણોદ્ધાર કર. એવું અમે સઘળા આર્યવાસીઓ અંતઃકરણથી માગીએ છીએ. તે તું ભક્તવત્સળ છે, માટે તું તારા નામનું બિર્દ રાખશે, એવી અમો સઘળાને આશા છે, તે પાર પાડો-તથાસ્તુ.

દોહરો.

અસહ્ય સંકટ બહુ સહ્યાં, મે'ર કરો મહારાજ;
આર્યભૂમિ ઉદ્ધારવા, કરો ઝડપથી કાજ. ૧
વિમુખ વર્ષ ઘણાં રહ્યો, દેશ વેશ બહુ એશ;
ઉઠો ઉમંગ ધરી ઉરમાં, પકડો કળીના કેશ. ૨
નાત જાતની ભાતથી, કૂટાય કંઈ બહુ કાળ;
વિવિધ વિટંબણા પંથની, ટાળ વિભુ તત્કાળ. ૩
ઉત્કંઠા ઉદ્ધારવા, આર્યદેશને લોક;
રમી રહી મુજ મગજમાં, નાથ ન કરશો ફોક. ૪
ઈંગ્લિશ જન ઉર ઉતરી, કરવ કરવ શુભ કાજ;
પ્રજા ચહો હક માગવા, આર્યદેશને રાજ. ૫

સમાપ્ત.

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર.

શ્રી કચ્છ.

નામદાર મહારાજા મીરઝાં મહારાવશ્રી ખેંગારજી
સવાઈ બહાદૂર. ૧૫૦

દીવાન બહાદૂર. મણીભાઈ જશભાઈ. ૫૦

શ્રી મુંબાઈ.

શેઠ. લક્ષ્મીદાસ ખીમજી જસ્ટીસ ઑફ ધી પીસ. ૧૦

ખાનબહાદૂર શેઠ. દીનશાહજી માણેકજી પીટીટ. ૫

રા. રા. શેઠ. બાપુભાઈ કાળીદાસ. ૧

રા. રા. પ્રાણશંકર નરોતમદાસ માસ્તર. ૧

શ્રી વડોદરા.

વડોદરા વર્નાક્યુલર ઇનસ્ટ્રકશનના ડીરેકટર સાહેબ. ૩૦

શ્રી અમદાવાદ.

રા. રા. વકીલ. ચુનીલાલ ઉજમલાલ. ૧

રા. રા. વકીલ. મંગળદાસ છગનલાલ. ૧

શ્રી ઇડર.

નેકનામદાર મહારાજા શ્રી કેસરીશિંગજી સાહેબ બહાદૂર. .. ૧૦

શ્રી સુરત.

ખાનબહાદુર શેઠ. બરજોરજી એદલજી મોદી. ૨

રા. રા. વકીલ. ગુલાબદાસ બાઇદાસ દેશાઈ ૫

રાવસાહેબ. હરિલાલ હર્ષદરાય ધ્રુવ. બી. એ. એલ. એલ. ડી. ૧

શ્રી વલસાડ.

રા. રા. જમિયતરામ ગવરીશંકર શાસ્ત્રી. ૨

શેઠ. હોરમજજી માણેકજી લકડી. ૨

રા. રા. મગનલાલ કસ્તુરચંદ હેડમાસ્તર. ફ. એ. એ. વ. સ્કૂલ. ૧

શેઠ. રૂસ્તમજી ધનજીભાઈ આ. માસ્તર. ,, ૧

સરાફ. નરભેરામ માણેકલાલ. ૧

સરાફ. ચુનીલાલ માણેકલાલ. ૧

રા. રા. ભવાનીશંકર દુર્લભરામ. ૧
રા. ઇંદુભા રામાજી. ૧
શેઠ. કાવસજી ધનજીભાઈ ૧
રા. રા. ભીમભાઈ અંબુભાઈ ફોરેસ્ટ રેંજહાકીસર. ૧
રા. રા. બાલચંદ્ર માધવ હલબે. ,, ... ૧
રા. રા. કાશીદાસ ભગવાંનદાસ ,, ... ૧
રા. રા. રૂદરજી વસનજી દેશાઈ. ૧
રા. રા. ગુલાબભાઈ લલુભાઈ દેશાઈ. ૧

શ્રી વિસમા.

રા. રા. કલ્યાણજી ગુલાબભાઈ ૧

શ્રી ધરમપુર.

કુમારશ્રી. બળદેવજી વિ. નારાયણ દેવજી. ૨
ધરમપુર સ્કૂલ લાઇબ્રેરી. ૧
છાસટીઆ ઠાકોર. નારણશિંગજી ભગવાનશિંગજી. ૧
શેઠ. કેકોબાદ ભીમજીભાઈ. ૧

શ્રી ગાંગડ સંસ્થાન.

નામદાર. મહારાણા શ્રી. ગગુભા અભેશિંગજી. ૫

શ્રી ભાવનગર.

રા. રા. પ્રાણનારાયણ મયાશંકર હેડમાસ્તર. ૧
રા રા. મુકુંદરામ કેશવરામ. ૧
રા. રા. જમનાદાસ ભીમજી. ૧
રા. રા. માધવલાલ સંતોકરામ. ૧
રા. રા. મનમોહનદાસ ઓધવજી. ૧
ભાવનગર. લુવાણા શુભેચ્છક લાઇબ્રેરી. ૧
રા. રા. હરજીવન મનોરદાસ. ૧
રા. રા. કૃષ્ણપ્રસાદ વ્રજદાસ. ૧
રા. રા. પરાગજી ખોડીદાસ. ૧

શ્રી ભરૂચ.

રા. રા. કાશીરામ જેભાઈ બુકસેલર શાખા ભાવનગર. ... ૧

આ પુસ્તક નીચે લખેલ ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

અમદાવાદ.--ત્રણદરવાજા પાસે કમરશિઅલ કંપનીના મેનેજર પાસેથી અને યુનાઇટેડ પ્રિન્ટીંગ પ્રેસમાંથી મળશે.

ભરૂચ.—બુકસેલર કાશીરામ જેભાઇની દુકાને.

ભાવનગેર.—ભરૂચના બુકસેલર કાશીરામ જેભાઇની દુકાને.

જુનાગઢ.—બુકસેલર ગોવિંદજી નાનજી પાસેથી અથવા રાવસાહેબ મોતીલાલ કુશળજી ડાકટર સાહેબ પાસેથી.

સુરત.—બુકસેલર કીકાભાઈ પરભુદાસની દુકાને, દેશિમિત્રના એડિટર રા. રા. મંછારામ ઘેહેલાભાઈ તથા પ્રજામિત્રના એડીટર પાસેથી.

મુંબાઈ.—રા. રા. દામોદરદાસ ઇશ્વરદાસ લાઇબ્રેરીવાળા.

વલસાડ.—બુકસેલર કુવારકાંદાસ પરભુદાસની દુકાને.

નડીયાદ.—રા. રા. કુંવરજી હરિભાઈ મ્યુનીસીપાલીટીના સેક્રેટરી પાસે.

એ સિવાય દરેક મોટા ગામની નિશાળના મેહેતાજીને પૂછેથી હરેક રીતે મેળવી શકાશે. તેમજ એના બનાવનારને લખવાથી તે પણ મોકલી આપશે.

આ પુસ્તક વિશે અભિપ્રાય.

રાજકોટ તારીખ ૯ મી સપટેમ્બર સને ૧૮૮૪.

* * * * * * *

* * * પણ જેમ શાકુન્તલ રસના મારા શિક્ષણે તમારા મન ઉપર અપૂર્વ છાપ પાડીછે; તેમજ તે ગ્રહણ કરવાની તમારી અસાધારણ હોંસ તથા શક્તિ એ તમારૂં નામ મારી યાદદાસ્તમાં મજબૂત ચોંટાડ્યું છે. * * તમારૂં બનાવેલું પુસ્તક વાંચી હું પ્રસંન્ન થયોછું. હાલ જે ચોથરીતેં લખાણ ટોપલે ટોપલા બહાર પડવા લાગ્યું છે. તેથી આ બેશક જુદાજ પ્રકારનું છે. એમાં રસ સ્વબુદ્ધિ અને સ્વકલ્પના પણ કેટલેક ઠેકાણે છે; અને * * * મારો એક વિદ્યાર્થિ આવા વિષયનો વિચાર કરે છે; અને તે બાબત આવું પુસ્તક રચી શકે છે, એ જાણી હું ખરેખરો મગરૂર છું.

આ પુસ્તકમાં બતાવેલા તમારા બધા વિચારો સાથે હું અલબત્ત એક મત નથી * * * * * *
પણ આવા પુસ્તકનો મોટો લાભ એજછે કે વાંચનારનું મન દેશના ભૂત ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરવા તરફ દોડે છે. * *
* * * * * ને જ્યાં આખુ પુસ્તક સરળ રસિક ભાષામાં લખાયલું છે, ત્યાં એમ શા માટે જોઇએ? * * * * *
છૂટક કવિતા છે તે, કાઢી નાંખશો; કેમકે તે ક્લિષ્ટ છે, માટે આવા સારા પુસ્તકને આવાં જોડાવાથી દુષિત કરશો માં. જે રસ છે તે બધો ગદ્યમાંજ છે. * * * * * *

લી. તમારૂં શુભ
ચિંતક.
નવલરામ લક્ષ્મીરામ.
પ્રીન્સીપાલ ટ્રેનિંગ કોલેજ
રાજકોટ.

(૨)

નડીયાદ-જેઠ સુદી ૮ વાર રવી ૧૯૪૦.

* * * * * તમારૂં લખેલું પુસ્તક વાંચી મારો આત્મા પ્રસન્ન થયો છે. એ ઉપરથી એકંદર વિચાર કરતાં માલમ પડે છે કે આવી રીતનાં પુસ્તકો ગુજરાતીમાં વધારે બહાર પડે જેથી હું ઘણો ખુશીછું * * * * * * *

મોતીભાઈ રૂઘનાથજી.
શ્રી. ગોકુળજી કાશીનાથની
પેઢીના માલિક.